શુભવિજયગણિ પ્રણીતમ્

તર્કભાષા વાર્તિકમ્

ગુર્જરભાષાનુવાદસમેતમ્

❖ પ્રકાશક ❖

શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય

માલવાડા - જિ. જાલોર

(રાજ.) ૩૪૩૦૩૯

પં. કેશવમિશ્ર સંદબ્ધા

તર્કભાષા

શુભવિજયગણિ પ્રણીતમ્

તર્કભાષા વાર્તિકમ્

ગુર્જરભાષાનુવાદસમેતમ્

❖ શુભાશીર્વાદ દાતા ❖

પ.પૂ. આચાર્યદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

❖ પ્રેરક ❖

સ્વ. આચાર્ય વિજયશ્રી રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.ના
શિષ્યરત્ન પ.પૂ. આચાર્યદેવશ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા.

❖ સંપાદક + અનુવાદક ❖

મુનિરાજશ્રી રત્નજ્યોત વિજયજી મ.સા.

❖ પ્રકાશક ❖

શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય
માલવાડા - જિ. જાલોર (રાજ.) ૩૪૩૦૩૯

- ગ્રંથનું નામ :- તર્કભાષા વાર્તિકમ્
- કર્તા :- શુભવિજય ગણિ
- સંપાદક-અનુવાદક :- મુનિ રત્નજ્યોત વિજય
- પ્રકાશક :- શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય-માલવાડા.
- પ્રથમ આવૃત્તિ :- ૫૦૦
- કિંમત :- ૬૫-૦૦ રૂા.

શ્રુત ભક્તિ

जयउवीर सच्चउरि मंडण

श्री सुपार्श्वनाथ जैन संघ-रायपेठा

मद्रास (चेन्नई) के तरफसे पुस्तक प्रकाशन

हेतु श्रुत निधि प्राप्त हुई हो.

प्राप्तिस्थान

૧. **શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય**
મુ.પો. - માલવાડા, જિ. જાલોર (રાજ.) ૩૪૩૦૩૯

૨. **શારદાબેન ચિમનલાલ એજ્યુકેશનલરિસર્ચ સેન્ટર**
'દર્શન' રાણકપુર સોસાયટી સામે,
શાહીબાગ - અમદાવાદ. ફોન - ૯૭૬૭૯૩૯

મુદ્રક :- **શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ,** ૩૩, જનપથ સોસા., ધોડાસર કાંસ ઉપર, ધોડાસર, અમદાવાદ-૫૦. ફોન :- ૩૯૬૨૪૬

यत्किंचत्

न्यायदर्शनयो र्दिव्यदाक्षिण्यमयचत्वरे चर्चितोऽस्ति सम्मानितः सुतरां याति 'अर्च्यत्वेन सुधीनिकायान् चमत्कारोति **श्री केशवमिश्रः** ।

श्री केशवे वैदुष्यं विशेषतः साहचर्यनियमेन फलितं । तस्मात् विजय हीरसूरीश्वरशिष्येण श्रीशोभनीय **शुभविजयेन** साहित्यसेवा समधिगता । श्रीकेशवांय वाक्यपुष्पोपहारेण हार्दम् सहर्षं श्रमणतल्लजेन शुभविजयेन समर्पितम् ।

महामतिमान् मुनिवरः **श्री रत्नज्योतविजयः** शनैः शनैः प्रमेयक्षेत्रे प्रामाणिकतां प्रतनोति । विद्यावागयुतः श्री **रत्नाकर** सूरीश्वरः प्रतिपलं प्रयोग-विनियोग वाङ्मयव्यवहारे रोचिष्णुं **रत्नज्योतविजयं** संस्करोति । श्रुतसेवा हि यशसे ब्रह्मवर्चसाय निःश्रेयस्कराय निवेदिता पूर्वसूरिभिः कर्मनिर्जराय च ।

श्री रत्नत्रयविजयः सुहृदिव हितकारी भूत्वा यशोमयीं साधनां सेवते सर्वथा ।

अतः प्रमुदितोऽस्मि पुनः पुनः सरस्वती च विद्या समृद्ध्यर्थं स्तौमि।

देवीं वाचमजनयन्त देवास्तां विश्वरूपाः पशवो वदन्ति । सा मन्द्रेषमूर्ज-दुहाना धेनुर्वागस्मानुपसुष्टुतैतु ॥

महाशिवरात्रि
७-३-९७

विदुषां-विद्याव्रती
अकिंचनः
पं. गोविन्दरामः व्यासः
-हरजी-वास्तव्यः-

પ્રકાશકીય

કેશવમિશ્ર રચિત તર્કભાષા ઉપર જૈન વિદ્વાન મુનિ વિરચિત વાર્તિક અને તેનો અનુવાદ પ્રકાશિત કરતાં આનંદ અનુભવીયે છીયે.

પ્રસ્તુત તર્કભાષાવાર્તિક ન્યાય અને વૈશેષિક દર્શનનો પ્રારંભિક પાઠ્ય ગ્રંથ છે. આ ગ્રંથમાં ન્યાયદર્શનના પ્રસિદ્ધ પદાર્થોની સુંદર સરલ ભાષામાં પરિભાષાઓ અને લક્ષણો આપેલા છે. તે ન્યાયદર્શનમાં પ્રવેશ કરવા ઈચ્છતા સહુ કોઈને ઉપયોગી થશે જ. અને તે દ્વારા પરંપરાએ જૈન દર્શનનાં સૂક્ષ્મ પદાર્થોમાં પ્રજ્ઞા અવિરત પણે ચાલે અને મોક્ષરૂપી પરમ પુરૂષાર્થની સમીપ પહોંચે તેવી શુભેચ્છા થી આ ગ્રંથનું સંપાદન તથા અનુવાદ થયો છે.

પ.પૂ. આચાર્યદેવશ્રી **રત્નાકરસૂરિ** મ.સા. ની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા પૂ. મુનિરાજ શ્રી **રત્નજ્યોત** વિજયજી મ.સાહેબે સંપાદન - અનુવાદ કાર્ય કર્યુ છે. આગ્રંથ અમારી સંસ્થાને પ્રકાશન કરવા માટે પ્રાપ્ત થયો છે. તે બદલ અમો તેમના આભારી છીએ.

આ ગ્રંથમાં પૂ. મુનીશ્રી **રત્નત્રય** વિજયજી મ.સા. નો સહયોગ પ્રાપ્ત થયો છે. તે બદલ તેમના પણ અમો આભારી છીએ.

આ ગ્રંથના પ્રકાશનથી જિજ્ઞાસુઓને લાભ થશે તેવી અમને આશા છે. ગ્રંથ કંપોઝ તથા મુદ્રણકાર્ય શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ (મણિનગર)વાળાએ સુંદર રીતે કર્યુ છે. તે બદલ ધન્યવાદ.

લિ.

શ્રી રંજનવિજયજી જૈન

પુસ્તકાલય, માલવાડા

સમર્પણ

- વિદ્યાના વિશદ સાગરમાં વિલાસ કરનારા !
- વાત્સલ્યના કલ્લોલથી સહુ કોઈને ઉલ્લસિત કરનારા !
- વાણીમાંથી વિનય વિવેકને ઝરાવનારા !
- વિવિધ વ્યાધિના વ્યૂહ સાથે આવી ચડેલા કર્મવ્યાધ ઉપર સમતાશરથી વિજય મેળવનારા !
- સંયમ સાગરમાં અડગ રહી દીવાદાંડીની જેમ ભૂલેલાને માર્ગ ચીંધનારા !
- પ્રાણની જેમ પોથી અને (લેખની) પેનને ક્યારે પણ વિખુટી નહિ પાડનારા !
- મારા જેવા અબુધને બોધિત કરવા ઉષાની કિરણની રાહ જોયા વિના અધ્યાપનમાં તત્પર બનનારા !



પરમગુરૂદેવશ્રી રત્નશેખરસૂરીશ્વરજી

ના દિવ્ય કરકમલમાં

સવિનય સમર્પિત...

ચરણચંચરિક મુનિ રત્નજ્યોત

ઋણ સ્વીકાર

- આચાર્ય વિજય શ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી મ.સા.
- ગણિવર્ય શ્રી પુણ્યરત્ન વિજયજી મ.સા.
- ગણિવર્ય શ્રી યશોરત્ન વિજયજી મ.સા.
- મુનિ શ્રી ભવ્યદર્શન વિજયજી મ.સા.
- મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.
- મુનિ શ્રી મુક્તિવલ્લભ વિજયજી મ.સા.
- મુનિ શ્રી ઉદયવલ્લભ વિજયજી મ.સા.
- મુનિ શ્રી રાજપદ્મ વિજયજી મ.સા.
- મુનિ શ્રી રાજહંસ વિજયજી મ.સા.
- પંડિતવર્યશ્રી જિતેન્દ્રભાઈ (એલ.ડી.ડીરેકટર)
- ડૉ. મુસલગાવકર પ્રકાશિત અને સરસ્વતી પુસ્તક ભંડાર પ્રકાશિત તર્કભાષાના વિવરણવાળા પુસ્તકો ઘણા ઉપયોગી બન્યા.



પ્રસ્તાવના

આર્યભૂમિમાં જન્મેલ અનેકાનેક મહામનીષીઓએ પૂર્વકાળથી જ શાશ્વત સુખની શોધને જ જીવનનું પરમ લક્ષ્ય બનાવ્યું હતું. આ શાશ્વત સુખની શોધમાં દર્શનની ધારાઓ પ્રસ્ફુટિત થઈ. દર્શન એટલે માત્ર સ્થૂળ જગતનું બાહ્ય નિરીક્ષણ નહીં, પરંતુ વસ્તુતત્ત્વને સમજવા માટેની સૂક્ષ્મદૃષ્ટિ. આ વિચારધારાના મૂળમાં જીવ, જગત અને પરમતત્ત્વ (ઈશ્વર) એ ત્રણ તત્ત્વો મુખ્ય છે. આ ત્રણેય તત્ત્વનો સમ્યક્ બોધ થયા વગર મોક્ષ સુખની પ્રાપ્તિ શક્ય નથી. આ તત્ત્વોના સાચા રહસ્યને પામવાથી અજ્ઞાન-અવિદ્યા-મોહનો નાશ થાય છે અને મોહ નાશ માપે એટલે દુઃખનો પણ અંત થાય છે. જ્ઞાન પ્રકાશ ફેલાય છે અને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. આમ શાશ્વત સુખ પામવા તત્ત્વોનો સમ્યક્ બોધ આવશ્યક માન્યો છે. ભારતની ભૂમિ ઉપર મુખ્યત્વે ત્રણ ધારાઓ પ્રસ્ફુટિત થયેલ છે (૧) વૈદિક ધારા (૨) જૈનધારા (૩) બૌદ્ધ ધારા. આ ત્રણેય ધારાનું અંતિમ લક્ષ્ય ઉપર જણાવ્યું તેમ મોક્ષ છે અને મોક્ષ પ્રાપ્તિ માટે તત્ત્વજ્ઞાનની આવશ્યકતા પણ સ્વીકારી છે. તેઓએ સ્વને ઈષ્ટ એવા તત્ત્વનું નિરૂપણ પણ કર્યું છે. આ તત્ત્વોનો બોધ થાય તે માટે પ્રમાણશાસ્ત્ર સહુથી વધુ ઉપયોગી શાસ્ત્ર છે. પ્રમાણશાસ્ત્રનો પ્રારંભ તો આત્મતત્ત્વ અને પરમતત્ત્વને પામવા માટે થયેલો, પરંતુ ધીરે ધીરે શાસ્ત્રની ઉપયોગીતાને લીધે તે સર્વશાસ્ત્રોમાં પ્રધાન અને અન્યશાસ્ત્રના રહસ્યને પામવા માટેનું શાસ્ત્ર બની ગયુ, તેથી તેનો અભ્યાસ પણ આવશ્યક માન્યો છે, કહ્યું છે કે....

प्रदीपः सर्वविद्यानामुपायः सर्वकर्मणाम् ।
आश्रयः सर्वधर्माणां शश्वदान्वीक्षिकी मता ॥

અર્થાત્ આન્વીક્ષિકી (ન્યાય) વિદ્યા બધા જ શાસ્ત્રમાં દીપક સમાન, બધા જ કર્મોનો ઉપાય અને બધા જ ધર્મોની આશ્રયભૂત વિદ્યા છે. આથી પ્રમાણશાસ્ત્ર અતિ પ્રસિદ્ધિને પામ્યું. પ્રમાણશાસ્ત્રમાં જગતના મૂળકારણો અને યથાર્થતાની મીમાંસા કરેલી છે. ઉપરોક્ત ત્રણેય ધારાઓમાં થયેલ મહર્ષિઓએ સ્વદર્શન

સંમત પ્રમાણશાસ્ત્રોની રચના કરી છે. અને તે તે દર્શનમાં પ્રસિદ્ધ પણ છે. પરંતુ ઉપલબ્ધ સાહિત્યમાં ન્યાયદર્શનના ન્યાયસૂત્રો પ્રાચીનતમ છે. તેનો ઉપયોગ યથાસંભવ શાસ્ત્રમાં થયેલો જોવા મળે છે. માટે ન્યાયદર્શનનો અભ્યાસ પણ આવશ્યક મનાય છે. ન્યાયસૂત્રો ઉપર ભાષ્ય અને વૃત્તિઓની રચના થયેલી છે. પરંતુ તે દુર્ગમ હોવાથી સહુ માટે સરળ ગ્રંથની આવશ્યકતા હતી. આ આવશ્યતા પં. **કેશવમિશ્ર**ની તર્કભાષાથી પૂર્ણ થયેલી છે. આ ગ્રંથ ન્યાયશાસ્ત્રમાં પ્રવેશવા માટેનો સુગમ માર્ગ હોવાથી તે ખૂબ પ્રસિદ્ધિને પામ્યો છે. અહીં ગ્રંથ અને તેના વાર્ત્તિક અંગે આવશ્યક માહિતી આપી રહ્યો છું.

તર્કભાષાનો પરિચય

દાર્શનિક સાહિત્યમાં તર્કભાષા નામના ત્રણ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. (૧) કેશવમિશ્રકૃત તર્કભાષા. (૨) મોક્ષાકરગુપ્તકૃત તર્કભાષા. (૩) ઉપાધ્યાય યશોવિજયકૃત તર્કભાષા. આ ત્રણેય તર્કભાષા અનુક્રમે ન્યાયવૈશેષિક, બૌદ્ધ અને જૈનદર્શનનો અભ્યાસ કરવા માટે પ્રારંભિક ગ્રંથ છે. આ ત્રણેય તર્કભાષાની વિશેષતા એ છે કે તેમાં સ્વ દર્શન માન્ય તત્ત્વોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. તેથી જ તે તે દર્શનમાં તે તે તર્કભાષા પાઠ્યગ્રંથ તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ ત્રણેયમાં કેશવમિશ્ર કૃત તર્કભાષા સહુથી પ્રાચીન છે. પ્રસ્તુત ગ્રંથમાં ન્યાયદર્શન માન્ય તત્ત્વોનું વિસ્તારથી અને વૈશેષિક દર્શન માન્ય તત્ત્વોનો સંક્ષેપમાં પરિચય આપ્યો છે. આ ગ્રંથમાં તત્ત્વોનું ભાષણ-કથન કરવામાં આવ્યું હોવાથી તર્કભાષા એ નામ યથાર્થ જ છે. કેમ કે ન્યાયસૂત્રમાં **ગૌતમે** તર્કની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે - अविज्ञाततत्त्वेऽर्थे कारणोपपत्तिस्तत्त्वज्ञानार्थमूहस्तर्कः । અર્થાત્ અજ્ઞાત તત્ત્વના નિર્ણય માટે યુક્તિપૂર્વક વિચાર કરવો તેનું નામ તર્ક છે. તર્કથી વસ્તુ જે રૂપમાં પ્રતિષ્ઠિત થાય છે તે રૂપ જ પદાર્થનું સ્વરૂપ બને છે. આમ તર્ક દ્વારા વસ્તુના તાત્ત્વિક સ્વરૂપનો નિર્ણય થાય છે અને આ ગ્રંથમાં તત્ત્વનિર્ણય કરવામાં આવ્યો હોવાથી તર્કભાષા નામ યથાર્થ છે.

ગ્રંથની રચના કરવાનો ઉદ્દેશ ગ્રંથકારે સ્વયં ગ્રંથની આદિમાં જણાવેલ છે. જેમ કે :-

बालोऽपि यो न्यायनये प्रवेशमल्पेन वाञ्छयत्यलसः श्रुतेन ।

संक्षिप्त युक्त्यन्वित तर्कभाषा प्रकाश्यते तस्य कृते मयैषा ।

અર્થાત્ જે આળસુ બાળક થોડા અધ્યયનથી જ ન્યાયશાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છે છે, તેઓ માટે હું (કેશવમિશ્ર) સંક્ષિપ્ત યુક્તિઓથી આ તર્કભાષા ગ્રંથની રચના કરું છું. બાળજીવોને ન્યાયશાસ્ત્રરૂપી મહાનદીમાં પ્રવેશ કરવા માટે રચના કરું છું. બાળજીવોને ન્યાયશાસ્ત્રમાં પ્રવેશ કરવા માટે ઘણા નાના નાના ગ્રંથોની રચના થયેલી છે. પરંતુ વર્તમાનકાળે તર્કસંગ્રહ અને તર્કભાષા વધુ પ્રચલિત છે. તર્કસંગ્રહ પ્રમાણમાં નાનો ગ્રંથ છે. પરંતુ તેમાં ન્યાયશાસ્ત્રની તમામ પરિભાષાઓ અને તત્ત્વોનો સમાવેશ થતો નથી. જ્યારે તર્કભાષામાં ન્યાયદર્શન સંમત ૧૬ તત્ત્વો (૧) પ્રમાણ, (૨) પ્રમેય, (૩) સંશય, (૪) પ્રયોજન, (૫) દૃષ્ટાંત, (૬) સિદ્ધાન્ત, (૭) અવયવ, (૮) તર્ક, (૯) નિર્ણય, (૧૦) વાદ, (૧૧) જલ્પ, (૧૨) વિતંડા, (૧૩) હેત્વાભાષા, (૧૪) છલ, (૧૫) જાતિ અને (૧૬) નિગ્રહસ્થાનની વિચારણા કરવામાં આવી છે. પ્રથમ પ્રમાણતત્ત્વની વિચારણામાં પ્રમાણ લક્ષણ, કરણ અને કારણની ચર્ચા, કારણોના ભેદ અને તેના લક્ષણો, ચાર પ્રમાણની ચર્ચા (૧) પ્રત્યક્ષનું લક્ષણ અને તે ભેદની ચર્ચા (૨) અનુમાનનું લક્ષણ તથા તેના ભેદ અને હેત્વાભાસ આદિની વિસ્તાર પૂર્વક ચર્ચા કરી છે. (૩) ઉપમાન પ્રમાણ (૪) શબ્દ પ્રમાણ અને પ્રાસંગિક અર્થાપત્તિ અને અભાવ પ્રમાણની ચર્ચા કરેલી છે. પ્રમાણનું સમાપન કરતા પ્રામાણ્યવાદની ચર્ચા કરવામાં આવી છે.

બીજા તત્ત્વ પ્રમેયની પણ વિસ્તારથી વિચારણા કરી છે. ન્યાયદર્શન સંમત ૧૨ પ્રમેય છે. યથા આત્મા, શરીર, ઈન્દ્રિય, અર્થ, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફળ, દુઃખ અને અવવર્ગ. આ બારેય તત્ત્વોના લક્ષણો આપી તેની ચર્ચા કરી છે. તેમજ ચોથા પ્રમેય અર્થની અંતર્ગત વૈશેષિક દર્શન માન્ય દ્રવ્ય આદિ છ પદાર્થોનો સમાવેશ કર્યો છે. અને આ વર્ણન પણ ખૂબ જ સરળ અને સુબોધ છે.

અન્તે શેષ ૧૪ તત્ત્વોના લક્ષણો જણાવવામાં આવ્યા છે. આમ ન્યાયદર્શન, વૈશેષિક દર્શન ભણવા ઈચ્છતા જિજ્ઞાસુ માટે આ એક સરળ, સુબોધ ગ્રંથ છે. તર્કસંગ્રહ કરતા પ્રમાણમાં વિસ્તૃત હોવા છતાં સરળ છે તેજ આ ગ્રંથની વિશેષતા છે.

તર્કભાષાના રચયિતા પં. કેશવમિશ્ર - જીવન અને સમય

અન્ય ભારતીય સાહિત્યકાર અને દાર્શનિકોમાં ઈતિહાસ પરત્વે જેવી ઉદાસીનતા જોવા મળે છે, તેવી જ ઉદાસીનતા પં. કેશવમિશ્રમાં પણ જોવા મળે છે. તેમણે પોતાના વિશે કાંઈ વિશેષ ઉલ્લેખ કર્યો નથી. એટલું જ નહીં પણ પોતાના સમય વિશે પણ ઉલ્લેખ કર્યો નથી માટે જ તેમનો સમય નિર્ધારિત કરવા માટે અન્ય ગ્રંથોનો આધાર લેવો પડે છે.

તર્કભાષાગ્રંથ ન્યાયદર્શનનો અભ્યાસ કરવા માટેનો પ્રારંભિક ગ્રંથ હોવાથી તેને પ્રસિદ્ધિ ખૂબ જ થઈ અને તેથી જ તેના ઉપર અનેક ટીકાઓની રચના થઈ છે. આ ટીકાઓમાં તેમના જીવન અને સમય વિશે વિશેષ માહિતી પ્રાપ્ત થાય છે. તેના આધારે તેમના જીવન અને સમય વિશે નિશ્ચિત અનુમાન કરી શકાય તેમ છે.

૧૭મી સદીમાં થઈ ગયેલા **ગૌરીકાન્ત** તર્કભાષા ભાવાર્થદીપિકામાં **બલંભદ્ર** અને **ગોર્વધન** ઉપર આકરા પ્રહારો કર્યા છે. ગોવર્ધને તર્કભાષા ઉપર પ્રકાશિકા નામની વૃત્તિ લખી છે, એટલે તેઓ ૧૬મી સદીની આસપાસના ગણી શકાય. વળી તર્કભાષા ઉપર ટીકા રચનાર **ચિન્નંભટ્ટ** હરિહરરાય અને **બુક્કરાય**ના સમયમાં વિજયનગરમાં વસતા હતા. તેમનો સમય આર. જી. **ભાંડરકરે** ઈ.સ. ૧૩૫૦નો સિદ્ધ કરેલો છે. તેથી આપણે અનુમાન કરી શકીએ કે પં. કેશવમિશ્ર ઈ.સ. ૧૩૫૦ પૂર્વે થયા હશે. બીજી બાજુ **કેશવમિશ્ર** હેત્વાભાસની ચર્ચા કરતા ઉદયનાચાર્યનો ઉલ્લેખ કરે છે. **ઉદયનાચાર્ય**નો સમય ઈ.સ. ૯૮૪ નિર્ધારિત થયો. એટલે **કેશવમિશ્ર**નો સમય ૧૦મી કે ૧૪મી સદીની વચ્ચે મૂકી શકાય. પં. **બદ્રીનાથશુકલ** પં. કેશવમિશ્રનો સમય ૧૩મી સદીનો તૃતીયચરણ સ્વીકારે છે. આમ કહી શકાય કે તર્કભાષાના કર્તા પં. કેશવમિશ્ર ઈ.સ. ૧૨૫૦ થી ૧૩૦૦માં થઈ ગયા હોવા જોઈએ.

સુરેન્દ્રગોસ્વામી તથા પં. **બદ્રીનાથ** શુકલ કેશવમિશ્રને મિથિલાના રહેવાસી માને છે. તેઓએ રચેલ તર્કભાષાને આધારે એટલું તો સ્પષ્ટ પણે કહી શકાય કે તે ન્યાય-વૈશેષિક દર્શનના પ્રકાંડ વિદ્વાન હતા. ઉપરાંત પોતાના સમયમાં પણ તેમની નામના ખૂબ જ રહી હશે. તર્કભાષા ગ્રંથની રચના સરળ હોવા છતાંય

ન્યાય-વૈશેષિક દર્શનના તમામ પદાર્થોને આવરી લેવામાં આવ્યા હોવાથી પ્રસ્તુત ગ્રંથ ઉપર કાળક્રમે વધુને વધુ ટીકાઓ રચાતી ગઈ છે. જેની નોંધ નીચે આપવામાં આવી છે. આ ઉપરાંત ગ્રંથકારે અન્ય કોઈ ગ્રંથની રચના કરી હોય તેમ જાણવા મળતું નથી.

તર્કભાષા ઉપર રચાયેલ સાહિત્ય

ક્રમ	**ટીકાનું નામ**	**ટીકાકારનું નામ**
(૧)	ઉજ્જ્વલા	ગોપીનાથ કૃત
(૨)	તર્કભાષાભાવ	રોમવિલ્વ વેંકટબુદ્ધ કૃત
(૩)	ન્યાયસંગ્રહ	રામલિંગ કૃત
(૪)	સારમંજરી	માધવદેવ કૃત
(૫)	પરિભાષાદર્પણ	ભાસ્કરભટ્ટ કૃત
(૬)	તર્કભાષા પ્રકાશિકા	બાલચંદ્ર કૃત
(૭)	યુક્તિ મુકતાવલી	નાગેશભટ્ટ કૃત
(૮)	તર્કભાષા પ્રકાશિકા	ચિન્નંભટ્ટ કૃત
(૯)	તત્ત્વપ્રબોધિની	ગાણેશદીક્ષિત કૃત
(૧૦)	તર્કભાષા પ્રકાશિકા	કૌન્ડિન્યદીક્ષિત કૃત
(૧૧)	તર્કદીપિકા	કેશવભટ્ટ કૃત
(૧૨)	તર્કભાષા પ્રકાશિકા	ગૌવર્ધનમિશ્ર કૃત
(૧૩)	તર્કભાષા પ્રકાશિકા	ગૌરીકાન્ત સાર્વભૌમ કૃત
(૧૪)	ન્યાયપ્રદીપ	વિશ્વકર્મ કૃત
(૧૫)	તર્કભાષાવાર્તિક	શુભવિજય કૃત
(૧૬)	તર્કભાષા ટીકા	સિદ્ધિચંદ્રગણિ

આ ઉપરાંત તર્કભાષાના ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં અનુવાદ થયા છે.

અજૈનદાર્શનિક કૃતિઓ ઉપર જૈન વિદ્વાનોની ટીકાઓ

જૈનદર્શન અનેકાન્તવાદી દર્શન છે. અનેકાન્તવાદ વસ્તુના કોઈ એક જ પક્ષને સત્ય અને અન્ય પક્ષોને અસત્ય ઠેરવતો નથી, પરંતુ વસ્તુના તમામ પક્ષોને

સ્વીકારી તે વિવક્ષા કરે છે. ભિન્ન ભિન્ન પરસ્પર વિરોધી જણાતા ધર્મોનો સયુક્તિક સમન્વય કરે છે. આ વિશેષતાને કારણે જ જૈન દર્શન અન્ય દર્શનના પક્ષને પણ સ્વીકાર કરે છે. આથી જૈનાચાર્યો સ્વસિદ્ધાન્તના ગ્રંથોની રચના કરતી વખતે અન્ય દર્શનોની ચર્ચા કરે છે. તે તે દર્શનોને પૂર્વપક્ષ રૂપે સ્થાપિત કરી તેની વિશેષતાઓ અને મર્યાદાઓનું કથન કરે છે. આ માટે અન્યદર્શનના તલસ્પર્શી અભ્યાસની આવશ્યકતા ઉભી થાય છે. પૂર્વકાળમાં આચાર્યો અને સાધુઓ અન્યદર્શનોનાં ગ્રંથોનું ગહન અધ્યયન કરતા તે પરંપરા આજેય ચાલુ છે. કેટલાં પ્રસિદ્ધ ગ્રંથો ઉપર તો જૈનાચાર્યોએ ટીકાઓ પણ રચેલી છે. અને તેમાંની કેટલીક ટીકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે. તેની સૂચિ તો ઘણી લાંબી થાય તેવી છે. પરંતુ કેટલી કૃતિઓ વિશેનો ઉલ્લેખ રસપ્રદ હોવાથી અહીં અસ્થાને નહીં ગણાય.

બૌદ્ધદર્શનના સુપ્રસિદ્ધ **દાર્શનિક દિગ્નાગની** ન્યાયપ્રવેશ નામની કૃતિ ઉપર આચાર્ય **હરિભદ્રસૂરિએ શિલ્પહિંતા** નામની ટીકા રચેલી છે અને **પાર્શ્વદેવ** નામના જૈન મુનિએ પંજિકા રચેલી છે. એક અન્ય બૌદ્ધ ન્યાયના પ્રચલિત ગ્રંથ **ન્યાયબિન્દુની ધર્મોત્તરકૃત** ટીકા ઉપર **મલ્લવાદી** નામના જૈન આચાર્યે ટિપ્પણ રચેલ છે.

સાંખ્યદર્શનના ભટ્ટ નરોત્તમકૃત લક્ષ્યસંગ્રહ ઉપર **રત્નશેખરસૂરિકૃત** ટીકા હોવાના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. યોગદર્શનની સુપ્રસિદ્ધ કૃતિ **યોગસૂત્ર** ઉપર ઉપાધ્યાય **યશોવિજયજી** મ.સા.એ લઘુ ટીકા રચેલી છે જે પ્રકાશિત થયેલ છે.

વૈશેષિક દર્શનના પદાર્થોની વિવેચના કરનાર **શિવાદિત્યની સપ્તપદાર્થી** નામની કૃતિ ઉપર **જિનવર્ધન** સૂરિની ટીકા અને અન્ય પાંચ વિવરણો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત **શ્રીધરકૃત ન્યાયકંદલી** અને **ભાસર્વજ્ઞકૃત ન્યાયભૂષણ** અપરનામ **ન્યાયસાર** ઉપર જૈનાચાર્યોએ ટીકાઓ રચેલી છે. ન્યાયદર્શનના પ્રસિદ્ધ ગ્રંથ ન્યાયસૂત્ર ઉપર શ્રીકંઠની વૃત્તિ છે અને તે ઉપર **અભયતિલક** ગણિ કૃત **પંચપ્રસ્થન્યાયતર્ક** વ્યાખ્યા નામની ટીકા રચાયેલી છે. આ ઉપરાંત **અન્નંભટ્ટ** કૃત **તર્કસંગ્રહ** ઉપર **કર્મચંદ્ર** કૃત **પદાર્થબોધિની, ક્ષમાકલ્યાણકૃત ફક્કિકા, કર્મયતિકૃત** ટીકા તથા એક અજ્ઞાત કર્તૃ ટીકા ઉપલબ્ધ થાય છે.

તર્કભાષા આગળ જણાવ્યું તેમ કેશવમિશ્રની કૃતિ છે તેના ઉપર પ્રસ્તુત

પ્રકાશિત થઈ રહેલ શુભવિજયનું વાર્ત્તિક તથા સિદ્ધિચંદ્રગણિએ ૨૬૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી છે. વળી આ તર્કભાષા ઉપર અજૈન **ગોવર્ધન ગૌરીકાન્ત**ની તર્કભાષા પ્રકાશિની નામની ટીકા છે. તે ઉપર **વિનયસમુદ્ર**ના શિષ્ય **ગુણ-રત્નગણિએ તર્કતરંગિણી** નામની વૃત્તિ રચી છે. લગભગ ૭૦૦૦ શ્લોક પ્રમાણ છે. એ નવ્યન્યાયથી પુષ્ટ છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જૈન વિદ્વાન મુનિઓએ ન કેવળ સ્વદર્શનના ગ્રંથો અને ટીકા કે વિવરણની જ રચના કરી છે, પરંતુ અજૈન દર્શનના ગ્રંથો ઉપર પણ ટીકાઓ અને વિવરણો રચ્યા છે. આ ટીકાઓ વિદ્વદ્જનમાન્ય છે. એટલું જ નહીં. જે જે દર્શનના ગ્રંથોની ટીકાઓ કે વિવરણોની રચના કરી છે તે બધામાં ક્યાંક સાંપ્રદાયિક અભિનિવેશ જોવા મળતો નથી. દરેક દર્શનના ગ્રંથોને સંપૂર્ણ ન્યાય મળી રહે તેવી રીતે તેની વૃત્તિઓ લખાઈ છે. આ દ્વારા જૈનોની સમભાવવૃત્તિ અને સર્વગામી વિદ્વત્તાનો બોધ થાય છે. અહીં પણ પં. શ્રી **શુભવિજયગણિએ તર્કભાષાવાર્તિક** ગ્રંથની રચના કરી પોતાના પૂર્વજોની વિશાળ દૃષ્ટિકોણનો જ પરિચય કરાવ્યો છે.

વાર્તિકકારશ્રી શુભવિજયગણિ

તર્કભાષા વાર્ત્તિકના કર્ત્તા જૈન મુનિશ્રી શુભવિજય છે. વાર્ત્તિકની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે તેઓ મુગલ સમ્રાટ **અકબર** બાદશાહને પ્રતિબોધ પમાડનાર સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી **હીરવિજયસૂરિ**ના શિષ્ય થાય. મોગલ સમ્રાટમાં પણ ધર્મનાં આચારો અને ઉંચા ચારિત્ર દ્વારા બાદશાહને પ્રભાવિત કરનાર તથા સમગ્ર ભારતવર્ષમાં અહિંસાની જ્યોતને પ્રજ્વલિત કરનાર સૂરીશ્વર **હીરવિજયજી** સ્વયં મહાન્ વિદ્વાન્ હતા એટલું જ નહીં પરંતુ તેમના શિષ્ય પરિવારમાં અનેક તેજસ્વી રત્નો હતા. તેમાં કેટલાક વૈયાકરણ, સાહિત્યશાસ્ત્રી, દાર્શનિક, સ્વસિદ્ધાન્તના પારગામી મુનિ ભગંવતો હતા. તેમની વચ્ચે ગ્રંથકર્ત્તાની પ્રતિભા પાંગરી હતી. પં.શ્રી **શુભવિજયજીગણિએ** રચેલ ગ્રંથોના આધારે તેમના જીવન વિશે ઉપર જણાવેલી માહિતી જ પ્રાપ્ત થાય છે. આ સિવાય તેમના જન્મ, જન્મસ્થળ, માતા-પિતા દીક્ષા, વિદ્યાભ્યાસ આદિ વિશે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી. વિશેષમાં તેમણે વિજયસેનસૂરિના રાજ્યમાં તેમને (વિજયસેનસૂરિને) પૂછાયેલા

પ્રશ્નોના ઉત્તરોના સંગ્રહરૂપે સેનપ્રશ્ન નામનો ગ્રંથ સંકલિત કરેલ તેની પ્રશસ્તિમાં પં.શ્રી શુભવિજયગણિએ સ્વયં રચેલા ગ્રંથોની યાદિ આપેલી અને તે ઉપરાંત પ્રાપ્ત થતી માહિતીને આધારે તેમણે નીચે મુજબના ગ્રંથોની રચના કરીલે છે.

(૧) હૈમીનામમાલા
(૨) તર્કભાષા વાર્ત્તિક
(૩) કાવ્યકલ્પલતાવૃત્તિ મકરંદ
(૪) સ્યાદ્વાદ ભાષા
(૫) કલ્પસૂત્રટીકા
(૬) સેનપ્રશ્ન

ઉક્ત કૃતિઓના નામ જોતાં જ ખ્યાલ આવી જાય છે કે તેઓ માત્ર દાર્શનિક જ ન હતા પરંતુ તેઓ વૈયાકરણ, સાહિત્યકાર સિદ્ધાન્તશાસ્ત્રોના પારગામી પણ હતા. પ્રસ્તુત વાર્તિકગ્રંથ જોતાં ખ્યાલ આવી શકે તેમ છે કે તેઓ નૈયાયિક પણ હતા. તેઓશ્રીની પ્રજ્ઞા સ્વ સિદ્ધાન્તની જેમ પર સિદ્ધાન્તના ગ્રંથોમાં પારગામી હતી.

વાર્ત્તિકકારનો સમય

વાર્ત્તિકને અંતે પં.શ્રી શુભવિજયે જણાવ્યું છે કે विशिखरसरसेन्द्रमिते (૧૬૬૬) वर्षे हर्षेण विक्रमार्कनृपात् - समपूर्वसूरिकीर्ति.प्रमदापाणिग्रहणसाधो :-

....

श्रीमदिलादुर्गाख्ये नगरे गुरुपुष्यसञ्ज्ञके योगे
आश्वयुजे सप्तम्यां जातं सम्पूर्णमिति ।

અર્થાત્ વિક્રમ સંવત્ ૧૬૬૫ના આસો મહિનામાં ઈડર નગરમાં પ્રસ્તુત કૃતિની સમાપ્તિ થઈ. આમ તેમનો સત્તા સમય સત્તરમી સદીનો ઉત્તરાર્ધ સુનિશ્ચિત છે, માટે અન્ય કોઈ અનુમાન આદિ કરવાની આવશ્યકતા રહેતી નથી. અન્ય કૃતિઓના અંતે આપેલ સંવતને આધારે પણ ઉપરોક્ત સંવતમાં કોઈ વિસંવાદ ઉપસ્થિત થતો નથી. પં. શુભવિજયગણિએ આગળ જણાવેલ ગ્રંથો વિ.સં. ૧૬૬૧થી ૧૬૭૧ના ગાળા દરમ્યાન રચેલા છે.

ગણિવર્યે વાર્ત્તિકમાં ઘણા ઉપયોગી લક્ષણો દર્શાવ્યા છે. જેની સમજણ

બાળજીવોને ન્યાયનો સ્વાદ ચખાડવા માટે સમર્થ છે. પ્રાચીન લક્ષણોમાં નવા પદો ઉમેરી તે લક્ષણોને નિર્દુષ્ટ બનાવવાનું સુંદર કામ કર્યું છે. લક્ષણોના પદકૃત્યમાં કરામત કરી લક્ષણ, અનુમાન વગેરે ની સમજણ અને રહસ્યતા બહુ જ સ્ફુટ બની અને સમજવાનું ઘણું સહેલું બન્યું છે.

તર્કભાષા વાર્તિકનું સંપાદન કાર્ય

અદ્યાવધિ અપ્રકાશિત પ્રસ્તુત કૃતિનું સંપાદન ત્રણ વિભિન્ન હસ્તલિખિત પ્રતને આધારે કરવામાં આવ્યું છે, આ ત્રણ પ્રતિ (૧) એક લિંબડીના જ્ઞાનભંડારમાં તથા (૨) એક પ્રતિ લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર અમદાવાદમાં પ્રાપ્ત થાય છે. (૩) એક પ્રતિ વડોદરા આત્મારામ જૈન જ્ઞાનભંડારમાં છે. આ પ્રતિના પાઠો મેલવી ગ્રંથને શુદ્ધ સ્વરૂપે મૂકવાનો પ્રયાસ સંપાદક મુનિશ્રીએ કરેલ છે. સંપાદન વેળાએ જ્યાં જ્યાં શંકાઓ ઉત્પન્ન થઈ તે તે સ્થલોનું સમાધાન તજ્જ્ઞ વિદ્વાનો દ્વારા પ્રાપ્ત કર્યું છે. તથા અશુદ્ધ જણાતા પાઠોની શુદ્ધિ કરવા ન્યાય અને વૈશેષિક દર્શનના મૂળગ્રંથોનું અવલોકન કરેલું છે. તદુપરાંત ગ્રંથમાં ઉદ્ધૃત પાઠોના મૂળસ્થાનો શોધી તેનો સ્થળ સંકેત કરેલ છે. આમ આ ગ્રંથનું સંપાદન યથાશક્ય શુદ્ધ રૂપે કરેલ છે.

આગળ જણાવ્યું તેમ તર્કભાષા ગ્રંથ ન્યાય અને વૈશેષિક દર્શનનો અભ્યાસ કરવા માટેનો પ્રારંભિક ગ્રંથ છે, માટે તેનું વાર્તિક અભ્યાસુને ઉપયોગી તો નીવડે જ પરંતુ ગ્રંથનો અનુવાદ પ્રકાશિત થાય તો ગ્રંથ વધુ ઉપાદેય બને તેવી શુભભાવનાથી અનુવાદ કરેલ છે. અર્થબહુલ અને અર્થગંભીર સંસ્કૃત ભાષાના રહસ્યને ગુજરાતીમાં ઉતારવું તે મુશ્કેલ કાર્ય છે. તેમાંય ન્યાયશાસ્ત્રના ગ્રંથનો અનુવાદ તો વધુ કપરો છે. આવું કપરું કાર્ય મુનિશ્રી **રત્નજ્યોત વિજયજી**મ.સા.એ સફળતા પૂર્વક પાર પાડેલ છે. અનુવાદમાં વૃથા વિસ્તાર ટાળ્યો છે પરંતુ આવશ્યક જણાય ત્યાં સ્પષ્ટતા ખાતર સમજૂતી પણ આપી છે. એટલે મૂળગ્રંથ સરળ હોવાથી ઘણુ કહીને વાર્તિકને સ્પર્શતો અનુવાદ કરવામાં આવ્યો છે. આમ તેઓશ્રીએ કરેલ અનુવાદ અભ્યાસુને ગ્રાહ્ય બનશે તેવી આશા છે. અને ગ્રંથનું

સંપાદન તથા અનુવાદ કાર્ય કરવા બદલ મુનિશ્રી રત્નજ્યોત વિજયજી મ.સાને ખૂબ ખૂબ અભિનંદન. ભવિષ્યમાં બીજા ગ્રંથોનું સંપાદન અને અનુવાદ સુલભ બને તેવી આશા સાથે વિરમું છે.

શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચસેન્ટર
રાજનગર (કર્ણાવતી)
માર્ચ - ૧૯૯૭

જિતેન્દ્ર બી. શાહ
ડિરેક્ટર

સંકેતસૂચિ

L.D. :- લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર
અમદાવાદ
V. :- વડોદરા આત્મારામજી જૈનજ્ઞાનભંડાર
N.K./ન્યા.કુ. :- ન્યાય કુસુમાંજલિ
શ્લો.વા. :- શ્લોક વાર્તિક
પા. - પાણિની વ્યાકરણ
ન્યા.સૂ. - ન્યાયસૂત્ર

વિષય-સૂચિ

નં.	વિષય	પૃષ્ટ નં.
૧.	વાર્તિકકાર મંગલ	૧
૨.	આતિવ્યાપ્તિ વિ.ના લક્ષણ	૨
૩.	શ્લોક અવતારિકા	૭
૪.	મંગલ વિચારણા	૮
૫.	શિષ્ટનું સ્વરૂપ	૧૧
૬.	અલૌકિકનું સ્વરૂપ	૧૩
૭.	મંગલ ફળ વિચારણા	૧૫
૮.	તર્કના પ્રકાર	૨૩
૯.	ન્યાયની વિચારણા	૨૬
૧૦.	૧૬ પદાર્થો	૩૧
૧૧.	મોક્ષનું સ્વરૂપ	૩૪
૧૨.	તત્ત્વનું લક્ષણ	૩૫
૧૩.	પ્રવર્તક જ્ઞાનનું લક્ષણ	૩૭
૧૪.	ઉદ્દેશ લક્ષણ અને પરીક્ષાનો વિચાર	૪૧
૧૫.	પ્રમાણ લક્ષણ	૪૮
૧૬.	પ્રમા લક્ષણ	૪૮
૧૭.	કરણ લક્ષણ	૫૦
૧૮.	પ્રમાણની વ્યાપ્યજાતિ	૫૭
૧૯.	પ્રમાણ લક્ષણનું પદકૃત્ય	૬૦
૨૦.	કારણનું લક્ષણ	૬૧
૨૧.	અન્યથાસિદ્ધિ	૬૪
૨૨.	પરમાણુની વિચારણા	૬૯
૨૩.	કાર્યનું લક્ષણ	૭૦
૨૪.	સમવાયિકારણ	૭૩
૨૫.	અયુતસિદ્ધનું લક્ષણ	૭૫

૨૬. દ્રવ્યની વિચારણા ૮૩
૨૭. અસમવાયિ કારણ ૮૬
૨૮. ત્રણે કારણના દૃષ્ટાન્ત ૮૮
૨૯. મીમાંસકાભિમત પ્રમાણ લક્ષણનું ખંડન ૮૯
૩૦. પ્રમાના કારણ ૯૧
૩૧. પ્રમાણના વિભાગ ૯૧
૩૨. પ્રત્યક્ષ નિરૂપણ ૯૨
૩૩. છ સંનિકર્ષ ૯૫
૩૪. જ્ઞાનોત્પત્તિની પ્રક્રિયા ૯૮
૩૫. નરસિંહાકાર જ્ઞાન જાતિબાધક ૧૦૦
૩૬. ત્રણ અલૌકિક સંનિકર્ષ ૧૦૩
૩૭. બાર પ્રકારનાં વિશેષણવિશેષ્ય ભાવ સંનિકર્ષ ૧૦૪
૩૮. અભાવના સંનિકર્ષ ૧૦૮
૩૯. સમવાયના સંનિકર્ષ ૧૦૯
૪૦. બૌદ્ધ અભિમત પ્રત્યક્ષ ચર્ચા ૧૧૧
૪૧. અનુમાન નિરૂપણ ૧૧૪
૪૨. લિંગ નિરૂપણ ૧૧૫
૪૩. વ્યાપ્તિ નિરૂપણ ૧૧૭
૪૪. ઉપાધિ લક્ષણ ૧૨૦
૪૫. ઉપાધિના પ્રકાર ૧૨૪
૪૬. અનુમાન વિભાગ ૧૨૮
૪૭. પરાર્થાનુમાન ૧૨૯
૪૮. કેવલવ્યતિરેકી નિરૂપણ ૧૩૨
૪૯. કેવલાન્વયી નિરૂપણ ૧૩૬
૫૦. અનુમાનનાં અવયવનું નિરૂપણ ૧૩૮
૫૧. પક્ષ-સપક્ષ વિપક્ષ નિરૂપણ ૧૪૦
૫૨. હેત્વાભાસ નિરૂપણ ૧૪૦
૫૩. ઉપમાન નિરૂપણ ૧૪૯

૫૪. શબ્દ પ્રમાણ ૧૫૨
૫૫. આપ્તનું લક્ષણ ૧૫૩
૫૬. યોગ્યતા વિ.ની વ્યાખ્યા ૧૫૪
૫૭. વાક્ય પ્રતીતિની પ્રક્રિયા ૧૫૯
૫૮. પ્રમાણનું ફળ ૧૬૪
૫૯. અર્થાપત્તિ નિરાકરણ ૧૬૫
૬૦. અભાવ પ્રમાણ નિરાકરણ ૧૬૭
૬૧. પ્રામાણ્યવાદ ૧૭૫
૬૨. સ્વતઃ પ્રામાણ્યે મીમાંસકઃ ૧૭૭
૬૩. મીમાંસક મત નિરાકરણ ૧૮૦
૬૪. પ્રમેય કથન ૧૮૫
૬૫. આત્મનિરૂપણ ૧૮૬
૬૬. શરીર નિરૂપણ ૧૯૪
૬૭. ઈન્દ્રિય નિરૂપણ ૧૯૫
૬૮. દ્રવ્યનિરૂપણ સાથે પૃથ્વી નિરૂપણ ૨૦૧
૬૯. જલ નિરૂપણ ૨૦૩
૭૦. તેજ નિરૂપણ ૨૦૪
૭૧. વાયુ નિરૂપણ ૨૦૫
૭૨. ઉત્પત્તિક્રમ ૨૦૮
૭૩. વિનાશ ક્રમ ૨૧૦
૭૪. પરમાણુ સિદ્ધિ ૨૧૧
૭૫. આકાશ નિરૂપણ ૨૧૩
૭૬. વિશેષ ગુણનું લક્ષણ ૨૧૫
૭૭. કાલ નિરૂપણ ૨૧૯
૭૮. દિશા નિરૂપણ ૨૨૦

૮૩. વિભાગ, પરત્વાપરત્વ, પરત્વાપરત્વનો ૭ પ્રકારે વિનાશ .. ૨૩૦
૮૪. ગુરૂત્વ, સ્નેહ ૨૩૩
૮૫. શબ્દ ઉત્પત્તિ અને વિનાશ ૨૩૬
૮૬. યોગીસિદ્ધિ, બુદ્ધિ વગેરેનું નિરૂપણ ૨૪૦
૮૭. ધર્માધર્મ સંસ્કાર નિરૂપણ ૨૪૧
૮૮. કર્મનિરૂપણ સામાન્ય નિરૂપણ ૨૪૪
૮૯. વિશેષ નિરૂપણ ૨૪૮
૯૦. સમવાય નિરૂપણ ૨૪૯
૯૧. અભાવ નિરૂપણ ૨૫૦
૯૨. બુદ્ધિ નિરૂપણ ૨૫૫
૯૩. વિજ્ઞાનવાદ નિરૂપણ ૨૫૬
૯૪. મનઃ પ્રવૃત્તિ વગેરેનું નિરૂપણ ૨૫૯
૯૫. દુઃખ અપવર્ગનું નિરૂપણ ૨૬૧
૯૬. સંશય નિરૂપણ ૨૬૨
૯૭. પ્રયોજન નિરૂપણ ૨૬૪
૯૮. દૃષ્ટાન-સિદ્ધાન્ત નિરૂપણ ૨૬૫
૯૯. અવયવનું નિરૂપણ ૨૬૭
૧૦૦. હેતુ વિ.નું નિરૂપણ ૨૬૭
૧૦૧. તર્કનું નિરૂપણ ૨૭૦
૧૦૨. નિર્ણયવાદ વિ.નું નિરૂપણ ૨૭૨
૧૦૩. હેત્વાભાસનું નિરૂપણ ૨૭૪
૧૦૪. વિશેષણસિદ્ધ વિ.નું નિરૂપણ ૨૭૭
૧૦૫. છલનું નિરૂપણ ૨૮૮
૧૦૬. જાતિનું નિરૂપણ ૨૮૮
૧૦૭. નિગ્રહસ્થાનનું નિરૂપણ ૨૯૧
૧૦૮. ઉપસંહાર ૨૯૯
૧૦૯. પ્રશસ્તિ ૩૦૦
૧૧૦. પરિશિષ્ટ સમવાય વિચારણા ૩૦૨
૧૧૧. જગતની સત્યતા ૩૦૪

अर्हं

रत्नशेखरसद्गुरुभ्यो नमः

ऐं नमः

॥ परमगुरुगच्छाधिराजभट्टारकपुरन्दरश्री (५)

॥ श्री विजयदेवसूरीश्वरगुरुभ्यो नमः ॥

श्री पार्श्वनाथपादाब्जमभिनोनूय भक्तितः ॥
तन्यते तर्कभाषाया वार्तिकं बालबुद्धये ॥ १ ॥

तत्र बालानां सुखेन शास्त्रप्रवेशनार्थमादौ कानिचिल्लक्षणानि लक्षणदोषरहितान्युच्यन्ते, तल्लक्षणे हि तान्येव पदान्युपादेयानि यानि अतिव्याप्त्यव्याप्त्यसम्भवदोषनिवारकानि भवेयुरित्युक्तेः पूर्वं तान्येव दर्शयामि ।

अलक्ष्ये लक्षणगमनमतिव्याप्तिः, लक्ष्यैकदेशे लक्षणस्यावर्तनमव्याप्तिः, लक्ष्ये क्वापि लक्षणस्यावर्तनमसम्भवः ॥

वार्तिककार कृत मंगलाचरण

શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણકમલને ભક્તિથી ભરપૂર હૈયા દ્વારા વંદન કરીને બાળ-બુદ્ધિવાળા/મંદમતિવાળાના ઉપકારમાટે મારા વડે **તર્કભાષા** ઉપર **વાર્તિક** રચાય છે.

તેમાં બાલજીવોનો ન્યાયશાસ્ત્રમાં સુખપૂર્વક પ્રવેશ થઈ શકે, તે માટે શરૂઆતમાં લક્ષણદોષવગરનાં - કેટલાક લક્ષણો કહેવાય છે. લક્ષણમાં તેવા જ પદોનો ઉપયોગ કરવો જોઈએ જે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ દોષને દૂર કરનારા હોય. આ હકીકત હોવાથી પહેલાં અતિવ્યાપ્તિ વગેરેના સ્વરૂપને જ હું દર્શાવું છું.

(જે લક્ષણ લક્ષ્ય પદાર્થમાં વિદ્યમાન હોય તેમજ) જે પદાર્થ આપણા લક્ષણના લક્ષ્ય તરીકે નથી, તેમાં પણ આપણે રચેલું લક્ષણ જતું રહે; તો તે લક્ષણ **અતિવ્યાપ્તિ** દોષવાળું કહેવાય.

જે પદાર્થો લક્ષણના લક્ષ્ય તરીકે હોય છતાં તેમાથી અમુક પદાર્થમાં લક્ષણ ન ઘટે; તે લક્ષણ **અવ્યાપ્તિ** દોષવાળું કહેવાય.

જે પદાર્થો આપણા લક્ષ્ય તરીકે હોવા છતાં તેમાંના એકેય પદાર્થમાં આપણું લક્ષણ ઘટતું ન હોય; તો તે લક્ષણ **અસંભવ** દોષરૂપી અજગરનો કોળિયો બની જાય છે.

उदाहरणानि यथा - द्विखुरावत्त्वं गोत्वमित्यत्र गोर्लक्षणं द्विखुरावत्त्वं तच्चालक्ष्ये महिष्यादौ यातीत्यतिव्याप्तिः, शाबलेयत्वं गोत्वमित्यत्र गोर्लक्षणं शाबलेयत्वं, तच्च लक्ष्यैकदेशे श्वेतगवादौ न यातीत्यव्याप्तिः, एकखुरावत्त्वं गोत्वमित्यत्र गोर्लक्षणमेकखुरावत्त्वं तच्च लक्ष्ये गवि क्वापि न यातीत्यसम्भव इति ।

हेतौ तान्येव पदान्युपादेयानि यानि व्यभिचारदोषनिवारकाणि भवेयुः । स च व्यभिचारो द्वेधा अन्वयव्यभिचारो व्यतिरेकव्यभिचारश्च, तत्र सति सद्भावोऽन्वयो यथा सति दण्डे घटोत्पत्तिः; असत्यसद्भावो व्यतिरेको यथा दण्डाभावे घटाभावः, ताभ्यां = अन्वयव्यतिरेकाभ्यां हेतुसत्त्वे साध्यासत्त्वं व्यभिचारो । यथा कादम्बर्यादौ मङ्गले हेतौ सति सांध्यरूपायाः समाप्तेरसत्त्वेन अन्वयव्यभिचार इति, ''समाप्तिर्मङ्गलजन्या समाप्तित्वादि'' त्यत्र प्रमत्तनास्तिकाद्यनुष्ठितकर्मसमाप्तौ समाप्तित्वे हेतौ सति मङ्गलजन्यत्वं साध्यं मृग्यते परं मङ्गलाजन्यत्वमेव साध्यमस्तीति व्यतिरेकव्यभिचार इति ।

તેઓનાં અનુક્રમે ઉદાહરણ બતાવે છે.

બે ખરીવાળી હોય તે ગાય. આ ગાયનું લક્ષણ કર્યું પરતું આ લક્ષણ ભેંસ વગેરેમાં પણ ઘટે છે, કારણ કે ભેંસને પણ બે ખરી હોય છે.

ગાય કાબરચિતરી છે. આ જો ગાયનું લક્ષણ કરીએ તો આપણા લક્ષ્યમાં તો ધોળી ગાય પણ છે, છતાં તે કાબરચિતરી ન હોવાથી તેમાં આ લક્ષણ ઘટતું નથી.

ગાય એક ખરીવાળી છે. આ ગાયનું લક્ષણ બનાવીએ તો દરેક ગાયને બે ખરી હોવાથી કોઈ પણ ગાયમાં લક્ષણ ન જવાથી અસંભવ દોષ લાગે.

આ કારણથી હેતુમાં તેવાં પદોનો ઉપયોગ કરવો કે જે વ્યભિચાર દોષને

દૂર કરનારા હોય.

તે વ્યભિચાર બે પ્રકારનો છે. અન્વય વ્યભિચાર અને વ્યતિરેક વ્યભિચાર. તેમાં કારણની હયાતીમાં કાર્યનું નીપજવું તે અન્વય અને કારણ હાજર ન હોય ત્યારે કાર્યની ઉત્પતિ ન થાય તે વ્યતિરેક. જેમ કે દંડની હાજરી હોય તો ઘડો બને અને દંડ ન હોય તો ઘડો ન થાય. એટલે કારણની હાજરીમાં કાર્યનું ન થવું અન્વયવ્યભિચાર, કારણ વિના કાર્યનું નીપજવું તે વ્યતિરેક વ્યભિચાર.

અહીં બન્ને રીતનો વ્યભિચાર મંગલરૂપ કારણ (સાધન) અને સમાપ્તિ રૂપ કાર્ય(સાધ્ય)ને આશ્રયી બતાવવામાં આવ્યો છે. જેમ કે કાદંબરી ગ્રન્થમાં ગ્રન્થકારે મંગલ તો કર્યું છે, છતાં ગ્રંથકાર કાદંબરીને અધૂરી મૂકીને જ મૃત્યુ શય્યામાં પોઢી ગયાં. એટલે મંગલ રૂપ હેતુ હોવા છતાં સમાપ્તિ રૂપ સાધ્ય-કાર્ય ન રહેવાથી **અન્વયવ્યભિચાર** થયો. હવે વ્યતિરેક વ્યભિચાર દર્શાવવા અનુમાન આપે છે.

"કોઈ પણ કાર્યની સમાપ્તિ મંગલથી થાય છે, સમાપ્તિ રૂપ હોવાથી" આ અનુમાનમાં કાર્યસમાપ્તિ પક્ષ છે. સમાપ્તિત્વ હેતુ છે, અને 'મંગલજન્યા' એ સાધ્ય છે, પણ પ્રમાદની પ્રગાઢનિદ્રામાં પોઢેલી વ્યક્તિએ અને નાસ્તિકે આચરેલા કાર્યની સમાપ્તિ તો દેખાય છે. પણ તેઓએ મંગલ તો કરેલ નથી. (પ્રમાદથી ભૂલી ગયો હોવાથી; નાસ્તિક તો મંગલને - ઈશ્વર નમસ્કારાદિને માનતો ન હોવાથી) એટલે કે મંગલજન્ય સાધ્ય હોવું જોઈએ, તેના બદલે અહીં તો મંગલ વિનાજ સમાપ્તિ થઈ હોવાથી મંગલ અજન્ય સાધ્ય છે. એટલે મંગલ હેતુના અભાવમાં સમાપ્તિ કાર્ય થઈ જવાથી **વ્યતિરેક વ્યભિચાર** થયો.

तद्वर्तित्वे सति तदितरावर्तित्वमसाधरणधर्मत्वमित्यत्र वर्तते इत्येवंशीलो वर्ती, वर्तिनो भावो वर्तित्वं तस्मिन्गवि वर्त्तित्वं तस्मिन् तद्वर्तित्वे सति पुनस्तच्छब्देन गौस्तस्मादितरे घटादयस्तेष्ववर्तित्वे तदितरावर्त्तित्वम् । यथा गवि सास्नादिमत्त्वमिति । तज्जन्यत्वे सति तज्जन्यजनकोऽवान्तारव्यापारः इत्यत्र तच्छब्देन दण्डस्तेन जन्यो भ्रमिस्तज्जन्यस्तस्यभावस्तज्जन्यत्वं तस्मिन्तज्जन्यत्वे सति पुनस्तच्छब्देन दण्डस्तेन जन्यो घटस्तस्य जनको भ्रमिः स एव अवान्त-रव्यापार इति । तद्वति तत्प्रकारकज्ञानं यथार्थज्ञानमित्यत्र तच्छब्देन घटत्वं

तद्विद्यते यस्यासौ तद्वान् घटस्तस्मिन् तद्वति घटत्ववति घटे पुनस्तच्छब्देन घटत्वं तदेव प्रकारो यस्मिन् ज्ञाने तत्, तत्प्रकारकं ज्ञानं इति ।

જે વિવક્ષિત પદાર્થમાં વિદ્યમાન હોય અને તેનાથી અન્ય પદાર્થમાં જેની હયાતી ન હોય તે **असाधारणधर्म** કહેવાય. જેમકે ગાયમાં સાસ્નાદિમત્ત્વ છે અને તેનાથી બીજા પદાર્થ-ઘડા વિગેરેમાં સાસ્નાદિમત્ત્વ નથી માટે ગાયમાં રહેલો સાસ્નાદિમત્ત્વં અસાધારણ ધર્મ થયો. **अवान्तरव्यापार**-અસાધારણ કારણથી ઉત્પન્ન થનાર અને અસાધારણ કારણથી થનાર કાર્યને ઉત્પન્ન કરનાર હોય છે. અહીં तत् શબ્દથી અસાધારણ કારણરૂપ દંડને લેવાનો છે, તેનાથી ભ્રમિ (= ચક્રભ્રમણ) ઊભી થાય છે અને દંડથી જન્ય ઘડો છે, તેને ભ્રમિ ઉત્પન્ન કરે છે માટે ભ્રમિ એ અવાન્તર વ્યાપાર થયો.

વિવક્ષિત ધર્મવાળા પદાર્થમાં તે ધર્મનું વિશેષણરૂપે જ્ઞાન કરવું તે **यथार्थज्ञान.** અહીં तत् શબ્દથી વિવક્ષિત/અભીષ્ટ ઘટત્વ ધર્મ લઈએ. તે ઘટમાં રહેલ છે અને તેવા ઘટમાં 'ઘટત્વવાળો ઘટ છે.' એવું ઘટત્વ વિશેષણવાળું જ્ઞાન તે યથાર્થ જ્ઞાન થયું.

प्रकारकत्वं नाम भासमानवैशिष्ट्यप्रतियोगित्वमिति । तदधिकरणाधिकरणत्वं समानाधिकरणकत्वमित्यत्र तच्छब्देन घटत्वं तस्याधिकरणं घटः स एवाधिकरणं यस्य द्रव्यत्वस्य तत्तथा एतावता घटत्वंद्रव्यत्वयोः सामानाधिकरण्यमित्यर्थः ।

तदधिकरणानधिकरणकत्वं व्यधिकरणत्वं इत्यत्र तच्छब्देन घटत्वं तस्याधिकरणं घटः स एवानधिकरणं यस्य पटत्वस्य तत्तथा एतावता घटत्वपटत्वयो र्वैयधिकरण्यमित्यर्थः ।

सद्व्यावर्तकं विशेषणं यथा सद्-विद्यमानं व्यावर्तकं च यद् भवति तद्विशेषणं = वीरपुरुषो नीलोत्पलमित्यत्र वीरत्वं कातरेभ्यो नीलत्वं श्वेतादिभ्यो व्यावृत्तिं जनयति , न हि वीरत्वनीलत्वाभावे इति । असद्व्यावर्तकमुपलक्षण मित्यत्र असदविद्यमानं व्यावर्त्तकं च यद्भवति तदुपलक्षणं यथा राजंपुरुषो दण्डिपुरुष इत्यत्र राज्ञि दण्डे वाऽसत्यविद्यमानेप्यन्यपुरुषेभ्यो राजा दण्डश्च व्या-

વૃત્તિં જનયતીતિ ।

જે વૈશિષ્ટ્ય ખુલ્લુ/પ્રગટ થતું હોય તેનો પ્રતિયોગી જે હોય તે પ્રકાર કહેવાય. અહીં વિશિષ્ટ જ્ઞાન હોવાથી વૈશિષ્ટ્યસંબંધ પ્રગટ થાય/ભાસે છે અને સંબંધ અનુયોગીમાં જેને ખેંચી લાવે તે સંબંધનો પ્રતિયોગી બને અને પ્રતિયોગીથી જેને વિશિષ્ટ બનાવે તે અનુયોગી. અહીં વૈશિષ્ટ્યસંબંધ દ્વારા ઘટત્વથી ઘટને વિશિષ્ટ બનાવાય છે, એટલે ઘટત્વના કારણે ઘટમાં વૈશિષ્ટ્ય ધર્મ આવ્યો છે, માટે તે ધર્મજ ઘટત્વને ઘટમાં રાખવા માટે સંબંધની ગરજ સારે છે એટલે કે ઘટત્વ પ્રતિયોગી બન્યો અને તેથી તે(ઘટત્વ) પ્રકાર કહેવાય. ઘટ વિશિષ્ટ બનતો હોવાથી અનુયોગી કહેવાય.

વિવક્ષિત ધર્મનું જે અધિકરણ હોય તે જ અધિકરણ જેનું હોય તે જ તે બે પદાર્થોનું **સામાનાધિકરણ્ય** છે. જેમ કે ઘટત્વનું અધિકરણ ઘડો છે. અને તે જ ઘડો દ્રવ્યનું પણ અધિકરણ છે. માટે ઘટત્વ અને દ્રવ્યત્વ વચ્ચે સામાનાધિકરણ્ય થયું. વિવક્ષિત ધર્મનું જે અધિકરણ હોય તે પદાર્થ, જે ધર્મનું અધિકરણ ન બનતું હોય તો તેવા ધર્મો વચ્ચે **વૈયધિકરણ્ય** હોય છે. જેમ કે - તત્શબ્દથી ઘટત્વ લીધું તેનું અધિકરણ ઘડો તે પટત્વનું અનધિકરણ છે.; માટે ઘટત્વ પટત્વ વચ્ચે વૈયધિકરણ્ય કહેવાય.

વિવક્ષિત પદાર્થમાં જેની હયાતી હોય તેમજ તે પદાર્થને અન્યથી અલગ તારવી આપે તે **વિશેષણ** કહેવાય. જેમ કે વીરપુરુષ, નીલોત્પલ; અહીં વીરત્વ કાયર પુરુષોથી તે પુરુષને અલગ પાડે છે. નીલત્વ ધોળા વિ. વર્ણવાળા કમળોથી તે કમળને જુદું પાડે છે. પણ વીરત્વ, નીલત્વનો પુરુષ/કમલમાં અભાવ હોય તો તેઓ વ્યાવર્તન કરી શકતા નથી. જેની પદાર્થમાં હયાતી ન હોય છતાં પણ તે પદાર્થને બીજાથી અલગ પાડી આપે તે **ઉપલક્ષણ** કહેવાય. જેમકે રાજપુરુષ/ દંડીપુરુષ. એમાં રાજાની અને દંડની હયાતી ન હોવા છતાં અન્યપુરુષોથી તે (રાજા/દંડ) વિવક્ષિત પુરુષોને અલગ પાડી આપે છે.

અન્યૂનાનતિરિક્તવર્તિધર્મોઽવચ્છેદક ઇત્યત્ર ન ન્યૂના અન્યૂના ન અતિરિક્તા અનતિરિક્તા અન્યૂનાશ્ચાનતિરિક્તા શ્ચાન્યૂનાનતિરિક્તા ગવાદિપદાર્થાસ્તેષુ વર્તત ઇત્યેવં શીલોઽન્યૂનાનતિરિક્તવર્ત્તી સ ચાસૌ ધર્મશ્ચાન્યૂનાનતિરિક્તવર્તિ ધર્મોઽ-

वच्छेदको, यथा गवि गोत्वं घटे घटत्वमिति कानिचिदुपयोगिलक्षणान्युक्तानि।

अथ पूर्वाचार्यैस्त्रिविधं मङ्गलं प्रोक्तमस्ति मानसिकं वाचिकं कायिकं चेति, तथेह शास्त्रादौ नोपलभ्यत इत्याशंक्य प्रश्नयति... यथा ननु ग्रन्थारम्भेऽभि मतग्रन्थसमाप्त्यर्थं मङ्गलाचरणं कर्त्तव्यमिति शिष्टोक्तेरयमपि केशवमिश्रश्शिष्टो भवति। अतः स्वस्य शिष्टत्वसंरक्षणार्थं प्रमाणप्रयोजनवन्मङ्गलं कर्त्तव्यं तदिह न दृश्यते। प्रमाणप्रयोजनवदिति प्रमाणप्रयोजनसहितं, कोऽर्थः ? मङ्गलकरणे श्रुतिः प्रमाणं समाप्ति फलं चेत्यर्थः।

विवक्षितपदार्थनो जे धर्म ओछामां अने वधारामां न रहे ते धर्म ते पदार्थनो अवच्छेदक बने. अन्यूनानतिरिक्त एवा गवादि पदार्थ तेमांज रहेवानो जेनो स्वभाव होय एवो धर्म ते अन्यूनानतिरिक्तवर्ति धर्म. जेम गोत्व धर्म दरेक गायमां रहे छे तेमज गायथी अतिरिक्तमां नथी रहेतो माटे गोत्वधर्म गायनो अवच्छेदक बने. एज रीते घटमां रहेलुं घटत्व पण दरेक घटमां ज रहेतुं होवाथी घटनुं घटत्व अवच्छेदक बने छे. ए प्रमाणे केटलाक उपयोगी लक्षणो कह्यां.

हवे पूर्वाचार्योंए मानसिक/वाचिक/कायिक/ - मनथी शुभ कामना करवी/ वाणीथी जिनेश्वरनी स्तुति करवी/कायथी वंदनादि करवां.एम त्रण प्रकारनां मंगल कह्यां छे. ज्यारे अहीं शास्त्रनी शरुआतमां तो मंगल जोवामां आवतुं नथी. आवी शंका उपाडीने प्रश्न करे छे.के...

शंका :- "ईच्छित ग्रंथनी समाप्ति माटे ग्रंथनी आदिमां मंगलाचरण करवुं जोईए." कारण के शिष्ट पुरुषोनां आवां वचनो छे. आ **केशवमिश्र** पण शिष्ट पुरुष छे. माटे पोतानुं शिष्टपणुं रक्षवा सारु प्रमाण अने प्रयोजनसहित मंगल करवुं जोईए ते तो अहीं देखातुं नथी. 'प्रमाण प्रयोजनवद्' आनो अर्थ शुं छे ? उ. :- प्रमाण प्रयोजनथी युक्त एवुं मंगल होवुं जोईए.

मंगल करवामां श्रुति प्रमाण छे. अने आरंभ करेल ग्रंथादि कार्यनी पूर्णाहुति थवी ते फळ (प्रयोजन) छे.

अथ च श्रोतुः प्रवृत्त्यर्थं विषयप्रयोजने दर्शनीये। यदुक्तं -

"**ज्ञातार्थं ज्ञातसम्बन्धं, श्रोतुं श्रोता प्रवर्तते,**
शास्त्रादौ तेन कर्तव्यः सम्बन्धः सप्रयोजनः ॥१॥" (पे.६ श्लो-वार्तिक १/१७)

इति न्यायात्तयोः प्रवृत्त्यङ्गत्वं लक्ष्यते, इह च तदभावान्नाद्यपद्यावतार इत्याशङ्क्याद्यपद्यावतारिकामारचयति । प्रारिप्सितस्य ग्रन्थस्य निर्विघ्नपरिसमाप्त्यर्थं, अलौकिकाविगीतशिष्टाचारानुमितवेदबोधितकर्तव्यताकं मङ्गलाचरणं कृतं हृदि एव; श्रोतुः प्रवृत्त्यङ्गभूते विषयप्रयोजने निर्दिशति ।

बालोऽपि या न्यायनये प्रवेशमल्पेन वाञ्छत्यलसः श्रुतेन ।
संक्षिप्तयुक्त्यन्वितितर्कभाषा प्रकाश्यते तस्य कृते मयैषा ॥

बाल इति । तर्कभाषाविषयो बालव्युत्पत्तिः प्रयोजनमित्यर्थः ।

શ્રોતાની આ ગ્રંથમાં પ્રવૃત્તિ થાય તે માટે વિષય પ્રયોજન દર્શાવવાં જોઈએ. કહ્યું છે કે - જેનું પ્રયોજન અને સંબંધ જાણ્યો હોય તેને સાંભળવા શ્રોતા પ્રવર્તે છે. તેથી શાસ્ત્રની આદિમાં પ્રયોજન સહિત સંબંધ કરવો (કહેવો) હોવો જોઈએ. આવો ન્યાય હોવાથી સંબંધ અને પ્રયોજન પ્રવૃતિના કારણ તરીકે સિદ્ધ થાય છે.

પણ અહીં - ગ્રંથની શરૂઆતમાં મંગલ તેમજ વિષય પ્રયોજનનો અભાવ છે. માટે આદ્ય પદ્ય - શ્લોકનો અવતાર ન થઈ શકે, પ્રથમ શ્લોકમાં મંગલ વગેરે હોવું જોઈએ, તેવું તો અહીં પહેલા શ્લોકમાં જોવા મળતું નથી, માટે તેનો આદ્ય શ્લોક તરીકે અવતાર ન થઈ શકે. એ પ્રમાણે શંકા ઉઠાવી સમાધાન કરવા પૂર્વક પ્રથમ શ્લોકની અવતારિકાને રચે છે.

સમા. :- શરૂઆત કરવાને ઈચ્છાયેલ ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે અલૌકિક અનિંદ્ય શિષ્ટાચારથી અનુમાન કરાયેલ તેમજ વેદથી જેની કર્તવ્યતા જણાવવામાં આવી છે, એવું મંગલાચરણ હૃદયમાં કર્યું જ છે. શ્રોતાની પ્રવૃત્તિના અંગભૂત વિષય પ્રયોજનને દર્શવિ છે.

બાલ ઈતિ - તર્કભાષા એ વિષય છે. બાળક - અજ્ઞાતને ન્યાયની વ્યુત્પત્તિ સમજાય પ્રયોજન છે.

ननु भो ! निर्विघ्नसमाप्त्यर्थं मङ्गलं कर्तव्यमिति वदता (भवता) च समाप्तेः फलत्वमुक्तमिति च न सम्भवति । अन्वयव्यतिरेकाभ्यां व्यभिचारात्।

कृतेपि मङ्गले कादम्बर्यादौ समाप्त्यभावादकृतेपि मङ्गले प्रमत्तनास्तिकानुष्ठितकर्म्मसमाप्तिभावादिति चेन्न, तत्रापि जन्मान्तरीयमङ्गलस्य विद्यमानत्वात् । ननु जन्मान्तरीयमङ्गलस्य कारणतावेदकं किं प्रत्यक्ष वा ॥१॥ अनुमानं वा ॥२॥ आगमो वा ॥३॥ नाद्यः पक्षश्चतुरचेतसां चेतसि चमत्काराविष्कारणतां धत्ते, तस्य प्राप्यकारित्वनियमेन जन्मान्तरीयमङ्गलावेदकत्वाभावात्, प्राप्यकारीति प्राप्य करोतीति तत्पुरुषे णिन् प्रत्यय च प्राप्यकारि वस्तु प्राप्य प्रकाशयतीत्यर्थः।

अथ समाप्तिर्मङ्गलजन्या समाप्तिकत्वात् क्रियमाणे मङ्गले जन्यमानसमाप्तिवदित्यनुमानं, तत्र नास्तिकानुष्ठितकर्म्मण्यनुमानमिति द्वितीय पक्षः सोप्यनुपपन्नः, उक्तव्यभिचारात् ।

न तृतीयः अन्योन्याश्रयापत्तेः कथमिति चेत् उच्यते । श्रुत्या कार्यकारणभावग्रहे यत्र जन्मान्तरीयमङ्गलकल्पनम् ।

जन्मान्तरीयमङ्गलकल्पने च कार्यकारणभावग्रह इति तस्मान्न समाप्तेर्मङ्गलफलवत्त्वमिति, न तावत्श्रुतिर्जन्मान्तरीयमङ्गलावेदिका, किन्तु तर्क एव।

मंगलविचारणा

शंकाकार :- अरे निर्विघ्न समाप्ति माटे मंगल करवुं जोईओ, एम कहेतां समाप्तिने फळ तरीके दर्शावामां आवी छे, पण अन्वय व्यतिरेकथी व्यभिचार आवतो होवाथी आ संभवतुं नथी. मंगल करवा छतां कादंबरी वगेरेनी समाप्ति थई नथी अने मंगल न करवा छतां प्रमत्त अने नास्तिके आचरेल कार्यनी समाप्ति देखाय छे.

समाधान :- त्यां अन्य जन्मनुं मंगल रहेलु होवाथी व्यभिचार आवतो नथी. (अने विघ्नना प्रमाणमां मंगल थयेलुं न होवाथी कादंबरी वगेरेमां व्यभिचार नथी.)

शंकाकार :- "अन्य जन्मनुं मंगल समाप्तिनुं कारण छे." एवुं जणावनार शुं प्रत्यक्ष प्रमाण छे, अनुमान प्रमाण छे के आगमप्रमाण छे? तेमां पहेलो पक्ष तो चतुर माणसोना चित्तमां चमत्कार जगाडनार नथी, कारणे के प्रत्यक्षप्रमाण प्राप्य पदार्थने ज जणावनार होवाथी अन्य जन्मना मंगलने जणावी न शके.

પ્રાપ્ય કરોતિ -પ્રાપ્ત કરીને કરે એ પ્રમાણે તત્પુરૂષ સમાસ થતાં **''अजाते शीले''** (૫/૧/૧૫૪ સિ. હેમ.) ણિન્ પ્રત્યય લાગ્યો પ્રાપ્યકારિ એટલે કે ઈંદ્રિય દ્વારા વસ્તુ પ્રાપ્ત કરીને પ્રકાશિત કરનાર.

અનુમાન પ્રમાણ દર્શાવે છે - ''સમાપ્તિ મંગલથી ઉત્પન્ન થનારી છે, સમાપ્તિરૂપ હોવાથી'' જેમ (આ લોકમાં) મંગલ કરતા સમાપ્તિ થાય છે. '' ત્યાં નાસ્તિકે આચરેલ કર્મમાં ઉપરોક્ત વ્યભિચાર આવતો હોવાથી બીજો - અનુમાન પક્ષ પણ અયુક્ત જ છે.

અન્યોન્યાશ્રય દોષ આવતો હોવાથી ત્રીજો પક્ષ પણ યુક્ત નથી. અન્યોન્યાશ્રયદોષ કેવી રીતે આવે તે દર્શાવે છે.....

જુઓ શ્રુતિથી (આગમથી) કાર્યકારણ ભાવનું જ્ઞાન થાય ત્યારે નાસ્તિક કૃત ગ્રંથની સમાપ્તિમાં જન્માન્તરીય મંગલની કલ્પના થાય અને જન્માન્તરીય મંગલની કલ્પનાથી કાર્યકારણ ભાવનું જ્ઞાન થાય; એમ પરસ્પર અપેક્ષા હોવાથી અન્યોન્યાશ્રય દોષ આવે. આવી પરિસ્થિતિ હોવાથી સમાપ્તિને મંગલનું ફળ કહી શકાતું નથી.

સમાધાન :- અરે ભાઈ ! એમ હોય તો ભલે શ્રુતિ જન્માન્તરીય મંગલને જણાવનારી ન હોય; પરંતુ તર્ક જ અન્યજન્મનાં મંગલને જણાવનાર છે.

कोऽसौ तर्क ? इयं समाप्तिर्मङ्गलसमवहितकारणाजन्या स्यात् तदाऽजन्यैव स्यात्, दृश्यते च जन्या तस्मान्मङ्गलसमवहितकारणजन्या स्यादिति विपर्ययपर्यवसानान्ततर्केणाभावमुखेन सा पर्यवसानमिति विपर्ययेण पर्यवसानं व्यवस्थानं, विपर्ययपर्यवसानं तदन्ते यस्य स तथा स चासौ तर्कश्च स तथा तेनेत्यर्थः, जन्मान्तरीयमङ्गलावेदनात्तत्र श्रुत्या कार्यकारणभावो गृह्यते इति नान्योन्याश्रयत्वं सैव मङ्गले प्रमाणमिति ।

ननु सा श्रुतिः प्रत्यक्षा वा अनुमेया वा ? नाद्यः, अनुपलम्भात् । न द्वितीयो लिङ्गाभावादिति चेत् न, आचारानुमेयत्वात्, तथाचानुमानं 'मङ्गलं वेदबोधितकर्तव्यताकं, अलौकिकाविगीतशिष्टाचारविषयत्वात्', दर्शाद्याचारवदिति, तथा च आचारविषयत्वादित्येतावत्युक्ते (L.D.) बौद्धाचारो चैत्यवन्दनादौ

व्यभिचारः स्यात्, कथमिति चेत् शृणु, बौद्धचैत्यवन्दनं बौद्धाचारविषयोऽस्ति, न तु वेदबोधितकर्तव्यताकमतो हेतुरस्ति साध्यं नास्तीति व्यभिचारस्तद्वारणाय शिष्टेति पदमुपादीयते ।

शंका :- આ તર્ક કયો છે ?

समाधान :- તે તર્ક દર્શાવે છે.. " આ સમાપ્તિ મંગલ સમવહિત કારણથી (મંગલરૂપ કારણ પાસે રહેલું હોય અને તેનાથી) ઉત્પન્ન ન થાય તો પછી તેની ઉત્પત્તિ જ ન થાય પણ ઉત્પન્ન થયેલી તો દેખાય છે. તેથી સમાપ્તિ " મંગલ સમવહિત કારણથી જન્ય છે. " અભાવમુખથી આરોપનું ઉત્થાન અને ભાવમુખથી વસ્તુ સત્તાનો નિશ્ચય જેમાં હોય એવા વિપર્યય પર્યવસાનાંત તર્કથી ("જો મંગલ ન હોય તો સમાપ્તિ પણ ન થાય") (સમાપ્તિની ઉત્પત્તિનો) અભાવ દર્શાવી વ્યવસ્થા કરવી તે જેની અંતે હોય એવો તર્ક અહીં લેવાનો છે.

આવી રીતે તર્કથી જન્માન્તરીય મંગલનું જ્ઞાન થઈ જતું હોવાથી નાસ્તિકે આચરેલ કર્મમાં શ્રુતિથી કાર્યકારણ ભાવનો ગ્રહ-બોધ થઈ જાય છે. માટે અહીં અન્યોન્યાશ્રય દોષ લાગતો નથી આ શ્રુતિ (આગમ) જ મંગલમાં પ્રમાણ છે.

शंकाकार :- શું આ શ્રુતિ પ્રત્યક્ષનો વિષય છે કે અનુમિતિનો ? તેમાં પ્રથમ પક્ષ યુક્ત નથી. કારણ કે વેદમાં આવા સ્પષ્ટ શબ્દોનો ઉલ્લેખ નથી કે સમાપ્તિ મંગલથી પ્રાપ્ત થાય છે અને બીજો પક્ષ પણ યુક્ત નથી. કેમ કે અનુમિતિ કરવા માટેનું કોઈ લિંગ જોવામાં આવતું નથી.

समाधान :- આવું નથી, કારણ કે આચાર નામના લિંગથી અનુમાન કરી શકાય છે. આ રહ્યું તે અનુમાન.... "મંગલ, વેદથી જણાયેલી કર્તવ્યતાવાળું છે. અલૌકિક, અનિંદ્ય તેમજ શિષ્ટપુરૂષોએ આચરેલ હોવાથી જેમ (આમાવસ્યાના દિવસે કરાયેલા યજ્ઞ વિશેષ) વગેરે આચાર.

પદકૃત્ય- વળી હેતુ તરીકે 'આચાર વિષયત્વાત્' એટલુ જ કહીએ તો બૌદ્ધના આચારભૂત ચૈત્યવંદન વિ. માં વ્યભિચાર આવે. કારણ કે બૌદ્ધ ચૈત્યવંદન બૌદ્ધાચારનો વિષય તો છે પણ વેદબોધિત કર્તવ્યતાવાળું નથી. એથી કરીને હેતુ તો રહ્યો પણ સાધ્ય ન રહેવાથી વ્યભિચાર આવે છે. તેના વારણ માટે શિષ્ટપદનું ઉપાદાન કરવામાં આવેલ છે.

ननु भो ! शिष्टत्वं नाम किं ? वेदत्वोपाधिना स्वारंसिकवेदप्रामाण्या-

भ्युपगन्तृत्वं शिष्टत्वमित्यस्य कोऽर्थः ? वेदत्वपुरस्कारेण स्वेच्छया वेदप्रामाण्याङ्गीकर्तृत्वमित्यर्थः । अस्य पदकृत्यानि गन्तृत्वं शिष्टत्वाभावस्तन्निरासायोपेति तावत्युक्ते गवा सह गच्छति वत्सादावतिव्यातिस्तन्निरासायाभीति अभ्युपगन्तृत्वं शिष्टत्वमित्युक्ते म्लेच्छादावतिव्याप्तिः, कथं ? तत्राङ्गीकर्तृत्वमस्ति परं शिष्टत्वं नास्तीति तन्निरासाय प्रामाण्येति तावत्युक्ते नास्तिकादावतिव्याप्तिः, कथं ? नास्तिकः प्रत्यक्षप्रामाण्यमङ्गीकरोति परं शिष्टो न भवतीति तन्निरासाय वेदेति। तावत्युक्ते ताडितबौद्धेऽतिव्याप्तिः, कथं ? ताडितो बौद्धो वेदाः प्रमाणं वेदाः प्रमाणमिति-वक्ति, परं शिष्टो न भवति, तन्निरासाय स्वारसिकेति तावत्युक्ते भ्रान्तबौद्धेऽतिव्याप्तिः, कथं ? भ्रान्तो बौद्धः स्वेच्छया वेदप्रामाण्यमङ्गीकरोति परं शिष्टो न भवति तन्निरासाय वेदत्वोपाधिनेति विशेषणम् ॥

शिष्टनुं स्वरूप

અરે ભાઈ ! આ શિષ્ટત્વ કઈ ચીડિયાનું નામ છે ? શું શિષ્ટત્વ એટલે વેદને વેદ તરીકે માની/સમજી પોતાની ઈચ્છાથી વેદને પ્રમાણ તરીકે સ્વીકારવું. આનું પદકૃત્ય કરે છે. ''ગન્તૃત્વં શિષ્ટત્વં'' એટલું જ કહીએ તો ગતિમાન ઘોડા(પશુ) વિ.મા અતિવ્યાપ્તિ આવે કારણ કે ઘોડા વિ. ચાલતા હોવાથી તેમાં ગન્તૃત્વ તો છે પણ શિષ્ટત્વનો અભાવ છે. કવિએ ગાયું છે કે - ''તિર્યંચ તણા ભવ કીધા ઘણેરા વિવેક નહિ ય લગાર.'' તેના વારણ માટે ઉપ પદ મૂકીએ તો ગાયની સાથે ચાલનાર વાછરડા વિ. માં અતિવ્યાપ્તિ થાય.

તેના નિવારણ માટે અભિપદ જોડીએ એટલે 'અભ્યુપગન્તૃત્વં શિષ્ટત્વં' એમ કહીએ તો મ્લેચ્છાદિમાં અતિવ્યાપ્તિ આવે કારણ કે તેઓ પણ સ્ત્રી વિ. નો સ્વીકાર તો કરે છે પણ તેઓ શિષ્ટ નથી. (ગમ્યાગમ્યનો વિવેક ન હોવાથી) તેનાં નિરાસ માટે '' પ્રામાણ્યાભ્યુપગન્તૃત્વ'' એમ કહીએ. (મ્લેચ્છો કોઈપણ જાતના પ્રમાણનો સ્વીકાર કરતા નથી. તથાવિધ જ્ઞાનનો અભાવ હોવાથી) છતાં નાસ્તિક વિ.માં અતિવ્યાપ્તિ આવે, કારણ કે તેઓ પ્રત્યક્ષપ્રમાણને સ્વીકારે છે, પણ શિષ્ટ નથી. તેના ખંડન માટે વેદને પ્રમાણ તરીકે સ્વીકારે તે શિષ્ટ, એમ કહીએ તો માર મારવાથી/મેથીપાક ચખાડવાથી બૌદ્ધ(નાસ્તિક) પણ વેદો

પ્રમાણ છે વેદો પ્રમાણ છે, એમ કબૂલ મંજૂર કરે છે પણ તે શિષ્ટ બની જતો નથી. તેના નિરાસ માટે ''स्वारसिक'' પદ જોડીએ તો પણ અતિવ્યાપ્તિ આવે, કારણ ભ્રમભૂતથી ભ્રમિત થયેલ બૌદ્ધ પોતાની ઈચ્છાથી વેદને પ્રમાણ તરીકે સ્વીકારે છે, પણ તે શિષ્ટ બનતો નથી. તેના નિરસન માટે ''वेदत्वोपाधिना'' એ વિશેષણ મૂકીએ એટલે વેદને વેદ તરીકે જાણીને તેને પ્રમાણ રૂપે સ્વીકારનાર જે હોય તેનો જ કંઠ શિષ્ટપુરૂષત્વની વરમાળાથી શોભી શકે છે.

तथा च शिष्टाचारविषयत्वादित्युक्ते विश्वामित्रादीनां त्रिशंक्वाद्ययाज्ययाजने व्यभिचारः । कथं ? त्रिशङ्कुनामा भिल्लस्तेन कारितं याजनमयाज्ययाजनं विशिष्टशिष्टकृतत्वात् शिष्टाचारविषयो, न तु वेदबोधितकर्त्तव्यताकमतो हेतुरस्ति साध्यं नास्तीति व्यभिचारस्तद्वारणाय अविगीतेति पदं अविगीतत्वं नाम धर्मशास्त्राविरुद्धत्वमनिन्द्यत्वमित्यर्थः ।

शास्त्राविरुद्धत्वमित्युक्ते वात्सायनशास्त्रोक्तार्थेऽतिव्याप्तिः, कथं ? भोग-भोगासनादिकं शास्त्राविरुद्धं परं धर्म्मशास्त्रविरुद्धमिति तन्निरासाय, धर्म्मेति, तावत्युक्ते शिष्टभोजने व्यभिचारः । कथं ? शिष्टभोजनमनिन्द्यं न च वेदबोधित-कर्तव्यताकमतो हेतुरस्ति साध्यं नास्तीति व्यभिचारस्तद्वारणाय अलौकिकेति पदमुपादीयते ।

શિષ્ટાચારનો જે વિષય બને તેની કર્તવ્યતા વેદથી જાણાવેલી હોય છે' એમ કહીએ ત્યારે વિશ્વામિત્ર વગેરે ઋષિઓએ ત્રિશંકુ વિ. કે જેઓ યજ્ઞ કરાવવાને અયોગ્ય છે છતાં તેમની પાસે યજ્ઞ કરાવ્યો તેમાં વ્યભિચાર આવે કારણ કે ત્રિશંકુ ભિલ્લ હતો (ભિલ્લ યજ્ઞને અયોગ્ય છે.) તેની પાસે યજ્ઞ કરાવ્યો તે અયાજ્યયાજન થયું પણ વિશ્વામિત્ર જેવા વિશિષ્ટ શિષ્ટ પુરૂષે કરાવેલ હોવાથી આવો યજ્ઞ શિષ્ટાચારનો વિષય તો બને જ છે, પરંતુ તેની કર્તવ્યતા વેદથી બોધિત નથી (વેદમાં ભિલ્લ, સ્ત્રી વિ. ને યજ્ઞના અનધિકારી કહ્યાં છે.) એથી અહીં હેતુ તો રહ્યો પણ સાધ્ય ન રહેવાથી વ્યભિચાર આવ્યો.

તેના વારણ માટે 'અવિગીત' પદ જોડવાનું. અવિગીત એટલે ધર્મશાસ્ત્ર ને અવિરૂદ્ધ - અનિંદ્ય એવો શિષ્ટ પુરૂષોનો આચાર, તેની કર્તવ્યતા વેદથી બોધિત

હોય છે. જો અહીં શાસ્ત્રને અવિરૂદ્ધ આટલું જ કહીએ તો **વાત્સાયનકૃત** શાસ્ત્રમાં કહેલા અર્થમાં અતિવ્યાપ્તિ આવે, કારણ કે ભોગ, ભોગાસનાદિ તેમનાં શાસ્ત્રને અવિરૂદ્ધ છે. પણ ધર્મશાસ્ત્રને વિરૂદ્ધ છે. તેના નિરસન માટે ધર્મ પદ પણ મૂક્યું છે. એમ કહેવા છતાં શિષ્ટ ભોજનમાં વ્યભિચાર આવે કેમ કે શિષ્ટનું ભોજન અનિંદ્ય છે. પણ કંઈ વેદમાં એમ દર્શાવ્યું નથી કે શિષ્ટ પુરૂષોએ ભોજન કરવું જોઈએ. તેથી હેતુ છે પણ સાધ્ય નથી, માટે વ્યભિચાર આવ્યો. તેના વારણ માટે અલૌકિક પદ મૂક્યું છે.

अलौकिकत्वं नाम किं ? शब्दतदुपजीविप्रमाणातिरिक्तप्रमाणबोधितेष्टसाधनताकत्वं लौकिकत्वम् । अस्यार्थः शब्दो वेदस्तदुपजीवीति तदुद्देशेनोद्भावितानि वैदिकान्यनुमानप्रमाणानि तेभ्योऽतिरिक्तानि लौकिकप्रत्यक्षानुमानागमप्रमाणानि, तैर्बोधिता ज्ञापिता इष्टसाधनता यस्य तत्तथा, इष्टं क्षुधोपशमनादिकं तस्य साधनं भोजनादिकं तस्य भाव इष्टसाधनतेत्यर्थः ॥ अस्य पदकृत्यानि । साधनता लौकिकत्वमित्युक्ते अनिष्टसाधनेऽहिकण्टकादावतिव्याप्तिः, कथं ? तत्र लोकानां प्रवृत्तेरभावात् तन्निरासाय इष्टेति । तावत्युक्ते दर्शाद्याचारेऽतिव्याप्तिदर्शाद्याचार इष्टसाधनं परमलौकिकमिति तन्निरासायातिरिक्तप्रमाणबोधितेति तावत्युक्ते ईश्वरेऽतिव्याप्तिः । कथं ? लौकिक-प्रमाणबोधितेष्टसाधनताकत्वं लौकिकत्वमीश्वरस्त्वलौकिक इति ।

અલૌકિકનું સ્વરૂપ

અલૌકિક એટલે શું ? તેને સમજવા પહેલા લૌકિકની ઓલખાણ આપે છે - શબ્દઉપજીવીપ્રમાણથી અતિરિક્ત પ્રમાણ દ્વારા જેની ઈષ્ટસાધનતા જણાતી હોય તે લૌકિક,

આનો અર્થ આમ છે કે -

શબ્દ એટલે વેદ અને તેના ઉદ્દેશથી ઉદ્ભવેલાં જે વૈદિક અનુમાન પ્રમાણો તેનાથી અતિરિક્તજે લૌકિક પ્રત્યક્ષ અનુમાન અને આગમ પ્રમાણો તેના દ્વારા જેની ઈષ્ટ સાધનતા જણાવવામાં આવી હોય તે લૌકિક (ઈષ્ટસાધનતા).

તથા ભૂખ શાન્ત કરવી વગેરે ઈષ્ટ છે અને તેનું સાધન છે ભોજન કરવું

વગેરે તેનો ભાવ ઈષ્ટ સાધનતા. ભોજનમાં ઈષ્ટ સાધનતા લૌકિક પ્રમાણોથી જાણવા મળે છે. આનું પદકૃત્ય કરે છે. - સાધનતા લૌકિકત્વં આટલું જ કહીએ તો અનિષ્ટ સાધન એવા કાંટા વિ.માં અતિવ્યાપ્તિ થાય. કારણ કે લોકોની તેમાં/તે તરફ પ્રવૃત્તિ થતી નથી. તેના નિરાસ માટે ઈષ્ટપદ મૂકયું. આમ કરતાં દર્શાદિ આચારમાં અતિવ્યાપ્તિ થાય. દર્શાદિ આચાર ઈષ્ટ સાધન છે પરંતુ અલૌકિક છે. (સ્વાભાવિક રીતે સામાન્ય લોકોની તેમાં પ્રવૃત્તિ થતી ન હોવાથી) તેના નિરાસ માટે અતિરિક્ત પ્રમાણથી બોધિત ઈષ્ટ સાધનતા જેમાં હોય તે લૌકિક; દર્શાદિની ઈષ્ટ સાધનતા અતિરિક્ત પ્રમાણથી બોધિત નથી. પણ વેદ બોધિત છે. માટે અતિવ્યાપ્તિ નહિ આવે પણ ઈશ્વરમાં અતિવ્યાપ્તિ આવે કારણ કે વેદ થી અતિરિક્ત પ્રમાણ = વેદજન્ય અનુમાન દ્વારા ઈશ્વરને ઈષ્ટ-મોક્ષ/સ્વર્ગાદિસુખના સાધન તરીકે જાણી શકાય છે, એટલે અતિરિક્ત પ્રમાણ બોધિત ઈષ્ટ સાધનતાવાળો ઈશ્વર છે પણ તે અલૌકિક છે.

तन्निरासाय शब्दतदुपजीविप्रमाणेति तात्त्युक्ते लौकिकलक्षणं सम्पन्नं तदभावोऽलौकिकत्वं ऐहिकगोचरप्रमाणाविषयत्वम् । भोजनं तु प्रत्यक्षसिद्धमिति न तत्र व्यभिचारो, विषयपदं त्वसिद्धतावारणार्थमिति न व्यर्थं, कथं ? ''ज्ञानेच्छाप्रयत्नानां सविषयत्वात्क्रमभावित्वाच्चेत्युक्तेः'' प्रयत्नस्योद्यमस्य सन्ध्यावन्दनादिशिष्टाचारो विषयो भवतीति विषयपदंमसिद्धतावारणार्थमित्यर्थः। शिष्टस्याचारस्तस्य विषयः। अलौकिक चासौ अविगीतश्चासौ शिष्टाचारविषयश्चेति समासादिति हेत्वर्थः । तथा च वेदेन बोधिता कर्तव्यता यस्य मङ्गलस्य 'तच्छेषाद्विभाषेति' कचि बेदबोधितकर्तव्यताकमिति समासेन निर्विघ्नसमाप्तिकामो मङ्गलमाचरेदित्याचारानुमितवेदबोधितकर्तव्यताकमिति समासेन निर्विघ्नममाप्तिकाम मङ्गलमाचरेदित्याचारानुमितवेदबोधितकर्तव्यताकमिति समासेन निर्विघ्नसमाप्तिकामो मङ्गलमाचरेदित्याचारानुमितवेदबोधितकर्तव्यता बोध्यते इति साध्यार्थः, इति मङ्गले प्रमाणमसूचि ।

તેના નિરાસ માટે 'शब्द तदुपजीविप्रमाण' એટલું જોડવું. વૈદિક પ્રમાણથી અતિરિક્ત લૌકિક પ્રમાણથી ઈષ્ટસાધનતા બોધિત બને છે તે લૌકિક કહેવાય.

ઈશ્વરની ઈષ્ટ સાધનતા તેવા લૌકિક પ્રમાણથી બોધિત બનતી નથી. પરંતુ તેવી ઈષ્ટ સાધનતાની વેલડીને ફેલાવા વેદવૃક્ષનો/અલૌકિક પ્રમાણનો આશ્રય લેવા પડે છે. ''પૃથ્વી વગેરે કાર્ય છે'', તેવું વેદ વાકય સાંભળી તેના આધારે પૃથ્વી વગેરેના કર્તા તરીકે ઈશ્વરનું અનુમાન થાય છે. એટલે કે ઈશ્વર નિઃશ્રેયસરૂપ ઈષ્ટનીપ્રાપ્તિ કરવા માટે મુખ્ય હેતું છે. એવું જ્ઞાન વેદના આધારે થાય છે. કારણ કે બાહ્ય આંખ વગેરેથી તો તેવું જ્ઞાન જ થતુ નથી.આ રીતે લૌકિકત્વનું લક્ષણ બન્યું તેનો અભાવ તે અલૌકિકત્વ. ટૂંકમાં આ લોકસંબંધી = લોકમાં નજર આવતા પ્રમાણનો જે વિષય ન હોય તે અલૌકિક.

ભોજન તો નજરે દેખાય છે, એથી તેમાં (શિષ્ટ ભોજનમાં) વ્યભિચાર આવતો નથી. વિષયપદ અસિદ્ધતાના વારણ માટે હોવાથી નકામું નથી, કારણ કે 'જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન આ ત્રણે વિષયવાળા અને ક્રમશઃ ઉત્પન્ન થનારા હોય છે' આવી ઉક્તિ હોવાથી સન્ધ્યાવંદનાદિ શિષ્ટાચાર ઉદ્યમનો વિષય બને છે. જો વિષયપદ ન મૂકીએ તો આચાર = ઉદ્યમ એકલો સંભવી શકતો નથી, તેથી હેતુ જ અસિદ્ધ બની જાય. જેમ કે - આકાશ પુષ્પ હેતુ.

'શિષ્ટપુરૂષોના આચારનો વિષય'', ''અલૌકિક અનિંદ્ય એવો શિષ્ટાચારનો વિષય'' આ પ્રમાણે ષષ્ઠી તત્પુરૂષ સમાસ અને કર્મધારય સમાસ કરવાથી હેતુ બને છે. તે જ વિગ્રહાનુસારે હેતુનો અર્થ કરવાનો છે.

જે મંગલની કર્તવ્યતા વેદથી બોધિત હોય એવો બહુવ્રીહિ સમાસ કરતાં ''તચ્છેષાદ્વિભાષા'' પાણિની સૂત્રથી 'શેષાદ્ વા ૯-૩-૧૭૫' ''હેમ સૂત્રથી કચ્ સમાસાન્ત (પ્રત્યય) લાગતાં ''વેદબોધિતકર્તવ્યતાકં'' સાધ્યનું સ્વરૂપ થયું.

''વિઘ્નરૂપી અટવીમાં અટવાયા વગર સમાપ્તિ મેળવવાની ઝંખનાવાળાએ મંગલ આદરવું.'' આ આચારથી અનુમાન કરાયેલ વેદબોધિત કર્તવ્યતાનું ભાન થાય છે, આ સાધ્યાર્થ થયો. આ રીતે મંગલમાં પ્રમાણ દર્શાવવામાં આવ્યું.

અથ તત્ફલમાહ,... ननु **मणिकार**मते मङ्गलस्य विघ्नध्वंसं प्रति कारणत्वं विघ्नध्वंसस्य समाप्तिं प्रति कारणत्वमिति । **शिरोमणि**मते मङ्गलस्य विघ्नध्वंसं प्रति कारणत्वं विघ्नध्वंसस्यादृष्टं प्रति कारणत्वमदृष्टस्य समाप्तिं प्रति कारणत्वमिति; **माधवसरस्वती**मते मङ्गलस्य विघ्नध्वंसं प्रति कारणत्वं विघ्नध्वंसः

कार्यम् ।

न चात्रान्वयव्यतिरेकाभ्यां व्यभिचारो यावन्मङ्गलं तावद् विघ्नध्वंसाङ्गीकारात्, जन्मान्तरीयमङ्गलकल्पनाच्चेति । समाप्तिस्तु प्रतिबन्धकदूरितध्वंससहकृतलोकावगतस्वकारणादेव ।

હવે, તેનું - મંગલનું ફળ બતાવે છે...

શંકાકાર :- तत्त्वचिंतामणिकार = **गंगेशोपाध्याय**ના મતે તો મંગલને વિઘ્ન નાશનું કારણ અને વિઘ્નનાશને સમાપ્તિનું કારણ કહ્યું છે.

रघुनाथ शिरोमणिना મતે મંગલને વિઘ્નધ્વંસનું કારણ, વિઘ્નધ્વંસને અદૃષ્ટનું કારણ અને અદૃષ્ટને સમાપ્તિનું કારણ કહ્યું છે.

माधव सरस्वतीના મતે મગંલ એ વિઘ્નધ્વંસનું કારણ છે અને વિઘ્નધ્વંસ એ કાર્ય છે. અહીં અન્વય વ્યભિચાર અને વ્યતિરેક વ્યભિચાર આવતો નથી. કારણ કે જેટલા પ્રમાણમાં મંગલ કર્યું હોય તેટલા પ્રમાણમાં વિઘ્નનો નાશ થાય, એવું અમે સ્વીકારીએ છીએ. અને નાસ્તિક તેમજ પ્રમત્ત આસ્તિકના કર્મમાં જન્માન્તરીય મંગલની કલ્પના કરીએ છીએ. સમાપ્તિ તો ગ્રંથ સમાપ્તિમાં અડચણ કરનાર દુષ્ટકર્મનો નાશ થવા સાથે લોકથી જાણાયેલ સમાપ્તિના કારણ-પ્રતિભા વિગેરેથી થઈ જાય છે.

यथा कारीरीयागेनावग्रहध्वंसे वृष्टिस्तु कूजवातादिस्वकारणाद् भवति तद्वद्। क्वचित् समाप्त्यभावो विघ्नभूयस्त्वादनन्तरोत्पन्नविघ्नान्तराद्वेति

केषांचिन्मते विघ्नध्वंसं प्रति मङ्गलस्य कारणत्वं न समाप्तिं प्रति, तेननेश्वरानुष्ठितादौ व्यभिचारः । कथम् ? इश्वरकृतग्रन्थे मङ्गलाभावेपि समाप्तेर्जातत्वात् । न च निर्विघ्नसमाप्तिकामो मङ्गलमाचरेदिति श्रुतौ समाप्तेरेव कमिपदसम्बन्धात् काम्यत्वमिति प्रत्यक्षबाध इति वाच्यं । ''सविशेषणे विधिनिषेधौ सति विशेष्यबाधके विशेषणमुपसंक्रामत'' इति न्यायाद्विघ्नध्वंसस्यैव मङ्गलकार्यत्वं ''विघ्नो मे कार्ये मा भूयासुरिति'' कामनयैव क्रियमाणत्वान्मङ्गलस्येत्यादि मतान्यवलोक्य ग्रन्थकृत्समाप्तेर्मङ्गलफलत्वं दर्शयति ।

१. न एश्वर०/न इश्वर०

દા.ત. કારીરીયાગ કરતાં વરસાદના વિઘ્ન ટળી જાય છે. વરસાદ તો કૂજ્જપવનાદિ એવા વરસાદના કારણથી જ થાય છે (જેનાથી વાદળાં બને તે કૂજવાયુ) તેની જેમ ક્યાંક સમાપ્તિ ન થાય ત્યાં વિઘ્નવાદળ વધારે હોય અથવા તો તરત જ નવાં ઊભાં થયેલાં વિઘ્નને કારણ માનવું. કેટલાક એમ માને છે કે - મંગલ વિઘ્નધ્વંસનું કારણ છે, પરંતુ સમાપ્તિનું નહિ. તેથી ઈશ્વરે આચરેલ કાર્યમાં વ્યભિચાર નહિ આવે. કારણ કે ઈશ્વરે રચેલ ગ્રંથમાં મંગલનો અભાવ હોવા છતાં સમાપ્તિ તો થઈ છે. મંગલનું કાર્ય વિઘ્નધ્વંસ માનવાથી, મંગલરૂપ હેતુના અભાવની સાથે વિઘ્નધ્વંસરૂપ કાર્યનો પણ અભાવ છે. (ઈશ્વરને ગ્રંથ બનાવવામાં કોઈ વિઘ્ન જ હોતા નથી તેથી) એટલે તદ્ અસત્વે તદ્ અસત્વં એવો વ્યતિરેક છે. પણ વ્યતિરેક વ્યભિચાર નથી.

ઉપશંકાકાર :- આમ વિઘ્નધ્વંસને કાર્ય માનતા તો ''સમાપ્તિની ઈચ્છાવાળો મંગલનું આચરણ કરે'' આવી શ્રુતિમાં કમ્ પદનો - કમ્ધાતુનો સમાપ્તિ સાથે સંબંધ હોવાથી સમાપ્તિ જ ઈચ્છવાને યોગ્ય છે. તે વાતનો પ્રત્યક્ષ બાધ થશે.

સમાધાન :- વિશેષણ યુક્ત વિશેષ્યમાં વિધિ નિષેધ દર્શાવેલ હોય ત્યારે જો વિશેષ્યમાં તે વિધિ નિષેધનો બાધ થતો હોય તો તે બન્ને-વિધિનિષેધ વિશેષણને લાગું પડે છે, આ ન્યાય હોવાથી વિઘ્નધ્વંસ વિશિષ્ટ સમાપ્તિ મંગલ જન્ય છે. અહીં વિશેષણભૂત વિઘ્નધ્વંસ છે. માટે વિઘ્નપ્રધ્વંસ એ જ મંગલનું કાર્ય માનવું યોગ્ય છે. વળી મારા કાર્યમાં વિઘ્ન ન આવે એવી ઈચ્છાથી જ મંગલ કરાય છે.

ગ્રંથકાર આ બધા મતોનું નિરીક્ષણ કરી સમાપ્તિ મંગલનું ફળ છે, એમ દર્શાવે છે.

ननु ''नागृहीतविशेषणा बुद्धिर्विशेष्ये उदेतीति'' न्यायेन विघ्नाभावस्यैव मङ्गलफलत्वमिति चेन्न । समाप्तेर्भावरूपतया लाघवेन च । तदुक्तं -

''प्रक्रियालाघवं यत्र तं पक्षं रोचयामहे ।
प्रकियागौरवं यत्र तं पक्षं न सहामहे ॥१॥''

इति कमिपदसम्बन्धादेवमङ्गलफलत्वेऽधिगते विघ्नाभावस्यैव प्रतिबंधकाभावत्वेन कारणत्वक्लृप्तेऽवान्तरव्यापारत्वे न चान्यथासिद्धेः, ''नागृहीतविशेषणा विशेष्ये बुद्धिरिति'न्यायस्य समाप्तिफलत्वेऽपि तुल्यत्वात्तस्मात् समाप्ते-

र्मङ्गलफलत्वमिति ।

अथ मङ्गललक्षणमाह - प्रत्यूहान्यत्वे सति प्रारिप्सितप्रतिबन्धकनिवृत्त्यसाधारणकारणत्वं मङ्गलत्वमिति । ननु मङ्गलं कः पदार्थो द्रव्यो वा गुणो वा कर्म्म वा ।

शंकाकार :- "विशेषण जाण्या विना विशेष्यमां बुद्धि जागती नथी" आ न्यायना अनुसारे विघ्नाभाव ज मंगलनुं फळ छे ने ? एटले विशेषण रूप विघ्नाभावनुं ज प्रथम ज्ञान थाय छे. माटे तेने ज मंगलनुं फळ मानवुं योग्य छे.

समाधान :- आ वात बराबर नथी, कारण के अभावनुं ज्ञान करवा माटे प्रथम तेनां प्रतियोगीनुं स्मरण जरूरी छे. ज्यारे भाव पदार्थमां सीधुं ईन्द्रिय संपर्कथी ज्ञान थतुं होवाथी अभाव पदार्थ करता भाव पदार्थनी उपस्थिति जल्दी थाय, माटे तेमां लाघव छे एटले समाप्ति भावरूपे छे. एथी मंगलना कार्यने विघ्नाभावरूप मानवां करतां समाप्तिरूपे मानवामां(लाघव) आवे छे. कह्युं छे के - "जेमां प्रक्रियानुं लाघव होय ते पक्ष अमने सारो लागे छे, पण जेमां प्रक्रिया गौरव होय तो ते पक्ष स्वीकारवा अमारुं मन मानतुं नथी." एटले समाप्तिनो कम पद साथे साक्षात् संबंध होवाथी लाघवनां कारणे "समाप्ति मंगलनु फळ छे" एवुं भान थई जाय छे. तेवुं ज्ञान थतां विघ्नाभावने प्रतिबंधकाभाव तरीके कारण मानीओ तो अथवा/विघ्नाभावमंगल जन्य छे अने मंगलजन्य समाप्तिनो जनक छे. माटे अवान्तर व्यापाररूपे बनवाथी अन्याथासिद्धि पण थती नथी.

(एटले **विघ्नाभाव मंगलनुं** कार्य न गणाय)

अने "नागृहीत.....बुद्धि" आ न्यायने समाप्ति फळ तरीके मानीओ तेमां पण सरखी रीते लागु पडे छे.(एटले के समाप्तिनुं जेणे ज्ञान न होय अथवा "तमारुं आ कार्य पूर्ण नहि थाय." एम जोषी महाराज कही दे तो ते कार्य-समाप्तिनी कामना जागती नथी. एटले कामना ना विशेषण तरीके समाप्ति छे.) माटे समाप्तिने ज मंगळनुं फळ मानवुं.

हवे **मंगलनुं लक्षण कहे छे**...विघ्नथी भिन्न होय अने आरंभ करायेल कार्यना प्रतिबंधकने दुर करवानुं असाधारण कारण होय ते मंगल.

શંકાકાર :- મંગલ ક્યો પદાર્થ છે. શું તે દ્રવ્ય છે ? ગુણ છે ? કે કર્મ છે ?

अत्र ब्रूमः क्वचिद् द्रव्यं क्वचिद्गुणः क्वचिद् कर्म च तद् यथा विनायकदधिदूर्वादि द्रव्यमङ्गलम् ॥१॥

वाचिकमानसिकनमस्कारौ तु गुणमङ्गलं, वाचिकस्य शब्दरूपत्वात् मानसिकस्य ध्यानरूपत्वाद् गुणत्वं ॥२॥ विनायकादिनमनादि कर्ममङ्गलमिति ॥३॥ ननु नमस्कारमङ्गलयोः कश्चिद्भेदोऽस्तीति चेन्न मङ्गलैकदेशत्वान्नमस्कारस्येति; किञ्च द्रव्यमङ्गलस्य समवायिकारणादिकं प्रसिद्धमेव, गुणमङ्गलं द्विविधं वाचिकं मानसिकं च । तत्र वाचिकस्य समवायिकारणं गगनम् ॥१॥ असमवायिकारणं गगनमनस्संयोगो ॥२॥ निमित्तकारणं तालवोष्ठपुटसंयोगादि; ॥३॥ मानसिकस्य समवायिकारणमात्मा ॥१॥ असमवायिकरणमात्ममनःसंयोगो ॥२॥ निमित्तकारणं कालादि ॥३॥ कायिकस्य समवायिकारणं शरीरम् ॥१॥ असमवायिकारणं शरीरगगनसंयोगो ॥२॥ निमित्तकारणं कालादि वा ॥३॥

समाधान :- કોઈક ઠેકાણે દ્રવ્ય છે. કોઈક ઠેકાણે ગુણ છે.કોઈક ઠેકાણે કર્મ છે. તે આ પ્રમાણે -વિનાયક-શ્રી ગણેશ, દહીં-દુર્વા-ધ્રો વિગેરે દ્રવ્યમંગલ છે. વાચિક અને માનસિક નમસ્કાર તે ગુણમંગલ છે. કારણ કે વાચિક મંગલ શબ્દરૂપ છે (અને શબ્દ તો આકાશના ગુણ તરીકે પ્રસિદ્ધ જ છે. માનસિક મંગલ ધ્યાન રૂપે છે. ધ્યાન તે જ્ઞાનનો (એક ધારો) એક વિષયનો ઉપયોગ તદ્રૂપે હોવાથી આત્મગુણ છે.) ગણેશ વિ. ને નમન વંદનાદિ કરવું તે હાથ વગેરેના સંકોચ/વિકાસરૂપ હોઈ કર્મમંગલ છે.

શંકાકાર :- નમસ્કાર અને મંગલમાં કંઈ ભેદ છે ?

સમાધાન :- કશો ભેદ નથી. નમસ્કાર એ મંગલનો જ એક દેશ (પ્રકાર) છે. વળી દ્રવ્યમંગલના સમવાયિકારણ વિ. પ્રસિદ્ધ જ છે. (જેમ શ્રી ગણેશ બિમ્બનાં અવયવો. દહીંનું દૂધ, ધ્રો-અવયવ ભૂત અંકુર એટલે તે તે દ્રવ્યના સમયાયિકારણ લેવા.) ગુણ મંગલ બે પ્રકારનુ છે. વાચિક અને માનસિક. તેમાં ૧. વાચિક મંગલનું સમવાયિ કારણ આકાશ છે. ૨. અસમવાયિ કારણ આકાશ

મન સંયોગ છે. (કારણ કે 'હું આ શબ્દ બોલુ' એવી વિચારણામાં પરિણતમન શરીરાવચ્છિન્ન આકાશ સાથે જોડાય છે ત્યારે મનના આદેશથી તાલુ વગેરેમાં શબ્દ પેદા કરવાનો પ્રયત્ન ઉભો થાય છે. આવી વિચારણા ન જાગે ત્યાં સુધી કશુ બોલાતું નથી. અથવા

શબ્દ આકાશમાં સમવાયસંબંધથી રહે છે અને આકાશમન સંયોગ પણ આકાશમાં સમવાયસંબંધથી રહે છે માટે આ સંયોગને શબ્દસંદર્ભનું અસમવાયિકારણ મનાય છે. (વિદ્વાનો વિશેષ વિચારણા કરી શકે છે.) તાલુ અને હોઠનો સંયોગ વિ. નિમિત્ત કારણ છે. [1]માનસિક મંગલનું સમવાયિકારણ આત્મા, [2]અસમવાયિકારણ આત્મ મનનો સંયોગ છે. સમવાયિકારણ આત્મામાં આ સંયોગ સમવાયસંબંધથી રહે છે અને ધ્યાનનું કારણ છે માટે; [3]નિમિત્ત કારણ કાલ દિશા વગેરે. અથવા

કાયિક મંગલનું સમવાયિ કારણ શરીર છે કારણ કે ક્રિયા (વંદનાદિ) શરીરમાં સમવાયસંબંધ રહે છે. અસમવાયિકારણ શરીરગગનનો સંયોગ; (અવયવોનું હલન ચલન થતાં આકાશ સાથે સંયોગ થાય જ છે. ત્યારે જ વંદનાદિ સંભવે.) અને આ સંયોગ શરીરમાં સમવાય સંબંધથી રહે છે.

નિમિત્ત કારણ કાલાદિ...કોઈ પણ કાર્ય પણ કાર્ય અમુક કાલમાં જ થાય છે. માટે તે કાલાદિપણ કારણ બને છે.

ननु समाप्तिः कः पदार्थो द्रव्यं वा गुणो कर्म वा ?

अत्र ब्रूमः, समाप्तिः कार्यसिद्धिः कार्यसमाप्तिरिति यावत् ।

कार्यं च त्रिधा द्रव्यरूपं गुणरूपं कर्मरूपं च । तत्र द्रव्याणां घटपटादीनां सिद्धिर्द्रव्यकार्यसमाप्तिः ॥१॥ गुणानां ज्ञानेच्छाप्रयत्नशब्दादीनां सिद्धिः गुणकार्यसमाप्तिः ॥२॥ कर्मणां नमनगमनादीनां सिद्धिः कर्मकार्यसमाप्तिः ॥३॥ शास्त्रसमाप्तिस्तु शब्दसन्दर्भसमाप्तिरिति गुणपदार्थः । समाप्तिस्तु स्वाश्रयाद्भिन्ना नास्तीति स्वाश्रयस्य समवायिकारणाऽसमवायिकरणनिमित्तकारणानि तान्येवसमाप्तेरपीतिकृत्वा शास्त्रसमाप्तेः समवायिकारणं गगनं ॥१॥ असमवायिकारणं गगनमनस्संयोगादि ॥२॥ निमित्तकारणं नमस्कारादि ॥३॥

साधकतमं करणमिति वचनात् । एतेषां त्रयाणां मध्ये किं करणं ? नमस्कारः करणं, तस्यैव साधकतमत्वात्, इत्यर्थः । इति मङ्गलवादः ।

શંકાકાર :- સમાપ્તિ શું ચીજ છે ? શું તે દ્રવ્ય છે ? ગુણ છે ? કે કર્મ છે ?

સમાધાન :- કાર્યની સિદ્ધિ, કાર્યની પૂર્ણાહુતિ તે સમાપ્તિ કહેવાય અને કાર્ય દ્રવ્યરૂપે, ગુણરૂપે અને કર્મરૂપે એમ ત્રણ પ્રકારે છે.

તેમાં ઘડો, વસ્ત્ર વિ. દ્રવ્ય છે. તેની સિદ્ધિ તે દ્રવ્યકાર્ય સમાપ્તિ. જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન, શબ્દ વિ. ગુણો છે, તેની સિદ્ધિ તે ગુણકાર્ય સમાપ્તિ. નમન, ગમન વિ. કર્મ છે, તેની સિદ્ધિ તે કર્મકાર્ય સમાપ્તિ કહેવાય.

શાસ્ત્રની સમાપ્તિ એટલે શબ્દ સંદર્ભ(સુયુક્ત શબ્દ જત્થો) ની પૂર્ણતા. એથી સમાપ્તિ એ ગુણ પદાર્થ છે, તે સમાપ્તિ પોતાનાં આશ્રયથી ભિન્ન નથી માટે પોતાના આશ્રયનાં જે સમવાયિ કારણ, અસમવાયિકારણ અને નિમિત્ત કારણો હોય તે જ સમાપ્તિનાં પણ કારણો કહેવાય છે. માટે શાસ્ત્રસમાપ્તિનું સમવાયિકારણ આકાશ, અસમવાયિકારણ આકાશમનસંયોગ વિગેરે અને નિમિત્તકારણ નમસ્કાર વિ. જાણવા. શાસ્ત્ર સમાપ્તિનો આશ્રયશબ્દ છે. કોઈ પૂછે વંદિત્તુ ક્યારે પૂરૂં થાય ? જવાબમાં ''વંદામિજિણે ચઉવીસં,'' આ શબ્દ આવે ત્યારે, એમ ગ્રંથના ચરમશબ્દ/વર્ણમાં સમાપ્તિની પ્રતીતિ થતી હોવાથી. માટે આકાશ સમવાયિકારણ, '' હવે મારે આ શબ્દ સાથે ગ્રંથપૂર્ણ કરવો છે'' એવી વિચારણામાં મન પરિણત બને ત્યારે જ ગ્રંથ પૂર્ણાહુતિનો છેલ્લો વર્ણસમૂહ બોલાય છે/લખાય છે અને તેવું મન શરીરાવચ્છિન્ન આકાશ સાથે જોડાયેલ છે, એટલે કે આકાશમનનો સંયોગ થયેલ છે, તે સંયોગ ગગનમાં સમવાયસંબંધથી રહે છે, માટે આ સંયોગને અસમવાયિકારણ કહેવાય.

શંકા :- 'साधकतमं करणं' એવું વચન હોવાથી આ ત્રણ કારણોમાં કરણ કયું ?

સમાધાન :- ક્રિયાનું જે ઉત્કૃષ્ટ કારણ હોય તે કરણ કહેવાય; માટે અહીં નમસ્કાર એ સમાપ્તિનું ઉત્કૃષ્ટ કારણ હોવાથી કરણ બને છે.

ઈતિ એ પ્રમાણે મંગલ સંબંધી વાત પૂર્ણ થઈ.

अथैषाऽक्षरसंयोजना यथा एषा बुद्धिस्था तर्कभाषा मया प्रकाश्यते प्रकटीक्रियते इति सण्टङ्कः । ननु क्रियत इत्येवं कथं नोचे ? स्वकपोलकल्पिताशङ्कयाऽन्येषां प्रवृत्त्यभावो मा भूदित्यतः । किञ्च प्रकटनं प्रदीपवत् सतो वस्तुनः करणं नत्वसत एवेति ।

પૂર્વનાં શબ્દો સાથે સંબંધ જોડતાં કહે છે કે - બુદ્ધિરૂપી તિજોરીમાં રહેલી આ તર્કભાષા મારા વડે ગ્રંથરૂપ ચાવીથી ઉઘાડી કરાય છે/પ્રકાશિત કરાય છે.

શંકાકાર :- તર્કભાષાના કર્તા ગ્રંથકાર - કેશવમિશ્ર પોતે છે તો પછી તર્કભાષા મારા વડે કરાય છે, એ કેમ ન કહ્યું ?

સમાધાન :- " આ ગ્રંથ તો પોતાની બુદ્ધિમાં ફાવે તેમ અગડં બગડં અનઘડ કલ્પનાથી ગ્રંથકારે રચ્યો હોય, તેની આપણે શી ખબર પડે." આવી શંકાના લીધે તે બાળક ગ્રંથને ભણવાની પ્રવૃત્તિ જ ન કરે. આવું ન થાય તે માટે પ્રકાશ્યતે પદ મૂક્યું છે. પોતાની મતિકલ્પનાથી આ ગ્રંથ રચ્યો હશે. એમ માની અન્ય જીવો આ ગ્રંથમાં પ્રવૃત્તિ ન કરે; તે માટે પ્રકાશ્યતે લખ્યું છે. વળી દીવો વિદ્યમાન વસ્તુને જ પ્રગટ કરે છે, અવિદ્યમાન વસ્તુને નહીં, તેમ ગ્રંથકાર પણ શાસ્ત્રસિદ્ધ પદાર્થને જ દીવા સમાન ગ્રંથ દ્વારા પ્રગટ કરવાનાં છે. નહિ કે અસિદ્ધ - કપોલકલ્પિત વાતોને.

एषेति का इत्यपेक्षायामाह । तर्कभाषेति । नन्वत्र तर्कशब्दस्य वाच्यवृत्त्यङ्गीकारे प्रतिबन्दि ॥१॥ अनवस्था ॥२॥ चक्रक ॥ ३॥ व्याघात ॥४॥ आत्माश्रयाणां ॥५॥ पञ्चनां तर्काणां प्रतिपादनमितरेषामप्रतिपादनं च स्यादिति चेन्न । तर्कशब्दस्योपलक्षणत्वेन तर्कोपलक्षिताः षोडशपदार्थास्तेषां भाषणं भाषास्वरूपकथनं लक्षणतः प्रकाश्यत इत्यर्थः ।

नहि प्रयोजनमन्तरेण मन्दोऽपि प्रवर्तत इति किमत्रप्रयोजनमित्याशङ्क्याह कृते प्रयोजनाय कृते इति पदं क्विबन्तत्वेन चतुर्थ्यन्तमव्ययं चेति कस्य ? तस्य, तस्य कस्य ? तस्येत्यपेक्षायां; यत्तदोर्नित्यसम्बन्धाद् तच्छब्दमाह -

बालोपीति । अत्रापि शब्देन विरोधाभासालङ्कारप्रतिभासनं तच्चैतल्लक्षणाद्दूरापास्तम् । तद्यथा - अधीतव्याकरणोऽनधीतन्यायशास्त्रशास्त्रप्रवेशवा-

ञ्छको, बाल इत्यत्र वाञ्छको । बाल इत्युक्ते स्तनन्धयादावतिव्याप्तिस्तन्निरासाय प्रवेशेति तावत्युक्ते नगरादिप्रवेशार्थिपथिकादावतिव्याप्तिस्तन्निरासाय शास्त्रेति ।

આ પ્રગટ કરાય છે, પણ 'આ' 'એષા' ઉપર થી શું લેવું ? અહીં આવી અપેક્ષા જાગતાં, ગ્રંથકાર અપેક્ષા શાન્ત કરવા નામપૂર્વક ઉલ્લેખ કરે છે કે આ તર્કભાષા. પ્રગટ કરાય છે.

शंकाकार :- અહીં તર્ક શબ્દનો વાચ્યાર્થ સીધે સીધો - શબ્દ પ્રમાણે અર્થ લઈએ તો પ્રતિબંદિ, અનવસ્થા, ચક્રક, વ્યાઘાત અને આત્માશ્રયરૂપ પાંચ તર્કોનું જ આ ગ્રંથમાં પ્રતિપાદન થઈ શકશે. પણ જે પદાર્થ તર્કરૂપે નથી તેનું પ્રતિપાદન થઈ શકશે નહીં.

तर्कना प्रकार

१. प्रतिबंदि - વાદી પ્રતિવાદીના સમાન દોષ હોય અને તેનો પરિહાર પણ સમાન જ હોય. જેમ દિગમ્બર આહાર નિહારમાં જુગુપ્સા માની અતિશય વિશેષથી આંહાર વિના શરીર સ્થિતિ માને. ત્યારે શ્વેતામ્બર કહે છે કે આહાર નીહાર માનીને અતિશય વિશેષથી જુગુપ્સાનો પરિહાર કરી શકાય છે. આ વાતની રજુઆત તે પ્રતિબંદી તર્ક કહેવાય.

२. अनवस्था - અંત ના આવે એવી અપ્રમાણિક કલ્પના ઉભી થાય તે. જેમ સામાન્યમાં જાતિ માનશો તો પુનઃ તે જાતિમાં પણ જાતિ માનવી પડશે. પરમાણુને અનિત્ય માનનાર પ્રતિવાદીને સામે દલીલ કરવી કે તો તમારે તેનાં અવયવ માનવા પડશે. આ અવયવ ધારા ચાલતી જ રહેશે. આવી દલીલ તે અનવસ્થા - તર્ક.

૩. चक्रक - स्वज्ञानसापेक्षज्ञानसापेक्षज्ञानविषयत्वं चक्रकम् વસ્તુના પોતાનાં જ્ઞાન માટે અપેક્ષણીય જે જ્ઞાન છે તે જ્ઞાનને અપેક્ષિત જ્ઞાન માટે અપેક્ષણીયજ્ઞાનનો પોતે જ વિષય બને તે. જેમ ગાયનું લક્ષણ ગોત્વ કરીએ એ ગોત્વ એટલે સાસ્ના રહિત પદાર્થમાં નહિ રહે નારી અને સાસ્નાયુક્ત સમસ્ત પદાર્થમાં રહેનારી જાતિ અને સાસ્ના એટલે ગાયના ગલાની ગોદડી. અહીં ગો જ્ઞાન માટે ગોત્વનું જ્ઞાન અને ગોત્વના જ્ઞાન માટે સાસ્ના જ્ઞાન અને તેના માટે ફરી ગો જ્ઞાન ની જ અપેક્ષા રહેતી હોવાથી ચક્રક દોષ આવે. બસ પ્રતિવાદીનાપક્ષ - વાતમાં આ

દોષ ઉભો થાય તેવી વાતની રજુઆત કરવી તે चक्रक નામનો તર્ક કહેવાય.

૪. વ્યાઘાત - પોતાની વાતથી પોતે કરેલી વાતનો બાધ થવો તે. પ્રતિવાદીએ કરેલી વાતનો તેનાં દ્વારા કહેવાયેલી પૂર્વ વાતથી બાધ થતો જણાવવો. પ્રતિવાદી કહે શબ્દને નિત્ય જાણવો. ત્યારે કહેવું પડે તમેજ તો પહેલાં શબ્દ કૃતક કહ્યો હતો. માટે તમારી પોતાની વાત સાથે બાધ આવે. - વ્યાઘાત થાય છે. આવી રીતે વાતની રજુઆત કરવી તે વ્યાઘાત તર્ક કહેવાય.

૫. આત્માશ્રય स्वज्ञानसापेक्षज्ञानविषयत्वम् आत्माश्रयः । स्व - વસ્તુના પોતાનાં જ્ઞાન માટે અપેક્ષણીય જે જ્ઞાન હોય તેનો વિષય ખુદ પોતે બને. જેમ ગોનું લક્ષણ ''गोभिन्नावृत्तित्वे सति गोमात्रवृत्तिजातिमत्त्वं'' કરીએ તો ગાયના જ્ઞાન માટે અપેક્ષિત આ ગો ભિન્ના૦ જ્ઞાનાન્તર છે અને તે જ જ્ઞાનનો ગો વિષય બને છે. આ લક્ષણમાં આત્માશ્રય દોષ આવે. આવી રીતે પ્રતિવાદીની રજુઆત કરાતી વાતમાં આત્માશ્રય દોષ ઉભો થાય, તેનું કથન કરવું તે આત્માશ્રય તર્ક કહેવાય.

સમાધાન :- અહીં તર્ક શબ્દ ઉપલક્ષણ તરીકે લેવાનો છે. એટલે ઉપલક્ષિત (તે પ્રસિદ્ધિ - સિદ્ધ પામતા) એવા સોળ પદાર્થો, તેઓનું લક્ષણના આધારે સ્વરૂપ કહેવાનું છે. તે જ તર્કભાષા, ભાષા એટલે સ્વરૂપનું કહેવું.

પ્રયોજન વગર તો મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિમાં પગલાં માંડતો નથી. અહીં પ્રયોજન શું છે ? એવી શંકા ઉઠાવીને કહે છે કે કૃતે - પ્રયોજન માટે કૃધાતુના ક્વિબંત રૂપની ચોથી વિભક્તિ છે અને અવ્યય છે. કોના માટે તેના ઉત્તરમાં तस्य પદ છે. ''તેનું એટલે કોનું ?'' એવી (તેની) અપેક્ષા રહેલી છે. વળી यत् तद्नो नित्य संबंध होवाथी तत् शब्द રૂપે શું લેવાનું તે દર્શાવે છે. **बालोऽपि.**

અહીં 'અપિ' શબ્દથી વિરોધાભાસાલઙ્કારનો પ્રતિભાસ થાય છે. બાલક એટલે અજ્ઞાની છે અને છતાં પણ ન્યાયશાસ્ત્ર ભણવા બેસાડવો તે વાત પરસ્પર વિરોધિ લાગે છે. અજ્ઞાનની હોય એ સીધો ન્યાય શાસ્ત્ર ભણવા બેસે એમાં સહાનવસ્થાન વિરોધ રહેલો છે. લંગડો હોવા છતાં પહાડ ઉપર ચડવું તેની જેમ વિરોધી વાત લાગે છે.

તેનો આ કહેવાતા બાલકના લક્ષણથી નિરાસ થઈ જાય છે, તે આ પ્રમાણે

- જેણે વ્યાકરણનો અભ્યાસ કરી લીધો હોય પણ હજી ન્યાયશાસ્ત્ર ભણ્યો ન હોય અને સાથો સાથ નવા શાસ્ત્રને ભણવાની જેમાં ઝંખના રહી હોયઃ તેને અહીં બાલક તરીકે લેવાનો. આવો બાલક તો ન્યાય ભણવા માટે પૂરેપૂરો અધિકારી છે. માટે વિરોધ આવતો નથી. આ લક્ષણનું પદકૃત્ય કરે છે.

ઈચ્છા કરનારો તે બાલ આટલું જ લક્ષણ કહીએ તો ધાવતું બાળક પણ આવી જાય પણ એમ કરતા, અતિવ્યાપ્તિ થાય. તેના વારણ માટે પ્રવેશ(વાંછક) પદ મૂક્યું. ગતિનો અભાવ હોવાથી નાના ધાવતા છોકરામાં આવતી અતિવ્યાપ્તિ નામનો અજગર આ લક્ષણનો કોળિયો કરી શકતો નથી. પણ નગરાદિમાં પ્રવેશને ઝંખતા વટેમાર્ગુમાં આ લક્ષણ જતાં પાછી અતિવ્યાપ્તિરૂપી નાગણ ફુંફાડા મારવા લાગે છે. તેને શાન્ત કરવા માટે "શાસ્ત્રપદ" રૂપી વાંસળી/ગારુડિકમંત્ર સમર્થ છે.

तावत्युक्ते अधीतन्यायशास्त्रशास्त्रान्तरप्रवेशवाञ्छकपुरुषेऽतिव्याप्तिस्तन्नि-रासायानधीतन्यायशास्त्रेति, तावत्युक्ते अनधीतव्याकरणेऽतिव्याप्तिस्तन्निरासाया-धीत व्याकरणेति तावत्युक्ते लक्षणं सम्पन्नम् ।

स इह बालो गृह्यते न तु स्तनंधयः ।

અજગર અને નાગણના સકંજામાંથી છટકીને જતાં, જેણે ન્યાયશાસ્ત્ર ભણી લીધાં છે અને જે અન્ય શાસ્ત્ર ભણવાની ઈચ્છા વાળો હોય તેમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિરૂપી ચિત્તાની તરાપથી બચવું મુશ્કેલ બની જાય છે. તેને દૂર ભગાડવાં 'અનધીતન્યાયશાસ્ત્ર' આ પદથી બાણવૃષ્ટિની જરૂર પડે. આમ કરવાથી ચિંતો તો ભાગી ગયો, પણ જે વ્યાકરણ જ ભણ્યો નથી અને સીધો ન્યાય ભણવા પાટી પેન લઈને બેસી જાય તેમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ પુનઃ ગજ ગર્જના કરવાં લાગી. તેની બોલતી બંધ કરવા અધીતવ્યાકરણરૂપી સિંહનાદ બસ છે. આ પ્રમાણે આ સેનાનો સથવારો લઈ આ લક્ષણરાજા એકછત્રી રાજ્ય સ્થાપિત કરે છે. એટલે કે બધી દોષ જંજાલથી મુક્ત બની જાય છે. માટે અહીં બાલ શબ્દથી વ્યાકરણ ભણ્યો હોય અને ન્યાયશાસ્ત્ર ન ભણ્યો હોય તેવા બાળકને લેવો પણ ધાવણો નહીં.

एतल्लक्षणो यो बालस्सन् वाञ्छति , वाञ्छतेस्सकर्मत्वात् किं वाञ्छति ?

प्रवेशं, केत्याह न्यायनये पक्षधर्मत्वादिसमस्तरूपोपेतलिङ्गबोधकवाक्यं न्यायो, वाक्यं न्याय इत्युक्ते मूकवाक्येऽतिव्याप्तिस्तन्निरासाय बोधकति, तावत्युक्ते घटमानयेत्यादिवाक्येऽतिव्याप्तिस्तन्निरासाय 'लिङ्गेति'। लिङ्गबोधकवाक्यं न्याय इत्युक्ते

''तप्तायोगोलको वह्निमान् धूमादि'' त्यादि लिङ्गबोधकवाक्येऽतिव्याप्तिरतः पक्षधर्मत्वोपेतेति पदमुपादीयते तदातिव्याप्तिर्ध्वंसिता, यतः तप्तायोगोलके पक्षधर्मत्वं धूमवत्त्वं नास्ति, तावत्युक्ते ''पर्वतोऽयं धूमवान् वह्ने' र्यथा सपक्षो महानसं विपक्षस्तप्तायोगोलक इत्यादावतिव्याप्तिः, कथं ? तत्र वह्निर्हेतुर्वर्तते (इति) व्यावृत्ति मृग्यतेऽतो विपक्षाद् व्यावृत्तिरितिपदं, तावत्युक्ते तप्तायोगोलको धूमवान् वह्नेर्यथा महानसमित्यादावतिव्याप्तिस्तन्निरासायाबाधितविषयत्वमिति तप्तायोगोलके धूमवत्त्वं विषयत्वं साध्यं प्रत्यक्षेण बाधितम्।

न्यायनी विचारणा

આવો બાલક ઈચ્છે છે. અહીં वाञ्छति માં वाञ्छ् ધાતુ સકર્મક હોવાથી शुं ઈચ્છે છે ? એવી શંકા સ્વાભાવિક થાય, એનું સમાધાન એ છે કે - તે પ્રવેશ ઈચ્છે છે... शेમાં ? तो કહેઃ ન્યાયનયમાં, પક્ષધર્મતા વિગેરે સર્વ રૂપથી યુક્ત એવા લિંગનું બોધ કરાવનાર વાક્યને **ન્યાય** કહેવાય.

વાક્ય તે ન્યાય, એટલું કહીએ તો મૂકવાક્યમાં અતિવ્યાપ્તિ થાય, તેનાં નિરાસ માટે બોધક પદ મૂક્યું. મૂકવાક્ય કોઈને બોધ કરાવવાં સમર્થ નથી માટે તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. ''ઘડો લાવ'' વિગેરે વાક્યો બોધ તો કરાવતાં હોવાથી અતિવ્યાપ્તિ આવે, તેનાં નિરાસ માટે 'લિઙ્ગ' પદ મૂક્યું છે. આટલું લક્ષણ કરતાં ''આગથી ધમધમતો લોઢાનો ગોળો અગ્નિવાળો છે, ધૂમાડો દેખાતો હોવાથી.'' આ વાક્ય ધૂમરૂપીલિંગનો બોધ તો કરાવે છે, પણ હકીકતમાં આ ન્યાયરૂપ ન હોવાથી આમાં અતિવ્યાપ્તિ આવે, તેના નિરાસ માટે 'પક્ષધર્મતોપેત' પદ ગ્રહણ કરવામાં આવ્યું છે.

અયોગોલકરૂપી પક્ષમાં ધૂમલિંગની હયાતી ન હોવાથી લિંગ પક્ષધર્મતાયુક્ત ન બન્યું. આટલું લક્ષણ કરવા છતાં ''પર્વત વહ્નિવાળો છે, ધૂમ હોવાથી''

અહીં કોઈક અયોગોલકને દૃષ્ટાન્ત બનાવી દે, તો અતિવ્યાપ્તિ થાય. કારણ કે તેનાથી તો અન્વયવ્યાપ્તિનો ખ્યાલ આવી શકતો નથી. ઉલ્ટો વ્યભિચાર દેખાય છે. એટલે 'પક્ષધર્મતાવાળા લિંગનું જ્ઞાન કરાવનાર વાક્ય' પણ ન્યાયરૂપે ઘોષિત ન કરી શકાય માટે સપક્ષસત્ત્વ પદ ઉમેર્યું એટલે જે વાક્ય લિંગ સપક્ષમાં રહેલ છે, એવું પણ જણાવે, તે વાક્ય ન્યાય કહેવાય.

હવે અયોગોલક દાખલા તરીકે નહીં લઈ શકાય પણ રસોડું વિ. જ લેવાશે. આટલો વધારો કરવા છતાં "આ પર્વત ધૂમવાળો છે, અગ્નિ હોવાથી; જેમ સપક્ષ એવું રસોડું" ત્યારે અયોગોલકમાં અતિવ્યાપ્તિ થશે.

तावत्युक्ते अनित्यः शब्दो नित्यधर्मरहितत्वादित्यादावतिव्याप्तिः, कथं ? यथा नित्यधर्मरहितत्वादिति हेतुना अनित्यत्वं साधितं तथा अनित्यधर्मरहितत्वादिति हेतुना नित्यत्वमपि साध्यते अतोऽसत्प्रतिपक्षत्वम् ।

तथा च पक्षधर्मत्वं सपक्षे सत्त्वं विपक्षाद् व्यावृत्त्यऽबाधितविषयत्वासत्प्रतिपक्षत्वलक्षणपञ्चरूपोपेतलिङ्गबोधकवाक्यं न्यायस्तत्प्रधानो न्यायनयः । यद्वा नीयते प्राप्यते विवक्षितोऽर्थोऽनेनेति न्यायो युक्तिस्वरूपस्तत्प्रधानो नयः शास्त्रं न्यायनयस्तस्मिन्नित्यर्थः । नन्वन्येऽपि **चिन्तामण्यादयो** ग्रन्थास्सन्ति । तत्र किं प्रवेशं न वाञ्छतीत्याशङ्क्याह - अल्पेन श्रुतेन - अध्यनेनेत्यर्थः, अल्पाध्ययनं कुतो ? यतोऽलसः आलस्यवानित्यर्थः ।

કારણ કે અગ્નિરૂપ હેતુ ત્યાં છે પણ ધૂમ તો દેખાતો નથી. તેના ટાળવા જે હતું વિપક્ષમાં રહેનારો ન હોય એટલું ઉમેરવું. વહ્નિ હેતુ તો ધૂમાભાવવાળા (વિપક્ષ) અયોગોલકમાં રહે છે, માટે આવા લિંગનું જ્ઞાન કરાવનાર વાક્ય ન્યાયરૂપે ન કહેવાય. "અયોગોલક ધુમાડાવાળો છે આગ હોવાથી" અહીં અગ્નિહેતુ પક્ષ અને સપક્ષમાં છે તથા અયોગોલક સિવાયનાં એવાં કોઈ સ્થળ નથી કે જ્યાં ધુમાડો રહેતો ન હોય અને માત્ર અગ્નિ જ રહેતો હોય. એટલે અહીં અગ્નિ હેતુ વિપક્ષથી વ્યાવૃત્ત પણ થાય છે, છતાં આ અનુમાન તો ખોટું છે એટલે ન્યાયરૂપ નથી, માટે અતિવ્યાપ્તિ આવે, તેને દૂર કરવા અબાધિત વિષયત્વં - પ્રત્યક્ષાદિ પ્રમાણથી જેનો બાધ થતો ન હોય એવું જે સાધ્યનું ગમક

તે લિંગ, તેનું બોધક વાક્ય ન્યાય, અહીં તો આંખથી (સાધ્ય) ધુમાડો દેખાતો જ નથી, માટે અતિવ્યાપ્તિ નથી આવતી.

ધૂમવત્ત્વં વિષયત્વં કહ્યું છે, છતાં "પ્રકૃતિજન્યબોધે પ્રકારીભૂતો ભાવ પ્રત્યયાર્થઃ" ધૂમવત્ પ્રકૃતિથી ભાવમાં ત્વ પ્રત્યય લગાડતાં પ્રકૃતિનું જે વિશેષણ હોય તેનો બોધ થાય છે. (ધૂમવત્ માં ધૂમ વિશેષણ છે) આ ન્યાયથી અહીં ધુમાડો દેખાતો નથી, એમ કહ્યુ છે, આટલું કહેવા છતાં "શબ્દ અનિત્ય છે. નિત્ય ધર્મ વિનાનો હોવાથી" આ સત્પ્રતિપક્ષિત અનુમાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે "જેમ નિત્યધર્મ વગરનો હોવાથી" આ હેતુ દ્વારા અનિત્ય સિદ્ધ કરો છો. તેમ 'અનિત્ય ધર્મ વગરનો હોવાથી" આ હેતુ દ્વારા શબ્દને નિત્ય પણ સિદ્ધ કરી શકાય છે. તેને દૂર કરવા અસત્પ્રતિપક્ષત્વં કહ્યું, એટલે કે સાધ્યથી વિપરીત સિદ્ધ કરે તેવો અન્ય હેતુ પ્રતિપક્ષ કહેવાય, એવો પ્રતિપક્ષ જે હેતુમાં અસત્ન હોય તે અસત્પ્રતિપક્ષ. જ્યારે અહીં તો પ્રતિપક્ષ હેતુની હયાતી છે. માટે આ વાક્ય ન્યાયરૂપે ન ગણી શકાય. આનો નિચોડ એ આવ્યો કે (૧) પક્ષધર્મતા (૨) સપક્ષમાં હયાતી (૩) વિપક્ષથી વ્યાવૃત્તિ (૪) બાધનો અવિષય (૫) અસત્પ્રતિપક્ષતા આ પાંચ રૂપથી યુક્ત જે લિંગ હોય, તેનું બોધકવાક્ય ન્યાય કહેવાય. ન્યાય જેમાં - નયમાં પ્રધાન-મુખ્યરૂપે હોય તે ન્યાયનય અથવા વિવક્ષિત અર્થ જેના દ્વારા પ્રાપ્ત કરાય-જણાય તે ન્યાય. યુક્તિસ્વરૂપ ન્યાય છે, તત્પ્રધાનનય-શાસ્ત્ર તે ન્યાયનય. તેમાં પ્રવેશ કરવા ઈચ્છે છે.

શંકાકાર :- અરે ભાઈ ! **તત્ત્વચિન્તામણિ** વિ. ઘણાએ ન્યાયપ્રધાન ગ્રંથો છે, તેમાં બાળક પ્રવેશ કરવા કેમ ઈચ્છતો નથી ?

સમાધાન :- તે બાળક આળસુ હોવાથી, થોડું સાંભળીને અને થોડું ભણી ન્યાયનું જ્ઞાન મેળવવા ઈચ્છે છે માટે.

નન્વસ્યચિરન્તના-તિવિતત-ગહન-ગમ્ભીરપ્રકરણાનર્હસ્યાત્રાપિ વિસ્તરત્વાત્ કથં પ્રવેશો ભાવીત્યત આહ- 'સંક્ષિપ્ત-યુક્તિ ઇતિ' હે અન્વિત-સુબુદ્ધે ! સંક્ષિપ્તયુક્તિ યથા સ્યાત્ તથેતિ । તથા ચાસ્ય ક્રિયાવિશેષણત્વેન ક્રિયાન્વયિ પ્રધાનમિતિ ન્યાયાત્પ્રાધાન્યમેવ । નનુ સંક્ષિપ્તયુક્ત્યન્વિતા ચાસૌ તર્કભાષા ચેતિ વિગ્રહે કો દોષ ? ઇતિ ચેત્, ઉચ્યતે । યુક્તીનાં તર્કભાષાવિશેષણત્વેન

साक्षात्क्रियान्वयित्वाभावादप्राधान्यं स्यान्न्यायशास्त्रे च युक्तीनां प्राधान्यमेव मृग्यते। तथा चाविमृष्टविधेयांशदोषः; संक्षिप्ता चासौ युक्त्यन्वितत्तर्कभाषा चेति विग्रहे तु पूर्वापरविरोधोऽपि स्यात्। कथं ? चत्वार्येव प्रमाणानि युक्तिलेशोक्तिपूर्वकं **केशवो** बालबोधाय यथाशास्त्रमवर्णयत् ॥१॥ इत्यत्र सङ्क्षेपो युक्तीनां प्रोचे। अत्र च तर्कभाषाया इति पूर्वापर विरोधः।

शंकाકાર :- આ બાળજીવ પ્રાચીનકાલનાં, અતિવિસ્તૃત, ગહન અને ગંભીર પ્રકરણને યોગ્ય નથી. તો અહીં પણ વિસ્તાર તો ઘણો છે, તો તેમાં આવા બાળજીવનો પ્રવેશ કેવી રીતે થશે ?

સમાધાન : ડરીશ મા ! આ ન્યાંયશાસ્ત્ર સંક્ષિપ્ત યુક્તિવાળું છે. સંક્ષિપ્તયુક્તિથી સમજી શકાય તે રીતે આમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. એટલે સંક્ષિપ્તયુક્તિ(થી) એ ક્રિયા વિશેષણ છે અને ''જેનો ક્રિયા સાથે અન્વય હોય તે પ્રધાન કહેવાય.'' આ ન્યાય હોવાથી સંક્ષિપ્ત યુક્તિ જે રીતે પ્રધાનરૂપે બને તે રીતે, હે અન્વિત! સુબુદ્ધિ - હે વિદ્વાન્ ! મારાવડે તર્કભાષા પ્રકાશિત કરાઈ રહી છે. એમ શ્લોકનો અર્થ કરવો.

શંકાકાર :- સંક્ષિપ્ત યુક્તિથી અન્વિતં એવી આ તર્કભાષા - આવો કર્મધારય સમાસ કરીએ તો શું વાંધો ?

સમાધાન :- યુક્તિઓ તર્કભાષાના વિશેષણ તરીકે હોવાથી તેઓનો સાક્ષાત્ ક્રિયા સાથે અન્વય સંભવતો નથી, તેથી તે અપ્રધાન બની જાય, જ્યારે ન્યાયશાસ્ત્રમાં યુક્તિઓની પ્રધાનતા દર્શાવવાની હોય છે. કારણ કે યુક્તિ ઉપર જ ન્યાયશાસ્ત્ર નભે છે. વળી ''અવિમૃષ્ટ વિધેયાંશ દોષ' લાગે. વિમૃષ્ટ = વિચારાયેલ છે-વિધેય અંશ (પ્રતિપાદ્ય-અંશ) જેનો એવા તર્ક-ન્યાયગ્રન્થો હોવા ઈષ્ટ છે. યુક્તિનું પ્રતિપાદન ન્યાયશાસ્ત્રમાં હોય છે પણ તેવા ગ્રંથમાં ''યુક્તિની પ્રધાનતા જળવાઈ રહેવી જોઈએ.'' આ એક વિદ્વાન પુરૂષોથી વિચારેલી વાત છે, પણ યુક્તિનો ક્રિયામાં અન્વય ન થતાં અપ્રધાન બની જાય, તેથી (પછી) તર્કભાષાપ્રકાશન ક્રિયામાં યુક્તિની પ્રધાનતા ન રહેવાથી ગ્રન્થનો વિધેય અંશ-યુક્તિનું પ્રદિપાદન અવિમૃષ્ટ બની જાય. આ જ અહીં અવિમૃષ્ટ વિધેયાંશ દોષ

હોવો જણાય છે.

સંક્ષિપ્ત એવી યક્તિયુક્ત તર્કભાષા આવો વિગ્રહ કરીએ, તો પૂર્વાપર વિરોધ આવે. તે આ રીતે-**केशवमिश्रे** બાળજીવને બોધ પમાડવા માટે યુક્તિલેશના કથનપૂર્વક શાસ્ત્રમુજબ પ્રમાણ ચાર જ છે, એમ વર્ણન કર્યું છે. એમાં યુક્તિઓનો સંક્ષેપ બતાવ્યો છે.જ્યારે ઉપરોક્ત વિગ્રહમાં તર્કભાષાનો સંક્ષેપ કહ્યો માટે તેમના વચનમાં પૂર્વાપર વિરોધ આવે છે.

तथा च सङ्क्षिप्ता युक्तयो यस्यां सा सङ्क्षिप्तयुक्तिः । अन्विताकाङ्क्षादिदोषरहिता एवंविधा चासौ तर्कभाषा चेति विग्रहेऽन्यपदप्राधान्यात्पूर्वदोषस्तदवस्थ एव तस्मात् पूर्वव्याख्यानमेव श्रेयः । कस्यचिन्मते सङ्क्षिप्य युक्त्यन्वितेतर्कभाषेत्यपि पाठकर्तव्यस्तथा च न कोपि दोषावकाशो, यतः सङ्क्षिप्येति अव्ययेन युक्त्यन्वितेन तर्कभाषाविशेषणेन च शब्दसङ्क्षेपस्य युक्तिबाहुल्यस्य च दर्शनादत्र प्रकर्षोपि दर्शित इत्यवधेयं ।

''इति प्रथमवृत्तव्याख्यानम् ।''

સંક્ષિપ્ત યુક્તિઓ જેમાં છે તે સંક્ષિપ્તયુક્તિ. અન્વિતા એટલે આકાંક્ષાદિ દોષ વગરની એવી આ તર્કભાષા- એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરતાં અન્યપદનું પ્રાધાન્ય હોવાથી પૂર્વ દોષ ઉભો જ રહે છે, માટે પહેલાંનું વ્યાખ્યાન જ બરાબર છે.

સંક્ષિપ્ય (સંક્ષેપ કરીને) યુક્તિથી અન્વિત તર્કભાષા એવો પાઠ કરવો જોઈએ, તેથી કોઈ પણ દોષ નહિ આવે એમ કેટલાક માને છે. કારણ કે સંક્ષિપ્ય એ અવ્યવ હોવાથી અને યુક્તિથી અન્વિત એ તર્કભાષાનું વિશેષણ હોવાથી તેમજ શબ્દનો સંક્ષેપ અને યુક્તિની બહુલતા દેખાતી હોવાથી અહીં પ્રકર્ષ પણ જણાઈ આવે છે. એમ મનથી ધારવું-સમજવું જોઈએ. એટલે તર્કભાષામાં અનેક યુક્તિઓ તો બતાવી છે. પણ યુક્તિઓને લાંબીલચ નથી કરી, આમ યુક્તિઓનું પ્રાધાન્ય પણ ટકી રહે છે.

આ પ્રમાણે પહેલા શ્લોકનું વિવેચન કર્યું.

''प्रमाण-प्रमेय-संशय-प्रयोजन-दृष्टान्त-सिद्धान्त-अवयव-तर्क-

निर्णय-वाद-जल्प-वितण्डा-हेत्वाभास-च्छल-जाति निग्रहस्थानानां तत्त्व-ज्ञानान्निःश्रेयसाधिगम'' इति न्यायस्यादिमं सूत्रम् (न्या. सू. १, १.१। अस्यार्थः । प्रमाणादिषोडशपदार्थानां तत्त्वज्ञानान्मोक्षप्राप्तिर्भवतीति ॥

प्रमाणप्रमेय.. ... तत्त्वज्ञानान्निःश्रेयसाधिगम इति न्यायस्यादिमं सूत्रम्।

આ પ્રમાણે ગ્રંથકારે **गौतममुनिना** ન્યાયસૂત્રના પ્રથમસૂત્રથી ગ્રંથનો આરંભ કર્યો છે.

''अथषोडशपदार्थोद्देशमाह'' - **प्रमाणेति** । प्रमाणानि च प्रमेयं च संशयाश्च प्रयोजने च दृष्टान्तौ च सिद्धान्ताश्चावयवाश्च । तर्कश्च निर्णयश्च वादश्च जल्पश्च वितण्डा च हेत्वाभासाश्च छलानि च जातयश्च निग्रहस्थानानि च तेषाम्। अत्र सूत्रे सर्वेषां पदार्थानां प्राधान्यस्य विवक्षितत्वात् द्वन्द्वसमासः, तत्पुरुष-परिग्रहे प्राधान्यानुपपत्तेः, द्विगवव्ययीभावयोरेतादृशपाठाभावात् बहुव्रीहिकर्म्म-धारययोर्विरोधाच्च । प्रमाणेषु बहुवचनमन्योन्यनिरपेक्षत्वेन प्रमाहेतुत्वस्य विवक्षि-तत्वात्; प्रमेयेषु प्रत्येकं प्रमेयत्वेऽपि समुदायपर्यवसायिन्येव प्रमेयत्वं विवक्षितमि-त्येकवचनं, आत्मनः प्राधान्यख्यापनार्थं च । अर्थनिर्देशमादाय संशयेऽपि बहुवचनं, तेषां निरपेक्षतया न्यायप्रवृत्त्युपयोगित्वात् ।

હવે સોળ પદાર્થના ઉદ્દેશને કહે છે.

૧૬ પદાર્થો

આ સોળે પદાર્થનું પ્રાધાન્ય વિવક્ષિત છે, માટે દ્વન્દ સમાસ કર્યો છે. જો તત્પુરૂષ સમાસ કરીએ તો દરેકમાં પ્રધાનતા ન આવી શકે.

દ્વિગુ અને અવ્યીભાવ સમાસમાં તો આવો પાઠ જ સંભવી શકતો નથી. અને બહુવ્રીહિમાં અન્યપદની પ્રધાનતા હોય છે. કર્મધારય સમાસમાં એક વિશેષણ બને બીજું પદ વિશેષ્ય બનતું હોવાથી બધાં પદોની પ્રધાનતા ટકી શકતી નથી. જ્યારે ગ્રંથકારને દેખાતી પ્રધાનતા ઈષ્ટ છે એટલે તેની સાથે વિરોધ આવે.

પ્રમાણાનિ એમ બહુવચન દરેક પ્રમાણ એકબીજાની અપેક્ષા રાખ્યા વિના પ્રમાના હેતુ છે એની વિવક્ષા માટે [illegible]

હોવા છતાં સમુદાયના અંત સુધી રહેવાવાળું = આખા સમુદાયમાં રહેલું પ્રમેયત્વ અહીં વિવક્ષિત છે એટલે કે સર્વપ્રમેયનું જ્ઞાન ભેગું થાય ત્યારે તે (જ્ઞાન) મોક્ષનો હેતુ બને અને સોળ પદાર્થમાં પ્રમેયનું પ્રાધાન્ય જણાવવા માટે એકવચનમાં ઉલ્લેખ કરેલ છે એટલે જેમ દરેકનું પ્રાધાન્ય બતાવવા બહુવચન મુકાય છે; તેમ પ્રેમય પદાર્થમાં માત્ર એક આત્મા જ મોખરે છે; એમ જણાવવા એકવચન મૂકેલ છે. ભિન્ન ભિન્ન પદાર્થને આશ્રયી સંશયના ઘણા ભેદ પડી શકે છે, એટલે અર્થ નિર્દેશનો આશ્રય લઈને બહુવચન મૂકેલ છે, કારણ કે સંશય પોતે નિરપેક્ષ રૂપે/સ્વતંત્ર રીતે ન્યાયપ્રવૃત્તિમાં ખાસ ઉપયોગી છે. એટલે જ્યાં સંશય પેદા થાય છે. તેનાં -સંશયના લીધે તે પદાર્થનો નિશ્ચય કરવા વ્યાપ્તિ વગેરેનું જ્ઞાન કરવાની તમન્ના ઊભી થાય છે.

प्रयोजने विशेषलक्षणानुसारेण द्विवचनं, दृष्टान्तेऽपि विशेषलक्षणानुसन्धाने च द्विवचनं तयोरुदाहरणे परस्परनैरपेक्ष्यात्। अन्वयव्यतिरेकिणस्तस्यैतयोरेकत्र प्रयोग अनुचितत्वात् तस्यैकत्र प्रयोजनाभावादन्यथाधिकानिग्रहापत्तेः, सिद्धान्तेऽपि स्वप्रयोजने नैरपेक्ष्यमेवेति बहुवचनं, अवयवानां सम्भूयैकार्थप्रतिपादकत्वेऽवान्तरार्थभेदसूचनाय बहुवचनं, तर्कनिर्णययोरैकैकप्रयोजनत्वात् एकवचनम्। वादजल्पवितण्डानां तथैव, हेत्वाभासादिषु स्वव्यापारे परस्परनैरपेक्ष्याद् बहुवचनम्। अत एव 'निर्देशे यथावचनं विग्रहः' इति भाष्यं तस्यार्थो यदेव निर्देशे वचनभेदोपादानप्रयोजनं तदेवात्रापीति दृष्टव्यमित्यादि त्रिसूत्रीतत्त्वबोधादौ सुप्रसिद्धम्।

પ્રત્યેક પ્રવૃત્તિમાં મુખ્ય પ્રયોજન સુખ પ્રાપ્તિ તથા દુઃખાભાવ છે. એમ ભેદ પાડીએ તો મુખ્ય રીતે બે પ્રકારનું પ્રયોજન છે. તેના અનુસારે પ્રયોજનને દ્વિવચનમાં મૂક્યું છે. એમ દૃષ્ટાન્ત પણ અન્વયવ્યાપ્તિનું પોષક સાધર્મ્ય દૃષ્ટાન્ત અને વ્યતિરેક વ્યાપ્તિનું પોષક તે વૈધર્મ્ય દૃષ્ટાન્ત એમ દૃષ્ટાન્ત બે પ્રકારનાં છે. તે બન્ને પરસ્પર એક બીજાની અપેક્ષા નથી રાખતા અન્વયવ્યતિરેકીમાંથી એક ઠેકાણે બન્ને પ્રકારનાં દૃષ્ટાન્તનો પ્રયોગ કરવો ઉચિત નથી, તેમજ એક ઠેકાણે તેનું -અન્વયવ્યતિરેકનું પ્રયોજન નથી છતાં જો બે પ્રકારના દાખલા ત્યાં મૂકીએ તો અધિકનિગ્રહરૂપ દોષ આપત્તિ આવે.

દાર્શનિક કે બીજી બધી ચર્ચાઓનો આધાર સિદ્ધાન્ત છે, જ્ઞાનરૂપે હોવા છતાં તર્ક-વિચારણામાં સિદ્ધાંત સ્વતંત્ર રીતે ઉપયોગી હોવાથી બહુવચન મૂક્યું છે. ઘણા અવયવો ભેગા થઈ એક અર્થનું પ્રતિપાદન કરે. પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ ઉપનય નિગમ આ પાંચે અવયવ ભેગા થવાથી અર્થનો નિર્ણય થાય છે, પણ દરેકે દરેક ભિન્ન પણ છે એટલે તેમાં અવાન્તર અર્થનો ભેદ સૂચવવા બહુવચન મૂક્યું છે.

તર્ક માત્ર એક સત્ય શોધમાં ઉપયોગી હોવાથી એકવચન મૂક્યું છે; તેમ નિર્ણય પણ નિચોડરૂપે અવિચલિત સત્યજ્ઞાન કરાવવું એ જ માત્ર પ્રયોજન હોવાથી એકવચન મૂકેલ છે.

વાદ જલ્પ અને વિતંડા -એ ત્રણ ચર્ચાના સ્વતંત્ર પ્રકાર છે. તથા હેત્વભાસ વિ. પણ એક બીજાની અપેક્ષા રાખ્યા વિના પોતાનું કાર્ય સિદ્ધ કરતા હોવાથી બહુવચન મૂક્યું છે. માટે નિર્દેશમાં યથાવચન વિગ્રહ કરવો જોઈએ એ ભાષ્ય છે. તેથી નિર્દેશમાં જે વચન ભેદ કરવાનું પ્રયોજન છે, તે અહીં પણ સમજી લેવું, એટલે જ નિર્દેશ આવા ભિન્ન ભિન્ન વચનમાં વિગ્રહ કરીને કરવામાં આવે છે. **ત્રિસૂત્રીતત્ત્વ** બોધ વગેરે ગ્રંથોમાં આવો પ્રયોજનની વાતો પ્રસિદ્ધ છે, એટલે આ મનકલ્પિત શિલ્પ ખડું કરવામાં નથી આવ્યું.

तत्त्वज्ञानादिति तत्त्वं ज्ञायतेऽनेनेति तत्त्वज्ञानं शास्त्रं तस्मादित्यर्थः,

तथा च शास्त्रतत्त्वज्ञानाभ्यां व्यापारिव्यापारभावापन्नाभ्यां समानाधिकरणदुःखसमानकालीनभिन्नदुःखध्वंसलक्षणो मोक्षः । ध्वंसो मोक्ष इत्युक्ते धटध्वंसेऽतिव्याप्तिः, तन्निरासाय दुःखेति । तथाप्यस्मदाद्यधिकरणदुःखध्वंसेऽतिव्याप्तिः । कथं ? अस्मदादीनामप्यतीतकालीनदुःखध्वंसस्य विद्यमानत्वात् तन्निरासाय दुःखसमानकालीनभिन्नेति, अत्र भिन्नेति पदं दुःखध्वंसविशेषणतयोपात्तं, कथं ? दुःखेन सह समानकालीनो यो दुःखध्वंसः तस्माद्भिन्नो व्यतिरिक्तो यो दुःखध्वंस इत्यर्थः; अस्मदादिषु प्रत्युत्पन्नदुःखसमानकालीनातीतदुःखध्वंसस्यैव विद्यमानत्वात्ततो न भिन्नत्वं दुःखस्येति नातिव्याप्तिः तावत्युक्ते व्यधिकरणदुःखमादायासम्भवः, कथं ? अस्मदादिदुःखसमानका-

लीनस्यैव मुक्तानां दुःखध्वंसस्य विद्यमानत्वमित्यसम्भवस्तन्निरासाय दुःखविशेषणत्वेन समानाधिकरणेति पदं ।

તત્ત્વ જેનાથી જાણાય તે તત્ત્વજ્ઞાન એટલે કે શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનથી મોક્ષ થાય છે. અહીં આ બન્ને વચ્ચે 'व्यापारिव्यापार' ભાવ છે. तत्- શાસ્ત્ર તેનાથી જન્ય તત્ત્વજ્ઞાન છે. તેમજ શાસ્ત્રજન્ય જે મોક્ષ તેનું જનક પણ છે માટે તત્ત્વજ્ઞાન વ્યાપારરૂપે બન્યું અને શાસ્ત્ર વ્યાપારવાળું થયું.

મોક્ષનું સ્વરૂપ

ત્યાં મોક્ષ એટલે -

સમાનાધિકરણ - એક જ આત્મામાં રહેલ જે દુઃખ તેનું સમકાલીન જે દુઃખધ્વંસ છે. તેનાથી જુદી કોટીનો દુઃખનો નાશ તે મોક્ષ. પદકૃત્ય કરે છે - ધ્વંસ તે મોક્ષ આટલું જ કહીએ તો ઘટધ્વંસમાં અતિવ્યાપ્તિ આવે, તેના નિરાસ માટે દુઃખધ્વંસ એમ કહ્યું; છતાં આપણાંમાં રહેલ દુઃખધ્વંસમાં અતિવ્યાપ્તિ આવે, કારણ કે - આપણામાં ભૂતકાલનો દુઃખધ્વંસ રહેલો છે, પણ હજી સંસારસાગરના આવર્તમાં જ અટવાઈને રહેલા છીએ; તેના નિરાસ માટે જે દુઃખધ્વંસ દુઃખસમાનકાલીન ન હોય તેવો દુઃખધ્વંસ અહીં લેવાનો છે. જ્યારે આપણામાં ભૂતકાલનો દુઃખધ્વંસ છે ખરો પણ તે વખતે દુઃખ પણ રહેલું છે. જ્યારે મોક્ષમાં તો કોઈ પણ જાતનું દુઃખ હોતુ જ નથી. છતાં વ્યધિકરણ દુઃખને આશ્રયી અસંભવ દોષનો ધબ્બો લક્ષણ ઉપર લાગી જાય એમ છે. કારણ કે અત્યારે મુકતાત્માઓમાં દુઃખધ્વંસ રહેલો છે. તે વખતે જ આપણને દુઃખ રહેલું છે, એથી કરીને દરેક જાતનાં દુઃખધ્વંસ દુઃખના સમાનકાલીન થતાં તેનાથી ભિન્ન દુઃખધ્વંસ ન મળવાથી આ લક્ષણ કયાંય ઘટી ન શકે, એથી અસંભવ દોષ આવે તેના નિરાસ માટે દુઃખના વિશેષણ તરીકે સમાનાધિકરણ પદ મૂક્યું;

अस्यार्थः- लक्ष्यो लक्षणयोग्यो मुक्तात्मगतो दुःखध्वंसस्तेन समानाधिकरणं यत् दुःखं तेन समानकालीनो यो दुःखध्वंसः संसार्यवस्थायां; स मुक्तात्मगत एव, तस्माद् भिन्नो यो दुःखध्वंसः स तु मुक्तानामेवेति । तथा चैतत् सम्पन्नं ''लक्ष्यदुःखध्वंसाधिकरणदुःखसमानाधिकरणकदुःखसमान-

कालीनदुःखध्वंसभिन्नदुःखध्वंसलक्षणो मोक्षः'' साध्यत इत्यत्र तात्पर्यम् ।

तत्र तत्त्वलक्षणमाह - स्वाश्रयप्रतियोगिकान्योन्याभावासमानाधिकरण-धर्मवत्त्वं तत्त्वम् । अस्य पदकृत्यानि - धर्मः तत्त्वमित्युच्यमाने संयुक्तसमवायेन जले विद्यमानो गन्धः समवायेन तत्त्वं स्यात्, पूर्वकालावच्छेदेन घटे विद्यमानं श्यामरूपं रक्तकालावच्छेदेन तत्त्वं स्यात्, तदुभयवारणार्थं यत्सम्बन्धपुरस्कारेण यदवच्छेदेन यो यस्य धर्मस्तत्सम्बन्धपुरस्कारेण तदवच्छेदेन स तस्य तत्त्वमिति बोधनार्थं धर्मवत्त्वं तत्त्वं तावत्युक्ते घटवर्तिप्रमेयत्ववत्त्वस्यापि घटतत्त्वताप्रसंगः। अत उक्तमसमानाधिकरणेति ।

એટલે લક્ષ્ય મુક્તાત્મામાં રહેલ દુઃખધ્વંસ, તેનું સમાનાધિકરણ જે દુઃખ તેનો સમાનકાલીન જે દુઃખધ્વંસ છે; તે સંસારી અવસ્થામાં હોય છે અને મુક્તાત્મામાં રહેલો દુઃખધ્વંસ જ તેનાથી ભિન્ન હોય છે. તે તો મુક્તાત્માઓને જ હોય એટલે સંપૂર્ણ શુદ્ધ લક્ષણ આ પ્રમાણે થયું.

[1]લક્ષ્ય દુઃખધ્વંસનું અધિકરણ જ જેનું અધિકરણ છે, એવું તે દુઃખ તેને સમાનકાલીન એવા દુઃખધ્વંસથી ભિન્ન દુઃખધ્વંસ તે જ મોક્ષ. આવા લક્ષણવાળો મોક્ષ (તત્ત્વજ્ઞાનથી) સધાય છે. સાધવાનો છે. એ અહીં તાત્પર્ય છે.

હવે તત્ત્વનું લક્ષણ કહે છે - પોતાનો આશ્રય જેનો પ્રતિયોગી હોય એવો જે ભેદ તેના અધિકરણમાં ન રહેનારો જે ધર્મ, તે ધર્મવાળુ જે હોય તે તત્ત્વ.

દા.ત. સ્વ = ઘટત્વ ધર્મ તેનો આશ્રય ઘટ અને ઘટ પ્રતિયોગિક ભેદ 'ઘટો ન' તેનું અધિકરણ તો પટાદિ બને, તેમાં ઘટત્વ રહેતુ નથી, માટે તાદશ ભેદનું ઘટત્વ અસમાનાધિકરણ થયું, એવો ઘટત્વ ધર્મ તદ્વાન્ ઘટ, તેને ભાવમાં ત્વ પ્રત્યય લગાડવાથી ઘટત્વ એ તત્ત્વ થયું.

આનું પદકૃત્ય - ધર્મ તે તત્ત્વ આટલું જ કહીએ તો સંયુક્તસમવાયથી પાણીમાં ગંધ રહેલી છે. તે સમવાયસંબંધથી તત્ત્વ બની જશે, કારણ કે પાણીથી

---

૧. અહીં લક્ષ્ય પદ વધારાનું લાગે છે કારણ કે મુક્ત આત્મામાં રહેલ દુઃખ ધ્વંસનું અધિકરણ મુક્તાત્મા જ બને, તે મુક્તાત્મા તો દુઃખનું અધિકરણ જ બની શકતો નથી એટલે લક્ષણ અહીં જ ભંગ/દૂષિત થઈ જાય છે. માત્ર સામાન્ય દુઃખધ્વંસનું સમાનાધિકરણ દુઃખ તેના સમાનકાલીન દુઃખધ્વંસ સંસારીઓમાં છે.

संयुक्त पृथ्वी छे, तेमां समवायसंबंधथी गंध रहेल छे. गंध पण एक जातनो धर्म छे. एम पूर्वकालावच्छेदेन - (पूर्वकालने आश्रयी) घटमां काळो वर्ण रहेल छे. ते रक्तकालावच्छेदेन (जे काळे लाल घडो बनी गयो छे ते कालने आश्रयी) काळुं रूप तत्त्व बनी जशे. आ बन्ने आपत्तिना निरास माटे जे संबंधने आगळ करी, जे अवच्छेदथी - जे काळने आश्रयी जे जेनो धर्म होय, ते संबंधने आगळ करी, ते अवच्छेदथी- ते काळने आश्रयी ते तेनुं तत्त्व कहेवाय. एवो बोध कराववा ''धर्मवत्त्वं तत्त्वं' एम कह्युं. आटलुं केहवा छतां घटमां रहेलुं प्रमेयत्ववत्त्व पण घटनुं तत्त्व बनी जशे. माटे असमानाधिकरण पद मूक्युं. प्रमेयत्ववत्त्व भूतलमां छे अने त्यां घट पण छे एटले प्रमेयत्ववत्त्व समानाधिकरण धर्म बनी गयो.

तावत्युक्ते जलेन सहासमानाधिकरणं यत्पृथिवीत्वं तत्त्वं तद्वत्त्वस्यापि घटतत्त्वता भवेदतोऽभावेति, घटप्रतियोगिकात्यन्ताभावमादायासम्भवः स्वस्मिन्स्वावृत्तेरिति न्यायात्, घटवर्तिघटप्रतियोगिकात्यन्ताभावेन सह घटत्वस्यासामानधिकरण्याभावात् । अतोऽन्योन्येति तथापि घटवर्तिघटप्रतियोगिकान्योन्याभावमादायासम्भवस्तेन स्वाश्रयेति । अस्यार्थः -- स्वं घटत्वं तस्याश्रयो घटस्तत्प्रतियोगिकोन्योन्यभावस्तेनासमानाधिकरणो धर्मो घटत्वं तद्वत्त्वं तत्त्वमित्यत्र पदकृत्यविस्तरो ग्रन्थान्तरादवसेयः ।

आटलुं कहेवा छतां पाणी तो घडा वगेरेमां रहे छे परंतु पृथ्वीमां रहेतु नथी, ज्यारे पृथ्वीत्व मात्र पृथ्वीमांज रहे छे, माटे पाणी साथे असमानाधिकरण जे पृथिवीत्वं तद्वत्त्व पण घटना तत्त्वरूपे बनी जशे, माटे अभाव पद मूक्युं. हवे पृथिवीत्व जलाभावनां अधिकरण-पृथ्वीमां रहेतु होवाथी अभाव समानाधिकरण बनी जाय छे, तेथी पृथ्वीत्व तत्त्व नहि बने. छतां पण घट प्रतियोगिक जे अत्यन्ताभाव तेने आश्रयी असंभव दोष आवशे. कारण के ''स्वमां स्वनी वृत्ति होती नथी'' आ न्यायथी घटमां रहेल जे घटप्रतियोगिक अत्यंताभाव तेनी साथे घटत्वनुं असमानाधिकरण नथी. केमके घटात्यन्ताभाव अने घटत्व बन्ने घटमां रहेल छे. एम स्वथी जे लेशो तेमां स्वनो अभाव मळशे. त्यां स्वत्व रहेलुं ज होय छे, माटे असंभव दोष आवे. एथी अन्योन्य पद मूक्युं. हवे घटमां 'घटो न'' भेद मळतो न होवाथी पूर्वोक्त वांधो नहि

આવે; છતાં ઘટમાં રહેલ પટ પ્રતિયોગિક ભેદ = ''પટો ન'' લઈને અસંભવ થશે. કારણ કે તેજ ઘટમાં ઘટત્વ રહેલું હોવાથી અસમાનાધિકરણ ન મળ્યું. તેના નિવારણ માટે સ્વાશ્રય પદ મૂક્યું. સ્વ = ઘટત્વનો આશ્રય તો ઘટ છે. સ્વાશ્રય (ઘટ) પ્રતિયોગિક ભેદ લેવાનો હોવાથી ઘટ પ્રતિયોગિકભેદ = ''ઘટો ન'' આભેદ પટ વિ.માં મળશે ત્યાં ઘટત્વ રહેતું ન હોવાથી ઘટત્વ તાદશ ભેદઅસમાનાધિકરણ બની જશે. હવે અસંભવની ગંધ પણ રહેતી નથી. પદકૃત્યનો વિસ્તાર બીજા ગ્રંથોથી જાણી લેવો.

अथ प्रवर्तकज्ञानलक्षणमाह कृतिसाध्यत्वगोचरबलवदनिष्टाननुबन्धीष्टसाधनतागोचरज्ञानं प्रवर्तकम्। अस्य पदकृत्यानि। ज्ञानं प्रवर्तकमित्युक्ते घटार्थिनिऽत्र प्रमेयत्वमिति ज्ञानेऽतिव्याप्तिः,, कथं ? तत्र प्रवर्तकत्वाभावात् तन्निरासाय साधनेतिपदं, तावत्युक्ते तृषितजलार्थिनः पदार्थत्वप्रकारकजलज्ञानेऽतिव्याप्तिस्तन्निरासाय भाववाचकताप्रत्ययोपादानं, तथा च जलत्वेन तृड्उपशामकत्वेन जलज्ञानं प्रवर्तकं, अतोऽतिव्याप्तिर्निरस्ता, तावत्युक्ते सुखार्थिनो दुःखसाधनाहिकण्टकज्ञानेऽतिव्याप्तिस्तन्निरासाय इष्टेति पदं ।

હવે. **પ્રવર્તક જ્ઞાનનું લક્ષણ કહે છે.:.**

આ પ્રયત્ન સાધ્ય છે, ભારે અનિષ્ટનં કારણ નથી તેમજ ઈષ્ટસાધનતાવિષયવાળું (ઈષ્ટ વસ્તુ મેળવવા માટેનું સાધન છે.) આવું જ્ઞાન પ્રવર્તક છે.

આનું પદકૃત્ય કરે છે..

જ્ઞાન પ્રવર્તક છે, એટલું જ કહીએ તો ઘટ મેળવવાની ઝંખનાવાળાને ''અહીં પ્રમેયત્વ છે,'' એવું જ્ઞાન થયું પણ તેનાથી પ્રવૃત્તિ થતી નથી, માટે એવા જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે, તેના નિરાસ માટે સાધનપદ છે; પ્રમેયત્વ એ ઘટ વિ.નું સાધન ન હોવાથી અતિવ્યાપ્તિ નથી. પદાર્થત્વ પ્રકારવાળું જલજ્ઞાન - 'આ પાણી એક પદાર્થ છે.'' આવું જ્ઞાન, પાણી એ તરસ વિ. છિપાવાનું સાધન છે માટે સાધનજ્ઞાન છે, પણ માત્ર તેના માટે (પાણીનું) પદાર્થ તરીકે જ જ્ઞાન થયેલ હોવાથી તરસ્યો માણસ જે જળનો અર્થી છે તેનું પ્રવર્તક ન હોવા છતાં તેમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાસ માટે ભાવવાચક તલ્/ત્વ પ્રત્ય મૂક્વામાં આવ્યો છે. એટલે કે ''જે પદાર્થસાધન હોય તેનો ભાવ

જ જેમાં પ્રકારરૂપે બનેલ હોય તેમજ તે જેનું સાધન હોય તેને આ (સાધન) સિદ્ધ કરનાર છે'' તે પ્રવર્તક બને. એટલે પાણીનું પાણી તરીકે તેમજ 'તરસને છિપાવનાર છે', એ રૂપે જ્ઞાન થાય ત્યારે જલાર્થીને તે તરફ પ્રવૃત્તિ સંભવે. જ્યારે અહીં પદાર્થ તરીકે જલજ્ઞાનમાં તો તેવા જ્ઞાનનો અભાવ હોવાથી પ્રવર્તક ન બને; તો પણ અતિવ્યાપ્તિ આવતી નથી. તેટલું કહેવા છતાં સુખાર્થીને દુઃખના સાધન સાપ કાંટા વિગેરેનું જ્ઞાન થયું. અહીં કાંટાનું કાંટા તરીકે તેમજ દુઃખના સાધન કરીકે જ્ઞાન થયેલ છે એટલે સાધનતા જ્ઞાન તો બન્યું, પણ સુખાર્થી તેમાં પ્રવૃત્તિ કરતો ન હોવાથી અતિવ્યાપ્તિ આવે; તેનાં નિરાસ માટે ઈષ્ટ પદ મૂક્યું.

અરે ! ભાઈ સુખાર્થી ને કાંટા ઈષ્ટ નથી. એટલે આ ઈષ્ટ સાધનતા જ્ઞાન નથી માટે પ્રવર્તક ન બનવા છતાં અતિવ્યાપ્તિ નથી.

तावत्युक्ते ''मधुलिप्तेयं खड्गधारेति'' ज्ञानेऽतिव्याप्तिः, कथं ? मध्वास्वादजन्यसुखार्थिनः प्रवर्तकं भवेन्न चैतदज्ञानं प्रवर्तकं, जिह्वाछेद-जन्यानिष्टदुःखसाधनताज्ञानविषयत्वात् । तन्निरासाय अनिष्टाननुबन्धीति पदमिष्टसाधनताविशेषणतयोपात्तं, तथा चानिष्टेन सहाननुबन्धि असम्बन्धि यदिष्टसाधनं तत्ताज्ञानमिदं ज्ञानं दण्डादिर्घटादेः साधनमित्युल्लेखेनेत्यर्थः, तावत्युक्तेऽस्मिन्गिरिशिखरे [1]सुखास्वादादिगुणोपेतपयःपूर्णसरोस्तीति ज्ञानेऽव्याप्तिः, कथं ? जलार्थिनस्तज्ज्ञानं प्रवर्तकं न भवेदनिष्टश्रमानुबन्धीष्टसाधनताज्ञानत्वात् । तन्निरासाय बलवदित्यनिष्टविशेषणतयोपात्तं, श्रमादि तु बलवदनिष्टं न भवतीति नाव्याप्तिः, तावत्युक्ते सुखसाधनं सागरमणिरिति ज्ञानेऽतिव्याप्तिः । कथं ? तत्र प्रवर्तकत्वाभावात्तन्निरासाय कृतिसाध्यत्वगोचरेति पदं ज्ञानविशेषणतयोपात्तम् ।

अस्यार्थः कृत्या प्रयत्नेन यत्साध्यत्वं तदेव गोचरो विषयो यस्य ज्ञानस्य तत्कृतिसाध्यत्वगोचरं, बलवच्च तदनिष्टाननुबन्धि च बलवदनिष्टाननुबन्धि, तच्च तदिष्टसाधनतागोचरज्ञानं च कृतिसाध्यत्वगोचरं च तद्बलवदनिष्टाननुबन्धीष्टसाधनतागोचरज्ञानं चेत्यर्थः ।

१. सुस्वादा० V. ।

છતાં "આ તલવારની ધાર મધથી લેપાયેલી છે." અહીં મધના સ્વાદથી સુખ મળે તે ઈષ્ટ છે પણ તેમાં સુખાર્થી પ્રવૃત્તિ કરતો દેખાતો નથી, કારણ એમાં જીભના છેદનથી ઉત્પન્ન થતું અનિષ્ટ દુઃખ એના ખ્યાલમાં છે. એટલે અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાસ માટે અનિષ્ટ અનનુબંધી -એટલે જે અનિષ્ટ સાથે જોડનાર ન હોય એવી ઈષ્ટ સાધનતાનું જ્ઞાન લેવું. ઉપરોક્ત જ્ઞાનમાં તો જીભ છેદાવાથી અનિષ્ટ - દુઃખ થવાનો ભય રહેલો છે. તત્તાજ્ઞાન એટલે "આ દંડાદિ ઘટાદિના સાધન છે," આવા ઉલ્લેખ પૂર્વકનું જ્ઞાન. આટલું કહેવા છતાં "આ પર્વતના શિખરે સારા સ્વાદવાળા પાણીથી છલોછલ ભરેલું તળાવ છે." આવું જ્ઞાન થતા પાણીનો અર્થી તેમાં પ્રવૃત્તિ તો કરે છે, જ્યારે પર્વત ચડતાં અનિષ્ટ એવો થાક લાગે છે. એટલે આ જ્ઞાન અનિષ્ટ અનુબંધિ થવાથી પ્રવર્તક ન બનવું જોઈએ, છતાં પ્રવર્તક બને તો છે માટે અવ્યાપ્તિ થઈ. તે અવ્યાપ્તિના નિરસન માટે બલવદ્ પદ અનિષ્ટના વિશેષણ તરીકે ગ્રહણ કરવામાં આવ્યું છે. શ્રમ વિ. ભારે અનિષ્ટ ન હોવાથી આ જ્ઞાન બલવદનિષ્ટાનનુબંધીષ્ટસાધનતાના વિષય રૂપે થયું, તેથી કરીને આ જ્ઞાન પ્રવર્તક બનવા છતાં અવ્યાપ્તિ નથી.

"સાગરમણિ સુખનું સાધન છે." આ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ થશે; કારણ કે આ જ્ઞાન બલવદનિષ્ટાનનુબંધીષ્ટસાધનતારૂપે છે, છતાં પ્રવર્તક બનતું નથી. તેના નિરાસ માટે "આ વસ્તુ-કાર્ય પ્રયત્નથી સાધ્ય છે," એવા વિષયવાળું ઉપરોક્ત વિશેષણ યુક્ત જ્ઞાન પ્રવર્તક બને.

एवमपि स्वकृत्यसाध्यपरकृतिसाध्यगोचरतादृशज्ञानस्यापि प्रवर्तकत्वापत्तिरतः स्वपदमध्याहार्यमेवमपि बलवदनिष्टाननुबन्धि यदिष्टं परेषां नात्मनः स्वात्ममरणादिः तस्य साधनं विषभक्षणादि स्वकृतिसाध्यं च तत्तागोचरज्ञानस्यापि प्रवर्तकत्वापत्तिरतोऽत्रापि स्वपदमध्याहार्यं तथा च "स्वकृतिसाध्यत्वगोचरबलवदनिष्टाननुबन्धि स्वेष्टसाधनतागोचरज्ञानं प्रवर्तकमिति" सम्पन्नमिति ।

આવું જ્ઞાન પણ પોતાના પ્રયત્નથી સાધ્ય ન હોય પણ બીજાના પ્રયત્નથી સાધ્ય હોય આવા વિષયવાળું હોય, છતાં પ્રવર્તક થવાની આપત્તિ આવે માટે સ્વપદનો અધ્યાહાર કરવો. ચાલો ભાઈ ! એ જ્ઞાન સ્વકૃતિ સાધ્યનો વિષય હોય પણ એ

જ્ઞાનનો વિષય સ્વને ઈષ્ટ ન હોય અને પરને ઈષ્ટ હોય. દા.ત.- પોતાના મરણ વિ. નું સાધન ઝેર ખાવુ વિ. પોતાના પ્રયત્નથી સાધ્ય છે. તેમજ (બીજાની અપેક્ષાએ) બલવદનિષ્ટાનનુબંધીષ્ટ સાધનતા વિષયવાળું છે, માટે પ્રવર્તક બનવાની આપત્તિ આવે તેના વારણ માટે ઈષ્ટ સાધનતામાં પણ સ્વપદનો અધ્યાહાર કરવો. પોતાનું મરણ સ્વને ઈષ્ટ નથી માટે તાદશજ્ઞાનને પ્રવર્તક બનવાની આપત્તિ નહિ આવે.

એટલે પોતાના પ્રયત્નથી સાધ્ય, ભારે અનિષ્ટનું અનનુબંધી (જે કાર્ય કરતાં ભારેખમ અનિષ્ટ ઉભું ન થાય) તેમજ જે પોતાના ઈષ્ટનું સાધન હોય એવા વિષયવાળું જ્ઞાન તે પ્રવર્તક. એ રીતે પૂરે પૂરૂં લક્ષણ તૈયાર થયું.

तथा च तत्त्वं जानन्तीति तत्त्वज्ञाः तेषां निःश्रेयसप्राप्तिरिति। यद्वा तत्त्वज्ञानान्मिथ्याज्ञानापायस्तदपायाद् दोषापायस्तदपायात्प्रवृत्त्यपायस्तदपायात् जन्मापायस्तदपायादेकविंशतिप्रभेददुःखोच्छेदलक्षणो मोक्षःस्यादित्यर्थः ।

ननु नितरां श्रेयो निःश्रेयसमिति व्युत्पत्त्या निःश्रेयसं सुखं तस्यांधिगमो ज्ञानं प्राप्ति र्वा तत्त्वज्ञानादनुपपन्नेत्यत आह- अस्यार्थ इति। तत्त्वं ज्ञायतेऽनेनेति व्युत्पत्त्या तत्त्वज्ञानं शास्त्रम् ।

તથા તત્ત્વને જાણે તે તત્ત્વજ્ઞપુરૂષો. તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે અથવા તત્ત્વજ્ઞાનથી મિત્થાજ્ઞાન દૂર હટે અને તે દૂર થવાથી દોષો ભાગી જાય છે. તેથી પ્રવૃત્તિથી નિવૃત્તિ થાય છે. તેથી કરીને જન્મનો અભાવ થાય છે. તેના લીધે એકવીસ પ્રકારનાં દુઃખોનો ઉચ્છેદ થવા સ્વરૂપ મોક્ષ થાય છે.

શંકાકાર :- ઉપરોક્ત ગ્રંથ પ્રમાણે તો દુઃખધ્વંસ સ્વરૂપ જે મોક્ષ છે, તેની પ્રાપ્તિ પરંપરાએ તત્ત્વજ્ઞાનથી થાય છે, એટલે સદા માટે કલ્યાણકારી તે નિઃશ્રેયસ, આવી વ્યુત્પત્તિથી નિઃશ્રેયસ એવું સુખ, તેની પ્રાપ્તિ/તેનું જ્ઞાન તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થવી/થવું યુક્તિયુક્ત નથી. નિતરાં સુખમાન્ય નથી, પણ દુઃખધ્વંસ ઈષ્ટ છે.[1]

---

૧. જેને તત્વજ્ઞાન થાય તેને જ દુઃખધ્વંસ થાય છે. અન્યને નહિ, (येषां तत्त्वज्ञानमुत्पन्नं त एव दुःखध्वंससंबन्धवन्तो भवन्ति, नत्वन्येषां दुःखध्वंसप्राप्तिरिति बोधयितुमधिगमोपादानमिति तर्कभाषा टीका.) એવું જણાવામાટે અધિગમપદ મૂક્યું છે. એટલે નૈયાયિકને મોક્ષપદથી દુઃખધ્વંસ ઈષ્ટ છે.

સમાધાન :- માટે કહ્યુ કે - આનો અર્થ એમ થયો કે - પ્રમાણાદિ સોળ પદાર્થનું યથાર્થજ્ઞાન થવાથી મોક્ષ મળે છે. તત્ત્વ જેનાથી જણાય એવી વ્યુત્પતિથી તત્ત્વજ્ઞાન એ શાસ્ત્ર થયું.

(૨) (उद्देशलक्षणपरीक्षाविचारः)

न च प्रमाणादीनां तत्त्वज्ञानं सम्यग् ज्ञानं तावद्भवति यावदेतेषामुद्देश-लक्षण-परीक्षा न क्रियन्ते । यदाह भाष्यकारः 'त्रिविधा चास्य शास्त्रस्य प्रवृत्तिरुद्देशो लक्षणं परीक्षा चेति' (वा. भा. १.२)

इष्टसाधनतादिलाभात् प्रवृत्तिरुपादिताऽन्यथा तत्त्वज्ञानपदस्य यथाश्रुतार्थपरत्वे शास्त्रे इष्टसाधनताऽप्रतिपादनात् तत्र प्रवेशायैतत्प्रकरणानारम्भः स्यादिति, न चोत्तरग्रन्थविरोधः, तस्याऽन्यथाऽवतार्यत्वादिति । **त्रिविधेति** । शास्त्रस्याऽचेतनत्वेऽपि तद्विषयिणी पुरुषस्य प्रवृत्तिस्त्रिविधेत्यर्थः, ।

અને તત્ત્વજ્ઞાનથી મોક્ષ - સંપૂર્ણ દુઃખધ્વંસ થાય છે આ પ્રમાણે વ્યુત્પત્તિ/અર્થ કરવાથી તત્ત્વજ્ઞાનપ્રરૂપક શાસ્ત્ર ઈષ્ટસાધન બને, એટલે કે તેમાં ઈષ્ટ-મોક્ષની સાધનતાદિનો (તત્ત્વજ્ઞાનસ્વરૂપશાસ્ત્ર મારે ઈષ્ટ એવા મોક્ષનું કારણ છે) લાભ થવાથી શાસ્ત્રમાં પ્રવૃત્તિ યુક્તિયુક્ત બને છે. નહિં તો તત્ત્વનું જ્ઞાન એવો સીધે સીધો અર્થ કરીએ તો તત્ત્વજ્ઞાન એ ઈષ્ટ સાધન બને પણ શાસ્ત્ર ઈષ્ટ સાધન તરીકે ન બની શકે એટલે શાસ્ત્રમાં તો ઈષ્ટ સાધનતાદિનું પ્રતિપાદન ન થવાથી તેમાં (શાસ્ત્રમાં) પ્રવેશ માટે આ પ્રકરણનો આરંભ જ ન થઈ શકત.

શંકાકાર :- અરે ભાઈ ! આવો અર્થ કરી શાસ્ત્રને તત્ત્વજ્ઞાન રૂપે પ્રસિદ્ધ કરતાં આગળના ગ્રંથ સાથે જ વિરોધ ઉભો થશે. કારણ કે ગ્રંથકારે જ તત્ત્વજ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન આવો અર્થ કર્યો છે ?

સમાધાન :- તમારી વાત સાચી છે, પણ તેનું અન્યરૂપે અવતરણ કરી શકાય છે. એટલે અહીં શાસ્ત્રમાં પ્રવેશ કરવાની વાત ચાલતી હોય ત્યારે તત્ત્વજ્ઞાનનું વાચક જે શાસ્ત્ર તેમાં ઈષ્ટસાધનતા જ્ઞાનનું પ્રતિપાદન કરવું તે પ્રયોજન છે અને પ્રવેશ થયા પછી તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા જગાડવા માટે વાચ્યમાં-તત્ત્વજ્ઞાનમાં ઈષ્ટસાધનતાનું પ્રતિપાદન કરવું તે પ્રયોજન પડખે ઉભું

રહે છે. એથી તે વખતે "तत्त्वनुं ज्ञान" એવો સીધો અર્થ લઈ વિરોધ મટાવી શકાય છે. ભિન્ન ભિન્ન અર્થ કરવામાં શાસ્ત્રકારો વિરોધ માનતા નથી.

"પ્રમાણાદિનું તત્ત્વજ્ઞાન, જ્યાં સુધી તેમના ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષા કરવામાં ન આવે, ત્યાં સુધી યથાર્થ થઈ શકતું નથી."

"ન્યાયશાસ્ત્રની પ્રવૃત્તિ ત્રણ પ્રકારની છે" એમ **શાંકર ભાષ્ય**માં વાત્સ્યાયને પણ કહ્યું છે.

શાસ્ત્ર જડ હોવાથી તેની પ્રવૃત્તિ સંભવી શકતી નથી. પણ તેનાં (શાસ્ત્રના) વિષયવાળી પુરૂષની પ્રવૃત્તિ ત્રણ પ્રકારની છે, એવો અર્થ કરવો.

उद्देशस्तु नाममात्रेण वस्तुसंकीर्तनम् । तच्चास्मिन्नेव सूत्रे कृतम् । लक्षणं त्वसाधारणधर्मवचनम् । यथा गोः सास्नादिमत्त्वम् । लक्षितस्यैतत् लक्षणमुपपद्यते न वेति विचारः परीक्षा । तेनैते लक्षणपरीक्षे प्रमाणादीनां तत्त्वज्ञानार्थमवश्यं कर्तव्ये ॥

यद्वा प्रवृत्तिपदमुत्पत्तिपरं शास्त्रं तस्य विभागेन सहिता चतुर्द्धा प्रवृत्तिरिति । ननु उद्देशो विभागो लक्षणं परीक्षा चेति प्रवृत्ति चातुर्विध्ये वक्तव्ये त्रैविध्यकथनमयुक्तमितिचेन्मैवं, विभागस्य विशेषनाममात्रसंकीर्त्तनेनोद्देश एवान्तर्भावादतस्त्रैविध्यकथनमेवयुक्तं इति । **'उद्देशस्त्विति'** असाधारणनाममात्रेणवस्तुसंकीर्त्तनमुद्देशः उद्देश शास्त्रमित्यर्थः; **कीर्त्तन**मुद्देश इत्युक्ते घनाघनध्वन्यादावतिप्रसक्तिस्तदर्थं **समिति** पदं तदा ताल्वोष्ठपुटसंयोगजन्यं कीर्त्तनं-शब्दकरणं संकीर्तनं तावत्युक्ते काकीयरवेऽतिप्रसक्तिस्तदर्थं **नामेति** ।

અથવા પ્રવૃત્તિનો અર્થ પ્રવૃત્તિ ન કરતા ઉત્પન્ન થનારૂં શાસ્ત્ર કરીએ તો તેવા શાસ્ત્રના વિભાગને ઉમેરતાં ચાર પ્રકારે પ્રવૃત્તિ થાય એટલે રચાતા શાસ્ત્રનાં ૪ અંગ હોય છે.

શંકાકાર :- ઉદ્દેશ, વિભાગ, લક્ષણ અને પરીક્ષા-એમ ચાર પ્રકારે પ્રવૃત્તિ કહેવાની હોય તો, ત્રણ પ્રકારની પ્રવૃત્તિ છે, એમ કહેવું અજુગતું થશે.

સમાધાન :- વિશેષ નામમાત્રનું કહેવું તેનું જ નામ વિભાગ છે. આ શાસ્ત્ર પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણમાં વ્હેંચાયેલું છે, એટલે વિભાગ દર્શાવતાં **પ્રત્યક્ષ**

અનુમાન, ઉપમાન શબ્દ એમ વિશેષ નામ માત્રનું જ કથન હોવાથી તેનો ઉદ્દેશમાં સમાવેશ થઈ જતો હોવાથી ત્રણ પ્રકાર કહેવા જ યોગ્ય છે.

અસાધારણ નામ માત્રથી વસ્તુનું કથન કરવું તે ઉદ્દેશ એટલે કે ઉદ્દેશ શાસ્ત્ર = ઉદ્દેશવિધિ છે. અહીં જો **'કીર્તન'** ઉદ્દેશ એટલું જ કહીએ તો વાદળાની ગર્જનામાં અતિવ્યાપ્તિ આવે તે માટે સમ્પદ મૂક્યું. એટલે તાળવું અને બે હોઠના સંયોગથી જે શબ્દ થાય તે જ સંકીર્ત્તન કહેવાય. તેવું વાદળની ગર્જનામાં ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. છતાં કાગડાના અવાજમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તાલ્વાદિના સંયોગથી જ કાં-કાં અવાજ ઉત્પન્ન થાય છે. માટે **નામ** પદ મૂક્યું કાં-કાંમાં કોઈ નામનો ઉચ્ચાર થતો ન હોવાથી અતિવ્યાપ્તિ ટળી જાય છે.

तत्र नाम संकीर्त्तनं तावत्युक्ते प्रंमाकरणं प्रमाणमित्यादिलक्षणवाक्येऽतिप्रसक्तिः कथं ? लक्ष्यलक्षणवाक्यं लक्षणशास्त्रं भवति, न तूद्देशशास्त्रमतो मात्रेति केवलं नाममात्रं तावत्युक्ते डित्थडवित्थादिशब्देऽतिप्रसक्तिस्तद्वारणाय वस्तुपदं, तावत्युक्ते अभिधेयेऽतिप्रसक्तिः, कथमितिचेत्, अभिधेये नाममात्रेण वस्तुसंकीर्त्तनमस्ति परं सर्वत्र वर्तनात्साधारणं, तर्हि प्रमेयमपि तथैव भविष्यतीति चेन्न, तस्य द्वादशेष्वेव वर्त्तनात्तद्वारणायाऽसाधारणेति असाधारणनाममात्रमित्येवास्तु, संकीर्त्तनपदमधिकमित्यनुच्चारितेऽतिप्रसक्तिस्तद्वारणाय तस्योपादानं स्फुटार्थत्वात् वा;· तथा ·चोद्देशलक्षणं सम्पन्नम् ।

પણ નામનું કથન કરવું તે ઉદ્દેશ એટલું કહીએ તો 'પ્રમાનું કારણ પ્રમાણ કહેવાય' એમાં અતિવ્યાપ્તિ આવશે, કારણ કે ત્યાં નામનું કીતર્ન-કથન તો છે જ, જ્યારે એમાં લક્ષ્ય અને લક્ષણનું વાક્ય હોવાથી આને લક્ષણશાસ્ત્ર કહેવાય છે, પરંતુ ઉદ્દેશશાસ્ત્ર કહેવાતું નથી. તે માટે માત્ર પદ ઉમેર્યું છે. જેમાં ફક્ત નામનું કથન કરાય તે ઉદ્દેશ, જ્યારે ઉપરોક્ત કથનમાં લક્ષ્યવચન અને લક્ષણવચન એમ વિભાગ પાડીને કથન કરેલ હોવાથી નામ માત્રનું કથન ન કહેવાય, તેથી તેમાં અતિવ્યાપ્તિ નહિ આવે. આટલું કહેવા છતાં ડિત્થ ડવિત્થાદિ શબ્દમાં અતિવ્યાપ્તિ થાય, કારણ કે ડિત્થ ઈત્યાદિ નામમાત્રનું કીર્ત્તન છે પણ તે ઉદ્દેશ વાક્ય તો કહેવાતુ નથી, માટે **વસ્તુ** પદ મૂક્યું; ડિત્થાદિથી કોઈ વસ્તુનું કથન થતું ન હોવાથી તે શબ્દોમાં અતિવ્યાપ્તિ ન થાય.

पूर्वपक्ष :- આમ કરતાં તો અભિધેયમાં અતિવ્યાપ્તિ થશે કારણ કે નામ માત્રથી વસ્તુનું સંકીર્ત્તન કરવું તે અભિધેય છે. પરંતુ તે સર્વ ઠેકાણે રહેતું હોવાથી સાધારણ છે. એટલે ઉદ્દેશરૂપે ન હોવા છતાં લક્ષણ ઘટવાથી અતિવ્યાપ્તિ થાય.

शंकाकार :- તો પછી પ્રમેય પણ સર્વ ઠેકાણે રહેતું હોવાથી અભિધેય ની જેમ સાધારણ બની જશે.

पूर्वपक्ष :- ભાઈ ! એમ નથી. કારણ કે પ્રમેય તો આત્મા, શરીરઈન્દ્રિય ઈત્યાદિ બાર પદાર્થમાં જ વર્તે છે. ''आत्मशरीरेन्द्रियार्थबुद्धिमनःप्रवृत्तिदोष प्रेत्याभावफलदुःखापवर्गास्तुप्रमेयम्'' १/१/९ ''न्यायसूत्रं, એમનાં સમ્યગ્જ્ઞાનથી મોક્ષ અને મિથ્યાજ્ઞાનથી સંસાર બને છે. માટે આ ૧૨ ને જ પ્રમેય [1]તરીકે દર્શાવ્યા છે. એથી દિશા વિ. અને સામાન્ય વિશેષ પ્રમેય તરીકે કહ્યા નથી, પણ દિશા વગેરે અભિધેય તો છે જ. એટલે પ્રમેય અભિધેયની જેમ સાધારણ નથી, એથી ઉપરોક્ત લક્ષણની અભિધેયમાં અતિવ્યાપ્તિ સુનિશ્ચિત છે.

उत्तरपक्ष :- તેના વારણ માટે **असाधारण** પદ મૂક્યું. અભિધેયમાં સર્વ સામાન્ય પદાર્થનું કથન હોય છે.

पूर्वपक्ष :- તો પછી અસાધારણ નામ માત્ર આટલું જ રહેવા દો, કારણ કે વાદળાની ગર્જના, કાગડાના કાં-કાં અવાજમાં નામ જ નથી. ઈત્યાદિ અસાધારણ (નામ) નથી. અભિધેય પણ સાધારણ છે એટલે વસ્તુ સંકીર્ત્તન પદ વધારે પડતું લાગે છે.

उत्तरपक्ष :- આટલું જ કહીએ, તો નહિ ઉચ્ચારેલા અસાધારણ પદમાં અતિવ્યાપ્તિ થશે. તેના વારણ માટે અથવા અર્થસ્ફુટ થાય તે માટે વસ્તુસંકીર્ત્તન પદ મૂકવું જરૂરી છે. એ પ્રમાણે ઉદ્દેશનું લક્ષણ થયું.

लक्षणात्मकं शास्त्रं लक्षयति 'लक्षणं त्विति' लक्षणमित्यत्र लक्षणशास्त्रं लक्ष्यं, अन्यथा असम्भवः स्यात्, नहि पिण्डस्थमेव सास्नादिकं गवादेः लक्षणशास्त्रं भवितुमर्हतीति । अथ वचनं लक्षणशास्त्रमित्युक्ते गौरित्यादि धर्मि-वचनेऽतिप्रसक्तिस्तद्वारणाय धर्मेति, तावत्युक्ते गोर्लक्षणं द्विखुरावत्त्वमिति वाक्ये-

१. આત્માથી માંડી અપવર્ગ સુધીના ૧૨ પદાર્થોનો સાક્ષાત્કાર સર્વ પદાર્થ વિષયક મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ કરાવી મુક્તિનું કારણ બને છે, માટે ૧૨ પદાર્થો જ મુમુક્ષુઓ માટે પ્ર-પ્રકૃષ્ટમેય છે.

ऽतिप्रसक्तिः, कथं ? द्विखुरावत्त्वं साधारणं महिष्यादौ वर्तनात् । तद्धारणाय असाधारणेति । तथा च असाधारणधर्मवचनं लक्षणशास्त्रमिति सम्पन्नम् ।

असाधारणत्वं नाम तन्मात्रवर्त्तित्वं, तन्मात्रवर्त्तित्वं च तद्वर्तित्वे सति तदितरावर्तित्वमिति । केचित्तु यदेव तत्त्वं तदेव लक्षणं तत्त्वं च नाकाशमपीति असाधारणधर्म्मत्वमेव लक्षणत्वलक्षणमित्याहुः । न चाऽत्राऽनवस्था दोषाय प्रमाणिकत्वात्, कथं ? घटे घटत्वं घटत्वे घटतात्वं घटतात्वे घटतात्वत्वमित्यनयादिशानवस्थेति, न चाऽत्रात्माश्रयोऽपि दोषाय प्रामाणिकत्वात् भिन्नव्यक्तिकत्वाच्च।

कथं ? लक्षणस्य लक्षणापेक्षत्वेन स्वस्य स्वापेक्षणमात्माश्रय इत्युक्तेरात्माश्रय इति यथा लक्षितस्येति ।

લક્ષણ સ્વરૂપ શાસ્ત્રને ઓળખાવે છે. લક્ષણં તુ - લક્ષણ શબ્દથી અહીં લક્ષણ શાસ્ત્ર લક્ષ્ય તરીકે લેવાનું છે. નહિ તો અસંભવ દોષ થાય. ''लक्षणं त्वसाधारणधर्मवचनम्'' અત્રે લક્ષણ એટલે લક્ષણશાસ્ત્ર = લક્ષણવિધિ (શાસ્ત્રનો અર્થ વિધિ થાય છે.) પ્રકૃતમાં લક્ષણનું લક્ષણ બતાવે છે. એટલે લક્ષણ (= લક્ષણશાસ્ત્ર) લક્ષ્ય છે, એને જો ન મૂકો તો અસંભવ દોષ આવશે. કેમ કે અસાધારણધર્મવચનથી તો ગાયના પિંડમાં રહેલ સાસ્ના વગેરેનું ગ્રહણ થશે. તે ગાય વગેરેના લક્ષણ હોવા છતાં લક્ષણ વિધિ બની શકતા નથી. (દ્રવ્યાત્મક ગળાની ગોદડી તે લક્ષણ નથી, પણ વચનાત્મક સાસ્નાનો ઉલ્લેખ લક્ષણ તરીકે લેવાનો છે, તેના માટે જ લક્ષ્યમાં લક્ષણનો ઉલ્લેખ કરેલ છે..) એટલે લક્ષણનું લક્ષણ બનાવવું હોય તેમાં ''असाधारण धर्मवचनम्'' આટલું જ કહેવાથી નહિ ચાલે, પરંતુ ''लक्षणं असाधारणधर्मवचनम्'' એમ લક્ષણાત્મક લક્ષણસ્વરૂપ લક્ષ્યના ઉલ્લેખની આવશ્યકતા છે.

હવે **વચન** તે લક્ષણ શાસ્ત્ર છે, એમ કહીએ તો 'ગૌ.' વિ. ધર્મી વચનમાં અતિવ્યાપ્તિ થશે, કારણ કે તે પણ વચન તો છે જ, તેના વારણ માટે ધર્મપદ ઉમેરીએ, ત્યારે ગાયનું લક્ષણ દ્વિખુરાવત્ત્વં (બે ખરીવાળા હોવું) વાક્યમાં અતિવ્યાપ્તિ થાય, કારણ કે દ્વિખુરાવત્ત્વ ધર્માત્મક વચન તો છે પણ અલક્ષ્ય ભેંસ વિ.માં તેની હયાતી છે. તેના વારણ માટે અસાધારણ પદ મૂક્યું છે.

દ્વિખુરાવત્વં ગાય, ભેંસ વિ.માં સામાન્યથી વર્તનાર હોવાથી સાધારણ ધર્મ છે. એટલે ''असाधारणधर्मवचनं लक्षणशास्त्रं'' એ પ્રમાણે લક્ષણનું પરિપૂર્ણ લક્ષણ બન્યું. અસાધારણ એટલે માત્ર તેમાંજ વર્તનાર એનો મતલબ કે તે જે ધર્મીમાં રહે અને તેથી અન્યધર્મીમાં જે ન રહે.

કેટલાંક કહે છે જે તત્ત્વ છે તે જ લક્ષણ છે. આકાશ પણ તત્ત્વ છે માટે અસાધારણ ધર્મત્વ લક્ષણત્વ એ જ લક્ષણ બરાબર છે.

લક્ષણનું લક્ષણ લક્ષણત્વ છે, તે પણ લક્ષણરૂપે છે. માટે તેનું પણ લક્ષણ કરવું પડે એટલે તેમાં પણ લક્ષણત્વ રહેશે, એમ અનવસ્થા ઊભી થશે.

અહીં અનવસ્થા દોષરૂપે બનતી નથી, કારણ કે આ વાત પ્રામાણિક છે. ઘટત્વમાં ઘટતાત્વ છે અને તેમાં ઘટતાત્વત્વ એ પ્રમાણે અનવસ્થા છે, પણ તે દોષ માટે નથી. કેમકે પ્રામાણિક હોવાથી ઈષ્ટ જ છે.

શંકાકાર :- અરે ! લક્ષણનું જ્ઞાન કરવા માટે જ લક્ષણ(ત્વ)નું જ્ઞાન આવશ્યક હોવાથી આત્માશ્રય દોષ આવશે. પોતાના જ્ઞાન માટે પોતાની જ જરૂર હોવી તે આત્માશ્રય.

સમાધાન :- આ પણ પ્રામાણિક છે. લક્ષણમાં લક્ષણત્વ રહે એ હકીકત છે. તેથી લક્ષણને ઓળખવા તેના લક્ષણની જરૂર પડે છે તે આત્માશ્રય પણ દોષ માટે નથી. બીજી વાત કે જે લક્ષણનું લક્ષણ કરવું છે, તેમાં લક્ષ્યભૂત લક્ષણ અને તેનું લક્ષણભૂત લક્ષણ બંને ભિન્નભિન્ન છે, તેથી દોષ નથી.

अत्रोद्देशलक्षणपरीक्षाफलानां परीक्षा यदि लक्ष्यते, तदा शास्त्रस्थो विचारः परीक्षेत्येव लक्षणं, यदि लक्षणपरीक्षैव लक्ष्यते तदा यथा लक्षितस्येत्यादि परीक्षालक्षणं विचारः । परीक्षेत्युक्ते असद्विचारेऽतिव्याप्तिः ।

यथा काकस्य कति दन्ताः स्युर्मेषस्याण्डे कियत्पलं ।
गर्दभे कति रोमाणि, एषा मूर्खविचारणा ॥१॥

અહીં ઉદ્દેશ લક્ષણ પરીક્ષા અને ફલની જો પરીક્ષા ઓળખાવવી હોય તો, શાસ્ત્રમાં રહેલો વિચાર એ પરીક્ષા, આટલું જ લક્ષણ થશે. જો લક્ષણની પરીક્ષા જ ઓળખાવવાની હોય તો ''लक्षितस्य एतत् लक्षणमुपपद्यते न वेंति विचारः परीक्षा'' એ લક્ષણ કર્યું છે. જો માત્ર ''વિચાર'' એ પરીક્ષાનું લક્ષણ કરીએ તો

અસદ્ વસ્તુનો વિચાર કરીએ તેમાં અતિવ્યાપ્તિ આવશે. તે પણ વિચાર તો છે જ.

દા.ત. - કાગડાને કેટલા દાંત હોય ? ઘેટાના ઈંડામાં કેટલું માંસ હોય ? ગધેડા ઉપર કેટલી રૂંવાટી હોય ? આ બધી મૂર્ખ માણસોની વિચારણા છે. તે પણ વિચાર તો છે જ.

अत उक्तं लक्षितस्यैतल्लक्षणमुपपद्यते इति तावत्युक्ते सिद्धान्त वाक्येऽतिव्याप्तिः । अत अक्तं **नवेति** तावत्युक्ते खण्डवाक्येऽतिव्याप्तिरंत उभयोपादानं एवमपि ''घटस्य लक्षणं सम्भवति नवेति विचारे'' ऽतिव्याप्तिः । अत उक्तं **यथेति** एतावता लक्षणविषयो विचारो लक्षणंपरीक्षेति तदर्थः । एवमुद्देशविषयको विचारः उद्देशपरीक्षा । फलविषयको विचारः फलपरीक्षा परीक्षाविषयको विचारः परीक्षापरीक्षेत्याद्यवगन्तव्यम् ॥ न च परीक्षायामनवस्था यथाविप्रतिपत्ति परीक्षाकरणात् तथाविप्रतिपत्तीति विप्रतिपत्तिमनतिक्रम्य करोतीति तथाविप्रतिपत्ति तेनेति । अस्मिन्नेव सूत्रे उद्देशस्योक्तत्वेन लक्षणपरीक्षे एव कर्त्तव्ये इत्यर्थः ।

એથી કહ્યું કે - જેનું લક્ષાણ કરવામાં આવ્યું છે, તે લક્ષાણ તેને ઉપપન્ન - બંધ બેસતું છે ? એવો વિચાર પરીક્ષા કહેવાય. આનાથી ઉપરોક્ત વિચાર બંધ બેસતા ન હોવાથી તેઓમાં અતિવ્યાપ્તિ નહિ થાય. પણ સિદ્ધાન્ત વાક્યોય બંધ બેસતા તો હોય છે, પરંતુ તેઓને કંઈ પરીક્ષારૂપે લેખવામાં આવતા નથી. તે અતિવ્યાપ્તિના વારણ માટે 'ન વેતિ' મૂક્યું છે. સિદ્ધાન્તવાક્ય તો નિશ્ચિત હોય છે, માટે તેમાં અતિવ્યાપ્તિ નહિ થાય. પણ જો માત્ર 'ન વેતિ' એમ કહીએ તો ખંડ વાક્યમાં અતિવ્યાપ્તિ થશે. કારણ કે - તેમાં વિકલ્પરૂપે નવેતિ ઈત્યાદિ વાક્ય હોય છે. માટે બંનેનું ગ્રહણ કર્યું છે. એ પ્રમાણે કરવા છતાં 'ઘટનું લક્ષાણ સંભવે કે નહિ' એવા વિચારમાં અતિવ્યાપ્તિ થશે, માટે યથા પદ મૂક્યું. એટલે ઘટનું જે લક્ષાણ બનાવ્યું હોય તેના વિષયની વિચારણા, જેમકે ''ઘટત્વ એ ઘટનું લક્ષાણ બની શકે કે નહિ.'' આટલો લક્ષાણ સંબંધી વિચાર તે લક્ષાણ પરીક્ષા. એ પ્રમાણે ઉદ્દેશ વિષયક વિચાર તે ઉદ્દેશ પરીક્ષા. ફળના વિષયવાળો વિચાર ફળ પરીક્ષા. પરીક્ષાના વિષયવાળો વિચાર તે પરીક્ષાની પરીક્ષા; ઈત્યાદિ સમજી લેવું.

शंकाकार :- परीक्षानी परीक्षा करतां तो अनवस्था थशे ने ?

समाधान :- परीक्षा यथाविप्रतिपत्ति थाय छे, एटले अनवस्थाने अवकाश नथी. परीक्षात्मक प्रवृत्तिमां नियम नथी के ते थाय ज. पदार्थनुं लक्षण कर्या पछी विरोधी मतना कारणे तत्त्वनिश्चय न थाय तो परीक्षा थाय, अन्यमां न थाय. एटले विप्रतिपत्ति होय तो परीक्षा थाय, नहींतर नहि. माटे ज्यारे विप्रतिपत्तिनुं समाधान थई जशे, नवी विप्रतिपत्ति नहीं आवे त्यारे परीक्षानी आवश्यकता न होवाथी अनवस्था नथी. ए स्पष्ट दर्शाववा माटे ज ग्रंथकारे "यथाविप्रतिपत्ति" समासनो विग्रह दर्शाव्यो छे. = विप्रतिपत्तिनुं उल्लंघन कर्या वगर (परीक्षा करे). आ ज (ग्रंथनी प्रारंभमां आपेल न्याय) सूत्रमां उद्देश कहेवायेलो होवाथी लक्षण अने परीक्षा ज करवानां रह्यां.

(३) प्रमाणलक्षणम्

तत्रापि प्रथममुद्दिष्टस्य प्रमाणस्य तावल्लक्षणमुच्यते, प्रमाकरणं प्रमाणम् । अत्र च प्रमाणं लक्ष्यम् । प्रमाकरणं लक्षणम् ।

ननु प्रमायाः करणं चेत् प्रमाणं तर्हि तस्य फलं वक्तव्यं, करणस्य फलवत्त्वनियमात् । सत्यम् । प्रमैव फलं साध्यमित्यर्थः । यथा छिदाकरणस्य परशोश्छिदैव फलम् ॥

(४) प्रमालक्षणम्

का पुनः प्रमा यस्याः करणं प्रमाणम् ? उच्यते । यथार्थानुभवः प्रमा। यथार्थ इत्ययथार्थानां संशयविपर्ययतर्कज्ञानानां निरासः । अनुभव इति स्मृतेर्निरासः । ज्ञातविषयं ज्ञानं स्मृतिः । अनुभवो नाम स्मृतिव्यतिरिक्तं ज्ञानम् ।

तत्रेति इतरपदार्थानां प्रमाणाधीनसिद्धिकत्वेन प्रमाणस्य गरीयस्त्वात्, प्रमाणमेवादौ लक्षयति, प्रमाकरणं प्रमाणमिति प्रमीयते परिछिद्यते या सा प्रमा, क्रियते अनेनेति करणमितिकरणव्युत्पत्तिराश्रयणीया, न तु भाव व्युत्पत्तिः प्रमायाःकरणं प्रमाकरणमिति । अत्र करणं प्रमाणमित्युक्ते छिदाकरणे कुठारेऽतिप्रसक्तिः । तन्निरासाय मेति माकरणमित्युक्ते भ्रमज्ञानंकरणे दोषदुष्टेन्द्रि-

येऽतिव्याप्तिस्तन्निरासाय प्रमेति । प्रमानाम **यथार्थानुभवो** यथार्थमित्ययथार्थानां **संशयविपर्ययतर्कज्ञानानां निरासः** । तद्वति तत्प्रकारकं ज्ञानं यथार्थज्ञानं स्मृतिव्यतिरिक्तं ज्ञानमनुभवः ।

तत्रापि - उद्देशमां उल्लेखित पदार्थोमां प्रमाण सिवायनां शेष बधा पदार्थोनी सिद्धि प्रमाणने अधीन होवाथी प्रमाण बधा पदार्थो करतां मोखरे कहेवाय माटे सौ प्रथम प्रमाणनुं लक्षण करे छे.

प्रमानुं करण ते प्रमाण, जाणवुं ते प्रमा, जेना वडे कराय ते करण. એ प्रमाणे करणनी व्युत्पतिनो आश्रय लेवानो छे, परंतु प्रमानुं करवुं- करणं ते प्रमाकरण એम भावव्युत्पत्तिनो आश्रय लेवानो नथी.

अहीं करण ते प्रमाण એटलुं कहीએ तो छेद क्रियानुं करण = साधन જે कुहाडी छे, तेमां अतिव्याप्ति थशे. तेना निरास माटे [1]**माकरण** कहीએ तो उपरोक्त आपत्ति टळी जाय छे. कारण के ते कुहाडी ज्ञाननुं करण नथी पण એम करतां भ्रमज्ञानना करणभूत दोषथी दुष्ट જે ईन्द्रिय छे तेमां अतिव्याप्ति आवशे, तेना निरास माटे प्रमा-पद मूक्युं छे. हवे भ्रमज्ञानना कारणभूत दुष्ट ईन्द्रियमां अतिव्याप्ति नहि आवे. यथार्थ अनुभव ते प्रमां; એटले संशय विपर्यय अने तर्क स्वरूप अयथार्थ ज्ञाननो निरास थयो. तद्वान्मां तत्प्रकारवाळुं ज्ञान यथार्थज्ञान. स्मृतिथी अतिरिक्त ज्ञान ते अनुभव छे.

अथ प्रः प्रमाणमित्युक्ते असम्भवो नहि प्रत्वं कस्मिंश्चिदपिप्रमाणेऽस्तीति तन्निरासाय मेति । प्रमा प्रमाणमित्युक्ते चक्षुरादावव्याप्तिरनुमित्यादौ चातिव्याप्तिस्तन्निरासाय करणमिति पदमुपादीयते । प्रकरणं प्रमाणमित्युक्ते परमाणावतिव्याप्तिः कथमिति चेत् । द्व्यणुकं प्रति परमाणुः प्रकरणं प्रकृष्टं करणमित्यर्थः तन्निरासाय मेति । तथा च न कश्चिद् दोष इति, प्रमाकरणमित्यत्र भावप्रधानत्वान्निर्देशस्य प्रमाकरणत्वमिति ज्ञेयं; लक्षणस्य हि लक्ष्यनिष्ठत्वनियमात्तदाह प्रमाणमिति ।

हवे 'प्रः' ते प्रमाण એम कहीએ तो असंभव दोष आवे. कारण के कोई

१. मीयते ईति मा

પણ પ્રમાણમાં પ્રત્વ નથી. તેના નિરાકારણ માટે પ્રમા તે પ્રમાણ, એમ કહીએ તો ચક્ષુ વિ.માં અવ્યાપ્તિ આવશે. કારણ કે આંખ વિ. પ્રમાણ (પ્રમાના કારણ) છે. પરંતુ પ્રમા સ્વરૂપ તો નથી તેમજ અનુમિતિ વિ.માં અતિવ્યાપ્તિ આવશે, કારણ કે તે પ્રમા સ્વરૂપ તો છે પણ પ્રમાના કારણ નથી. તેનાં નિરાકરણ માટે કરણપદનું ગ્રહણ કરવામાં આવ્યું છે.. 'પ્રકરણં પ્રમાણં' એમ કહીએ તો પરમાણુમાં અતિવ્યાપ્તિ આવે, કારણ કે દ્વયણુકની પ્રતિ પરમાણુ પ્રકૃષ્ટ કારણ છે, તેના નિરાસ માટે મા પદ ઉમેરવામાં આવ્યું છે. એટલે પરમાણુ દ્વયણુકરૂપ જ્ઞાનભિન્નનું કરણ છે માટે અતિવ્યાપ્તિ વિ. કોઈ પણ દોષ રહેતો નથી.

પ્રમાકરણ અહીં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી પ્રમાકરણત્વ એમ સમજવું. લક્ષણનો લક્ષ્યમાં રહેવાનો નિયમ હોવાથી કહે છે. (अत्र च) प्रमाणं लक्ष्यं प्रमाकरणं लक्षणम्.

(૫) करणलक्षम्

किं पुनः करणम् ? साधकतमं कारणम् । अतिशयितं साधकं साधकतमं प्रकृष्टं कारणमित्यर्थः ।

नन्वत्र करणत्वं नाम किम् ? अविलम्बेन कार्योत्पादकत्वं वा व्यापारवत्त्वं वा ? नाद्यः सन्निकर्षेऽतिव्याप्तिः कथमाधुनिकनैयायिकानां चक्षुषः करणत्वे सन्निकर्षस्यावान्तरव्यापारत्वेन व्यवहितकारणत्वात्, चक्षुरादावव्याप्तेश्च कथं ? तस्य सन्निकर्षव्यवहितकारणत्वेनाविलम्बितकार्योत्पादकसत्त्वाभावात्, न चेतरकारणकलापसहितस्य चक्षुषोऽविलम्बेन कार्योपादकत्वान्नाव्याप्तिरिति वाच्यं, एवं हि घटादेरपि तथात्वादतिव्याप्तिः, न द्वितीयो घटेऽतिव्याप्तेः, न च तत्र घटे व्यापाराभावान्नातिव्याप्तिरिति वाच्यं । चक्षुर्व्यापारीभूतस्य घटचक्षुसंयोगस्यैव तद्व्यापारत्वादत एव भिन्नं लक्षणं ।

पूर्वपक्ष :- પરંતુ કરણ એટલે શું ? વિલબં કર્યા વિના કાર્યને પેદા કરનાર તે કરણ છે, કે વ્યાપારવાળું જે હોય તે કરણ ? સન્નિકર્ષમાં અતિવ્યાપ્તિ આવતી હોવાથી પહેલો પક્ષ બરાબર નથી. કારણ કે આધુનિક નૈયાયિકો આંખને કરણ માને છે. એટલે સન્નિકર્ષ અવાંતર વ્યાપાર તરીકે બનતો હોવાથી વ્યવહિત કારણ

કેહવાય. છતાં સન્નિકર્ષ થતાંની સાથે તરત જ ચાક્ષુષ પ્રત્યક્ષરૂપ કાર્ય તો ઉત્પન્ન થાય છે, માટે એમાં લક્ષણ જવાથી આધુનિક નૈયાયિકના મતે પણ સન્નિકર્ષ ને કરણ થવાની આપત્તિ આવે એટલે કે અતિવ્યાપ્તિ થાય.

અને આંખ વિ. માં અવ્યાપ્તિ આવે, કારણ કે નૈત્રાદિ સન્નિકર્ષથી વ્યવધાન પામી કારણ બનતાં હોવાથી વિલંબ વિના કાર્ય ઉત્પાદક નથી થતા.

શંકાકાર :- ઈતર કારણ સમૂહ સાથે હોય ત્યારે આંખ વિલંબ વિના કાર્ય પેદા કરે. એટલે ફક્ત આંખને અમે કરણ નથી માનતા. માટે અવ્યાપ્તિ આવશે, નહીં.

પૂર્વપક્ષ :- આમ ન કહેવું, કારણ કે એમ માનશો તો આંખ/પ્રકાશ સન્નિકર્ષ વિ. કારણ ભેગા થાય ત્યારે ઘડો પણ પ્રત્યક્ષને તરત જ પેદા કરે છે અથવા ડોલ/પાણી/દોરી વિ. ભેગા થાય તો ઘડો પાણીને ધારણ કરવા રૂપ કાર્ય પેદા કરે જ છે. માટે ઘડા વિ.ને કરણ માનવાની આપત્તિ રૂપ અતિવ્યાપ્તિ આવશે. બીજો પક્ષ પણ બરાબર નથી કારણ કે ઘડામાં અતિવ્યાપ્તિ આવે છે.

શંકાકાર :- અરે ભાઈ ! ઘડામાં તો વ્યાપારનો જ અભાવ છે. તો પછી અતિવ્યાપ્તિનો સવાલ જ ક્યાં છે ?

પૂર્વપક્ષ :- આંખના વ્યાપાર રૂપે જે (ઘટં ચક્ષુસંયોગ) છે, તે જ ઘડાનો વ્યાપાર છે. નેત્રજન્ય ઘટચક્ષુસંયોગ છે અને આંખથી જન્ય જે ઘટચાક્ષુષ પ્રત્યક્ષ છે તેનો 'ઘટચક્ષુસંયોગ' જનક પણ છે. માટે તે વ્યાપાર રૂપે બને છે. તેમ ઘટથી જન્ય ઘટચક્ષુસંયોગ છે, તે ઘટજન્ય ઘટચાક્ષુષપ્રત્યક્ષનો જનક પણ છે. ઘટ-વિષય સ્વ પ્રત્યક્ષનું કારણ બને છે. એવો નિયમ હોવાથી.

ઉત્તરપક્ષ :- આ બધી બાધાઓથી બહાર નીકળવા નવું જ લક્ષણ બનાવીએ છીએ.

यथा तन्मात्रनिष्ठकार्यतानिरूपितकारणतावच्छेदकधर्मशालित्वं करणत्वमिति । अस्यार्थ :- तन्मात्रे चाक्षुषज्ञानमात्रे निष्ठा या कार्यता तया निरूपिता कारणता तस्या अवच्छेदकधर्मश्चक्षुष्ट्वं तेन शालित्वं करणमिति लक्षणं सुवचनम्।

तथा च प्रमाणभिन्नलक्षणं तथा - यथार्थज्ञानकारणत्वे सति व्यापारवत्त्वे च सत्यनुभवत्वव्याप्यजात्यऽवच्छिन्नकार्यतानिरूपितकारणताश्रयत्वं प्रमाणत्वमिति

लक्षणं सम्पन्नं; व्यापारवत्त्वभागग्रहणं चक्षुःसन्निकर्षादावतिव्याप्तिवारणायाश्रयत्वान्तभागग्रहणं शरीरादावतिव्याप्तिवारणाय, कार्यतावच्छेदिकाजातिश्चाक्षुषत्वादिस्तद् यथा - चक्षुरादिषडिन्द्रियानुमानोपमानशब्दकार्यतानां क्रमेण चाक्षुषत्व ॥१॥ रासनत्व ॥२॥ घ्राणीयत्व ॥३॥ स्पार्शनत्व ॥४॥ श्रोत्रत्व ॥५॥ मानसत्व ॥६॥ अनुमितित्वोपमितित्व ॥७-८॥ शाब्दत्व ॥९॥ जातिभिरवच्छेदादवच्छेदिकाजातिः एतावती । चक्षुरादिनवप्रमाणानां करणभूतानां कार्यरूपाश्चाक्षुषत्वादि नव जातयो भवन्तीत्यर्थ : ।

तन्मात्र...शालित्वं करणत्वं ''એનો અર્થ તન્માત્રમાં-ચાક્ષુષજ્ઞાન માત્રમાં રહેલી જે કાર્યતા તેનાથી નિરૂપિત કારણતા તેનો અવચ્છેદક ધર્મ ચક્ષુષ્ટ્વં તેન શાલિ = તેનાં સ્વભાવવાળું/તેનાથી યુક્ત કરણત્વ છે, આ લક્ષણ સુસંગત છે. ઘટત્વ યુક્ત ઘટ ચાક્ષુષજ્ઞાનમાત્રનું કારણ નથી પણ સ્પર્શન વિ. અન્યનું પણ કારણ છે, માટે ઘટાદિમાં અતિવ્યાપ્તિ નથી. 'ઘટચક્ષુસંયોગ'/'ઘટરૂપચક્ષુસંયુક્તસમવાય' ઈત્યાદિ સન્નિકર્ષથી ચાક્ષુષજ્ઞાન જ થાય છે. પણ ચાક્ષુષ જ્ઞાન તો ઘણા જાતનાં છે. તેમાં આ જ સંનિકર્ષ ઉપયોગી નથી બનતો પણ પટાદિના પ્રત્યક્ષમાં પટ ચક્ષુનો સંયોગ વિ. ઉપયોગી થાય છે; એટલે જ્યાં ચાક્ષુષજ્ઞાન છે ત્યાં ત્યાં આ જ સંનિકર્ષ રહેતો ન હોવાથી ન્યૂનધર્મ હોવાથી ઘટચક્ષુસંયોગત્વ/ઘટરૂપચક્ષુસંયુક્તસમવાય ચાક્ષુષજ્ઞાનનિષ્ઠા કાર્યતા નિરૂપિત કારણતાના અવચ્છેદક ન બને માટે તાદશ સન્નિકર્ષમાં પણ અતિવ્યાપ્તિ નથી આવતી.

તથા પ્રમાણનું પણ અન્ય લક્ષણ બતાવે છે... યથાર્થ જ્ઞાનનું કારણ હોય અને વ્યાપારવાળું હોય તેમજ અનુભવની વ્યાપ્ય જાતિ ચાક્ષુષત્વાદિ તેનાથી અવચ્છિન્ન કાર્યતા-ચાક્ષુષાદિ નિષ્ઠ કાર્યતા તેનાથી નિરૂપિત કારણતા તેનો આશ્રય હોય તે પ્રમાણ,

વ્યપારવત્ત્વ ભાગનું ગ્રહણ ચક્ષુસન્નિકર્ષાદિમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે છે. એટલે કે ઉપરોક્ત રીતે ચક્ષુસન્નિકર્ષાદિ વ્યાપારરૂપે છે, પણ વ્યાપારવાળા નથી, માટે આ લક્ષણ ન ઘટવાથી અતિવ્યાપ્તિ નથી આવતી

આશ્રયત્વ સુધીનું ગ્રહણ શરીરાદિમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે

છે, એટલે કે જ્ઞાન પણ શરીરાવચ્છેદેન જ થતુ હોવાથી શરીર સાધકતમ કારણ બને એટલે કરાંણ બન્યું અને ગમનાદિકર્મ વ્યાપાર છે. તેનો આશ્રય શરીર છે (એટલે કે શરીરથી જન્ય ગમનાદિ કર્મ છેએ હિતાહિતપ્રાપ્તિપરિહારાર્થા ક્રિયાના કારણભૂત એવા શરીરજન્ય જે જ્ઞાનાદિ છે, તેનું જનક પણ ગમનાદિ કર્મ છે; દેરાસર ગયા તો મૂર્તિનો સાક્ષાત્કાર થયો તો પછી તેને નમવાનું મન થયું. એટલે ગમનાદિ વિના આવું જ્ઞાન સંભવતું નથી. એટલે શરીરથી દેરાસર જવાનું કર્મ પેદા થયું અને તેનાથી મૂર્તિપ્રત્યક્ષાત્મક જ્ઞાન થયું એટલે શરીરજન્ય જ્ઞાનનું પણ ગમનાદિકર્મ જનક બન્યું. માટે તે વ્યાપાર કહેવાય, તેનો આશ્રય શરીર છે. એટલે શરીરમાં અતિવ્યાપ્તિ આવે. પણ કાર્યતાવચ્છેદિકા જાતિ ચાક્ષુષત્વાદિ નવ છે. અનુભવની વ્યાપ્ય જાતિ ચાક્ષુષત્વ વિ. છે તેનાથી અવચ્છિન્ન માત્ર ચાક્ષુષ વિ. નવમાં રહેલી કાર્યતા છે.

શરીર જન્યજ્ઞાન પ્રત્યે સાધારણ કારણ છે. પણ ચક્ષુ જ્યાં સુધી કારણ ન બને ત્યાં સુધી ચાક્ષુષ પ્રત્યક્ષ ન થાય માટે ચાક્ષુષ નિષ્ઠ કાર્યતા નિરૂપિત કારણતાનો આશ્રય તો ચક્ષુ જ બને માટે તે જ ચાક્ષુષનું પ્રમાણ કહેવાય શરીરાદિ નહિ-એમ અન્યમાં સમજી લેવું. જ્યારે શરીરાવચ્છિન્ન જન્ય ઈચ્છાદિ અન્યકાર્યમાં રહેલી કાર્યતા છે તેમાથી નિરૂપતિ કારણતા પણ શરીરમાં છે. એટલે અનુભવત્વ વ્યાપ્ય જાતિથી અવચ્છિન્ન કાર્યતા નિરૂપિત કારણતા ચક્ષુ વિ. નવમાં જ છે માટે તે જ પ્રમાણ બનશે પણ શરીર.નહિ બને, કેમ કે અતિરિક્ત આશ્રય શરીર બનતું હોવાથી અનુભવત્વવ્યાપ્યજાત્યવચ્છિન્નકાર્યતાનિરૂપિતાકરણતાનો આશ્રય શરીર ન કહેવાય.

(અન્યૂનાતિરિક્તિ ધર્મ જ અવચ્છેદક બને છે માટે) ચાક્ષુષત્વ વગેરે નવ જાતિઓને આશ્રયી(અવચ્છેદક થવાથી) અવચ્છેદિકા જાતિ આટલી જ છે. આ એટલે કે કરણભૂત ચક્ષુરાદિ નવ પ્રમાણોની કાર્યરૂપ ચાક્ષુષત્વાદિ નવજાતિઓ છે. શબ્દાદિનો સાક્ષાત્ અનુભવ = જ્ઞાનમાં જેમ ઈન્દ્રિયાર્થ સંનિકર્ષ કારણ છે, તેમ મન-ઈન્દ્રિયસંનિકર્ષ પણ કારણ છે. (જનન = જનક અર્થમાં છે ''નન્દાદિભ્યોઽનઃ'' (૫/૧/૫૨) સિ.હે. સૂત્રથી કર્તામાં અન પ્રત્યય છે. અથવા ભાવ અર્થમાં અનટ્) પ્રથમ આત્માનો મન સાથે સંયોગ પછી મનનો ઈન્દ્રિય સાથે, તે પછી ઈંદ્રિયનો અર્થ સાથે સંયોગ થાય ત્યારે પ્રત્યક્ષ થાય છે. આ અપેક્ષાએ મન-ઈંદ્રિયસંયોગ પણ કારણ કહેવાય.

शब्दादिसाक्षात्कारजनने श्रोत्रस्य श्रोत्रमनः संयोगो व्यापारः । शब्दात्यन्ताभावज्ञाने[1] च स एव व्यापारः, शब्दस्य श्रोत्रशष्कुलीसंयोगश्च व्यापारः । सविकल्पके निर्विकल्पकमपिद्वारमिति । गोलकाद्यधिष्ठाने नातिव्याप्तिः; तस्येन्द्रियाधिष्ठानत्वेन कारणत्वात् ।

શબ્દાદિ સાક્ષાત્કાર કરવામાં શ્રોત્રરૂપકરણનો શ્રોત્રમનઃસંયોગ વ્યાપાર થયો. (શ્રોત્ર = કરણ તેનાથી જન્ય શ્રોત્રમનઃસંયોગ છે, અને કર્ણ જન્ય શબ્દ સાક્ષાત્કાર તેનો જનક પણ શ્રોત્રમનસંયોગ છે માટે) અને તેવી જ રીતે શબ્દાત્યંતાભાવના પ્રત્યક્ષમાં પણ તે જ વ્યાપાર બને છે. કારણ કે જે ગુણ જે ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોય તેની જાતિ/તેમાં રહેલી જાતિ અને તેનો અભાવ પણ તે ઈન્દ્રિય ગ્રાહ્ય બને છે. અને શબ્દને કરણરૂપે લઈએ ત્યારે કર્ણ શષ્કુલી (પોલાણ) સાથેકર્ણનો સંયોગ વ્યાપાર બને. કર્ણવિવરમાં શબ્દ સમવાયસંબંધથી વીચિતરંગન્યાયના[2] અનુસારે ઉત્પન્ન થાય છે, ત્યારે કર્ણ અને કર્ણવિવરનો સંયોગ થાય છે, એટલે આ સંયોગ શબ્દથીજન્ય થયો અને શબ્દજન્ય શબ્દસાક્ષાત્કારનો કર્ણ-કર્ણવિવરસંયોગ જનક પણ છે, માટે તાદશસંયોગ વ્યાપારરૂપ બને. ઈન્દ્રિય વિ.થી પ્રથમ નિર્વિકલ્પક જ્ઞાન ઉત્પન્ન થાય. તેનાથી સવિકલ્પક જ્ઞાન. એટલે ઈન્દ્રિયથી જન્ય છે. અને ઈન્દ્રિય જન્ય સવિકલ્પજ્ઞાનનું નિર્વિકલ્પક જ્ઞાન જનક હોવાથી વ્યાપાર રૂપ બને છે.

પદાર્થ સાથેનો સંનિકર્ષ ઈન્દ્રિય જન્ય હોવાથી ગોલકાદિથી જન્ય કોઈ વ્યાપાર નથી. એટલે કે ચક્ષુ વિ. ઈન્દ્રિયનું અધિષ્ઠાન માત્ર બનતું હોવાથી ગોકલાદિને કારણ કહેવાય. જેમ ચક્ર ભ્રમિક્રિયાનું અધિષ્ઠાને છે - આધાર છે પણ ભ્રમિનું જનક ન હોવાથી ચક્રને કારણ કહેવાય પણ કરણ નહી. એથી કરીને ગોલકાદિને કરણ માનવાની આપત્તિ આવતી નથી.

न चालोकादावतिव्याप्तिः, तादृशकार्यताप्रतियोगिकारणत्वाभावात् तमोविषयकचाक्षुषज्ञाने तद्व्यभिचारात् । अस्यार्थः- अनुभवत्वव्याप्यजात्यऽवच्छिन्ना मर्यादीकृता या कार्यता तया निरुपिता कारणता तस्याः आश्रयत्वमित्यर्थः ।

१. (જ્ઞાનજનને L.D.) ૨. તરંગની જેમ એક દિશામાં જ શબ્દોની ઉત્પત્તિ થાય છે, એમ નૈયાયિક માને છે. (વક્તાની સામેની દિશામાં ભાષાવર્ગણા લોકાન્ત સુધી જાય છે. પછી અન્યભાષાવર્ગણાને વાસિતકરીને ત્રણ સમયમાં ૧૪ રાજ લોકમાં ફેલાય છે. જૈના :)

अपरेतु अनुभवत्वसाक्षाद्व्याप्यजातिमदेकजातीयजन्यसकलज्ञानमात्रवृत्तिकार्यतानिरूपतिकारणताश्रयत्वे सति तद्यथार्थकरणत्वं प्रमाणत्वमित्याहुः । अस्यार्थ अनुभवत्वस्य या साक्षाद्व्याप्यजातिस्तद्वत् एकजातीयं सज्जन्यसकलज्ञानमात्रं तद्वृत्तिकार्यता तया निरुपिता कारणता तस्या आश्रयत्वे सति तद्यथार्थकरणत्वं तादृश यथार्थज्ञानकरणमित्यर्थः । पदकृत्यानि तद्यथार्थकरणत्वं प्रमाणत्वमित्युक्ते आत्मादावतिव्याप्तिः, तन्निरासाय ज्ञानेत्यारभ्य सत्यन्तं पदं देयं[1] तथा च जन्यात्मविशेषगुणनिष्ठकार्यतानिरुपित कारणताश्रयत्वादतिव्याप्तिर्ध्वस्ता।

શંકાકાર :- આલોકાદિ કારણ બને ત્યારે ચાક્ષુષ પ્રત્યક્ષ થતું હોવાથી આલોકાદિને કરણ માનવાની આપત્તિ આવશે.

ઉત્તરપક્ષ :- (સમાધાન) અંધકારના ચાક્ષુષ પ્રત્યક્ષ થવામાં આલોકાદિની જરૂર નથી, માટે વ્યભિચાર આવતો હોવાથી અનુભવત્વ વ્યાપ્ય જાત્યવચ્છિન્ન કાર્યતા નિરૂપિત (પ્રતિયોગી ?) કારણતાનો આલોકમાં અભાવ છે. તેથી અતિવ્યાપ્તિ નથી. જ્યારે આંખની તો બધા ચાક્ષુષ પ્રત્યક્ષમાં જરૂર પડે છે. આ લક્ષણનો અર્થ એમ થયો કે અનુભવત્વ વ્યાપ્યજાતિથી અવચ્છિન્ન-મર્યાદિત કરાયેલી (એટલે તેનાં સિવાયની અન્યકાર્યતા અહીં લેવાની નથી) જે કાર્યતા તેનાથી ઓળખાયેલી કારણતા તેનો આશ્રય.

બીજાઓ-અનુભવત્વની સાક્ષાત્વ્યાપ્ય પ્રત્યક્ષત્વ વિ., તેવી જાતિવાળું જે એક જાતીય=(ચાક્ષુષત્વ) તેના સંબંધી જન્ય બધું (ચાક્ષુષ) તે જ્ઞાનમાં રહેનારી કાર્યતા તેનાથી ઓળખાયેલી કારણતાનો જે આશ્રય હોય તેમજ તેવાં યથાર્થ જ્ઞાનનું કરણ હોય તે પ્રમાણ.તેવી કારણતા ચક્ષુમાં રહેલી છે માટે તે કરણ બનશે.

પદકૃત્ય :- તદ્ યથાર્થ (જ્ઞાન) નું કરણત્વં, એટલું મૂક્યું હોય તો આત્માદિમાં અતિવ્યાપ્તિ આવે, કારણ કે આત્મા જ્ઞાન માટેનું સાધકતમ કારણ છે. તેના નિરાસ માટે જ્ઞાનથી માંડી "આશ્રયત્વે સતિ" સુધીનું પદ મૂકવામાં આવ્યું છે. એટલે આત્મા તો જન્ય આત્મવિશેષગુણ બુદ્ધિ સુખ વિગેરેમાં રહેલી કાર્યતા નિરૂપિત કારણતાનો આશ્રય છે, માત્ર જ્ઞાનનો નહિ માટે અતિવ્યાપ્તિ

---

૧. (ज्ञेयं L.D.)

નાશ પામી જાય છે.

ताक्त्युक्ते घटेऽतिव्याप्तिस्तद्वारणाय सकलेति । तावत्युक्तेत्वसम्भवः स्याद्तद्वारणाय एकजातीयेति तथापि ज्ञानत्वजात्या एकजातीयसकलजन्य-ज्ञानमात्रवृत्तिकार्यतानिरुपितकारणताश्रयत्वं चक्षुरादौ नास्ति । अनुमित्यादा-वकारणत्वादत आह । अनुभवत्वसाक्षाद्व्याप्यजातिमदिति । साक्षादिति अनु-भवत्वव्याप्यमनुभवत्वमादाय असम्भववारणाय, तेन च भेदगर्भव्याप्यतालाभा-न्नदोषः ।

આટલું કહેતાં ઘડામાં અતિવ્યાપ્તિ આવે, કારણ ઘટ વિષયક જ્ઞાન ઘડાથી જ થઈ શકે. પરંતુ સકલ પદ મૂકવાથી અતિવ્યાપ્તિ દૂર હટી જાય છે. કારણ કે તે સર્વજ્ઞાનનું કારણ નથી; એટલું કહીએ તો અસંભવ દોષ થશે, કારણ કે સર્વજ્ઞાન માત્રમાં રહેલી કાર્યતાથી નિરૂપિત કારણતા કોઈમાં પણ સંભવતી નથી. ચક્ષુ હોય તો ચાક્ષુષનું કારણ. અને ઉપમાન હોય તો ઉપમિતિનું કારણ છે પણ એવો કોઈ પદાર્થ નથી જે બધા જ જ્ઞાનનું કારણ/હોય/તેનાં વારણ માટે એક જાતીય પદ મૂકયું. એક જાતિનું જ્ઞાન તેમાં રહેલી કાર્યતા નિરૂપિત કારણતા તો સંભવી શકે. પણ તેનો આશ્રય આંખ વિ. બનતા નથી. કારણ કે જ્ઞાનત્વ જાતિની એક જાતિ અનુમિતિત્વ/ઉપમિતિત્વ વિ. તેના તો આંખ વિ. કારણ બનતા નથી, માટે અનુભવત્વની સાક્ષાદ્ વ્યાપ્યજાતિવાળું એમ કહ્યું છે. ચાક્ષુષત્વ વગેરે (પ્રત્યક્ષ નામના) અનુભવની વ્યાપ્ય જાતિ તો છે, તેથી તેનાં કારણ રૂપે ચક્ષુ વગેરે લઈ શકાશે.

જો અહીં સાક્ષાદ્ પદ ન મૂકીએ તો અનુભવત્વની વ્યાપ્યજાતિ અનુભવત્વ પણ છે/થશે. यत्र यत्र अनुभवत्व तत्र तत्र अनुभवत्व એમાં यत्र શબ્દથી પકડાયેલ અનુભવત્વ तत्र શબ્દથી પકડાયેલ અનુભવત્વનું વ્યાપ્ય બન્યું,જેમ વહ્નિવ્યાપ્યધૂમ બને છે तदन्यावृत्तित्वं व्याप्यत्वं, तद् અનુભવત્વ તેનાથી અન્ય ઘટાદિ તેમાં અનુભવત્વ વૃત્તિ નથી, માટે અનુભવત્વવ્યાપ્યઅનુભવત્વ બની જશે. તેને લઈ તો પાછો અસંભવ દોષ આવે. કારણ કે અનુભવસામાન્યનું કોઈ એક કારણ છે જ નહીં, સાક્ષાત્ પદથી ભેદગર્ભ વ્યાપ્યતાનો લાભ થતો હોવાથી દોષ નહીં આવે. "यत्समानाधिकरणे सति यत्समानाधिकरणा-

ન્યોન્યાભાવપ્રતિયોગિતા યેનાવચ્છિદ્યતે તત્ તસ્ય વ્યાપ્યમ્'' આ ભેદ ગર્ભિત વ્યાપ્ય લક્ષણ છે. (જે ધર્મ) જેનો સમાનાધિકરણ હોતે છતે જેના અધિકરણમાં જે ભેદ રહેતો હોય તે ભેદની પ્રતિયોગિતા જેનાથી અવચ્છિન્ન બને, તે ધર્મ તેનો વ્યાપ્ય કહેવાય.

ननु साक्षाद्व्याप्यजातयः कतिः, तथाहि - अनुभवत्वस्य व्याप्यजातयो नव भवन्ति तथा चाक्षुषत्व, (१) रासनत्व (२) घ्राणीयत्व (३) स्पार्शनत्व (४) श्रावणत्व (५) मानसत्व (६) अनुमितित्वो (७) पमितित्व (८) शाब्दत्वलक्षणाः। (९) अनुभवत्वस्य साक्षाद्व्याप्यजातयश्चतस्रो भवन्ति, यथा प्रत्यक्षत्वानुमितित्वोपमितित्वशाब्दत्वलक्षणा इति। ननु साक्षाद् व्याप्यत्वं नाम किं ? तद्व्याप्यजात्यव्याप्यत्वे सति तद्व्याप्यत्वं साक्षाद्व्याप्यत्वमिति। तच्छब्देनानुभवत्वं तस्य व्याप्यजातिरनुमितित्वादि तस्याव्याप्यं प्रत्यक्षत्वं तस्मिन् सति पुनस्तच्छब्देनानुभवत्वं तस्य व्याप्यं प्रत्यक्षत्वमेतावता प्रत्यक्षत्वमनुभवत्वस्य साक्षाद् व्याप्यत्वमिति। जातिपदं द्रव्यत्वस्य गुणवत्त्वं साक्षाद्व्याप्यमिति निराकरणार्थमिति।

પ્રમાણની વ્યાપ્યજાતિ

અનુભવત્વાધિકરણવૃત્તિભેદીયપ્રતિયોગિતા અનુભવત્વવદ્માં ન જવાથી (અનુભવત્વનું અધિકરણ અનુભવ બને તેમાં' અનુભવત્વવદ્ ન'' એવો ભેદ મળતો નથી. માટે અનુભવત્વવદ્ ભેદીય પ્રતિયોગી ન બને) પ્રકૃતલક્ષણ અનુભવત્વમાં ન જવાથી અનુભવત્વ સાક્ષાદ્ વ્યાપ્ય નં બનવાથી અસંભવદોષનું વારણ થઈ જશે. પ્રત્યક્ષત્વધર્મ યત્ = અનુભવત્વનાં અધિકરણપ્રત્યક્ષમાં રહેવાની સાથે યત્ = અનુભવત્વનું અધિકરણ અનુમિતિ પણ છે તેમાં ''પ્રત્યક્ષંન'' એવો ભેદ મળે છે, તેથી ભેદીયપ્રતિયોગિતા પ્રત્યક્ષત્વથી અવચ્છિન્ન બને તે જ પ્રત્યક્ષત્વ (=ચાક્ષુષજ્ઞાન) અનુભવત્વ વ્યાપ્યજાતિ બનશે. ['યત્સમાનાધિકરણે સતિ' આ પદ ન મૂકીએ તો અનુભવત્વનું અધિકરણ અનુમિતિમાં પ્રત્યક્ષત્વંન' આવો ભેદ મળે છે, તેમ ''ઘટો ન'' ભેદ પણ રહેવાથી અનુભવત્વ અને ઘટભેદ સમાનાધિકરણ બને છે. તેથી ઘટત્વ પણ અનુભવત્વની વ્યાપ્યજાતિ

બની જશે. પણ હવે ઘટત્વ ધર્મ યત્ = અનુભવત્વના અધિકરણ પ્રત્યક્ષ વિ.માં રહેનાર ન હોવાથી તેને ન પકડાય.] એવા ચાક્ષુષ જ્ઞ નમાં રહેલી કાર્યતાથી નિરૂપિત કારણતા ચક્ષુ વિગેરેમાં છે. હવે કોઈ દોષ નહિ. અનુભવત્વની વ્યાપ્ય જાતિ ચાક્ષુષત્વ વિગેરે નવ છે. અનુભવત્વની સાક્ષાદ્ વ્યાપ્ય જાતિ ચાર છે.

તેની વ્યાપ્ય જાતિનું જે વ્યાપ્ય ન હોય તેમજ તેનું વ્યાપ્ય હોય તે સાક્ષાદ્ વ્યાપ્ય કહેવાય. અહીં તત્ શબ્દથી અનુભવત્વ લઈએ તેની વ્યાપ્ય જાતિ અનુમિતિત્વ તેનું પ્રત્યક્ષત્વ વ્યાપ્ય નથી, કારણ કે તદન્ય - અનુમિતિથી અન્ય જે પ્રત્યક્ષ તેમાં પ્રત્યક્ષત્વની વૃત્તિ છે અને વળી અનુભવત્વનું પ્રત્યક્ષત્વ વ્યાપ્ય છે માટે પ્રત્યક્ષત્વ સાક્ષાદ્ વ્યાપ્ય થયું. જાતિ પદ ગુણવત્ત્વને દ્રવ્યત્વનું સાક્ષાદ્ વ્યાપ્ય નિરાકરણ માટે છે. દ્રવ્યત્વ તેની વ્યાપ્ય જાતિ પૃથ્વીત્વ તેનું અવ્યાપ્ય ગુણવત્ત્વ નથી, કારણ કે ગુણવત્ત્વ પૃથ્વીત્વનો સમાનાધિકરણ ધર્મ છે, તેમજ કાર્યાત્મક પ્રથમ ક્ષણીય પૃથ્વીમાં "ગુણવાન્ ન" આવો ભેદ મળે છે, તે ભેદીય પ્રતિયોગિતાનો અવચ્છેદક પણ છે. એટલે ન્યૂનવૃત્તિ થવાથી વ્યાપ્ય જ છે. નહિ તો = જાતિપદ ન મૂકીએ તો ક્રિયાશ્રયત્વધર્મ પણ પકડી શકાય અને ક્રિયાશ્રયત્વ ધર્મ દ્રવ્યત્વનો વ્યાપ્ય તો છે. ગુણવત્ત્વ ધર્મ ક્રિયાશ્રયત્વથી અધિક-ભિન્ન દેશમાં પણ વૃત્તિ હોવાથી ક્રિયાશ્રયત્વનો વ્યાપ્ય નથી બનતો. કારણ કે આત્મા/આકાશ વિ. માં ગુણવત્ત્વ તો છે પણ ક્રિયાશ્રયત્વ નથી. અને દ્રવ્યત્વનું વ્યાપ્ય તો છે. (પ્રથમક્ષણે ગુણવત્ત્વાભાવાત્) દ્રવ્યત્વથી અન્યમાં તેની વૃત્તિ નથી માટે ગુણવત્ત્વને દ્રવ્યનું સાક્ષાત્ વ્યાપ્ય માનવાની આપત્તિ આવે, પણ જાતિપદ મૂકવાથી ક્રિયાશ્રયત્વધર્મ નહિં પકડાય અને તેથી ગુણવત્ત્વ સાક્ષાત્વ્યાપ્ય નહિં બને. એટલે કે ક્રિયાશ્રયત્વના અધિકરણમાં "ગુણવાન્ ન" આવો ભેદ જ મળતો નથી.

વ્યાપ્યસ્ય વચનં પૂર્વં વ્યાપકસ્ય તતઃ પરં । અલ્પવૃત્તિવ્યાપ્યં બહુવૃત્તિ-વ્યાપકમિતિ વચનાત્ યત્ર૨ પ્રત્યક્ષત્વં તત્ર૨ અનુભવત્વં ન તુ યત્ર૨ અનુભવત્વં તત્ર૨ પ્રત્યક્ષત્વં અનુમિતૌ વ્યભિચારાત્, કથં તત્રાનુભવત્વં વર્તતે, ચાક્ષુષત્વં નાસ્તીતિ એવં યત્ર૨ અનુમાનત્વં તત્ર૨ અનુભવત્વં ન તુ યત્ર૨ અનુભવત્વં તત્ર૨ અનુમિતિત્વં પ્રત્યક્ષે વ્યભિચારાત્ ઇત્યાદિ યત્ર૨ ચાક્ષુષત્વં તત્ર૨ અનુભવત્વં નતુ યત્ર૨ અનુભવત્વં તત્ર૨ ચાક્ષુષત્વં ઘ્રાણીયાનુમિત્યાદૌ વ્યભિચારાત્ । તત્રાનુભવત્વં અસ્તિ, પ્રત્યક્ષત્વં નાસ્તીતિ । એવં યત્ર૨ રાસનત્વં તત્ર૨ અનુભવત્વં નતુ યત્ર૨

अनुभवत्वं तत्र२ रासनत्वं, चाक्षुषे व्यभिचारात् इत्यादि । अनुभवत्वस्य प्रत्यक्षत्वादिः साक्षाद्व्याप्यजातिः चाक्षुषत्वादिः प्रत्यक्षत्वस्य व्याप्यजातिः, कथं ? यत्र२ प्रत्यक्षत्वं तत्र२ अनुभवत्वं न तु चाक्षुषत्वं, यत्र२ चाक्षुषत्वं तत्र२ प्रत्यक्षत्वमनुभवत्वं चेत्यादि स्वयमूह्यम्।

વ્યાપ્યને પહેલા મૂકાય છે ત્યાર પછી વ્યાપકને. ''અલ્પમાં રહે તે વ્યાપ્ય અને ઘણામાં/અધિકમાં રહે તે વ્યાપક'' એવું વચન હોવાથી. દા.ત. - જ્યાં પ્રત્યક્ષત્વ હોય ત્યાં ત્યાં અનુભવત્વ હોય પરંતુ જ્યાં જ્યાં અનુભવત્ત્વ હોય ત્યાં ત્યાં પ્રત્યક્ષત્વ નથી હોતું, અનુમિતિમાં વ્યભિચાર આવતો હોવાથી; કારણ કે અનુમિતિમાં અનુભવત્વ છે, પણ પ્રત્યક્ષત્વ/ચાક્ષુષત્વ નથી. એ પ્રમાણે જ્યાં અનુમિતિ છે ત્યાં અનુભવત્વ છે, જ્યાં અનુમાનત્વ છે ત્યાં અનુભવત્વ છે, પરંતુ જ્યાં [૨]અનુભવત્વ છે ત્યાં [૨]અનુમિતિત્વ નથી, પ્રત્યક્ષમાં વ્યભિચાર આવતો હોવાથી, ઈત્યાદિ જ્યાં ચાક્ષુષત્વ છે ત્યાં અનુભવત્વ છે, પરંતુ જ્યાં[૨] અનુભવત્વ છે ત્યાં ચાક્ષુષત્વ નથી, ઘ્રાણજન્ય અનુમિતિ વગેરેમાં વ્યભિચાર આવતો હોવાથી, જ્યાં રાસનત્વ છે ત્યાં અનુભવત્વ છે, પરંતુ જ્યાં[૨] અનુભવત્વ છે ત્યાં રાસનત્વ નથી, ચાક્ષુષપ્રત્યક્ષમાં વ્યભિચાર આવતો હોવાથી, ઈત્યાદિ ઘ્રાણજ પ્રત્યક્ષ વગેરેમાં અનુમિતિ ઉપમિતિ શબ્દ નામના અનુભવ વિશેષમાં પણ સમજી લેવું.

અનુભવત્વની પ્રત્યક્ષત્વાદિ સાક્ષાદ્ વ્યાપ્ય જાતિ છે અને ચાક્ષુષત્વ પ્રત્યક્ષત્વની સાક્ષાદ્વ્યાપ્ય જાતિ છે. કારણ કે જ્યાં જ્યાં પ્રત્યક્ષત્વ છે ત્યાં ત્યાં અનુભવત્વ તો છે; પણ ચાક્ષુષત્વ નથી. પણ જ્યાં ચાક્ષુષત્વ છે ત્યાં પ્રત્યક્ષત્વ/અનુભવત્વ છે જ. ઈત્યાદિ જાતે વિચારવું. એવી ગ્રંથકાર ભલામણ કરે છે.

तावत्युक्ते सदोषे चक्षुरादौ अतिव्याप्तिस्तन्निरासाय तद् **यथार्थेति** पदं तावत्युक्ते चक्षुषः सन्निकर्षेऽतिव्याप्तिस्तद्वारणाय करणेति तदर्थश्च व्यापारवत्कारणत्वं, सन्निकर्षे सदोषेन्द्रिये च पूर्वविशेषणेनैवातिव्याप्तिभङ्गात् चरमविशेषणवैयर्थ्यप्रसङ्गादिति ।

प्रमाण लक्षणनुं पदकृत्य

''अनुभवत्व साक्षाद् व्याप्य जातिमद् એક जातिजन्य सकल ज्ञान मात्र वृत्ति कार्यता निरूपित कारणताश्रयत्व'' आटलुं જ કહીએ તો દોષિત નેત્રાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે સદોષ નેત્ર પણ જ્ઞાનનું કારણ તો છે જ તેનાં નિરાસ માટે 'तद्यथार्थ' પદ મૂકવામાં આવ્યું છે. સદોષ નેત્રથી યથાર્થ જ્ઞાન થતું નથી. માટે અતિવ્યાપ્તિ નહિ આવે, પણ નેત્રના સન્નિકર્ષથી તો એકજાતીય યથાર્થ જ્ઞાન થાય છે, માટે તેમાં અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાકરણ માટે કરણપદ ઉમેરવામાં આવ્યું છે. વ્યાપારવાળું જે કારણ તે કરણ કહેવાય તેથી અતિવ્યાપ્તિ નથી. પૂર્વમાં જે ''यथार्थज्ञानकरणत्वे सति व्यापारवत्त्वेसतिं... कारणताश्रयत्वं'' એવું પ્રમાણ લક્ષણ બનાવ્યું છે, તે પછી 'अपरेतु' નું લક્ષણ આપી તેનું પદકૃત્ય આપ્યું, તે પૂર્ણ થયા પછી 'अपरेतु' વાળા પૂર્વલક્ષણમાં દોષ આપે છે - યથાર્થજ્ઞાન કરણત્વેસતિ આ પૂર્વ વિશેષણથી જ સદોષઈંદ્રિયમાં (યથાર્થજ્ઞાનપદથી) અને સન્નિકર્ષમાં (કરણત્વેસતિથી) આવતી અતિવ્યાપ્તિ અટકી જાય છે. તેથી ''व्यापारवत्त्वेसति'' આ ચરમવિશેષણ નકામું છે. (કેમ કે કરણનો અર્થ જ વ્યાપારવત્કારણ છે) એમ અમે (अपरेतु) અમારૂં નિર્દુષ્ટ લક્ષણ બતાવ્યું છે.

ननु प्रमाणमिति कः शब्दार्थः ? प्रमिति प्रमाणमिति वा, प्रमीयते यत् तत्प्रमाणमिति, वा प्रमीयते अस्मिन्नात्मनीति, प्रमाणमिति वा प्रमीयतेऽनेनेति प्रमाणमितिवेत्यादि विकल्पाः सम्भवन्ति । ततश्च प्रथमपक्षे प्रमैव लक्ष्यत्वाक्रान्तत्वेन प्रमाणं (स्यात्); द्वितीयपक्षे प्रमाकर्म घटादि प्रमाणं स्याद्, तृतीयपक्षे अधिकरणव्युत्पत्तिरपि निरस्ता, प्रमातुरपि प्रमाणत्वप्रसङ्गात्, तेन प्रमाता प्रमाणं न भवतीत्यर्थः; चतुर्थपक्षे प्रमाकरणं प्रमाकरणमित्यऽनन्वयदोषःस्यात्, कथम् ? इति चेत्, शृणु ! प्रमाकरणप्रमाकरणयोः, कोऽन्वयः-सम्बन्धः ? विशेषणविशेष्यभावो वा वाच्यवाचकभावो वा व्याप्यव्यापकभावो वेत्यादि दूषणान्यपि सम्भवन्तीति चेन्न, प्रमाकरणं प्रमाणपदवाच्यं इत्यर्थस्य क्रियमाणत्वात्

प्रमाणपदमिह च यौगिकमित्यवधेयं न चेश्वरेऽव्याप्तिरिति वाच्यं, तस्याऽलक्ष्यत्वादिति ।

શંકાકાર :- પ્રમાણ શબ્દનો શો અર્થ છે ? પ્રમિતિ- જાણવું તે પ્રમાણં એમ ભાવવાચક છે ? જે જણાય તે પ્રમાણ (કર્મવાચક) ? જેમાં (આત્મામાં) જણાય તે (અધિકરણવાચક) ? જેનાં વડે જણાય તે (કરણવાચક) ? ઈત્યાદિ વિકલ્પ સંભવી શકે છે. (કારણ કે આ બધા અર્થમાં અનટ્ પ્રત્યય લાગે છે) તેમાં પહેલો પક્ષ માનવા જતા પ્રમા જ લક્ષ્યથી ઘેરાયી જવાથી પ્રમાણ બની જશે. બીજા પક્ષમાં પ્રમાના કર્મ ઘટાદિ પ્રમાણ બની જશે. ત્રીજા પક્ષમાં 'પ્રમાતા પણ પ્રમાણ તરીકે બની જવાની આપત્તિ આવે. ચોથા પક્ષમાં અનન્વય દોષ આવે. કારણ કે લક્ષણ ભાગ પ્રમાકરણં'' છે. લક્ષ્યભૂત પ્રમાણનો અર્થ પણ પ્રમાકરણં છે. પ્રમાકરણં-પ્રમાકરણ ઘટ- ઘટનો કોઈ સંબંધ જ બેસતો નથી. કારણ કે પ્રમાકરણં પ્રમાકરણં વચ્ચે કયો સંબંધ છે ? શું વિશેષણવિશેષ્યભાવ સંબંધ છે ? સમાન સ્વરૂપમાં વિશેષણવિશેષ્યભાવ, વાચ્યવાચકભાવ, વ્યાપ્ય-વ્યાપકભાવ વિગેરે ન સંભવે.

સમાધાન :- એવું નથી. પ્રમાનું કરણ પ્રમાણપદથી વાચ્ય છે, એવો અર્થ કરાતો હોવાથી; પ્રમાણપદ અહીં યૌગિક છે. એમ સમજવું.

શંકાકાર :- ઈશ્વરને જે જ્ઞાન થાય છે, તેમાં ઈશ્વર સ્વયંસાક્ષાત્ જ્ઞાન કરે છે પણ તેમાં ચક્ષુરાદિની જરૂર નથી. એટલે ઈશ્વરજ્ઞાનનું ઈશ્વર જ પ્રમાણ(કરણ) છે, પણ તેમાં ઉપરોક્ત લક્ષણ તો ઘટી શકતું નથી. કારણ કે અનુભવત્વ વ્યાપ્યજાતિ નિષ્ઠ કાર્યતા નિરૂપિત કારણતા ચક્ષુરાદિમાં છે, ઈશ્વરમાં નથી.

સમાધાન :- ઈશ્વર જ્ઞાનની વાત અહીં લેવાની ન હોવાથી, એટલે ઈશ્વરજ્ઞાન લક્ષ્ય બનતું ન હોવાથી અવ્યાપ્તિનો સવાલ જ નથી.

(૬) (कारणलक्षणम्)

ननु साधकं कारणमिति पर्यायस्तदेव न ज्ञायते, किं तत् कारणमिति । उच्यते । यस्य कार्यात् पूर्वभावो नियतोऽनन्यथासिद्धश्च तत्कारणम् । तथा तन्तुवेमादिकं पटस्य कारणम् ।

यद्यपि पटोत्पत्तौ दैवादागतस्य रासभादेः पूर्वभावो विद्यते तथापि नासौ नियतः। तन्तुरूपस्य तु नियतः पूर्वभावोऽस्त्येव, किंत्वन्यथासिद्धः।

ननु लक्षणेन किं क्रियते ? इतरभेदः साध्यते, तथा प्रमाणमितरेभ्यो भिद्यते प्रमाकरणत्वात् यन्नैवं तन्नैवं यथा प्रमाणाभासादिः, प्रमाकरणमितरेभ्यो भिद्यते प्रमाकरणत्वात्, तदपीतरेभ्यो भिद्यते तत्करणत्वादित्यत्रानवस्थापि न दोषाय प्रामाणिकत्वात्, इति यथार्थेति। अनुभव प्रमा इत्युक्ते अयथार्थानुभवेऽतिव्याप्तिस्तन्निरसाय यथार्थेति, तावत्युक्ते स्मृतावतिव्याप्तिः। तन्निरासायानुभवेति, अतिशयितमिति। ननु अतिशयितत्वं नाम किं व्यापारवत्त्वं वा, उत्कृष्टत्वं वा, असाधारणत्वं वा क्रियायोगरहितत्वं वा अन्यद्वा ?। नाद्यः कल्पः सुन्दरः, घटादावतिव्याप्तेस्तस्यापि व्यापारवत्त्वात्; अत एव न द्वितीयोऽपि उत्कृष्टत्वे विशेषाभावात्, नापि तुर्यः क्रियाऽयोगव्यवच्छेदेन फलसम्बन्धित्वेन च घटादावतिव्याप्तेः, नापि पञ्चमः पक्षस्त्वच्चुरस्तदप्रतिपादनात्।

शंकाकार :- लक्षणथी शुं करायछे ?

समाधान :- ईतरभेद सिद्ध करायछे. दा.त. "प्रमाणु ईतरथी भिन्न छे, प्रमानुं करणु होवाथी' જે પ્રમાનું કરણ નથી, તે પ્રમાણ નથી, જેમ કે - પ્રમાણાભાસ. એ પ્રમાણે પ્રમાકરણ અન્યથી અલગ છે, પ્રમાનું કરણ હોવાથી....

शंकाकार :- પ્રમાણ પણ પ્રમાકરણ છે, તે જ લક્ષાણ છે, એટલે તેને પણ ઈતર ભિન્ન તરીકે સિદ્ધ કરવું પડશે. ત્યારે પણ પુનઃ પ્રમાકરણ જ લક્ષણાત્મક હેતુ મૂકવો પડશે. એમ પુનઃ પુનઃ સિદ્ધ કરવા સ્વરૂપ અનવસ્થા આવે.

समाधान :- પણ તે પ્રામાણિક (પ્રમાણ પ્રમાનું જ કરાણ હોય છે, એ સો ટકા સાચી વાત છે) હોવાથી દોષરૂપ નથી. અનુભવ પ્રમા એમ કહીએ તો અયથાર્થઅનુભવમાં અતિવ્યાપ્તિ થાય. તેનાં નિરાસ માટે યથાર્થ પદ મૂક્યું છે. અને માત્ર યથાર્થ પ્રમા એમ કહીએ તો સ્મૃતિ પણ યથાર્થ છે. તેનાં નિરાસ માટે અનુભવ પદ મૂકેલ છે.

શંકાકાર :- 'અતિશયિતં સાધકં કરણં.' આમ જે કહ્યું છે તેમાં અતિશયિત્વ એટલે શું ?

વ્યાપારવાળું હોવું, ઉત્કૃષ્ટ હોવું, અસાધારણ હોવું ક્રિયાયોગ વગરનું ન હોવું કે બીજું કંઈ છે ? તેમાં પહેલો કલ્પ તો સુંદર નથી. ઘડા વિગેરેમાં અતિવ્યાપ્તિ આવે, કારણ કે તે પણ વ્યાપારવાળો છે. એથી બીજો પક્ષ પણ સુંદર નથી કારણ કે ઘડો કદમાં નાનો હોય તો જલાહરણનું કારણ ન બને અને કદમાં મોટો હોય (ઉત્કૃષ્ટ હોય) તો જ જલાહરણમાં કારણ બને એવું તો નથી. તેથી કારણ બનવા-ન બનવા અંગે ઉત્કૃષ્ટત્વમાં કોઈ વિશેષ નથી.

તાત્પર્ય એ છે કે... ઘડામાં જે કદમાં સહુથી મોટો હોય તેમાં ઉત્કૃષ્ટત્વ રહેશે પણ તેમાં અન્ય ઘડાઓ કરતા કોઈ વિશેષતા નથી આવતી, તેથી ઘડામાં અતિશાયિત્વ નહીં આવે અને ઉત્કૃષ્ટત્વ આવી જશે તેથી ઉત્કૃષ્ટત્વ ઘડામાં અતિવ્યાપ્ત બનશે. તેથી બીજો વિકલ્પ બરાબર નથી. ચોથો પક્ષ બરાબર નથી, કારણ કે ઘડામાં પણ ક્રિયાને અયોગ નથી. એટલે ક્રિયાના યોગથી ફળ સંબંધિતા આવવાથી તેમાં (ઘડામાં) કરણત્વની આપત્તિ આવશે. માટે ઘડામાં અતિવ્યાપ્તિ આવે. પાંચમો પક્ષ પણ સુંદર નથી, કારણ કે તે પક્ષ ક્યો છે ? તેનું પ્રતિપાદન જ કરવામાં આવ્યું નથી. (કોઈ પણ વસ્તુ સારી-નરસી છે તેનો ખ્યાલ તેને દેખાડવાથી-સ્વરૂપ કહેવાથી જ સંભવી શકે)

पटरूपजननोपक्षीणत्वात् । पटं प्रत्यपि कारणत्वे कल्पनागौरव-प्रसङ्गात् ।

तेनानन्यथासिद्धनियतपूर्वभावित्वं कारणत्वम् । अनन्यथासिद्धनियतप-श्चाद्भावित्वं कार्यत्वम् ।

तृतीयपक्षो न्याय्य एव अतिशयवत् कारणमित्यत आह यस्येति कारणं कर्तर्यनटिवृद्धौ च सिद्धं । यस्य कार्यात् पूर्वभावस्तत्कारणमित्युक्ते दैवादागतरा-सभादावतिव्याप्तिस्तन्निरासाय **नियतेति** तावत्युक्ते तन्तुरुपादावतिव्याप्ति-स्तन्निरासाय **अनन्यथासिद्धेति** -

तत्रान्यथासिद्धिस्त्रिधा, तथाहि यं पुरस्कृत्य यस्य पूर्वभावो ऽवगम्यत

तत्तेन अन्यथासिद्धं, यथा यं तन्तुं पुरस्कृत्य यस्य तन्तुरूपस्य पूर्वभावोऽवगम्यते तत्तन्तुरुपं तेन तन्तुना कृत्वा अन्यथासिद्धं । तन्तुरूपादिगुणः तन्त्वादिनाऽन्यथासिद्धेः । न चेन्द्रियार्थसन्निकर्षं पुरस्कृत्येन्द्रियस्य पूर्ववर्त्तिताऽवगम्यते इत्यतिप्रसक्तिरिति वाच्यं. विनिगमनाविरहातिरिक्तस्थले इत्यस्य विशेषणस्य बोध्यत्वात्, विशेषनिर्द्धारकप्रमाणाभावो विनिगमना (विरह) इति ? गुणान्यथासिद्धिः ॥१॥

ત્રીજો પક્ષ યુક્તિ યુક્ત જ છે. અતિશયવાળું કારણ તે કરણ. માટે કારણનું સ્વરૂપ દર્શવે છે.

(यस्य कार्यात् पूर्वभावो) 'नियतोऽनन्यथा सिद्धश्चतत्कारणम्' करोतीति कारणं કર્તા અર્થમાં અનટ્ પ્રત્યય લાગ્યો અને વૃદ્ધિ થઈ છે. ('कारणम्' ૫-૩-૧૨૭ सिद्धहेम) तत्कारणं એટલું કહીએ તો ઘડો બનતો હોય ત્યાં ભાગ્યયોગે ગધેડો આવી જાય તેમાં અતિવ્યાપ્તિ થાય. તેના નિરાસ માટે नियत પદ મૂક્યું છે, કારણ કે ઘડો બનાવવો હોય તો તેની પૂર્વે ગધેડાની કંઈ જરૂર નથી, એનાં વિના પણ ચાલી શકે છે એથી ગધેડાની नियतवृत्ति નથી. એટલું કહેવા છતાં तन्तुરૂપમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે વસ્ત્ર બનાવવાની પૂર્વે તાંતણા જરૂરી હોય, તો તેની સાથે તેનું રૂપ અવશ્ય રહેવાનું જ છે, તેનાં નિરાસ માટે અન્યથાસિદ્ધ શૂન્ય કહ્યું છે.

अन्यथासिद्धि ત્રણ પ્રકારની છે.

જેને આગળ કરીને જેનો પૂર્વ ભાવ જણાય, તે તેનાથી અન્યથાસિદ્ધ બને છે. દા.ત. તાંતણાને આશ્રયીને જ तन्तुરૂપનો પૂર્વભાવ જણાય છે, માટે तन्तुરૂપ તંતુથી અન્યથાસિદ્ધ બને છે.

શંકાકાર :- ઈન્દ્રિયાર્થ સન્નિકર્ષને આશ્રયી ઈન્દ્રિયનો પૂર્વભાવ જણાય માટે અતિ(ભિ)વ્યાપ્તિ. આવે.

સમાધાન :- વિનિગમના વિરહથી અતિરિક્ત સ્થલ લેવાનું છે, એવું વિશેષણ અહીં (અન્યથા સિદ્ધિના લક્ષણમાં) સમજવું, વિશેષ નિર્ધારક પ્રમાણનો અભાવ તે વિનિગમના વિરહ. વિનિગમના-અન્યતરપક્ષાપતિની યુક્તિ-બે પક્ષમાંથી એક પક્ષને વિશેષ રીતે સિદ્ધ (કરતું પ્રમાણ) કરતી યુક્તિ તે વિનિગમના. અહીં

''नहि व्यापारेण व्यापारिणोऽन्यथासिद्ध'' આ ન્યાયરૂપ પ્રમાણથી ઈન્દ્રિય અન્યથા સિદ્ધ ન બને, કારણ કે ઈન્દ્રિયજન્ય પ્રત્યક્ષાત્મકકાર્ય ઈન્દ્રિયાર્થ સંનિકર્ષજન્ય છે અને પોતે ઈન્દ્રિયથી જન્ય છે. માટે ઈન્દ્રિયાર્થ સંનિકર્ષ વ્યાપાર બને છે અને ઈન્દ્રિય વ્યાપારી. એ પ્રમાણે ગુણઅન્યથા સિદ્ધિ બતાવી. જેમ તંતુ વડે તંતુરૂપાત્મકગુણ અન્યથાસિદ્ધ બને છે.

अन्यत्र क्लृप्तपूर्ववर्त्तिन एव कार्यसम्भवे तत्सहभूतत्वमन्यथासिद्धत्वं । यथा क्लृप्तपूर्ववर्त्तिनो गन्धप्रागभावाद् गन्धसम्भवे रूपप्रागभावस्य तत्सहभूतत्वाद् गन्धेऽन्यथासिद्धत्वं, द्वितीयापि गुणान्यथासिद्धिः ॥२॥ एकं प्रति पूर्ववर्त्तित्वे गृहीते एवापरं प्रति पूर्ववर्तिता गृह्यते स तेनान्यथासिद्धः । यथा शब्दं प्रति आकाशस्य पूर्ववर्त्तित्वे गृहीते एवापरं घटं प्रति पूर्ववर्त्तिता गृह्यते इत्याकाशो घटेऽन्यथासिद्धः, शब्दशरीरादौ तु नाकाशमन्यथासिद्धं तत्राप्याकाशस्याप्यवश्य-कल्प्यमानत्वेनानन्यथासिद्धत्वात्, एवं घटोत्पतौ वीरणादिरन्यथासिद्धम् । इति द्रव्यान्यथासिद्धिः ॥३॥ यमादायैव यस्य पूर्ववर्त्तिता गृह्यते तदन्यथासिद्धम्।

બીજા ઠેકાણે જેની પૂર્વવૃત્તિતા કલ્પાયેલી હોય તેનાથી કાર્ય સંભવતુ હોય તો તેની સાથે રહેનાર અન્યથા સિદ્ધ બને છે.

દા.ત. - કલ્પાયેલી પૂર્વવૃત્તિતાવાળા ગંધપ્રાગભાવથી ગંધ નામનું કાર્ય સંભવે છે. તે વખતે તેની સાથે રૂપપ્રાગભાવ પણ રહે છે, તે ગંધ કાર્ય માટે અન્યથા સિદ્ધ બને. બીજી પણ ગુણ [1]અન્યથાસિદ્ધિ થઈ.

એકને પ્રતિ પૂર્વભાવ ગ્રહણ કરાયે છતે જ જેનો બીજાની પ્રતિ પૂર્વભાવ ગ્રહણ કરાય તે તેના વડે અન્યથાસિદ્ધ બને છે. જેમકે શબ્દની પ્રતિ આકાશની પૂર્વવર્તિતા ગ્રહણ કરાયે છતે - આકાશ શબ્દનું કારણ બને છે. એવું સિદ્ધ થવાથી શબ્દની પૂર્વે આકાશની હયાતી સિદ્ધ થાય છે. એટલે પહેલાં શબ્દના કારણ રૂપેજ આકાશની પ્રસિદ્ધિ થાય છે. પછી સર્વના આધારરૂપે હોવાથી ઘટ બનાવવો હોય તો તેની પૂર્વ આકાશની હયાતી હશે જ એવું જ્ઞાન થાય

૧. અહીં તો પ્રાગભાવ અન્યથાસિદ્ધ બન્યો છે, છતાં ગુણ અન્યથા સિદ્ધિ કેમ કહી, તે વિચારણીય છે.

છે. માટે આકાશ ઘટ કાર્યમાં અન્યથા સિદ્ધ કહેવાય. પરંતુ શબ્દ શરીર વિ.માં આકાશ અન્યથા સિદ્ધ નથી. કારણ કે ત્યાં આકાશની હયાતી આવશ્યક છે. શબ્દ આકાશ વિના સંભવી જ શકતો નથી. (શબ્દ ગુણ હોવાથી આકાશને તેનું સમવાયી કારણ માન્યા વિના છુટકો જ નથી.) અને શરીર તે પંચભૂતાત્મક છે માટે આકાશ વિના શરીર જ બની શકતું ન હોવાથી આકાશની હયાતી પૂરેપૂરી જરૂરી છે. ''સર્વ કાર્ય પ્રત્યે આકાશ જરૂરી છે'', આવું જ્ઞાન લઈને શરીર માટે આકાશને કારણ મનાયું નથી. પરંતુ તેના - શરીરનાં ઘટક તરીકે તેની આવશ્યકતાં ઉભી થયેલી છે.) એ પ્રમાણે ઘટની ઉત્પત્તિમાં વીરણાદિ અન્યથાસિદ્ધ છે. આ દ્રવ્ય અન્યથાસિદ્ધિ થઈ. જેને આશ્રયીને જ જેની પૂર્વવર્તિતા ગ્રહણ કરાતી હોય તે અન્યથા સિદ્ધ બને.

यथा यं दण्डत्वमादायैव दण्डपूर्ववर्त्तिताग्रहे दण्डेन दण्डत्वस्यान्यथासिद्धत्वं दण्डत्वादिधर्मो दण्डेनान्यथासिद्धः । ननु यं पुरस्कृत्येति प्रथमायाश्चतुर्थ्याश्च को भेद ? उच्यते पुरस्कृतत्वं प्राथम्येन क्लृप्तं तथा तन्तोः रूपं तन्तुरूपमत्र तन्तु प्राथम्यं, दण्डत्ववान् दण्डोऽत्र दण्डत्वमवच्छेदकधर्म्मस्ततो धर्मान्यथासिद्धिः ॥४॥ जनकं प्रति पूर्ववर्तित्वे गृहीते एव यत्रान्यं प्रति पूर्ववर्तिताग्रहस्तदन्यथासिद्धम्; यथा कुलालपितृत्वेन कारणतायां वाच्यायां घटजनकं कुलालं प्रति पूर्ववर्त्तित्वे गृहीते एव जन्यघटं प्रति पूर्ववर्तित्वग्रहात् । कुलालजनकपुंस्त्वस्यैव कुलाल पिताऽन्यथासिद्धः । ननु एकं प्रतीति तृतीयायाः पञ्चम्याश्च को भेदः ? उच्यते । तत्र द्रव्यमन्यथासिद्धं अत्र पुंस्त्वमितिभेदः । पुंस्त्वं पुरुषाकारत्वं वीर्यमिति यावत् । अतः कुलालपिता कुलालपुत्रं प्रति पुंस्त्वेनान्यथासिद्धो जन्यघटं प्रति अन्यथासिद्धिः ॥५॥

एतदन्यथासिद्धिद्वयं **बलभद्रपुत्रगोवर्धनकृतगोवर्द्धन्यां** प्रोक्तमस्तीति; एतदन्यथासिद्धिपञ्चकराहित्ये सति नियतपूर्ववर्त्तित्वमेव कारणत्वमिति ।

दा.त. - દંડત્વને આશ્રયી. ''દંડત્વાવચ્છિન્નદંડ'' એ રીતે જ ઘટની પ્રતિ દંડની પૂર્વવર્તિતા ગ્રહણ કરાય છે. માટે દંડથી દંડત્વ અન્યથા સિદ્ધ થાય.

शंकाकार :- પહેલી અને ચોથી અન્યથાસિદ્ધિમાંય પુરસ્કૃત્ય જ આવે છે,

તો પછી બન્નેમાં ભેદ શું ?

સમાધાન :- પુરસ્કૃતત્વ એટલે પ્રાથમ્યથી - પહેલા તરીકે સ્વીકાર, જેમ કે તન્તુનું રૂપ=તંતુરૂપ અહીં તન્તુ પ્રથમ છે. જ્યારે ચોથીમાં દંડત્વવાન્દંડ અહીં દંડત્વમાં દંડ પ્રથમ છે. અહિં દંડત્વ અવચ્છેદક ધર્મ છે તેથી ધર્મ અન્યથાસિદ્ધિ થઈ, પહેલાંમાં ગુણઅન્યથાસિદ્ધિ છે. એજ ફરક છે.

જનક પ્રતિ પૂર્વવર્તિના ગ્રહણ કરાયે છતે જ જેની અન્ય પ્રતિ પૂર્વવર્તિતા ગ્રહણ થતી હોવાથી કુલાલ જનક પુરૂષ- કુંભારના પિતા અન્યથાસિદ્ધ બને છે.

શંકાકાર :- *'એકં પ્રતિ ઈતિ' બન્નેમાં છે, તો ત્રીજી અને પાંચમી વચ્ચે શું ફરક ?*

સમાધાન :- ત્રીજીમાં દ્રવ્ય અન્યથાસિદ્ધિ છે. પાંચમીમાં પુંસ્ત્વં-પુરૂષાકારત્વં-વીર્યને આશ્રયી અન્યથાસિદ્ધિ છે. એથી જ તો જન્યઘટ માટે કુલાલપિતા કુલાલપુત્રને પ્રતિ પુંસ્ત્વેન અન્યથા સિદ્ધ **બલભદ્રના પુત્ર ગોવર્ધને ગોવર્ધની**માં કહેલ છે. ત્રીજી અન્યથા સિદ્ધિ દુષ્ટ કેન્દ્રિત છે, જ્યારે પાંચમી અન્યથા સિદ્ધ દોષ કેન્દ્રિત છે. (જેમ હેતુ અસિદ્ધ કહેવાય અને હેતુમાં અસિદ્ધિ નામનો દોષ કહેવાય તેમ) કહેવાનું તાત્પર્ય એ છે કે પુત્ર પ્રત્યે કુલાલપિતાને અન્યથા સિદ્ધ કહેવાય કારણ કે કુલાલપુત્ર પ્રત્યે માત્ર કુલાલપિતા નહિં. તેનું પુંસ્ત્વ એ ખરૂં કારણ છે. તેથી પુંસ્ત્વેન- 'રૂપેણ કારણેન' કુલાલપિતા પુત્ર પ્રત્યે અન્યથા સિદ્ધ થયા. કારણ કે -

એકં પ્રતિ = પુંસ્ત્વંપ્રતિ-પૂર્વવૃત્તિત્વે ગૃહિતે એવ અન્યં પ્રતિ = કુલાલં પ્રતિ પૂર્વ વર્તિત્વગ્રહાત્ । જન્યઘટ પ્રત્યે પાંચમી અન્યથા સિદ્ધિ મુજબ કુલાલ પિતા અન્યથા સિદ્ધ નથી. પણ પુંસ્ત્વ અન્યથા સિદ્ધ છે. તેથી કુલાલ પિતામાં અન્યથા સિદ્ધિ આવે.

ગ્રન્થાન્તરેઽન્યથાસિદ્ધિસપ્તકમપ્યુક્તમસ્તિ વિસ્તરભયાન્નેહ લિખિતમિતિ બોધ્યમ્ ।

અન્ય ગ્રંથમાં સાત અન્યથાસિદ્ધિ કહી છે. ગ્રંથ મોટો થઈ જાય તેના ભયથી અહીં ગુંથવામાં આવી નથી.

नियतेति -

ननु सामान्यलक्षणमिदं ततश्चनियतपूर्वसत्त्वं वासत्त्वमेव वा वस्तुत्वमेव वा करणत्वमास्तां किं विशेषणेन ?

इति चेत् अनन्यथासिद्धभागस्य पारिमाण्डिल्यादावतिव्याप्तिवारकत्वात्, न च योगिप्रत्यक्षं प्रति तस्य कारणता, योगिप्रत्यक्षस्य योगजधर्मजन्यत्वावच्छेदेन विषयाजन्यत्वात्, षोढासन्निकर्षान्यतमसन्निकर्षजन्यज्ञानत्वावच्छेदेनैव विषय-जन्यत्वाद्विशेषलक्षणमेवेदमिति पारिमाण्डल्यं परमाणुपरिमाणं, परमाणुत्वं धर्मो न जातिरन्त्यकार्ये मेरुसर्षपयोस्तुल्यत्वादित्यर्थः ।

शंकाकार :- આ તો સામાન્ય લક્ષણ છે. તેથી કારણ રૂપે જેનું નિયત પૂર્વ સત્ત્વ હોય તે પદાર્થ અસત્[1] = પ્રાગભાવ-પ્રતિબંધકાભાવરૂપે હોય અથવા આકાશ, માટિ ઈત્યાદિ વસ્તુ રૂપે હોય. અથવા કરણત્વ એટલું જ રહેવા દો વિશેષણની શી જરૂર છે.

समाधान :- પારિમાંલ્યાદિમાં અતિવ્યાપ્તિ વારવા માટે અનન્યથાસિદ્ધ ભાગ મૂકવામાં આવ્યો છે. અનન્યથાસિદ્ધ નિયત પૂર્વવર્તિત્વ કારણ વિ. - યોગી જે પરમાણુંના પરિમાણનું જ્ઞાન કરે છે, તેની પૂર્વમાં પરમાણુ પરિમાણ નિયત રહેલું જ છે, પણ યોગીને કાંઈ જ્ઞાન કરવા માટે પરમાણુના પરિમાણની જરૂર પડતી નથી. માટે તાદૃશજ્ઞાન પ્રત્યે પરમાણુ પરિમાણ કારણ કહેવાતું નથી. પણ નિયત પૂર્વ વર્તિત્વં આટલો અંશ તો ઘટી જવાથી અતિવ્યાપ્તિ થાય, તેના વારણ માટે 'અનન્યથાસિદ્ધ' મૂક્યું છે.

પરમાણુપરિમાણનું જ્ઞાન થાય છે, માટે તેનાં વિષયરૂપ પરમાણુપરિમાણ જગતમાં સત્ હોવું જોઈએ, એમ તાદૃશ જ્ઞાનને આગળ કરી તેનો - પરમાણુ પરિમાણનો પૂર્વભાવ ગ્રહણ થતો હોવાથી અન્યથાસિદ્ધ બને છે. જ્યારે અસ્મદાદિ પ્રત્યક્ષમાં તો વિષય સાથે સંનિકર્ષ આવશ્યક હોવાથી 'વિષય સત્ત્વે જ્ઞાન સત્ત્વં વિષય અસત્ત્વે જ્ઞાન અસત્ત્વં' એમ સ્વતંત્ર અન્વય વ્યતિરેક ઘટતા હોવાથી ત્યાં વિષયને કારણ માની શકાય છે. અહીં યોગી પ્રત્યક્ષમાં તેવા સંનિકર્ષની જરૂર નથી.

---

૧. અભાવમાં "સત્" એવી પ્રતીતિ થતી ન હોવાથી પ્રાગભાવ વગેરે અસત્ કહેવાય છે.

પરમાણુની વિચારણા

શંકાકાર :- પરમાણુપરિમાણ પારિમાંડિલ્ય યોગી પ્રત્યક્ષ પ્રતિ કારણ છે, માટે પરમાણુપરિમાણ પણ કારણરૂપ છે. માટે તેમાં લક્ષણ ઘટવાથી અતિવ્યાપ્તિ થવાની આપત્તિ નથી.

સમાધાન :- યોગી પ્રત્યક્ષ યોગજ ધર્મથી જન્ય હોવાથી વિષયજન્ય નથી. માટે યોગીને જે પરમાણુ પરિમાણ પ્રત્યક્ષ થાય છે, તેમાં પરમાણુ પરિમાણને કારણ માનવાની જરૂર જ નથી. છમાંથી કોઈ પણ સન્નિકર્ષથી જે જ્ઞાન ઉત્પન્ન થતું હોય, તેમાં(જ?) વિષયની જરૂરત પડે. માટે આ (પ્રમાણનું લક્ષણ) વિશેષ લક્ષણ જ છે.

પારિમાંડિલ્ય - પરમાણુ પરિમાણ, પરમાણુત્વ ધર્મ છે. પણ જાતિ નથી. ''જો પરમાણુમાં પરમાણુત્વ જાતિ માનીએ તો પરમાણુનું ઉત્કૃષ્ટ અંત્યકાર્ય મેરૂ અને અપકૃષ્ટ દૃશ્યમાન અંત્યકાર્ય સરસવ બંનેમાં તુલ્યત્વની આપત્તિ આવશે. કેમ કે જાતિ સમાનાકારક પ્રતીતિ કરાવે, તેથી સમાનાકારક પરમાણુઓ મેરૂ અને સરસવમાં હોવાથી બંનેમાં પણ સમાનાકારકપ્રતીતિ થવા માંડશે, એટલે પરમાણુત્વને જાતિ ન માની, ધર્મ માનવાથી આપત્તિ ન આવે. (દ્વયાણુક ત્રયાણુક દૃશ્ય નથી, ત્રસરેણુ સહજતાથી દૃશ્ય નથી માટે સરસવને અપકૃષ્ટઅંત્યકાર્યમાં લીધો લાગે છે. અથવા સામાન્યનિર્દેશ સમજવો તેથી સર્ષવ કરતા પણ વધુ દૃશ્યમાન વસ્તુને પણ લઈ શકાશે.

અથવા જો પરમાણુત્વને જાતિ માનીએ તો મેરૂના પરમાણુ અને સરસવના પરમાણુ સમાન થશે, (પરમાણુત્વ જાતિવાળા હોવાથી) તેમનાથી ઉત્પન્ન થયેલ મેરૂ અને સરસવના દ્વયણુકો સમાન થશે- કેમ કે સમાનસમવાયિકારણથી સમાન-કાર્યોની ઉત્પત્તિ થાય છે, તેઓ મેરૂ-સરસવના અંત્યકાર્યની સમાનતાથી તેમનાથી ઉત્પન્ન થતા ત્રસરેણુ વગેરેમાં પણ સમાનતા આવવાથી મેરૂ-સરસવમાં પણ તુલ્યત્વનો પ્રસંગ આવશે. માટે પરમાણુત્વને જાતિ ન માની ધર્મ માન્યો. (એમ બે દિશા બતાવી, પરંતુ પંક્તિ બરાબર બેસતી નથી, વિદ્વાનો વિચારીને સુધારી શકે છે.) કારણ અન્ત્ય કાર્યમાં મેરૂ અને સરસવ સમાન પ્રમાણમાં હોય છે.

तन्तुतुरीवेमादिकामिति निष्पन्नवस्त्रवेष्टनदण्डः तुरी वातो दण्डो वेमा इति;

प्रसङ्गतः कार्यमपि लक्षयति यस्य कार्यादित्यादि कारणलक्षणे आत्माश्रय इत्यत आह । अनन्यथासिद्धेति पश्चाद्भावि इति विग्रहोऽन्यथा 'घटविशेषं प्रति रासभस्य कारणत्वादिति क्रियते यत्तत्कार्यमिति', ।

बौद्धाद्युक्तं कारणलक्षणं दूषयितुं अनुवदति 'यस्त्विति' कार्येणानुकृतौ यावन्वयव्यतिरेकौ तौ वर्त्तेते यस्य तत्कार्यानुकृतान्वयव्यतिरेकि यदन्वये यदन्वयो तद्व्यतिरेक यद् व्यतिरेकस्तत्कारणमित्यर्थः ॥१२॥

તૈયાર થયેલા વસ્ત્રને વીંટવાનોદંડ તે જેમાંથી આડા દોરા નંખાય છે તે તુરી. વેમા એટલે સાળ = આડા દોરાને સરખા ગોઠવવા માટેનું આડું પાટીયું વિશેષ.

પ્રસંગોપાત્ત **કાર્યનું લક્ષણ** બતાવે છે... ...

''प्रसंगोपात्त पूर्वभावो नियतोऽनन्यथा सिद्धश्च तत्कारणम्' એ પ્રમાણે કારણ લક્ષણમાં કાર્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં આત્માશ્રય દોષ આવે. કેમકે ત્યાં કાર્યનો અર્થ જ કારણાત્ પશ્ચાદ્ ભાવિ કાર્ય એટલે કારણને જાણવા કારણજ્ઞાનની અપેક્ષા રહી. માટે કાર્યનું લક્ષણ દર્શવિ છે. અનન્યથા સિદ્ધ પશ્ચાદ્ ભાવિત્વં કાર્યત્વં ''પાછળથી હયાત થનાર તે કાર્ય.'' આમ કહેતા તો ભાગ્યવશથી પાછળથી મચ્છર વિગેરે ત્યાં આવી જાય તેમાં અતિવ્યાપ્તિ થાય. તેના નિરાસ માટે નિયત પદ ઉમેર્યું.

ઘટરૂપ પણ પાછળથી નિયમા થાય જ છે. તેના નિરાસ માટે જે (કર્મ) અનન્યથાસિદ્ધ[1] હોય, નિયત અને તેની-કારણની પાછળ હયાત થનાર હોય તે કાર્ય, એવો વિગ્રહ કરવો: નહિ તો નિયત એવું કારણ એમ કારણનું નિયતને વિશેષણ બનાવીએ તો ઘટનું ગધેડો નિયત કારણ નથી માટે ઘટ ને કાર્ય તરીકે માની ન શકાત. ઘટ વિશેષને પ્રતિ ગધેડો કારણ હોવાથી (જે ઘડામાટે ગધેડા ઉપર માટી લાવવામાં આવી હોય તે વિશેષ ઘડા પ્રતિ તો ગધેડો પણ કારણ

१. કુંભાર માટીથી ઘડો ઘડવા બેસે ત્યારે ઘટ તો બને જ છે પણ તેની સાથે સાથે ઘટનું રૂપ પણ નિર્માણ થઈ જ જાય છે. એટલે ઘટરૂપ સ્વતંત્ર અન્વય વ્યતિરેક ધરાવતું નથી. તેથી તે માટીનું ઘટરૂપ માટીની અપેક્ષાએ કાર્ય ન કહેવાય પણ ઘટના સ્વતંત્ર અન્વય વ્યતિરેક બનતા હોવથી ઘટ-માટી પ્રત્યે અનન્યથાસિદ્ધ કહેવાય.

બને છે તેવા કારણની પાંછળ ઉત્પન્ન થયેલ ઘડાને કાર્ય કહી શકાશે) ઘડો ગધેડાથી લાવેલી માટીથી ઘડવા આવે તો પણ નિયત બને જ છે. અને પોતે અન્યથા સિદ્ધ શૂન્ય છે. કારણ કે તેનાં સ્વતંત્ર અન્વય વ્યતિરેક મળે છે, તેમજ માટી અને ગધેડાથી પાછળ બને છે. એમ ત્રણ વિશેષણ યુક્ત ઘડો હોવાથી તેને કાર્ય કહી શકાય છે. જે કરાય તે કાર્ય બૌદ્ધાદિએ કહેલ કારણલક્ષણને દુષિત કરવા ફરીથી કહે છે.

यत्तु कश्चिदाह कार्यानुकृतान्वयव्यतिरेकि कारणमिति, तदयुक्तम् नित्यविभूनां व्योमादीनां कालतो देशतश्च व्यतिरेकासंभवेनाकारणत्वप्रसंगात्॥

यत्त्विति 'यत्तु कश्चिदाह'

कार्यानुकृतान्वयिकारणमित्युक्ते आकाशेऽतिप्रसङ्गः, कथं ? आकाशान्वये घटान्वयोऽस्त्येव; परं शरीरशब्दौ मुक्त्वा घटादिकं प्रति न कारणं इति तन्नि-रासाय व्यतिरेकि इति ।

अथ कार्यानुकृतव्यतिरेकि कारणं इत्युक्ते घटप्रागभावे अतिप्रसङ्गः, कथम् ? यद्व्यतिरेके यद्व्यतिरेको, घटप्रागभावध्वंसे गन्धप्रागभावध्वंसः कारणम् घटप्रागभावव्यतिरेके गन्धप्रागभावव्यतिरेकः । तन्निरासायान्वयीति । ननु नित्यविभूनां व्योमादीनां कालतो देशतश्च व्यतिरेकासम्भवेनाकारणत्वप्रसङ्गात्, तदयुक्तमित्युक्तं तत्र घटते व्यतिरेकसम्भवात् ।

મૂળ પાઠમાંથી 'यत्तु' શબ્દનો ઉતારો છે.

કાર્યની સાથે અનુસરણ કરનારા અન્વય વ્યતિરેક જેનાં હોય તે કાર્યાનુકૃતાન્વય વ્યતિરેકિ. એટલે કે જેના અન્વયમાં જેનો અન્વય હોય, જેના વ્યતિરેકમાં જેનોવ્યતિરેક હોય. ''કાર્યાનુકૃતાન્વયિ કારણં' આટલું જ કહીએ તો આકાશમાં અતિવ્યાપ્તિ આવે. કારણ કે આકાશના અન્વયમાં ઘટનો અન્વય છે. પણ, શરીર પંચમહાભૂતનું બનેલુ છે, તેમાં આકાશ ભેગું છે, તે અપેક્ષાએ શરીર પ્રત્યે કારણતા લીધી છે, અને શબ્દનું આકાશ સમવાયિકારણ છે. એથી અતિવ્યાપ્તિ આવે તેના નિરાસ માટે વ્યતિરેકિ પદ ઉમેર્યું છે. ઘટનો અભાવ હોય ત્યાં આકાશનો અભાવ હોય એમ નથી. પણ શબ્દ હોય ત્યાં ભેરી સંયુક્ત આકાશ

હોય જ એટલે શબ્દનો અભાવ હોય ત્યાં ભેરી સંયુક્ત આકાશનો પણ અભાવ હોય - શરીર (ઉપયોગી-અવચ્છિન્ન) આકાશ શરીરના અભાવમાં ન હોઈ શકે. એટલે વ્યતિરેક પણ ઘટે છે, માટે શબ્દ-શરીર પ્રત્યે આકાશને કારણ મનાય છે. પણ ઘટ પ્રત્યે નહિ.

હવે જો કાર્યાનુકૃત વ્યતિરેકિ કારણ એમ કહીએ, તો ઘટ પ્રાગભાવમાં અતિવ્યાપ્તિ આવશે, કારણ કે ઘટ પ્રાગભાવનો ધ્વંસ થાય ત્યારે ગંધ પ્રાગભાવનો ધ્વંસ થાય. માટીના પિંડમાં અત્ર-અહીં ઘડો થશે.'' એવી પ્રતિતિરૂપ ઘટ પ્રાગભાવ છે; એમ ગંધાદિ ગુણોત્પત્તિ પણ ઘટાદિ ઉત્પન્ન થયા પછી થાય છે માટે ગંધનો પણ પ્રાગભાવ રહ્યો છે. પણ જ્યારે ઘટ બને ત્યારે ઘટ પ્રાગભાવનો ધ્વંસ થાય, ત્યારે ગંધ પ્રાગભાવનો પણ ધ્વંસ થાય છે. એટલે ઘટપ્રાગભાવ અસત્વે ગંધપ્રાગભાવના અસત્ત્વરૂપ વ્યતિરેક મળતો હોવાથી ગંધ પ્રાગભાવની પ્રતિ ઘટપ્રાગભાવને કારણ માનવાની આપત્તિ આવશે. તેનાં નિરાસ માટે અન્વયપદ મૂકવું જરૂરી છે. જ્યાં ગંધ પ્રાગભાવ હોય ત્યાં ઘટ પ્રાગભાવ હોય જ એવું નથી. કારણ કે ગંધની ઉત્પત્તિ તો વસ્ત્રમાં પણ થાય છે. માટે વસ્ત્રના સમવાયી કારણમાં જેમ પટપ્રાગભાવ છે ત્યાં પણ ગંધપ્રાગભાવ રહી શકે છે.

तथाहि भेरीसंयुक्ताकाशे सत्येव शब्दोत्पत्तिर्नान्यत्र यस्मिन्देशे यस्मिन्काले भेरीसंयुक्ताकाशस्तत्र शब्दोत्पत्तिस्तदाऽन्यत्र व्यतिरेक इत्यर्थः ।

केचित्तुकालादीनां इदानीं जात इत्यादि प्रतीत्या कारणत्वं सिध्यति । एवं प्रमाणान्तरेण आत्माऽदृष्टादीनामपि कारणत्वं सिध्यति, आकाशस्यापि शरीरकारणत्वं श्रुत्या सिद्धम् । शब्दत्वं तस्य साक्षात्कारादौ तन्मानान्तरसिद्धं। घटादौ तु तत्कारणत्वे च न मानमेव । अवश्यकल्प्यमानपूर्ववर्तिन एव कार्य-सम्भवे तत्सहभूतलक्षणमन्यथासिद्धं चेत्याहुः, इयत्तावच्छिन्नपरिमाणयोगित्वं मूर्त्तत्वं, सकलमूर्त्तद्रव्यसंयोगित्वं विभुत्वमित्यर्थः ।

शंकाकार :- આકાશ વિ. નિત્ય અને વિભુ છે, માટે તેમનો ક્યાંય પણ અભાવ ન મળવાથી વ્યતિરેક ઘટી ન શકે તેથી તે કોઈનું કારણ ન બની શકે.

समाधान :- ભેરી સંયુક્ત આકાશ-શરીરાવચ્છિન્ન આકાશ - ઈદાનીં જાત,

એમ કાલને પણ મર્યાદિત બનાવી તેનો અભાવ લઈ શકાય છે. ત્યાં ભેરી સંયુક્ત શરીરાવચ્છિન્ન આકાશ નથી. તદાનીં- તે કાળ તેનો જન્મકાળ નથી. ઇદાનીં એતદ્ જ્ઞાનવાન્ આત્મા, તદાનીં - તાદશ આત્મા નાસ્તિ. ઈદાનીં - એતદ્ પટજનકં અદૃષ્ટં, તદાનીં - અદૃષ્ટં નાસ્તિ. એ પ્રમાણે અન્ય પ્રમાણથી આત્મા અદૃષ્ટ વિ. પણ કારણ તરીકે સિદ્ધ કરી શકાય. આકાશ શરીરનું કારણ છે, એ વાત તો શ્રુતિથી સિદ્ધ છે.

ઘટાદિમાં આકાશને કારણ માનવા માટે કશું પ્રમાણ નથી. તેમજ કલ્પના કરાતા પૂર્વવર્તિથી કાર્ય સંભવતું હોય તો તેની સાથે રહેલુ જે હોય તે અન્યથાસિદ્ધ કહેવાય. મૃત્પિંડથી ઘટ બને તેની સાથે આકાશ તો રહેલું જ છે, માટે તે અન્યથા સિદ્ધ કહેવાય એમ કેટલાક કહે છે. અહીં આકાશ વિ.ને સીમિત બનાવવો પડતો હોવાથી ગ્રંથકારને આ લક્ષણ માન્ય નથી. તે દર્શાવિવા 'આહુઃ' પદ મૂક્યું છે. ઈયત્તા - આટલા- અમુક પરિમાણથી અવચ્છિન્ન-પરિમાણવાળું જે હોય તે મૂર્ત્ત.

સર્વ મૂર્ત્ત દ્રવ્ય સાથે જેનો સંયોગ હોય તે વિભુ.

(૭) (કારણવિભાગઃ)

તચ્ચ કારણં ત્રિવિધમ્ । સમવાય્યસમવાયિનિમિત્તભેદાત્ ।

(૮) (સમવાયિકારણલક્ષણમ્)

તત્ર યત્સમવેતં કાર્યમુત્પદ્યતે તત્ સમવાયિકારણમ્ । યથા તન્તવઃ પટસ્ય સમવાયિકારણમ્ । યતઃ તન્તુષ્વેવ પટઃ સમવેતો જાયતે, ન તુર્યાદિષુ ।

ननु तन्तुसम्बन्ध इव तुर्यादिसम्बन्धोऽपि पटस्य विद्यते, तत् कथं तंतुष्वेव पटः समवेतो जायते न तुर्यादिषु ?

कारणलक्षणं विभजते । तच्चेति चकारो न्यूनाधिकव्यावृत्त्यर्थः ।

तत्रेति तेषु कारणेषु मध्ये प्रधानतया समवायिकारणमित्यत्र यत्समवेतं कार्यं तत्समवायिकारणं, यद्वा यत्समवेतमुत्पद्यते तत्समवायिकारणमिति विकल्पद्वयं । तत्र प्रथमविकल्पे पटरूपादावतिप्रसक्तिस्तस्य समवेतकार्यात्मकत्वात् । आकाशादावव्याप्तिश्च तस्य नित्यत्वेन समवेतकार्यत्वाभावात् ।

द्वितीयविकल्पे ऽप्येतावेव दोषौ स्तः । तन्निरासाय यस्मिन्कार्यमिति ।

કારણના ભાગ પાડે છે. तच्चमां चકાર આ न्यून(નાનું) છે અને આ (મોટું) અધિક છે, તેની વ્યાવૃત્તિ માટે છે.

सत्यम् । द्विविधः सम्बन्ध (१) संयोगः (२) समवायश्चेति । तत्रायुतसिद्धयोः सम्बन्धः समवायः । अन्ययोस्तु संयोग एव ।

तत्पुरुषविधाने चक्रादावतिव्याप्तिः कथं ? संयोगसम्बन्धेन घटलक्षणकार्यस्य जायमानत्वात्तन्निरासाय समवेतमिति पदं, नहि चक्रादौ घटः समवेत उत्पद्यते घटचक्रयोर्युतसिद्धत्वात् पृथक्सिद्धत्वात् । अत्र लक्षणे यत्पदस्य अन्वयसमर्प्पकत्वेन सामान्यलक्षणमेवैतदतः स्वसमवेतकार्यजनकं समवायिकारणमिति ज्ञेयम् ।

तत्र - તે કારણોમાં સમવાયિ કારણ પ્રધાન છે. તેનું લક્ષણ બતાવે છે. જેમાં સમવાય સંબંધથી કાર્ય ઉત્પન્ન થાય તે સમવાયિકારણ. અહિં જે સમવાય સંબંધથી કાર્ય હોયતે સમવાયિકારણ અથવા જે સમવાયસંબંધથી ઉત્પન્ન થાય તે સમવાયિકારણ એમ બે વિકલ્પ છે. પહેલા વિકલ્પમાં પટરૂપ વિગેરેમાં અતિવ્યાપ્તિ આવે. કારણ કે પટરૂપ પણ પટમાં સમવાયસંબંધથી રહેવાવાળું કાર્ય છે. અને આકાશ વિગેરેમાં અવ્યાપ્તિ આવે.. કારણ કે તે નિત્ય હોવાથી સમવેત - સમવાય સંબંધથી કાર્ય રૂપે નથી. જ્યારે હકીકતમાં આકાશ શબ્દનું સમવાયિ-કારણ છે.

બીજા વિકલ્પમાં પણ આજ બે દોષ આવે છે, કારણ કે પટરૂપ પટમાં સમવાયસં.થી ઉત્પન્ન થાય છે, અને આકાશ સમવાયસં.થી ક્યાંય ઉત્પન્ન નથી થતું. તેના નિરાસ માટે यत्नोअर्थ 'यस्मिन्- कार्यमुत्पद्यते' ''જેમાં કાર્ય ઉત્પન્ન થાય તે સમવાયી કારણ'' એમ કહીએ અહીં આવી રીતે तत्पुरुष विधान કરીએ તો ચકવિ.માં અતિવ્યાપ્તિ આવે. કારણ કે સંયોગ સંબંધથી ઘટાત્મક કાર્ય ચક્રાદિમાં ઉત્પન્ન થાય જ છે. તેનાં નિરાસ માટે समवेत પદ મૂક્યું છે.

ચક્રાદિમાં ઘટ સમવાય સંબંધથી ઉત્પન્ન થતો નથી. કારણ કે ઘટ અને ચાકડો युतसिद्ध છે. એટલે કે ભિન્ન સ્થાનમાં રહેવાવાળા છે.અહીં લક્ષણમાં यत्पद अन्वय-સંબંધની ભેટ આપનાર હોવાથી એટલે સંબંધરૂપે બનતું હોવાથી આ સામાન્ય લક્ષણ બને છે. અહીં આમ જણાવવામાં આવ્યું છે કે यत् पद

થી કોઈ વિશિષ્ટ વ્યક્તિ પકડવાની નથી કે જેથી કરીને આ કોઈ વિશિષ્ટ વ્યક્તિ માટેનું વિશેષ લક્ષણ બને. એથી ''स्वसमवेत कार्य जनकं'' - પોતાનામાં સમવાય સંબંધથી કાર્યને ઉત્પન્ન કરનાર સમવાયિકારણ કહેવાય એમ જાણવું.

अत्र स्वपदमन्यसमवेतघटादिजनककपालसंयोगादावतिव्याप्तिवारणाय, कथं ? कपालादेर्यावत् स्वसमवेतजनकत्वं नास्ति, नापि स्वसमवेत यत् किञ्चित् पृथिवीत्वादिजनकत्वं । तस्य नित्यत्वात् । किन्तु स्वसमवेत कार्यजनकत्वमेवेति दर्शयितुं कार्यपदं; न तु लक्षणप्रविष्टमिति दिक् । संयोगस्य सुगमस्वरूपत्वात् तमुपेक्ष्य समवायं लक्षयति ।

અહીં સ્વપદ બીજામાં સમવાય સંબંધથી ઘટાદિ કાર્યને ઉત્પન્ન કરનાર કપાલસંયોગાદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે છે. (કેમ કે કપાલસંયોગાદિના કારણે જ કપાલમાં સમવાયસંબંધથી ઘટ પેદા થાય છે.)

સ્વ-કપાલમાં સમવાયસંબંધથી જે કાંઈ પૃથિવીત્વ વિ. છે તેમનો પણ કપાલ જનક નથી. કારણ કે તે તો નિત્ય છે. એટલે કપાલમાં અવ્યાપ્તિ આવે તેના વારણ માટે કાર્યપદ છે. એટલે જ પોતાનામાં સમવાયસંબંધથી કાર્યને પેદા કરનાર છે તે જ દર્શાવવા માટે કાર્યપદ મૂક્યું છે. પરંતુ સ્વનો લક્ષણમાં પ્રવેશ નથી. ઈતિદિક્. સંયોગનું સ્વરૂપ સુગમ હોવાથી તેની ઉપેક્ષા કરી સમવાયને ઓળખાવે છે. (કોઈપણ બે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ જોડાય અને તે છૂટી પડે ત્યારે પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખતી હોય. ત્યારે એમનાં આવાં સંબંધને સંયોગ કહેવામાં આવે છે. જેમ કે હાથ અને પુસ્તકનો સંયોગ.) (બે દ્રવ્યોનું યોગ્ય સ્થાને રહેવું કે જેથી જોડાયેલા પ્રતીત થાય, બસ આવી દ્રવ્યોની અવસ્થા જ સંયોગ છે. પણ કોઈ સ્વતંત્ર ગુણ નથી ઈતિજૈનાઃ)

''अयुतसिद्धयोः संबंध समवायः'' - જે બે પદાર્થોમાંથી એક નાશ ન પામે ત્યાં સુધી બીજા પર આશ્રિત રહીને જ ટકી રહે છે. તે બે પરસ્પર અયુતસિદ્ધ પદાર્થો છે, તે બન્ને વચ્ચેનો સંબંધ સમવાયસંબંધ છે. (કહેવાય છે.)

(૯) (अयुतसिद्धलक्षणम्)

कौ पुनरयुतसिद्धौ ? ययो र्मध्ये एकमविनश्यदपराश्रितमेवतिष्ठते तावयुतसिद्धौ ।

तदुक्तम् :-

तावेवायुतसिद्धौ द्वौ विज्ञातव्यौ ययोर्द्वयोः ।

अनश्यदेकमपराश्रि-तमेवावतिष्ठते ॥

तत्रायुतेति अयुतसिद्धस्य समवाय इत्युक्ते संयोगेऽतिव्याप्तिस्तन्निरासाय द्विवचनान्तं ।

અહીં જો અયુત સિદ્ધસ્ય સમવાય એમ એક વચનનો પ્રયોગ કરીએ તો સંયોગમાં અતિવ્યાપ્તિ થશે, કારણ કે એકલો પરમાણુ એક પદાર્થ છે તે અયુત સિદ્ધ છે.(પરમાણુ કોઈના જોડાણથી સિદ્ધ થતા નથી માટે અયુતસિદ્ધ કહેવાય) હવે અયુતસિદ્ધ એવા એક પદાર્થના સંબંધને જો સમવાય કહે તો અયુતસિદ્ધ એક પદાર્થ= પરમાણુ તેનો ભૂતલ સાથેનો સંબંધ છે = સંયોગ, તેને સમવાય કહેવો પડશે. (अयुतसिद्धस्य = परमाणोः सम्बन्धः = समवाय) એ રીતે તેથી સંયોગમાં સમવાયનું લક્ષણ અતિવ્યાપ્ત બને.

अयुतसिद्धयो :- દ્વિવચનાન્ત પ્રયોગ કરવાથી માત્ર એક પદાર્થના સંબંધને સમવાય કહેવાની આપત્તિ નહિં આવે. તેનાં નિરાસ માટે દ્વિવચનાન્ત પ્રયોગ મૂક્યો છે. જ્યારે પરમાણુ અને ભૂતલ આ બે પદાર્થ તો આયુતસિદ્ધ નથી, કારણ કે એકબીજા વિના રહી શકે છે. એટલે તેમનો સંબંધ સમવાય ન કહેવાય.

ययोः द्वयोः मध्ये एकमविनश्यदपराश्रितमेवावतिष्ठते तावयुतसिद्धौ 'ययोर्मध्ये' અહીં અયુતસિદ્ધનું લક્ષણ આપ્યું છે. જે બે પદાર્થોમાં (ययोः मध्ये) એક (एकं) પોતાની અવિનશ્યદ્ અવસ્થામાં (अविनश्यत) અન્યનાં આધારે જ (अपराश्रितमेव) રહે છે. (अवतिष्ठते) તેમનો સંબંધ અયુતસિદ્ધ છે.

જો એક શબ્દને ન રાખવામાં આવે તો अविनश्यत् પદ બંને પદાર્થોને લાગુ પડશે. પરિણામે બંનેમાંથી કોઈપણ એકના નાશથી બીજાનો નાશ થઈ જશે. પરંતુ તંતુઓ અને પટની બાબતમાં તેમ બનતું નથી. તંતુઓના નાશથી પટનો નાશ થાય છે. પરંતુ પટના નાશથી તંતુઓનો નાશ થતો નથી. (एकं) પદ મૂકવાથી अविनश्यद् પદ બંનેમાંથી એકને જ લાગુ પડે છે.

यथा अवयवावयविनौ, गुण-गुणिनौ, क्रियाक्रियावन्तौ. जातिव्यक्ती,

विशेषनित्यद्रव्ये चेति । अवयव्यादयो हि यथाक्रमवयवाद्याश्रिता एवावतिष्ठन्तेऽविनश्यन्तः । विनश्यदवस्थासु त्वनाश्रिता एवावतिष्ठन्ते । यथा तन्तुनाशे सति पटः । आश्रयनाशे सति गुणः । विनश्यत्ता तु विनाशकारणसामग्रीसांनिध्यम् ।

અવિનશ્યત્ પદને દૂર કરવામાં આવે તો યયોઃ મધ્યે એકં અપરાશ્રિતમેવ અવતિષ્ઠતે તૌ અયુતસિદ્ધૌ । એમ થશે. આ પરિસ્થિતિમાં બંનેમાંથી કોઈ પણ એકબીજાથી એક ક્ષણ પણ જુદો નહીં રહી શકે. પરંતુ દ્રવ્ય અને ગુણ, અવયવો એ અવયવી તથા દ્રવ્ય અને કર્મ વચ્ચે જ્યાં અયુતસિદ્ધ સંબંધ રહેલો છે. ત્યાં આમ બનતું નથી. નૈયાયિકોનાં મતે પ્રથમ દ્રવ્ય ઉત્પન્ન થાય છે. પછી ગુણ તેમજ અવયવી અવયવોને આશ્રય અને ક્રિયા દ્રવ્યના આશ્રયે રહે છે. અને વિનાશ સમયે એવી પણ ક્ષણ આવે છે કે જ્યારે ગુણ ક્રિયા અને અવયવી નિરાશ્રિત પણ થઈ જાય છે. આ ઉપરાંત જાતિ અને વ્યક્તિનો સંબંધ અયુતસિદ્ધ માનવામાં આવ્યો છે. જાતિ નિત્ય છે. પણ વ્યક્તિ અનિત્ય છે, જો અવિનશ્યત્ પદ ન હોય તો વ્યક્તિ નાશ પામે ત્યારે જાતિ પણ નિરાશ્રિત થઈ જશે. પછી અપરાશ્રિતમેવ નો કોઈ અર્થ રહેતો નથી. અર્થાત્ અયુતસિદ્ધ સંબંધ જ રહેતો નથી. આ વિસંગતી ટાળવા માટે જ 'અવિનશ્યત્' પદ અનિવાર્ય છે. તેનાથી ગુણ ક્રિયા વિગેરે વિનશ્યત્તા કાલમાં નિરાશ્રિત રહી શકે છે. પરંતુ અવિનશ્યત્તા કાલ માં તો અપરાશ્રિત જ રહે છે.

तन्तुपटावप्यावयवावयविनौ । तेन तयोः सम्बन्धः समवायोऽयुतसिद्धत्वात्। तुरीपटयोस्तु न समवायोऽयुतसिद्धत्वाभावात् । न हि तुरी पटाश्रितैवावतिष्ठते नापि पटस्तुर्याश्रितोऽतस्तयोः सम्बन्धः संयोग एव । तदेवं तन्तुसमवेतः पटः।

यत्समवेतं कार्यमुत्पद्यते तत्समवायिकारणम् । अतस्तन्तुरेव समवायिकारणं पटस्य न तु तुर्यादि ।

पटश्च स्वगतरूपादेः समवायिकारणम् । एवंमृत्पिण्डोऽपि घटस्य

समवायिकारणं-घटस्य स्वगतरूपादेः समवायिकारणम् ।

पक्षी स्वावयवे नभो विहाय तिष्ठति नभश्च तदनुत्पत्तिदशायां तत्परिहारेण तिष्ठतीति न पक्षिगगनसंयोगेऽतिव्याप्तिः । सुखं धर्मं विहायाऽगम्यगमनादिस्थले धर्मश्च सुखं विहाय सुखानुत्पत्तिदशायां तिष्ठतीति युतसिद्धत्वान्नातिव्याप्तिः सुखधर्मसम्बन्धे; एवं दुःखं तपस्यास्थले पापं विहाय तिष्ठतीत्यादि बोध्यं ।

किञ्च समवायसम्बन्धेनावस्थानं विवक्षितं तच्च स्वरुपसम्बन्धेनैव भवति इत्यन्योन्याश्रयः परस्परापेक्षणमन्योन्याश्रय इति वचनात् । अयुतसिद्धत्वं समवायोप्ययुतसिद्ध इत्यात्माश्रयोपि समवायलक्षणं, स्वस्य स्वापेक्षणमात्माश्रय इति वचनात् । न चैतत् दूषणं जगदाधारतानियामकसंयोगसम्बन्धातिरिक्तसम्बन्धेन वृत्तिस्तावयुतसिद्धाविति विवक्षितत्वात् ।

જો આ રીતે લક્ષણ વાક્યમાંથી અપરાશ્રિત પદ દૂર કરવામાં આવે તો જે બંનેમાંથી એક અવિનાશી રહે છે. તે બંને અયુતસિદ્ધ થશે. હવે ધારો કે તંતુઓનો સંયોગ નાશ પામ્યો તેથી પટ રહેશ નહિં. પટનો ધ્વંસ થઈ ગયો. આ પટ ધ્વંસ તંતુઓમાં રહ્યો છે. પટધ્વંસ નિત્ય છે. તે કદિયે નાશ પામવાનો નથી. આ લક્ષણ પ્રમાણે તંતુઓ અને પટધ્વંસ એટલે કે પટ ને પટના અભાવ બંને વચ્ચે અયુતસિદ્ધ સંબંધ સ્વીકારવો પડશે. વાસ્તવમાં તેમ નથી. તંતુઓ અને પટ વચ્ચે અયુતસિદ્ધ સંબંધ છે. તંતુઓ અને પટધ્વંસ વચ્ચે નહિં તેથી 'અપરાશ્રિત' પદ પણ મહત્ત્વનું છે. આ પદ આવવાથી પટધ્વંસ અને તંતુઓ વચ્ચે અયુતસિદ્ધ સંબંધ સ્વીકારવો નહિં પડે, કારણ કે પટધ્વંસ તંતુઓના આશ્રયે નથી.

શંકા :- પંખી સદાકાળ આકાશ સાથે જોડાયેલું જ રહે છે, કારણ જ્યાં પણ જશે ત્યાં બધે આકાશ વિદ્યમાન જ છે. એટલે પક્ષી આકાશનો સંયોગ અયુતસિદ્ધ બન્યો. એમ સમવાયનું લક્ષણ ઉપરોક્ત સંયોગમાં ઘટવાથી અતિવ્યાપ્તિ થશે.

સમાધાન :- પક્ષી-પંખી આકાશને છોડી પોતાના અવયવમાં રહે છે. અને પંખી ઉત્પન્ન થયું નહતુ ત્યારે પંખી વિના પણ આકાશ રહેલું જ છે. માટે પક્ષી ગગન સંયોગમાં અતિવ્યાપ્તિ નહિ આવે, કારણ કે પક્ષી ગગન

અયુતસિદ્ધ નથી. માટે તેમના પક્ષી ગગનસંયોગાત્મક સંબંધને સમવાય થવાની-કહેવાની આપત્તિ નથી.

સુખ ધર્મને છોડી- જે રસ્તે જવા યોગ્ય નથી તેવા ઉન્માર્ગે માણસો સુખ મેળવે છે. પણ ત્યાં ધર્મ નથી. અને ધર્મારાધના કરનાર પાસે ધર્મ છે. પણ હજી સુખનો ઉદય થયો નથી. માટે પૃથક્સિદ્ધ એટલે યુતસિદ્ધ હોવાથી અતિવ્યાપ્તિ નથી..

સુખ અને ધર્મનાં સંબંધમાં જેમ કહ્યું; તેમ દુઃખ તપસ્યા સ્થલે પાપને છોડી રહે છે અને પાપ માણસને હજી દુઃખનોઉદય ન થયો ત્યાં સુધી એકલું પાપ પણ રહે છે. માટે દુઃખ-પાપ પણ યુતસિદ્ધ જ છે. એમ સમજવું.

વળી સમવાય સંબંધ દ્વારા રહેવાનું વિવક્ષિત છે, પણ તે અવસ્થાન-રહેવાનું, સ્વરૂપ સંબંધી જ સંભવી શકે છે. અથવા સમવાયસંબંધથી બે અયુત પદાર્થનું અવસ્થાન (અયુતસ્વરૂપ) વિવક્ષિત છે. (અયુતસ્વરૂપ) તે અવસ્થાન તો સ્વરૂપ સંબંધથી જ રહે છે. તે સમવાય સંબંધ પણ સ્વરૂપ સંબંધથી રહે છે. એટલે સ્વરૂપ સંબંધથી સમવાયનું અવસ્થાન સિદ્ધ થાય, ત્યારે બે પદાર્થનું અવસ્થાન સમવાય સંબંધથી સિદ્ધ થાય અને બે પદાર્થનું અવસ્થાન સમવાય સંબંધથી સિદ્ધ થાય, ત્યારે સમવાયનું ત્યાં સ્વરૂપ સંબંધથી અવસ્થાન સિદ્ધ બને; એમ અન્યોન્યાશ્રય દોષ આવે.

''અયુતસિદ્ધનો સંબંધ તે સમવાય'' એવું સમવાયનું લક્ષણ કરીએ, ત્યારે અયુતસિદ્ધ એટલે શું ? તેનાં જવાબમાં સમવાય સંબંધથી રહે તે, એટલે સમવાયના જ્ઞાન માટે અયુત સિદ્ધનું જ્ઞાન જરૂરી છે. તેનું જ્ઞાન સમવાયની અપેક્ષા રાખે છે. એટલે સમવાયના જ્ઞાનની જરૂર પડી. પોતાના માટે પોતાની અપેક્ષા રહેવાથી આત્માશ્રય દોષ આવે.

આ દૂષણ નથી. કારણ કે જગત્ આધારતાના નિયામક, સંયોગસંબંધ સિવાયનો જે સંબંધ તેનાથી જેની વૃત્તિ હોય, તે અયુતસિદ્ધ કહેવાય. એવી વિવક્ષા કરવાથી ઉપરોક્ત દુષણ આવતા નથી.

विनश्यत्तात्विति विनाशकारणसामग्रीसान्निध्यमित्यत्र कारणसामग्रोरन्यत-रग्रहणेन विनश्यत्ताया लक्षणद्वयं बोध्यं, सान्निध्यं विनश्यत्तेत्युक्ते स्थित्यवस्थायां

रासभसान्निध्येऽतिप्रसक्तिस्तन्निरासाय सामग्रीति, तावत्युक्ते सकलकारणयोगपद्यं सामग्रीति वचनादुत्पत्त्यवस्थायां सामग्रीसान्निध्येऽतिप्रसक्तिस्तन्निरासाय विनाशेति । नहि उत्पत्तिसामग्र्या विनाश इति नातिव्याप्तिः ॥

अथ द्वितीयलक्षणे सान्निध्ये पूर्ववत् कारणसान्निध्यमित्युक्ते उत्पत्त्यवस्थायां घटेऽतिप्रसक्तिस्तन्निरासाय विनाश इति विनाशकारणसान्निध्यं विनश्यतेत्यर्थः, युग्मिश्रणामिश्रणयोरित्युक्तेर्मिश्रितसिद्धयोरपृथक्सिद्धयोरयुतसिद्धयोरित्यर्थः, समवायो द्रव्यगुणकर्मसामान्यविशेषेषु यथा अवयवावयविनो र्गुणगुणिनोः क्रियाक्रियावतोर्जातिव्यक्त्योर्विशेषनित्यद्रव्ययोः ।

વિનશ્યતા એટલેવિનાશ કારણની સામગ્રીનું સન્નિધાન હોવું. અહિં કારણ અને સામગ્રી બન્નેમાંથી એક-એકને ગ્રહણ કરતા વિનશ્યતાના બે લક્ષણ બને.

સાન્નિધ્ય વિનશ્યતા એટલુ જ કહીએ તો, (ઘટ વગેરેની) સ્થિતિ અવસ્થામાં ગધેડાનું સાન્નિધ્ય થાય તો તેમાં અતિવ્યાપ્તિ થશે. તેના નિરાકરણ માટે સામગ્રી પદ મૂક્યું. સર્વકારણોનું એક સાથે હોવું તે સામગ્રી કહેવાય. ઉત્પત્તિ અવસ્થામાં પણ સામગ્રીનું સાન્નિધ્ય હોય છે. માટે તેમાં અતિવ્યાપ્તિ આવે તેનાં નિરાસ માટે વિનાશ પદ મૂક્યું છે. ઉત્પત્તિ સામગ્રીથી વિનાશ થતો નથી એથી કરીને અતિવ્યાપ્તિ થતી નથી. હવે બીજા લક્ષણમાં 'સાન્નિધ્ય' એટલું જ કહીએ તો પૂર્વની પેઠે ગધેડાના સાન્નિધ્યમાં અતિવ્યાપ્તિ આવે. તેના નિરાસ માટે કારણ સાન્નિધ્ય એમ કહીએ તો ગધેડો કારણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ ટળી જાય પણ ઉત્પત્તિ અવસ્થામાં રહેલ ઘડામાં અતિવ્યાપ્તિ થશે. કેમ કે ત્યાં કારણનું સાન્નિધ્ય છે જ. તેનાં નિરાસ માટે વિનાશ પદ એટલે કે વિનાશ કારણનું સાન્નિધ્ય વિનશ્યતા છે.

યુ મિશ્રણામિશ્રણાયો : એ પ્રમાણે યુ ધાતુ નો અર્થ અમિશ્રિત - અસંબદ્ધને જોડવા તે છે. એટલે પરસ્પર સ્વતંત્ર એવા જોડાયેલ પદાર્થો તે યુતસિદ્ધ. એટલે - મિશ્રિત સિદ્ધોનો- એક પદાર્થને સંબદ્ધ-મિશ્રિત બનીને જ જેની ઉત્પત્તિ-અવસ્થિતિ સિદ્ધ હોય તેવા પદાર્થોનો-અપૃથક્સિદ્ધોનો અયુતસિદ્ધોનો - સમવાય હોય છે. સમવાય દ્રવ્ય-ગુણ કર્મ સામાન્ય અને વિશેષમાં છે.

દા.ત. અવયવ અવયવીનો, ગુણ ગુણીનો, ક્રિયાને ક્રિયાવાળાનો, જાતિને વ્યક્તિનો, વિશેષ ને નિત્ય દ્રવ્યોનો સમવાય હોય છે.

ननु यदैव घटादयो जायन्ते तदैव तद्गतरूपादयोऽपि, अतः समानकालीनत्वाद् गुणगुणिनोः सव्येतरविषाणवत्कार्यकारणभाव एव नास्ति पौर्वापर्याभावात् । अतो न समवायिकारणं घटादयः स्वगतरूपादीनाम् । कारणविशेषत्वात् समवायिकारणस्य ।

अत्रोच्यते । न गुणगुणिनोः समानकालीनं जन्म, किन्तु द्रव्यं निर्गुणमेव प्रथममुत्पद्यते पश्चात् तत्समवेता गुणा उत्पद्यन्ते समानकालोत्पत्तौ तु गुणगुणिनोः समानसामग्रीकत्वाद् भेदो न स्यात् । कारणभेदनियतत्वात् कार्यभेदस्य । तस्मात्प्रथमे क्षणे निर्गुण एव घट उत्पद्यते गुणेभ्यः पूर्वभावीति भवति गुणानां समवायिकारणम् ।

तदा कारणभेदोऽप्यस्ति । घटोहि घटं प्रति न कारणमेकस्यैव पौर्वापर्याभावात्, न हि स एव तमेव प्रति पूर्वभावी पश्चाद्भावी चेति । स्वगुणान् प्रति पूर्वभावित्वाद् भवति गुणानां समवायिकारणम् ।

ननु समवायः केन सम्बन्धेन तिष्ठति ? उच्यते अविनश्यदवस्थायां स्वरुपसबन्धेनेति, संयोगोऽपि तदवस्थायां समवांयसम्बन्धेन तिष्ठतीति, द्वावपि सम्बन्धौ द्विष्ठौ नित्यानित्यौ चेति सव्यं च सव्येतरं चेति विग्रहः, द्रव्यं निर्गुणमेवेति ।

ननु घटाद्यक्षणे कालादीनां संयोगोऽस्तीति संयोगस्य गुणत्वात् कथं निर्गुणत्वम् ? इतिचेन्न तदानीं तस्य मूर्त्तत्वाभावादिति । **कारणभेदेति** । नन्वत्र कारणशब्दः सामग्रीवचनोऽनेककारणजन्यस्यापि पटस्यैकत्वदर्शनात्कारणभेदनियतः कार्यभेदो न भवति, किन्तु सामग्रीभेदे नियतोऽयं भावो दृश्यमानः कार्यभेदसामग्रीभेदव्याप्तस्सन् तद्भेदं गमयति, यथाऽग्निव्याप्तो धूमोऽग्निमिति।

शंकाકार : समवाय કયા સંબંધથી રહે છે.

समाधान : બેમાંથી એક પણ પદાર્થ નાશ ન પામે ત્યાં સુધી સ્વરૂપ સંબંધથી ત્યાં રહે છે. સંયોગ પણ તે અવસ્થામાં સમવાય સંબંધથી રહે છે. બન્ને સંબંધ બે પદાર્થમાં રહેનારા છે. સમવાયસંબંધનિત્ય છે. અને સંયોગ સંબંધ અનિત્ય છે.

ડાબું અને ડાબાથી ઈતર-જમણું ગાયનું સિંગડું એક સાથે ઉત્પન્ન થાય છે. માટે તેની વચ્ચે કાર્યકારણ ભાવ નથી. તેમ જો દ્રવ્ય અને ગુણ સાથે જ ઉત્પન્ન થશે, તો દ્રવ્ય(ઘટ) સ્વગત રૂપાદિનું સમવાયી કારણ બની શકે નહિં; (માટે) પરંતુ શરૂઆતમાં દ્રવ્ય નિર્ગુણ જ હોય છે.

શંકાકાર :- ઘટની આદ્યક્ષણે પણ તેની સાથે કાળાદિનો સંયોગ તો હોય જ છે. અને સંયોગ તો ગુણ છે, તો પછી ઘટ આદ્ય ક્ષણે નિર્ગુણ કેવી રીતે કહેવાય ?

સમાધાન :- ત્યારે તે સંયોગ મૂર્ત્ત નથી. માટે તે સંયોગ ન લેવાય, મૂર્ત્ત સંયોગ જ લેવાનો છે. વળી કારણ ભેદના આધારે જ કાર્ય ભેદ હોય છે. જો બન્ને એક સમય માનો તો સમાન કારણ હોવાથી ગુણ-ગુણીમાં કશો ફેરફાર સંભવી જ ન શકે.

અહીં કારણ શબ્દ સામગ્રી વાચી છે. કારણ કે અનેક કારણથી ઉત્પન્ન થનારૂં વસ્ત્ર પણ એક રૂપે દેખાય છે. (કારણની ભિન્નતા છે, પણ સામગ્રી ભેદ નથી માટે) એટલે કે કારણભેદથી નિયત (પ્રતિબદ્ધ) કાર્યભેદ નથી હોતો, પણ સામગ્રી ભેદ સાથે વ્યાપ્તિ હોવાથી કાર્યભેદ તેના સામગ્રી ભેદને જણાવે છે. જેમ અગ્નિ સાથે વ્યાપ્તિવાળો-પ્રતિબદ્ધ ધૂમ અગ્નિને જણાવે છે.

नन्वेवं सति प्रथमेक्षणे घटोऽचाक्षुषः स्याद्, अरूपिद्रव्यत्वाद् वायुवत्। तदेव हि द्रव्यं चाक्षुषं, यन्महत्वे सत्युद्भूतरुपवत्। अद्रव्यं च स्याद् गुणाश्रयत्वाभावात्। गुणाश्रयो द्रव्यमिति हि द्रव्यलक्षणम्।

अरूपीति अरूपित्वादित्युक्ते रूपादावतिप्रसक्तिस्तन्निरासाय द्रव्येति। अद्रव्यत्वादित्युक्ते पटादावतिप्रसक्तिस्तन्निरासायारूपिद्रव्यत्वादिति। तदेव हि द्रव्यं चाक्षुषं यन्महत्वे सति उद्भूतरूपवदिति अत्र रूपवद्द्रव्यमित्युक्ते तप्तवारिस्थतेजसि अतिव्याप्तिस्तन्निरासाय **'उद्भूतेति'** तावत्युक्ते उद्भूतरूपवति पार्थिवपरमाण्वादावतिप्रसक्तिस्तद्भङ्गार्थं महत्त्वे सतीति, अथ महत्त्वे सति उद्भूतगुणवति वायावतिप्रसङ्गस्तद्भङ्गार्थं रूपवदिवृति।

(पूर्वपक्ष) शंकाकार :- ''प्रथम क्षणे घटो अचाक्षुष अरूपिद्रव्यत्वात् वायुवत्'' જો પ્રથમક્ષણે દ્રવ્ય નિર્ગુણ રહેતું હોય, તો ઘડો પહેલી ક્ષણે આંખથી

દેખી શકાશે નહિં. અરૂપિ દ્રવ્ય હોવાથી જેમ પવન. અહીં હેતુ માત્ર અરૂપિત્વાત્ એટલું જ કહીએ તો રૂપ વિગેરેમાં અતિવ્યાપ્તિ આવશે, કારણ કે રૂપ ગુણ હોવાથી એમાં રૂપ રહેતું નથી, તેનાં નિરાસ માટે દ્રવ્યપદ મૂક્યું છે. અદ્રવ્યત્વાત્ એમ કહીએ તો પટ-વસ્ત્રમાં કોઈ દ્રવ્ય નથી એટલે અદ્રવ્ય જ છે, પણ તેનું ચાક્ષુષ પ્રત્યક્ષ તો થાય છે. એટલે તેમાં (સાધ્યાભાવમાં) હેતુ જવાથી અતિવ્યાપ્તિ થશે. માટે અરૂપિદ્રવ્યત્વાત્ એવો હેતુ મૂક્યો છે. વસ્ત્ર અરૂપિદ્રવ્ય નથી.

તે જ દ્રવ્ય આંખથી દેખી શકાય છે કે જેમાં મહત્ પરિમાણ હોય તથા ઉદ્‌ભૂતરૂપ' હોય. 'રૂપવદ્ દ્રવ્યં' એટલું જ કહીએ તો તપેલાં પાણીમાં રહેલી અગ્નિમાં અતિવ્યાપ્તિ થશે, તેના નિરાસ માટે 'ઉદ્‌ભૂત'' પદ ઉમેર્યું, એમ છતાં ઉદ્‌ભૂતરૂપવાળા પૃથ્વીપરમાણુમાં અતિવ્યાપ્તિ થશે, તેનાં ભંગ માટે 'મહત્ત્વેસતિ' ઉમેર્યું છે. પરમાણુ મહદ્ પરિમાણવાળા નથી. માટે અતિવ્યાપ્તિ નહિ આવે. હવે રૂપવદ્ ને બદલે ગુણવદ્ કહીએ તો વાયુમાં અતિપ્રસંગ આવશે. કારણ સ્પર્શાદિ ઉદ્‌ભૂત ગુણ તો વાયુમાં છે પણ તેનું ચાક્ષુષ પ્રત્યક્ષ થતું નથી. છતાં ઉપરોક્ત હકીકત ઘટી જવાથી અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાસ માટે રૂપવદ્ કહ્યું.

महत्परिमाणाधिकरणं द्रव्यं चाक्षुषं इत्युक्ते गगनादावतिप्रसङ्गस्तद्‌भङ्गार्थं विशेष्यं पदं लक्ष्ये च द्रव्यपदं घटादिगतचाक्षुषरूपादिनिराकरणार्थम् ॥

'મહત્ પરિમાણનું જે અધિકરણ હોય' એવું દ્રવ્ય આંખથી દેખી શકાય એમ કહીએ તો આકાશમાં અતિપ્રસંગ આવે, કારણ કે તેમાં પરમમહત્પરિમાણ રહેલ છે. તેના ભંગ માટે ઉદ્‌ભૂતરૂપવદ્ એવું વિશેષ્ય(પદ) મૂક્યું છે, ગગન રૂપી નથી. 'તદેવ હિ દ્રવ્યં ચાક્ષુષં' એમ લક્ષ્યમાં દ્રવ્ય પદ ઘટાદિગત રૂપાદિના નિરાકરણ માટે છે. એટલે કે રૂપના ચાક્ષુષ પ્રત્યક્ષ માટે ઉપરોક્ત શરત જરૂરી નથી.

દ્રવ્યની વિચારણા

समवायिकारणं द्रव्यमिति अस्य पदकृत्यानि । कारणं द्रव्यमित्युक्ते पटा-समवायिकारणे संयोगेऽतिप्रसक्तिस्तन्निरासाय समवायीति । समवायीत्युच्यमाने गुणत्वसमवायिगुणेऽतिप्रसक्तिस्तन्निरासाय कारणमिति, समवायि च तत्कारणं

च समवायिकारणमिति कर्मधारये कृते तन्तरूपेऽतिप्रसक्तिः, समवायिनः कारणं समवायिकारणमिति तत्पुरुषे च तत्रैवातिप्रसक्तिस्तन्निरासाय स्वसमवेत-कार्यजनकं द्रव्यमिति लक्षणार्थः कर्त्तव्यः, तत्रापि जनकत्वं द्रव्यत्वमित्युक्ते पटगतरूपजनकत्वेनासमवायिकारणे तन्तुरूपेऽतिव्याप्तिस्तन्निरासाय स्वपदं स्वस्मिन्जनकं स्वजनकं द्रव्यमित्युक्ते विषयत्वेन स्वविषयकज्ञानघटरुपे ऽति-व्याप्तिस्तन्निरासाय समवेतेति, कार्यपदं स्वरूपज्ञापनपरमिति नं व्यर्थम् ।

સમવાયિકારણ તે દ્રવ્ય. પદકૃત્ય - કારણં દ્રવ્યં એમ કહીએ તો વસ્ત્રના અસમવાયિકારણ-તન્તુ સંયોગમાં અતિવ્યાપ્તિ આવશે. તેનાં નિરાસ માટે સમવાયીપદ, સમવાયી એટલું જ કહીએ તો ગુણત્વના સમવાયી ગુણમાં અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાસ માટે કારણ પદ, સમવાયી એવું કારણ એટલે કે "જે સમવાય સંબંધથી રાખનાર હોય તેમજ કારણ હોય તે" આવો કર્મધારય સમાસ કહીએ, તો તન્તુ રૂપમાં અતિવ્યાપ્તિ આવશે. કેમકે તન્તુરૂપ પોણ સમવાય સંબંધથી તન્તુરૂપત્વને રાખનાર છે અને પોતે પટરૂપનું કારણ પાણ છે, પરંતુ દ્રવ્ય નથી. સમવાયીનું કારણ એવો તત્પુરૂષ સમાસ કરીએ તો પટરૂપત્વનું સમવાયી પટરૂપ છે, તેનું કારણ તન્તુરૂપ છે માટે તન્તુરૂપમાં પાછી અતિવ્યાપ્તિ થાય. એથી કરીને "પોતાનામાં સમવાયસંબંધથી કાર્યને ઉત્પન્ન કરનાર જે હોય તે દ્રવ્ય કહેવાય" એવો લક્ષણનો અર્થ કરવો. તેમાં પણ જનકત્વં દ્રવ્યત્વં એટલું જ કહીએ, તો વસ્ત્રમાં રહેલ રૂપને પેદા કરનાર હોવાથી અસમવાયિકારણ એવા તાંતણાના રૂપમાં અતિવ્યાપ્તિ આવે, તેના નિરાસ માટે સ્વપદ મૂક્યું, સ્વ-સ્વસ્મિન્ - પોતાનામાં ઉત્પન્ન કરનાર હોય તે દ્રવ્ય. તન્તુરૂપ સ્વમાં પટરૂપને પેદા કરનાર નથી માટે ત્યાંથી અતિવ્યાપ્તિ ભાગી જાય છે. પાણ એટલું કહીએ તો ઘટરૂપ ઘટરૂપવિષયવાળા જ્ઞાનને પેદા કરે છે અને તે (જ્ઞાન) વિષયતા સંબંધથી ઘટરૂપમાં રહે છે, એટલે ઘટરૂપમાં સ્વજનકત્વ ઘટી જવાથી અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાસ માટે સમવેત પદ મૂક્યુ. કાર્યપદ સ્વરૂપ જાણાવા માટે છે. એટલે કે વ્યર્થ નથી.

सत्यम् । प्रथमे क्षणे घटो यदि चक्षुषा न गृह्यते का नो हानिः । न हि सुगुणोत्पत्तिपक्षेऽपि निमेषावसरे घटो गृह्यते तेन व्यवस्थितमेतन्नि-

गुण एव प्रथमं घट उत्पद्यते । द्वितीयादिक्षणेषु चक्षुषा गृह्यते ।

न च प्रथमे क्षणे गुणाश्रयत्वाभावाद द्रव्यत्वापत्तिः । समवायिकारणं द्रव्यमिति द्रव्यलक्षणयोगात् । योग्यतया गुणाश्रयत्वाच्च । योग्यता च गुणानामत्यन्ताभावाभावः ।

योग्यतयेति योग्यता द्विधा स्वरूपयोग्यता फलोपहितयोग्यता च यथा आरण्ये दण्डे स्वरुपा साधारणा । कुलालगृहदण्डे फलोपहिता फलयुक्तेति गुणाश्रयत्वाच्चेति; गुणाश्रयो द्रव्यमिति लक्षणम् । अस्य पदकृत्यानि आश्रयो द्रव्यमित्यक्ते रूपत्वजात्याश्रये रूपेऽतिव्याप्तिस्तन्निरासायं गुणेति तथापि प्रथमक्षणेऽद्रव्यत्वापत्तिस्तन्निरासार्थं, गुणात्यन्ताभावानाश्रयत्वं द्रव्यमिति लक्षणं सुवचम् ।

ननु गुणात्यन्ताभावानाश्रयत्वमित्युक्ते सामायिकाऽत्यन्ताभावेऽतिप्रसक्तिस्तन्निरासाय सामायिकात्यन्ताभावभिन्नत्वे सति । गुणात्यन्ताभावानाश्रयत्वं द्रव्यत्वमितिलक्षणं कर्तव्यमिति ।

समाधान :- પૂર્વપક્ષનું કહેવું સાચું છે. કેમ કે નિર્ગુણોત્પત્તિ માનતા પ્રથમક્ષણમાં ઘટાદિદ્રવ્યનો ચાક્ષુષ પ્રત્યક્ષ થશે નહિં. પણ જો પ્રથમક્ષણે ચક્ષુથી ઘટનું ગ્રહણ નહિં થાય તો એમાં અમારે શું નુકશાન ? તમારા સગુણોત્પત્તિપક્ષના અનુસારે એક સમયે (નિમેષના અવસરે) આંખ બંધ થતા ઘટનું ચાક્ષુષ પ્રત્યક્ષ થતુ નથી. તો એમાં કાંઈ ખોટ પડતી નથી. અર્થાત્ પ્રથમ ક્ષણે ઘટનું ચાક્ષુષ પ્રત્યક્ષ થવું આવશ્યક નથી. બીજી ક્ષણમાં રૂપાદિ ગુણો ઉત્પન્ન થતા એનું પ્રત્યક્ષ થશે. એટલા માટે અહિં નક્કી થયું કે પ્રથમક્ષણમાં ઘટ નિર્ગુણ જ ઉત્પન્ન થાય છે.

''योग्यतया गुणाश्रयत्वं द्रव्यं'', યોગ્યતા બે પ્રકાર છે. સ્વરૂપ યોગ્યતા, ફલોપહિતયોગ્યતા. દા.ત. - જંગલમાં રહેલ દંડમાં સ્વરૂપ યોગ્યતા છે. (એ દંડને લાવીને ચક્ર ભમાવાને યોગ્ય બનાવી શકાય છે. એવું સ્વરૂપ તેનું છે.) અને કુંભારના ઘરે રહેલ દંડ જે ચક્ર ભમાવા ઉપયોગી બને છે, તે ફળથી યુક્ત છે. માટે તેવા દંડમાં રહેલી યોગ્યતા ફળોપહિતા કહેવાય.

યોગ્યતાથી ગુણનો આશ્રય હોય તે દ્રવ્ય. અહીં યોગ્યતા એટલે કે ગુણનો

અત્યંતાભાવ ન હોવો, એટલે આજ ન હોય તો કાલે તો અવશ્ય ગુણ ોમાં આવશે. દ્રવ્ય ગુણનું આશ્રય બનતુ હોવાથી અહીં ''ગુણાશ્રય'' એમ કહેવું. પદકૃત્ય-''આશ્રયો દ્રવ્યં'' એટલુ જ કહીએ તો રૂપત્વજાતિનો આશ્રયરૂપમાં અતિવ્યાપ્તિ આવે. તેના નિરાસ માટે ગુણ પદ ઉમેર્યું. તો પાણ આદ્ય ક્ષાણે અદ્રવ્યની આપત્તિ આવે. તેનાં નિરાસ માટે ગુણ અત્યન્તાભાવનો જે આશ્રય ન હોય તે દ્રવ્ય, એટલે બીજી ક્ષાણે દ્રવ્ય ગુણનો આશ્રય બનતું-હોવાથી પ્રથમ ક્ષાણે પાણ સ્વરૂપ યોગ્યતા તો રહેલી જ છે ને ! એવું લક્ષાણ કરવું.

શંકાકાર :- પાણ આટલું કહેતા તો સામાયિકાત્યન્તાભાવમાં અતિવ્યાપ્તિ આવશે. કારાણ કે સમયમાત્ર રહેવાવાળો ગુણનો અત્યંતાભાવ તો આદ્યક્ષાણે રહી જાય છે.

સમાધાન :- તેના નિરાસ માટે સામાયિકાત્યન્તાભાવ ભિન્નત્વે સતિ એમ વિશેષાણ મૂકવું.

(१०) (असमवायिकारणलक्षणम्)

असमवायिकारणं तदुच्यते यत् समवायिकारणप्रत्यासन्नमवधृतसामर्थ्यं तदसमवायिकारणम् । यथा तन्तुसंयोगः पटस्यासमवायिकारणम् । तन्तुसंयोगस्य गुणस्य पटसमवायिकारणेषु तन्तुषु गुणिषु समवेतत्वेन समवायिकारणप्रत्यासन्नत्वादनन्यथासिद्धनियतपूर्वभावित्वेन पटं प्रति कारणत्वाच्च ।

एवं तन्तुरूपं पटरूपस्यासमवायिकारणम् ।

ननु पटरूपस्य पटः समवायिकारणम् । तेन तद्गतस्यैव कस्यचिद्धर्मस्य पटरूपं प्रत्यसमवायिकारणत्वमुचितम् । तस्यैव समवायिकारणप्रत्यासन्नत्वान्न तन्तुरूपस्य, तस्य समवायिकारणप्रत्यासत्त्यभावात् ।

मैवम् । तत्समवायिकारणसमवायिकारणप्रत्यासन्नस्यापि परंपरया समवायिकारणप्रत्यासन्नत्वात् ।

निमित्तकारणं तदुच्यते तन्न समवायिकारणं नाप्यसमवायिकारणमथ च कारणं तन्निमित्तकारणम् । यथा वेमादिकं पटस्य निमित्तकारणम् ।

यत्समवायीति अवधृत सामर्थ्यमित्युक्ते समवायिकारणेऽतिप्रसक्तिस्तद्वारणाय समवायिकारणप्रत्यासन्नमिति । तावत्युक्ते तन्तुत्वादावतिप्रसक्तिस्तद्वारणायावधृतसामर्थ्यमिति । समवायिकारणे समवायसम्बन्धेन वर्त्तित्वं समवायिकारणप्रत्यासन्नत्वं, न तु समीपवर्तित्वं । प्रत्यासत्ति र्द्विधा कार्यैकार्थप्रत्यासत्तिः कारणैकार्थप्रत्यासत्तिश्च । स्वकार्येण सह एकस्मिन्नर्थेप्रत्यासत्तिः = कार्यैकार्थप्रत्यासत्तिर्यथा स्वशब्देन तन्तुसंयोगस्तस्य कार्यं पटस्तेन पटेन सह एकस्मिन्नर्थे तन्तौ प्रत्यसत्तिस्तन्तुसंयोगस्य कार्यैकार्थप्रत्यासत्तिः । स्वकार्यकारणेन सह एकस्मिन्नर्थे प्रत्यासितः - कारणैकार्थप्रत्यासत्ति र्यथा स्वशब्देन तन्तुरूपं तस्य कार्यं पटरूपं तस्य कारणं पटस्तेन पटेन सह एकस्मिन्नर्थे तन्तौ प्रत्यासत्तिस्तन्तुरूपस्येति कारणैकार्थप्रत्यासत्तिरिति ।

'જે સમવાયી છે' એ પ્રમાણે જેનું સામર્થ્ય નિશ્ચિત થઈ ચૂક્યું હોય તે **असमवायिकारण**, એટલું કહીએ તો સમવાયિકારણમાં અતિવ્યાપ્તિ આવે. કારણ કે સમવાયિ કારણ કોઈને કોઈ પદાર્થને સ્વમાં સમવાય સંબંધથી રાખે જ છે એટલે સમવાયી તો છે જ. તેનાં નિરાકરણ માટે સમવાયિકારણની અત્યંત સમીપ રહેલ એમ કહ્યું. સમીપ રહેનાર પદાર્થ ભિન્ન હોવો જરૂરી છે, જ્યારે સમવાયી કારણ તો એક પોતેજ સમવાયી હોવાથી એક જ અભિન્ન પદાર્થ છે. માટે હવે તેને નહિં લેવાય પણ આટલું કહીએ તો તન્તુત્વ વિગેરેમાં અતિવ્યાપ્તિ આવે. કારણ કે સમવાયિકારણ તન્તુમાં તન્તુત્વ વિગેરે બહુજ નજીક રહેલ છે. (સમવાય સંબંધથી રહેતું હોવાથી) તેનાં વારણ માટે (કાર્ય ઉત્પન્ન કરવાનું) સામર્થ્ય જેનું નિશ્ચિત થઈ ચૂક્યું હોય એમ કહ્યું છે. કારણ કે તન્તુત્વ-સમવાયસંબંધથી કોઈ પણ જાતનું કાર્ય તન્તુમાં પેદા કરવા સમર્થ નથી. સમવાયિકારણમાં સમવાય સંબંધથી રહે તે સમવાયિકારણપ્રત્યાસન્ન કહેવાય. માત્ર સમીપ રહેવું એમ નહીં. તે પ્રત્યાસત્તિ બે પ્રકારી છે.

૧. કાર્યૈકાર્થ પ્રત્યાસત્તિ - ૨. કારણૈકાર્થ પ્રત્યાસત્તિ -

૧. સ્વકાર્યની સાથે એક જ પદાર્થમાં પ્રત્યાસત્તિ (સંબંધી હોવું); જેમ કે - સ્વ શબ્દથી તન્તુસંયોગ તેનું કાર્ય પટ, તે વસ્ત્રની સાથે એક જ પદાર્થ - તન્તુમાં

તેની પ્રત્યાસત્તિ (રહેવુ તે) છે. માટે તન્તુસંયોયની કાર્યૈકાર્થ પ્રત્યાસત્તિ થઈ.

૨. સ્વકાર્યના કારણની સાથે એક પદાર્થમાં પ્રત્યાસત્તિ (રહેવું) તે. દા.ત. - સ્વશબ્દથી તન્તુરૂપ તેનું કાર્ય પટરૂપ તેનું કારણ પટ તેની સાથે એક પદાર્થ તન્તુમાં પ્રત્યાસત્તિ છે. તે તંતુરૂપની કારણૈકાર્થ પ્રત્યાસત્તિ થઈ.

(क) तदेतद्भावानामेव त्रिविधं कारणम् । अभावस्य तु निमित्तमात्रम् तस्य क्वचिदप्यसमवायात् । समवायस्य तु भावद्वयधर्मत्वात् ।

(ख) तदेस्य त्रिविधस्य कारणस्य मध्ये यदेव कथमपि सातिशयं तदेव करणम् । तेन व्यवस्थितमेतल्लक्षणं प्रमाकरणं प्रमाणमिति ।

यत्रेति यद्यपि दण्डादि स्वगुणादिसमवायिकारणम् । तथापि यत्प्रतिपन्नसमवायिकारणं नाप्यसमवायिकारणम् । अथ च कारणं तत् तत् प्रतिनिमित्तमित्यर्थः । अत्र कारणलक्षणे लक्ष्यतावच्छेदकं पारिमाण्डिल्यनभःपरिमाणादिभिन्नत्वं, कोऽर्थः ? पारिमाण्डिल्यनभःपरिमाणादि विहायान्यत् सर्वं कारणं । समवायिकारणलक्षणे द्रव्यत्वादि लक्ष्यतावच्छेदकं समवायिकारणं लक्ष्यं द्रव्यादि । असमवायिकारणलक्षणे द्रव्यत्वरहितत्वे सति, किञ्चित्कार्यं प्रति निमित्तत्वरहितत्वे सति तत्प्रतिकारणत्वं, कोऽर्थः ? द्रव्यत्वकिञ्चित्कार्यनिमित्तत्वाभावे सति घटरूपकार्यं प्रति यत्कारणं मृत्पिण्डरूपं तदसमवायादिकारणं लक्ष्यं, निमित्तिकारणलक्षणे किञ्चित्कार्यं प्रति समवायिकारणत्वासमवायिकारणत्वराहित्ये सति पारिमाण्डिल्यादिभिन्नं; कोऽर्थः ? निमित्तकारणं लक्ष्यं पारिमाण्डिल्यनभःपरिमाणाद्यन्यत्वमिति । एवमन्यदपि सुबुद्धिभिरूह्यम् ।

ત્રણે કારણના દૃષ્ટાંત

यत्र.. यद्यपि. જો કે દંડાદિ સ્વગુણાદિ પ્રતિ સમવાયિકારણ છે, તથા જેનાં પ્રતિ જે સમવાયિ કારણ નથી અને અસમવાયિકારણ પણ નથી, પણ કારણ છે. તે તેના પ્રતિ નિમિત્ત (કારણ) સમજવું. અહીં કારણ લક્ષાણમાં લક્ષ્યતાવચ્છેદક પારિમાંડિલ્યનભઃપરિમાણાદિ ભિન્નત્વં એટલે કે પારિમાંડિલ્ય જે આકાશ પરિમાણાદિ છે તે છોડી બીજા સર્વ કારણ.

સમવાયિકારણના લક્ષણમાં જે દ્રવ્યત્વાદિ લક્ષ્યતાવચ્છેદક, લક્ષ્ય દ્રવ્યાદિ. અસમવાયિકારણના લક્ષણમાં જે દ્રવ્યત્વ રૂપે ન હોય. કોઈ કાર્યપ્રતિ નિમિત્ત તરીકે નહીં હોતે છતે કાર્ય પ્રતિ કારણત્વ (હોય) તે લક્ષ્યતાવચ્છેદક. એનો અર્થ દ્રવ્યત્વ અને કોઈક કાર્ય પ્રતિ નિમિત્ત તરીકે ન હોય અને ઘટરૂપ કાર્યની પ્રતિ જે કારણ હોય. એવું મૃત્પિણ્ડનું રૂપ અસમવાયિકારણ લક્ષ્ય છે. નિમિત્ત-કારણના લક્ષણમાં કોઈક કાર્ય પ્રતિ સમવાયિકારણ અને અસમવાયિકારણરૂપે ન હોય તેમજ પારિમાંડિલ્યથી ભિન્ન હોય (ભિન્નત્વ) એવા કારણમાં રહેલો ધર્મ તે લક્ષ્યતાવચ્છેદક. એટલે કે નિમિત્તકારણ(માં) લક્ષ્ય પારિમાંડિલ્ય-આકાશ પરિમાણાદિથી ભિન્ન હોય છે. એ પ્રમાણે બીજું પણ બુદ્ધિશાળીઓએ વિચારવું.

(१२) (मीमांसकाभिमतप्रमाणलक्षणखण्डनम्)

यत्त्वनधिगतार्थगन्तृ प्रमाणमिति लक्षणम् । तन्न । एकस्मिन्नैव घटे घटोऽयं घटोऽयमिति धारावाहिकज्ञानानां गृहीतग्राहिणामप्रामाण्यप्रसङ्गात् ।

न चान्यान्यक्षणविशिष्टविषयीकरणादनधिगतार्थगन्तृता । प्रत्यक्षेण सूक्ष्मकालभेदानाकलनात् । कालभेदग्रहे हि क्रियादिसंयोगान्तानां चतुर्णां यौगपद्याभिमानो न स्यात् । क्रिया क्रियातो विभागो विभागात् पूर्वसंयोगनाशस्ततश्चोत्तरसंयोगोत्पत्तिरिति ।

સમવાયિકારણં દ્રવ્યમેવ અસમવાયિકારણં ગુણક્રિયે નિમિત્તકારણં દ્રવ્ય-ગુણકર્માદિ; ભાવકાર્યસ્ય ત્રીણિ કારણાનિ, અભાવસ્ય નિમિત્તકારણમેકમેવેતિ।

ભાવત્વં નામ નઞર્થાનુલ્લિખિતધીવિષયત્વમિત્યર્થઃ ।

સત્યપીતિ ઇન્દ્રિયસંયોગસ્યાદિરિન્દ્રિયસંયોગાદિરિતિ વ્યુત્પત્ત્યા ઇન્દ્રિયમે-વોક્તમિતિ। ચતુરઙ્ગસ્ય વ્યાપારવિશિષ્ટસ્યાતિશયં બોધયિતું ઇન્દ્રિયસંયોગાદિરિત્યુક્તં નત્વિન્દ્રિયમિતિ । ન્યાયશાસ્ત્રાનુસારેણ પ્રમાણસ્ય લક્ષણમુક્ત્વા **મીમાંસક**મ-તાદ્યનુસારેણ પ્રમાણલક્ષણં દૂષયિતું અનુવદતિ ।

૧. સમવાયિ કારણ દ્રવ્ય જ હોય

२. असमवायिकारण गुण अने क्रिया

३. निमित्तकारण अनेक छे द्रव्य-गुण कर्मादि

भावकार्यना त्राणे कारणो होय छे. अभावनुं मात्र निमित्त कारण ज होय छे. कारण के अभावनो क्यांय समवाय (संबंध) होतो नथी अने समवाय पण बे भाव पदार्थनो ज संबंध-धर्म छे. तेथी ते अभावमां न संभवे. एटले के अभाव नामनुं कार्य क्यांय समवाय संबंधथी पेदा ज थतुं नथी, माटे अभावनुं समवायिकारण असमवायिकारण होतुं नथी.

नञर्थथी उल्लेख न करायेल एवो बुद्धिनो विषय ते भावत्वनो अर्थ छे. अभावत्वनी "अहीं अग्नि नथी", "पट घटरूपे नथी" इत्यादि नञर्थथी उल्लिखित बुद्धिनी विषयता होय छे. तेनाथी विपरीतार्थ भावत्वनो समजवो.

सत्यपि प्रमातरि...प्रमाता अने प्रमेय होवा छतां प्रमानी उत्पत्ति थती नथी. पण ईन्द्रिय सन्निकर्ष वि. थाय तो विना विलंबे प्रमानी उत्पत्ति थाय छे. माटे ईन्द्रिय सन्निकर्षने प्रमानुं करण मानवुं जोईओ. "ईन्द्रिय संयोगनी आदि" आवी व्युत्पत्ति करतां ईन्द्रिय ज कही कहेवाय. माटे चार प्रकारनां व्यापारथी विशिष्टनो अतिशय जणावा ईन्द्रिय संयोगादि एम कह्युं छे. परंतु ईन्द्रिय नहि. ईन्द्रिय व्यापारथी विशिष्ट बने छे, पण ईन्द्रियसंयोगादि नहि माटे करण तरीके ईन्द्रिय ज लेवाय. ए प्रमाणे न्याय शास्त्रना अनुसारे प्रमाणनुं लक्षण कही **मीमांसक** बौद्धाचार्य दिङ्नाग वगेरे मतना आधारे प्रमाणना लक्षणने दूषित करता कहे छे.... ...

यत्त्विति अनधिगतार्थगन्तृ अज्ञानविषयकयथार्थज्ञानकरणं प्रमाणमित्यर्थः। ननु घटस्यैकत्वेऽपि विशेषणीभूतानां कालकलादिरूपाणां अन्यान्यत्वेन तत्तद्विशेषणविशिष्टानि ज्ञानान्यनधिगतार्थानि भविष्यन्तीति शङ्कामपाकरोति। **न चेति** तत्र हेतुः **सूक्ष्मेति** सूक्ष्मकालभेदग्रहाभ्युपगमे दोषमाह - क्रियाक्रियातो विभागो विभागात्पूर्वसंयोगनाशस्तत उत्तरसंयोगोत्पत्तिरिति न्यायेन क्रियादिसंयोगान्तानां चतुर्णाम्, पत्रशतं मया सूच्या युगपद्भिन्नमिति यौगपद्याभिमानः सर्वलोकप्रसिद्धो न स्यादिति।

'यत्तु अनधिगतार्थ गंतृ - અજ્ઞાતનાં વિષયવાળું જે જ્ઞાન તે યથાર્થજ્ઞાન. (અત્યાર સુધી જે પોતાના જ્ઞાનનો વિષય ન બન્યો હોય) તે પદાર્થનું જ્ઞાન કરાવનાર કરણ તે પ્રમાણ. ટૂંકમાં નહિ જાણાવેલ પદાર્થને જાણાવનાર તે પ્રમાણ.

શંકાકાર :- ઘટ એક રૂપ હોવા છતાં વિશેષણભૂત કાલ કલા વિ. અન્ય અન્ય હોવાથી તે તે વિશેષણથી વિશિષ્ટ જ્ઞાનો અનધિગત અર્થનાં વિષયવાળા સંભવી શકે છે ?

સમાધાન :- न चेति - તે બરાબર નથી. તેમાં હેતુ છે. सूक्ष्मेति સૂક્ષ્મકાલનો ભેદ જાણી શકાતો નથી. છતાં તેવા સૂક્ષ્મકાલ ભેદનું જ્ઞાન માનશો તો ૧. ક્રિયા ૨ ક્રિયાથી વિભાગ ૩. વિભાગથી પૂર્વ સંયોગનો નાશ ૪. પછી ઉત્તર સંયોગોની ઉત્પત્તિ.

આ ન્યાયથી ક્રિયાથી સંયોગ સુધીનાં ચાર વ્યાપારો એકી સાથે થાય છે. એમ પ્રતીતિ નહિ થાય. પણ મેં કમલના સો પાંદડા એકી સાથે સોયથી છેદ્યા-ભેદ્યા એવો યૌગપદ્યનું અભિમાન સર્વ જનોને થાય છે. તે થઈ શકશે નહિ.

(१३) (इन्द्रियसंयोगानां प्रमाकरणत्वकथनम् ।)

ननु प्रमायाः कारणानि बहूनि सन्ति प्रमातृप्रमेयादीनि तान्यपि किं करणानि उत नेति ।

उच्यते सत्यपि प्रमातरि प्रमेये च प्रमानुत्पत्तिरिन्द्रियसंयोगादौ सत्यविलम्बेन प्रमोत्पत्तेः अत इन्द्रियसंयोगादिरेव करणम् । प्रमायाः साधकत्वाविशेषेऽप्यनेनैवोत्कर्षेणास्य प्रमात्रादिभ्योऽतिशयितत्वादतिशयितं साधकं साधकतमं तदेव करणमित्युक्तम् । अत इन्द्रियसंयोगादिरेव प्रमाकरणत्वात् प्रमाणं न प्रमात्रादि ।

(१४) (प्रमाणविभागः)

तानि च प्रमाणानि चत्वारि । तथा च न्यायसूत्रम् । प्रत्यक्षानुमानोपमानशब्दाः प्रमाणानीति ॥ (न्या. सू. १-१-३)

प्रमेयादीनीति देवदत्तघटादीनि आदिशब्दात्प्रदेशोद्योतादीनीति संयोगादिरेवेति । इन्द्रियं च इन्द्रियसंयोगश्च तावादौ यस्य स तथोक्तः । आदिपदा-

त्रिर्विकल्पकज्ञानादिग्रहः पुल्लिङ्गनिर्वाहायार्थशब्दोऽध्याहर्त्तव्य इति ।

પ્રમાત્મક જ્ઞાન કરવા માટે દેવદત્ત વગેરે નામધારી જીવંત વ્યક્તિ, ઘટ વિ. પદાર્થ, તે પદાર્થને રહેવા માટે ક્ષેત્ર અને પ્રકાશ વગેરે પણ જરૂરી છે. તે બધા કારણ ખરા પણ કરણ ન કહેવાય. કેમ કે પ્રમાતા વગેરે હોવા છતાં પ્રમાની ઉત્પત્તિ થતી નથી. પણ જ્યારે ઈન્દ્રિય અને ઈન્દ્રિયસંયોગ થાય કે તરત જ પ્રમાત્મક જ્ઞાન થવા માંડે છે. માટે ઈન્દ્રિય સંયોગાદિને જ કરણ માનવા ઉચિત છે. દેવદત્ત-ઘટ વિ. પ્રમેય છે. આદિ શબ્દથી પ્રદેશ ઉદ્યોત વિગેરે. સંયોગાદિરેવ - ઈન્દ્રિય અને ઈન્દ્રિયનો સંયોગ છે આદિમાં જેને તે ઈન્દ્રિય સંયોગાદિ, આદિ પદથી નિર્વિકલ્પક જ્ઞાનાદિનું ગ્રહણ કરવાનું છે. પુલ્લિંગને નિભાવવાસારૂ-પુલ્લિંગ નિર્દેશ બરાબર છે. તેનાં માટે અર્થ શબ્દનો અધ્યાહાર લેવો. એટલે ઈન્દ્રિયસંયોગાદિ પદાર્થ કારણ છે, એ રીતે ઉલ્લેખ કરવો.

(१५) (प्रत्यक्षनिरूपणम्)

किं पुनः प्रत्यक्षम् ?

साक्षात्कारिप्रमाकरणं प्रत्यक्षम् । साक्षात्कारिणी च प्रमा सैवोच्यते या इन्द्रियजा, सा च द्विधा सविकल्पकनिर्विकल्पकभेदात् । तस्याः करणं त्रिविधम् । कदाचिदिन्द्रियम् कदाचिदिन्द्रियार्थसन्निकर्षः, कदाचिज्ज्ञानम् ।

अथ प्रत्यक्षप्रमाणं लक्षयति साक्षात्कारि प्रमाकरणं **प्रत्यक्षमिति** । प्रमाकरणं प्रत्यक्षप्रमाणमित्युक्तेऽनुमितिकरणेऽनुमानेऽतिप्रसक्तिस्तन्निरासाय **साक्षात्कारीति,** शेषं प्राग्वत् । साक्षात्कारिणीति । ननु इन्द्रियजन्यज्ञानत्वं अनुमित्यादावप्यस्ति ज्ञानमात्रस्य मनोजन्यत्वादिति चेत् अनुभवानुवृत्तो ज्ञानकरणजन्यज्ञानव्यावृत्तो धर्मविशेषः साक्षात्त्वमिति । न तु साक्षात्त्वं प्रत्यक्षजन्यत्वमुपाधिरात्माश्रयापत्तेः; प्रत्यक्षज्ञाने जन्यसाक्षात्त्वज्ञानं जन्यसाक्षात्त्वे प्रत्यक्षजन्यत्वमुपाधिरात्माश्रयापाताच्च यद्वेन्द्रियजन्यज्ञानत्वं तत् इन्द्रियलक्षणं, साक्षात्त्वं जातिघटितं तत्र लक्षणे साक्षात्कारिपदं न देयमेवेति, अत एव **चेन्द्रियजेति**मूलं सङ्गच्छते, अनुभवत्वजातिघटितं वा लक्षणमिति न व्यर्थंतेति ।

હવે પ્રત્યક્ષ પ્રમાણને ઓળખાવે છે... ...

સાક્ષાત્કારિણી = (સીધી ઈન્દ્રિય સન્નિકર્ષથી ઉત્પન્ન) પ્રમાના કરણને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

પ્રમાકરણં પ્રત્યક્ષ પ્રમાણં એટલું જ કહીએ તો અનુમિતિનાં કરણભૂત અનુમાનમાં અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાસ માટે 'સાક્ષાત્કારિ' પદ મૂક્યું.

''સાક્ષાત્કારિણી ચ પ્રમા સૈવોચ્યતે યા ઈન્દ્રિયજા'' - ઈંદ્રિયોથી ઉત્પન્ન થનારી પ્રમા જ સાક્ષાત્કારિણી પ્રમા કહેવાય.

શંકાકાર :- અનુમિતિ ઉપમિતિ વિ. પણ ઈન્દ્રિયથી ઉત્પન્ન થાય છે. કારણ કે દરેક જ્ઞાન મનથી ઉત્પન્ન થનાર છે. (મન પણ અભ્યંતર ઈંદ્રિય છે.)

સમાધાન :- જેમાં અનુભવની અનુવૃત્તિ હોય અને જ્ઞાનરૂપ કરણથી જન્ય જે જ્ઞાન છે, તેની વ્યાવૃત્તિ હોય તે ધર્મ વિશેષ જ સાક્ષાત્ત્વ છે. સાક્ષાત્ત્વં પ્રત્યક્ષથી જન્ય ઉપાધિ નથી, કારણ કે તેમ કહેતાં આત્માશ્રય દોષ આવે. કેમકે સાક્ષાત્ત્વને પ્રત્યક્ષથી જન્ય એમ કહીએ, પણ પ્રત્યક્ષનું જ્ઞાન કરવા સ્વ = સાક્ષાત્ત્વની અપેક્ષા રહે છે. પ્રત્યક્ષનું જ્ઞાન થાય ત્યારે જન્ય સાક્ષાત્ત્વનું જ્ઞાન થાય, જન્ય સાક્ષાત્નુ જ્ઞાન થાય ત્યારે પ્રત્યક્ષ પ્રમાણનું જ્ઞાન થાય, એમ અનયોન્યાશ્રય દોષ પણ આવે. યદ્વા કહી બીજું લક્ષણ બતાવે છે.

ઈન્દ્રિયથી જન્ય જ્ઞાનત્વ તે ઈન્દ્રિયલક્ષણ- સ્વરૂપ સાક્ષાત્ત્વ છે, તે સાક્ષાત્ત્વ જ્ઞાનત્વ જાતિથી ઘટિત છે. તે લક્ષણમાં સાક્ષાત્કારિપદ ન મૂકવું. એથી જ ઈન્દ્રિયજા એ પ્રમાણે મૂળમાં કહેલું સંગત થાય. અથવા અનુભવત્વ જાતિથી ઘટિત લક્ષણ લેવાનું છે. એટલે સાક્ષાત્કારી અનુભવત્વ જાતિવાળુ તે સાક્ષાત્ત્વ, માટે તે વ્યર્થ નથી.

कदा पुनरिन्द्रियं करणम् ? यदा निर्विकल्पकरूपा प्रमा फलम् । तथा ह्यात्मा मनसा संयुज्यते, मन इन्द्रियेण, इन्द्रियमर्थेन । इन्द्रियाणां वस्तुप्राप्यप्रकाशकारित्वनियमात् । ततोऽर्थसंनिकृष्टेनेन्द्रियेण निर्विकल्पकं नामजात्यादियोजनाहीनं वस्तुमात्रावगाहि किञ्चिदिदमिति ज्ञानं जन्यते तस्य ज्ञानस्येन्द्रियं करणं छिदाया इव परशुः । इन्द्रियार्थसंनिकर्षोऽवान्तरव्यापारः छिदाकरणस्य परशोरिव दारुसंयोगः । निर्विकल्पकं ज्ञानं फलं परशोरिव छिदा ।

तेमा ईन्द्रिय क्यारे करण होय छे ?

उत्तर : ज्यारे निर्विकल्पक (ज्ञान) रूप प्रमा फळ होय छे, त्यारे ईन्द्रिय करण होय छे. ते प्रमाणे समजावतां (कहे छे के-) आत्मा मन साथे जोडाय छे, मन ईन्द्रियसाथे जोडाय छे, (अने) ईन्द्रिय (तेना) अर्थ साथे जोडाय छे, कारण के ईन्द्रिय वस्तुने प्राप्त करीने (= नी साथे जोडाया पछी ज) अर्थने प्रकाशित करे छे (= पदार्थनुं ज्ञान करावे छे) एवो नियम छे.

पछीथी अर्थ साथे जोडाएल ईन्द्रिय वडे नाम, जाति वगेरे (प्रकारनी) योजना विनानुं मात्र वस्तुने ज ग्रहण करनारुं, "आ कंईक छे." एवा प्रकारनुं निर्विकल्पक ज्ञान उत्पन्न थाय छे. जेम छेदन (लाकडी वगेरे कापवानी) क्रियानुं करण कुहाडी छे; तथा छेदन क्रियानुं साधन (करण) एवी कुंहाडीनो कपाता लाकडा साथेनो संयोग (अवान्तर व्यापार छे). तेम ईन्द्रिय अने अर्थनो संनिकर्ष अवान्तर व्यापार छे. जेम कुहाडीनुं फळ छेदन छे, तेम (अहीं) निर्विकल्पक ज्ञान (ए) फळ छे.

कदा पुनरिन्द्रियार्थसंनिकर्षः करणम् ?

यदा निर्विकल्पकानन्तरं सविकल्पकं नामजात्यादियोजनात्मकं डित्थोऽयं ब्राह्मणोऽयं श्यामोऽयमिति विशेषणविशेष्यावगाहि ज्ञानमुत्पद्यते तदेन्द्रियार्थसन्निकर्षः करणम् । निर्विकल्पकज्ञानमवान्तरव्यापारः, सविकल्पकज्ञानं फलम् ।

कदा पुनर्ज्ञानं करणम् ।

यदोक्तसविकल्पकानन्तरं हानोपादानोपेक्षाबुद्धयो जायन्ते तदा निर्विकल्पकं ज्ञानं करणम् । सविकल्पकज्ञानमवान्तरव्यापारः । हानादिबुद्धयः फलम् । तज्जन्यस्तज्जन्यजनकोऽवान्तरव्यापारः । यथा कुटारजन्यः कुटारदारुसंयोगः कुटारजन्यच्छिदाजनकः । अत्र कश्चिदाह । सविकल्पकादीनामपीन्द्रियमेव करणम् । यावन्ति त्वान्तरालिकानि संनिकर्षादीनि तानि सर्वाण्यवान्तरव्यापार इति ।

प्रश्न : ईन्द्रियार्थ संनिकर्ष क्यारे करण होय छे ?

ઉત્તર : નિર્વિકલ્પક જ્ઞાન પછી, જ્યારે નામ, જાતિ વગેરેની યોજનાવાળું, 'આ ડિત્થ છે; આ બ્રાહ્મણ છે; આ શ્યામ છે' એમ વિશેષણ-વિશેષ્યભાવથી યુક્ત સવિકલ્પકજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે ઈન્દ્રિયાર્થ-સંનિકર્ષ કરણ હોય છે.

ઈન્દ્રિયસંનિકર્ષથી જન્ય નિર્વિકલ્પજ્ઞાન છે અને તે ઈન્દ્રિયસંનિકર્ષથી જન્ય સવિકલ્પજ્ઞાનનું જનક પણ છે, માટે અહીં નિર્વિકલ્પજ્ઞાન વ્યાપાર રૂપે બને છે અને ઈન્દ્રિયસંનિકર્ષ વ્યાપારી બનતો હોવાથી કરણ કહેવાય છે. એમ અન્યત્ર પણ સમજવું.

પ્રશ્ન : જ્ઞાન ક્યારે કરણ હોય છે ?

ઉત્તર : ઉપર પ્રમાણે (સમજાવેલા) સવિકલ્પક જ્ઞાન પછી જ્યારે (જ્ઞાત વસ્તુનો) ત્યાગ કરવાની કે તે તરફ ઉપેક્ષા કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ત્યારે નિર્વિકલ્પક જ્ઞાન કરણ હોય છે. સવિકલ્પક જ્ઞાન અવાન્તર વ્યાપાર છે અને ત્યાગ વગેરે કરવાની બુદ્ધિ ફળ છે.

જે પોતે તે (કરણ)માંથી ઉત્પન્ન થયો હોય (અને) તે (કરણ) માંથી ઉત્પન્ન થનારનો ઉત્પાદક હોય તે અવાન્તર વ્યાપાર (કહેવાય છે.) દા.ત. કુહાડીથી ઉત્પન્ન થનાર કુહાડી અને કાષ્ઠનો સંયોગ કુહાડીથી ઉત્પન્ન થનાર છેદનનો (પણ) ઉત્પાદક છે. (તેથી કુહાડી તથા કાષ્ઠનો સંયોગ એ અવાન્તર વ્યાપાર થયો.).

અહીં (પ્રત્યક્ષપ્રમાના ત્રિવિધ કરણની બાબતમાં) કોઈ એક કહે છે કે સવિકલ્પક વગેરેનું તો ઈન્દ્રિય (એક જ) કરણ છે. વચ્ચે થનારા (સંનિકર્ષાદિ) જે કોઈ હોય તે સર્વે અવાન્તરવ્યાપાર છે.

(૧૬) (षोढा इन्द्रियसंनिकर्षः)

इन्द्रियार्थयोस्तु यः संनिकर्षः साक्षात्कारिप्रमाहेतुः स षड्विध एव । तद्यथा संयोगः, संयुक्तसमवायः, संयुक्तसमवेतसमवायः, समवायः, समवेतसमवायो, विशेष्यविशेषणभावश्चेति ।

(૧૭) (संयोगसंनिकर्षः)

तत्र यदा चक्षुषा घटविषयं ज्ञानं जन्यते तदा चक्षुरिन्द्रियं घटोऽर्थः । अनयोः संनिकर्षः संयोगः एवायुतसिद्धयभावात् । एवं मनसाऽऽन्तरे-

णेन्द्रियेण यदात्मविषयकं ज्ञानं जायतेऽहमिति तदा मन इन्द्रियमात्मार्थः। अनयोः संनिकर्ष संयोग एव ।

(१८) (संयुक्तसमवायसंनिकर्षः)

कदा पुनः संयुक्तसमवायसंनिकर्षः ? यदा चक्षुरादिना घटगतरूपादिकं गृह्यते घटे श्यामं रूपमस्तीति तदा चक्षुरिन्द्रियं घटरूपमर्थः । अनयोः संनिकर्षः संयुक्तसमवाय एव । चक्षुःसंयुक्ते घटे रूपस्य समवायात् । एवं मनसात्मसमवेते सुखादौ गृह्यमाणे अयमेव संनिकर्षः ।

તેમાં જ્યારે ચક્ષુથી ઘટવિષયક જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે ચક્ષુ (એ) ઈન્દ્રિય છે અને ઘડો (એ) અર્થ છે. આ બંનેનો સંનિકર્ષ 'સંયોગ' જ છે, કારણ કે (તે બંને વચ્ચે) અયુતસિદ્ધિનો અભાવ છે. આ પ્રમાણે અભ્યંતર ઈન્દ્રિય (અંતઃકરણ) મનથી જ્યારે 'હું' એ પ્રકારનું આત્મવિષયક જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે મન ઈન્દ્રિય છે અને આત્મા અર્થ છે. બંનેનો સંનિકર્ષ સંયોગ જ છે.

સંયુક્તસમવાયસંનિકર્ષ ક્યારે થાય છે ? જ્યારે ચક્ષુ વગેરે (ઈન્દ્રિય)થી ઘડામાં રહેલા રૂપ ગુણ)નું 'ઘડામાં શ્યામરૂપ અર્થ છે' એવા પ્રકારનું ગ્રહણ થાય ત્યારે ચક્ષુ ઈન્દ્રિય છે (અને) ઘડાનું રૂપ અર્થ છે. આ બંને (ચક્ષુ અને ઘટરૂપ) નો સંનિકર્ષ સંયુક્તસમવાય જ છે.ચક્ષુથી સંયુક્ત (સંયોગથી જોડાએલ) ઘડામાં રૂપનો સમવાય હોવાથી (સંયુક્તસમવાય થાય છે.) આ પ્રમાણે આત્મા સાથે સમવાયસંબંધથી જોડાએલ (સમવેત) સુખ વગેરે (ગુણ)નું મન વડે ગ્રહણ થવાથી આ પણ (સંયુક્તસમવાય) સંનિકર્ષ થાય છે. કારણ કે મનથી સંયુક્ત આત્મા છે, તેમાં સુખનો સમવાય છે.

(१९) (प्रासङ्गिकश्चतुष्टयसंनिकर्षः)

घटगतपरिमाणादिग्रहे चतुष्टयसंनिकर्षोऽप्यधिकं कारणमिष्यते । सत्यपि संयुक्तसमवाये तदभावे दूरे परिमाणाद्यग्रहात् । चतुष्टयसंनिकर्षो यथा । इन्द्रियावयवैरर्थावयविनामिन्द्रियावयविनार्थावयवानामिन्द्रियावयवैरर्थावयवानामर्थावयविनामिन्द्रियावयविनां संनिकर्ष इति ।

(२०) (संयुक्तसमवेतसमवायसन्निकर्षः)

कदा पुनः संयुक्तसमवेतसमवायसन्निकर्षः ?

यदा चक्षुषा घटरूपसमवेतं रूपत्वादिसामान्यं गृह्यते तदा चक्षुरिन्द्रियं रूपत्वादिसामान्यमर्थः । अनयोः संनिकर्षः संयुक्तसमवेतसमवाय एव । यतश्चक्षुःसंयुक्ते घटे रूपं समवेतं तत्र रूपत्वस्य समवायात् ।

ઘડામાં રહેલ (ઘટગત) પરિમાણ વગેરેના ગ્રહણમાં ચતુષ્ટયસંનિકર્ષને પણ અધિક કારણ તરીકે (કેટલાએક વિદ્વાનો વડે) માનવામાં આવે છે; કારણ કે તે (ચતુષ્ટયસંનિકર્ષ)ના અભાવમાં, સંયુક્તસમવાય હોય તો પણ દૂરથી પરિમાણ વગેરેનું ગ્રહણ થતું નથી. ચતુષ્ટયસંનિકર્ષ આ પ્રકારે છે : (૧) ઈન્દ્રિયના અવયવો સાથે અવયવી એવા અર્થનો સંનિકર્ષ. (૨) અવયવી ઈન્દ્રિય સાથે અર્થના અવયવોનો સંનિકર્ષ. (૩) ઈન્દ્રિયના અવયવો સાથે અર્થના અવયવોનો સંનિકર્ષ (અને) (૪) અર્થ-અવયવીનો ઈન્દ્રિય-અવયવી સાથે સંનિકર્ષ.

સંયુક્તસમવેતસમવાયસંનિકર્ષ ક્યારે થાય ? જ્યારે ચક્ષુ વડે ઘટરૂપમાં સમવાય સંબંધથી રહેલ 'રૂપત્વ' વગેરે 'સામાન્ય' = (જાતિ)નું ગ્રહણ થાય છે ત્યારે ચક્ષુ-ઈન્દ્રિય છે (અને) રૂપત્વ વગેરે 'સામાન્ય' અર્થ છે. આ બંનેનો સંનિકર્ષ સંયુક્ત-સમવેત-સમવાય (સંનિકર્ષ) જ છે; કારણ કે ચક્ષુથી જોડાયેલ ઘડામાં રૂપ સમવાય સંબંધથી રહેલું છે અને ત્યાં (=તે રૂપમાં) રૂપત્વનો સમવાય (સંબંધ) છે.

(૨૧) (समवायसन्निकर्षः)

कदा पुनः समवायः सन्निकर्षः ? यदा श्रोत्रेन्द्रियेण शब्दो गृह्यते तदा श्रोत्रमिन्द्रियं, शब्दोऽर्थः । अनयोः सन्निकर्षः समवाय एव । कर्णशष्कुल्यवच्छिन्नं नभः श्रोत्रम् । श्रोत्रस्याकाशात्मकत्वाच्छब्दस्य चाकाशगुणत्वाद् गुणगुणिनोश्च समवायात् ।

(૨૨) (समवेतसमवायसन्निकर्षः)

कदा पुनः समवेतसमवायः सन्निकर्षः ? यदा पुनः शब्दसमवेतं शब्दत्वादिसामान्यं श्रोत्रेन्द्रियेण गृह्यते तदा श्रोत्रमिन्द्रियं शब्दत्वादिसामान्यार्थः । अनयोः सन्निकर्षः समवेतसमवाय एव । श्रोत्रसमवेते शब्दे

शब्दत्वस्य समवायात् ।

પ્રશ્ન :- સમવાય સંનિકર્ષ ક્યારે થાય છે ?

જ્યારે શ્રોત્રેન્દ્રિયથી શબ્દ ગ્રહણ કરવામાં આવે છે ત્યારે શ્રોત્ર (કાન) ઈન્દ્રિય છે (અને) શબ્દ એ અર્થ છે. આ બંનેનો સંનિકર્ષ (સંબંધ) સમવાય જ હોય છે. કાનના પોલાણમાં છવાએલું આકાશ એ શ્રોત છે, એ આકાશરૂપ હોવાથી, (અને) શબ્દ આકાશનો ગુણ હોવાથી (તથા) ગુણ અને ગુણી વચ્ચે સમવાય (સંબંધ) હોવાથી (આ બંને વચ્ચે સમવાયસંનિકર્ષ છે)

પ્રશ્ન :- સમવેતસમવાયસંનિકર્ષ ક્યારે હોય છે ?

જ્યારે શબ્દ સાથે સમવાય સંબંધથી જોડાએલ શબ્દત્વનું શ્રોત્રેન્દ્રિય દ્વારા ગ્રહણ થાય છે. ત્યારે શ્રોત્ર ઈન્દ્રિય છે અને શબ્દત્વ વગેરે 'સામાન્ય' (જાતિ), એ અર્થ છે. આ બંનેનો સંનિકર્ષ સમવેતસમવાય (સંનિકર્ષ) જ છે. શ્રોત્રમાં સમવાય સંબંધથી યુક્ત શબ્દમાં શબ્દત્વનો સમવાય (સંબંધ) હોવાથી (આમ બને છે.)

तथाहीति ज्ञानोत्पत्तौ चतुस्संयोग एव, **आत्मेति** सुषुप्त्यवस्थायां मनसः सर्वाणीन्द्रियाणि परिहृत्य स्वप्ननाडीवर्त्तमानत्वेन प्रलीनमनस्कस्यात्मनो ज्ञातृत्वाभावादात्ममनःसंयोगेन भवितव्यम् । सत्यप्यात्ममनः संयोगे स्वप्नावस्थायामुपरतेन्द्रियग्रामस्य बाह्यविषयज्ञानाभावादिन्द्रियाणां च मनसश्च सम्बन्धेन भवितव्यम् । सत्येप्येतस्मिन् बाह्यार्थस्य चेन्द्रियस्य सम्बन्धाभावे प्रतीत्यनुदयाच्चतुर्णां सम्बन्धेन भवितव्यमेव ।

ननु चक्षुरुन्मीलनसमनन्तरमनेकयोजनस्थमार्तण्डमण्डलमुपलभ्यते । यथा राजमन्दिरे भेर्यां ताड्यमानायां स्वमन्दिरस्थपुंसः शब्दप्रतिपत्तिर्जायते, यथा पण्यवीथ्यां पर्यटतो वाटिकास्थितपुष्पगन्धोपलब्धिः तत्कथमिन्द्रियार्थः सम्बन्धः ? इत्याशङ्क्याह -

તથાહિ - જ્ઞાનની ઉત્પત્તિમાં ચાર સંયોગ જ છે.

૧. આત્માનો મનની સાથે

૨. મનનો ઈન્દ્રિય સાથે

૩. ઈન્દ્રિયનો અર્થ સાથે.

૪. અર્થ સાથે જોડાયેલ ઈંદ્રિયથી નિર્વિકલ્પ જ્ઞાન પેદા થાય છે.

ઉંઘની અવસ્થામાં મન સર્વ ઈન્દ્રિયોથી છુટુ પડી સ્વપ્નનાડીમાં રહેતું હોવાથી પ્રલીનમનવાળા આત્માને જ્ઞાતૃત્વ ઘટી શકતુ નથી. માટે જ્ઞાનસારૂ આત્માનો મન સાથે સંયોગ હોવો જોઈએ, વળી આત્મા મનનો સંયોગ હોવાથી બાહ્ય વિષયનું જ્ઞાન થતું નથી. ઈંદ્રિયનો મન સાથે સંબંધ હોવો જોઈએ. આ બધું હોવા છતાં પણ બાહ્ય અર્થ સાથે ઈંદ્રિયનો સંબંધ ન હોય તો પ્રતીતિ થતી ન હોવાથી તેવો સંબંધ પણ હોવો જરૂરી છે.

શંકાકાર :- આંખ ખોલતાની સાથે અનેક જોજન દૂર રહેલ સૂર્ય બિમ્બ દેખાય છે. રાજમહલમાં વાગતી ભેરીનો અવાજ પોતાનાં ઘરમાં જ રહેલા પુરૂષને સંભળાય છે. તથા માર્ગમાં ફરતા પુરૂષને વાડીમાં રહેલ ફૂલની ગંધ જણાઈ આવે છે. તો ત્યાં ઈંદ્રિય અને અર્થનો સંબંધ કેવી રીતે ?

विप्रतिपन्नानि इन्द्रियाणि प्राप्तप्रकाशकानि बाह्येन्द्रियत्वात् । त्वगिन्द्रियवत् । दृष्टो हि लाघवातिशयो यद् उदयाचलचूलावलम्बिन्येवार्के भुवने आलोकः प्रसरीसरीति । तद्वन्नयनोन्मीलनानन्तरं तद्रश्मयोऽर्कमण्डलं प्राप्यैव प्रकाशयन्ति तथा वीचीतरङ्गन्यायेन कर्णपथं प्राप्तस्यैव शब्दस्योपलब्धिः । तथा गन्धाधारत्वेन स्थितानां पुष्पांवयानां घ्राणस्य च सम्बन्धे सत्येवगन्धोपलम्भः स्यादिति न काचिदनुपपत्तिरिति । **नामेति** योजनासम्बन्धाविषयकज्ञानत्वं निर्विकल्पकमित्यर्थः; निर्विकल्पकत्वं न जातिः धर्मांशे निर्विकल्पस्वरूपे धर्म्यंशे सविकल्पकत्वरूपे नरसिंहाकारज्ञानेऽव्याप्यवृत्तित्वप्रसङ्गात् ।

સમાધાન :- વિવાદાસ્પદ ઈંદ્રિયો અર્થને પ્રાપ્ત કરીને પ્રકાશિત કરે છે, બાહ્ય ઈન્દ્રિય હોવાથી, જેમ સ્પર્શેન્દ્રિય (જેનો સ્પર્શ થાય તેનું જ જ્ઞાન થાય છે.) આપણે પણ જોઈએ છીએ કે લાઘવના અતિશયથી કે વેગના અતિશયથી જે ઉદયાચલ પર્વતના શિખરે રહેલ સૂરજનો પ્રકાશ પૃથ્વી ઉપર ફેલાય છે. તેમ આંખ ખોલતાની સાથે નેત્રની રશ્મિ સૂર્યમંડલે પહોંચી સૂર્યને પ્રકાશિત કરે છે.

તથા વીચીતરંગના ન્યાયથી કાનમાર્ગે આવેલા શબ્દનું જ જ્ઞાન થાય છે.

तथा गंधना आधार तरीके रहेल पुष्पना अवयवोनो नाक साथे संबंध थता गंधनुं ज्ञान थाय छे. माटे कोई पण जातनुं अणघटतु नथी.

"नाम जात्यादि योजना हीनं" - नाम जात्यादि योजना - संबंधना विषय वगरनुं ज्ञान निर्विकल्पक छे.

निर्विकल्पकत्व जाति नथी. केम के धर्म अंशमां निर्विकल्प स्वरूपवाळा अने धर्मी अंशमां सविकल्प स्वरूपवाळा नरसिंहाकार ज्ञानमां अव्याप्यवृत्तिनो प्रसंग आवे. निर्विकल्पकज्ञान बे प्रकारनुं होय छे, विशुद्ध अने मिश्र, कोईपण अंशमां विशिष्टग्राही न होय - गो - गोत्वदिनुं सर्व प्रथम थतुं स्वरूपमात्र ग्राही ज्ञान ते विशुद्ध निर्विकल्पक. मुख्यअंशमां निर्विकल्पक होय अने अमुक अंशमां विशिष्टग्राही पण होय तेने मिश्र निर्विकल्पक कहेवाय. एनुं ज नाम नरसिंहाकार ज्ञान छे.

यदा च निर्विकल्पकसविकल्पकात्मकं ज्ञानमिति न पक्षः, तदा निर्विकल्पकत्वं साक्षाद्व्याप्यजातिः । सापिलक्षणं योजनात्मकमितिसम्बन्धविषयज्ञानत्वमात्रलक्षणं नरसिंहाकारज्ञानाभावपक्षे जात्यादियोजनाऽभावात् नरत्वं सिंहत्वं च वक्तुं न शक्यत इति ।

आ ज्ञाननी धर्मांशमां निर्विकल्पकता, धर्म्यंशमां सविकल्पकता आ प्रमाणे छे... घटादि पदार्थनुं सविकल्पकज्ञान थाय, त्यारे सामान्यथी तेनुं अनुभव ज्ञान (=मानसप्रत्यक्ष) थाय. ते वखते मननो घटज्ञान साथे संयुक्तसमवाय अने ज्ञानत्वना परस्पर संबंधनुं ग्रहण न करी बंनेना स्वरूपमात्रने ग्रहण करनार निर्विकल्पकनो उदय थाय छे, ए ज नरसिंहाकारज्ञान. ए ज्ञानमां पहेला घट साथे मननी ज्ञानलक्षणा प्रत्यासत्ति रहेवाथी ज्ञानना विशेषण स्वरूपे घटनुं भान अनिवार्य छे. तेथी "ज्ञानज्ञानत्वे' एम निर्विकल्पक न थता 'घटज्ञान ज्ञानत्वे' एम निर्विकल्पक थशे, तेथी केवल ज्ञानत्व अंशमां ज आ ज्ञान निर्विकल्पक छे. ज्ञानांशमां सविकल्पक छे. शुद्ध निर्विकल्पक ज्ञानमां निर्विकल्पकत्व जाति ज रहे. शुद्ध सविकल्पक ज्ञानमां सविकल्पकत्व जाति ज रहे, ज्यारे उपरोक्त ज्ञानमां बन्ने रहेवाथी सांकर्य दोष आवे. अथवा (उपरोक्त नरसिंहाकार ज्ञानमां निर्विकल्पक जाति न मानीओ तो सांकर्य न आवे, परंतु ज्यां ज्यां निर्विकल्पक

જ્ઞાન છે, ત્યાં ત્યાં નિર્વિકલ્પકત્વ જાતિ ન રહેવાથી - સવિકલ્પકધર્મીઅંશમાં તેનો અભાવ છે, માટે અવ્યાપ્યવૃત્તિનો પ્રસંગ આવે.)

જ્યારે નિર્વિકલ્પક સવિકલ્પક મિશ્રિત જ્ઞાનને પક્ષ તરીકે ન લઈએ તો નિર્વિકલ્પકત્વને સાક્ષાદ્ વ્યાપ્યજાતિ કહી (માની) શકાય છે. તે જાતિ પણ લક્ષણ યોજનાત્મક એટલે સંબંધ વિષય- સંબંધમાત્રના વિષયવાળું જ્ઞાન તે લક્ષણ સ્વરૂપ બનશે. જ્ઞાનત્વ માત્ર સ્વરૂપ-લક્ષણ છે. નરસિંહાકાર જ્ઞાનના અભાવ પક્ષમાં જાત્યાદિ યોજનાનો અભાવ હોવાથી નરત્વં સિંહત્વં એમ પૃથગ્ તો કહી શકાય નહિ.

सविकल्पकज्ञाने प्रत्यक्षत्वं ज्ञानत्वं च वर्तते । प्रत्यक्षत्वं विहाय ज्ञानत्वं अनुमितिज्ञाने, ज्ञानत्वं विहाय प्रत्यक्षत्वं लोचने तदुभयमपि सविकल्पकज्ञाने इति जातिसङ्करः । परं गुणगतजातिसाङ्कर्यं न दोषायेति मते सविकल्पकत्वं जातिरपीति, द्रव्यसाङ्कर्यं दोषयेति घटे भूतत्वं च मूर्त्तत्वं भूतत्वं विहाय मूर्त्तत्वं मनसि स्थितं, मूर्त्तत्वं विहाय भूतत्वं नभसि स्थितं तदुभयमपि घटे पृथिव्यादिचतुष्टये च इति भूतत्वमूर्त्तत्वयोर्न जातित्वमिति जातिसङ्करलक्षणमाह-

अन्योन्यपरिहारेण भिन्नव्यक्तिनिवेशिनोः ।
उभयोरेकसमावेशो जातिसङ्कर उच्यते ॥१।?।

जातिसङ्करस्य जातिबाधकान्तर्गतत्वेन जातिबाधकमाह

''व्यक्तेरभेदस्तुल्यत्वं सङ्करोऽथानवस्थितिः ।
रूपहानिरसम्बन्धो जातिबाधकसङ्ग्रहः ॥२॥' इति

किरणावलीलीलावतीकारोक्तं । व्यक्तेरभेदः आकाशादौ; तुल्यत्वं हस्तत्वकरत्वादौ; सङ्करो भूतत्वमूर्त्तत्वादौ; उदाहरणं प्रागुक्तं ज्ञेयं । परस्परात्यन्ताभावसमानाधिकरणयोर्धर्मयोः सामानाधिकरण्यलक्षणं साङ्कर्यं भूतत्वमूर्त्तत्वयोर्भवति । एतदुभयं उपाधिरूपं ।

સવિકલ્પક જ્ઞાનમાં પ્રત્યક્ષત્વં અને જ્ઞાનત્વં છે. પ્રત્યક્ષત્વને છોડી જ્ઞાનત્વ અનુમિતિ જ્ઞાનમાં છે. જ્ઞાનત્વને છોડી પ્રત્યક્ષત્વ નૈત્રમાં છે (નેત્રને પ્રત્યક્ષ પ્રમાણ કહેવાતું હોવાથી.) તે બંને સવિકલ્પક જ્ઞાનમાં છે. માટે જાતિ સંકર થાય. પણ 'ગુણમાં રહેલું જાતિ સાંકર્ય દોષ માટે નથી' એવું માનનારના મતે

सविकल्पकत्वं पण जाति कही शकाय. એટલે द्रव्यमां सांकर्य दोषदायी बने छे. જેમ કે ઘટમાં ભૂતત્વ અને મૂર્ત્તત્વ છે. ભૂતત્વને છોડી મૂર્ત્તત્વ મનમાં છે, મૂર્ત્તત્વને છોડી ભૂતત્વ આકાશમાં છે, તે બન્ને પૃથ્વીવિગેરે ચારમાં છે, માટે તે બંને જાતિ ન બને.

જાતિસંકરનું લક્ષણ કહે છે - એક બીજાનો પરિહાર કરી ભિન્ન ભિન્ન વ્યક્તિમાં રહેલા બે પદાર્થોનું એક ઠેકાણે સમાવેશ થવો તે જાતિ સંકર કહેવાય છે.

સંકરનો જાતિબાધકમાં સમાવેશ થતો હોવાથી પ્રસંગોપાત્ત જાતિ બાધકોને દશવિ છે.

જાતિ બાધક

''વ્યક્તિનો અભેદ, તુલ્ય હોવું, સંકર, અનવસ્થા, સ્વરૂપની હાનિ, સંબંધનો અભાવ'' એ જાતિનાબાધક છે. એ પ્રમાણે **કિરણાવલી/લીલાવતીકારે** કહ્યુ છે. એક જ વ્યક્તિ હોય- આકાશ વિ., હસ્તત્વ-કરત્વ બન્ને સમાન છે, ભૂતત્વ મૂર્ત્તત્વ વિગેરેમાં સંકર છે. તેના માટેનું ઉદાહરણ પહેલા કહ્યું છે. પરસ્પર અત્યન્તાભાવના સમાધાધિકરણવાળા બે ધર્મનું એક અધિકરણમાં હોવું તે સંકર. માટે ભૂતત્વ મૂર્ત્તત્વને ઉપાધિ તરીકે માનવા પણ જાતિ ન કહેવાય.

सामान्य अनवस्थितिः जातौ जात्यङ्गीकारात् । रूपहानिर्विशेषादौ; असम्बन्धः समवायादौ समवाये समवायानंङ्गीकारत्; एवंविधजातिबाधकाभावे यत्सामान्यं सा जातिः; बाधके तु औपाधिकं सामान्यमित्यर्थः । हानादीति जिहासाजनकबुद्धित्वं हानत्वं, उपाधिजनकबुद्धित्वं चोपादानत्वं । एतदुभयभिन्नबुद्धित्वं चोपेक्षा । न तु त्रितयं जातिः सर्पसुवर्णलोष्टकसमूहालम्बने अव्याप्यवृत्तिरितिभावः ।

षड्विध एवेत्यत्र एवकारः लौकिकप्रत्यासत्त्यन्तरव्यवच्छेदकः । नतु प्रत्यासत्त्यन्तरमात्रव्यवच्छेदको ज्ञानादिप्रत्यासत्तित्रयत्वादिति भावः । ज्ञानसामान्ययोगजधर्मलक्षणाभिः प्रत्यासत्तिभिर्नवधा सन्निकर्षो ज्ञेय इति, ज्ञानादिप्रत्यासत्त्युदाहरणानि यथा घ्राणेन पूर्वं चान्दने सौरभे गृहीते उत्तरकाले चक्षुषा चान्दनसौरभग्रहे ज्ञानलक्षणा प्रत्यासत्तिः ॥१॥

જાતિમાં જાતિને સ્વીકારતા સામાન્યમાં અનવસ્થા દોષ આવે. કારણ કે તે માનેલી જાતિ પણ જાતિ-સામાન્ય છે માટે તેમાં પણ પુનઃ સામાન્ય માનવું પડશે. એમ પરંપરા ચાલતી જ રહેશે એટલે અનવસ્થા આવે. વિશેષમાં જાતિ માનીએ તો પોતાનું સ્વરૂપ સામાન્ય ભિન્ન વિશેષરૂપ હતું તે પણ સામાન્ય રૂપે થઈ જાય. સમવાયમાં સમવાયત્વને રહેવા માટે સમવાય સંબંધ સ્વીકારેલ નથી. (અનવસ્થા આવતી હોવાથી) જ્યારે જાતિ તો સર્વ ઠેકાણે સમવાય સંબંધથી સ્વીકારેલ/રહેલ છે. માટે સમવાયત્વને જાતિ તરીકે માનવામાં આવતું નથી. આવા પ્રકારનાં જાતિ બાધકનો અભાવ હોય તે સામાન્ય/જાતિ કહેવાય. બાધક હોય ત્યાં ઔપાધિક સામાન્ય હોય.

છોડવાની ઈચ્છાને પેદા કરનાર બુદ્ધિ તે હાનત્વ; સ્વીકારવાની ઈચ્છાને પેદા કરનાર બુદ્ધિ ઉપાદાનત્વ, 'આ. ઉભયથી ભિન્ન બુદ્ધિ ઉપેક્ષા બુદ્ધિ. પરંતુ સાંપ, સોનું, ઢેફાના સમૂહાલંબનમાં ત્રણ પ્રકારની (અંશવાળી) જાતિ નથી. અવ્યાપ્ય વૃત્તિની આપત્તિ આવતી હોવાથી (આંશિક દેશમાં રહે છે માટે) એટલે તેવું સમૂહાલંબન જ્ઞાન થાય ત્યારે એક કાલે બુદ્ધિ તો ત્રણમાંથી એક જ જાગે છે. (કારણ કે આત્માને બે વિરોધી ઉપોયગો એક સાથે ન હોઈ શકે.)

'સ. ષડ્વિધ ઈવ' અહિં એવકાર અન્ય લૌકિક પ્રત્યાસત્તિનો વ્યવરછેદ કરે છે. પરંતુ અન્ય પ્રત્યાસત્તિ માત્રનો વ્યવચ્છેદ કરનાર નથી. કેમ કે જ્ઞાન લક્ષણાદિ ત્રણ અલૌકિક પ્રત્યાસત્તિ તો છે જ. અલૌકિક એટલે જ્ઞાનલક્ષણા સામાન્યલક્ષણા. યોગજધર્મા રૂપ અલૌકિક છે, તેમની સાથે નવ પ્રકારની પ્રત્યાસત્તિ જાણવી. તેના ઉદાહરણ આપે છે.

અલૌકિકસંનિકર્ષ

જ્ઞાનાલક્ષણા :- દા.ત. નાકથી પહેલાં ચંદનની ગંધ ગ્રહણ કરી હોય અને પછી આંખથી ચંદન દેખતા અહો હો ! આ સુરભિ ચંદન છે. એવું જ્ઞાન થાય છે. અહીં ચંદન દેખતા સુરભિને ગ્રહણ કરવામાં પૂર્વનું જ્ઞાન સન્નિકર્ષનું કામ કરે છે, કારણ કે પૂર્વોક્ત જ્ઞાનજ સુરભિ સાથે આંખનું પરંપરાએ જોડાણ કરી આપે છે. સ્વ - ચક્ષુ સંયુક્ત આત્મા તેમાં સમવેત સૌરભજ્ઞાન વિષયતાસંબંધથી ચંદનગત સૌરભમાં છે. એટલે કે આંખ સ્વસંયુક્તસમવેતત્વ સંબંધથી સૌરભજ્ઞાન સાથે જોડાઈ 'સુરભિચંદન' આવું જ્ઞાન પેદા કરે છે.

(२३) (विशेषणविशेष्यभावसन्निकर्षः)

कदा पुनर्विशेषणाविशेष्यभावइन्द्रियार्थसन्निकर्षो भवति ? यदा चक्षुषा संयुक्ते भूतले घटाद्यभावो गृह्यते, इह भूतले घटो नास्तीति तदा विशेषणविशेष्यभावः सम्बन्धः । तदा चक्षुःसंयुक्तस्य भूतलस्य घटाद्यभावो विशेषणं, भूतलं विशेष्यम् ।

पृथिवीत्ववती पृथिवीतिज्ञाने पृथिवीत्वावच्छिन्न परमाण्वादिज्ञानं सामान्यतो जातमिति सामान्यप्रत्यासत्तिः ॥२॥ योगिनां सकलगोचरत्वे प्रत्यक्षो योगज-लक्षणाप्रत्यासत्तिः ॥३॥ विशेषणविशेष्यभावसम्बन्धे विशेषणता द्विविधा, एका साक्षाद्विशेषणतान्या परम्पराविशेषणता च साक्षाद्विशेषणंतायाः शब्दध्वंसादि-ग्रहणं । परम्पराविशेषणता संयुक्तविशेषणतया घटाभावादिग्रहस्तद्भेदा बहवस्स-न्ति । तद्यथा । विशेषणता च संयुक्तविशेषणता ॥१॥ सुंयक्तसमवेतविशेष-णता ॥२॥ संयुक्तसमवेतसमवेतविशेषणता ॥३॥ विशेषणता ॥४॥ समवेत-विशेषणता ॥५॥ समवेतसमवेतविशेषणता ॥६॥ संयुक्तविशेषणविशेषणता ॥७॥ संयुक्तसमवेतविशेषणविशेषणता ॥८॥ संयुक्तसमवेतसमवेतविशेषणवि-शेषणता ॥९॥ विशेषणविशेषणता ॥१०॥ समवेतविशेषणविशेषणता ॥११॥ समवेतसमवेतविशेषणविशेषणता ॥१२॥ चेत्येवमादिका अनन्ता उदाह-रणाः(नि;?)

सामान्यलक्षणा :- 'પૃથિવીત્વવાળી પૃથ્વી હોય છે' આવા જ્ઞાનમાં પૃથિવીત્વાવચ્છિન્ન પરમાણુ એ જ્ઞાન સામાન્ય-પૃથિવીત્વથી થાય છે. પૃથ્વીત્વ એ બધા પૃથ્વીમાં રહે છે. એનાં આધારે પૃથ્વીના પરમાણુમાં પૃથ્વીત્વઅવચ્છિન્નત્વ છે, એ જ્ઞાન સંભવે છે.

યોગીઓને સર્વવિષય પ્રત્યક્ષ દેખાય છે. **તે યોગજ લક્ષણા.**

વિશેષણ-વિશેષ્ય ભાવસંનિકર્ષ

પ્રત્યાસત્તિ વિશેષણ-વિશેષ્ય ભાવના સંબંધમાં વિશેષતાનું જ્ઞાન થાય છે. તેના ભેદો ઘણા છે. તે આ પ્રમાણે છે.

૧. વિશેષણતા- સંયુક્ત વિશેષણતા.
૨. સંયુક્ત સમવેત વિશેષણતા.
૩. સંયુક્ત સમવેત સમવેત વિશેષણતા.
૪. વિશેષણતા.
૫. સમવેત વિશેષણતા.
૬. સમવેત સમવેત વિશેષણતા.
૭. સંયુક્ત વિશેષણ વિશેષણતા.
૮. સંયુક્ત સમવેત વિશેષણ વિશેષણતા.
૯. સંયુક્ત સમવેત સમવેત વિશેષણ વિશેષણતા.
૧૦. વિશેષણ વિશેષણતા.
૧૧. સમવેત વિશેષણ વિશેષણતા.
૧૨. સમવેત સમવેત વિશેષણ વિશેષણતા. ઈત્યાદિ- એ પ્રમાણે અનંત ઉદાહરણો છે,

यदा च मनःसंयुक्त आत्मनि सुखाद्यभावो गृह्यतेऽहं सुखरहित इति तदा मनः संयुक्तस्यात्मनः सुखाद्यभावो विशेषणम् । यदा श्रोत्रसमवेते गकारे घत्वाभावो गृह्यत तदा । श्रोत्रसमवेतस्य गकारस्य घत्वाभावो विशेषणम् ।

અહીં मत्वर्थीय અર્થ घटतो नथी. प्रत्यक्ष स्वરૂप જ વેદનને બોધ, બુદ્ધિ शब्दथी કહેવાય છે. એમ પ્રત્યક્ષ પ્રમાણ સાત પ્રકારે છે. પાંચ બુદ્ધિ ઈંદ્રિય, છટ્ઠું મન, સાતમું ઈશ્વર પ્રત્યક્ષ, ઈશ્વરને ઈંદ્રિય નથી, પણ ઈશ્વર સાક્ષાત્ જુએ છે. માટે છ પ્રકારનું લૌકિક પ્રત્યક્ષ સાતમું અલૌકિક છે. ત્યાં પ્રત્યક્ષ પ્રમાણમાં ચક્ષુ વિગેરે કરણ છે, સન્નિકર્ષ અવાન્તર વ્યાપાર અને ઘટાદિનું જ્ઞાન તે પ્રત્યક્ષપ્રમા(ણ)નું ફળ છે. વ્યભિજ્ઞાન કરણ, લિંગ પરામર્શ અવાંતરવ્યાપાર, અગ્નિ વગેરેનો બોધ અનુમિતિપ્રમાનું ફળ છે, એ પ્રમાણે વસ્તુગતિ છે-આવું વાસ્તવિક સ્વરૂપ છે. મન કરણ, પરામર્શ દ્વાર અનુમિતિ ફળ છે, એમ કેટલાક માને છે. લિંગ કરણ પરામર્શ દ્વાર અનુમિતિ ફળ એમ બીજાઓ માને છે. વ્યાપાર વગરનો પોતાનો (લિંગનો) પરામર્શ જ કરણ, અનુમિતિ ફળ એમ અન્ય માને છે.

उपमानप्रमाणे यथा गौस्तथा गवय इति वाक्यज्ञानं करणं । गोसादृश्यो गवय इति वाक्यार्थस्मरणमवान्तरव्यापारः गवयपिण्डज्ञानमुपमितिप्रमाफलमिति ॥३॥

ज्योतिष्टोमेन स्वर्गकामो यजेतेत्याद्याप्तवाक्यं करणं पदसमुदायसङ्केतग्रहो-

१. अत्र प्रमीयते इति भावार्थे अनट् प्रत्ययो ज्ञेयः ।

ऽवान्तर व्यापारः वाक्यार्थज्ञानं शाब्दीप्रमाफलमिति ॥४॥ चतुर्षु प्रमाणेषु चत्वारि करणानि चत्वारोऽवान्तर व्यापारः चतस्रः प्रमाश्चेति प्रत्यक्षप्रमाणे त्वयं विशेषश्चक्षुरादीनि षड्करणानि षडवान्तरव्यापाराः षट्प्रमाश्चेत्यष्टादश प्रकारा भवन्तीति ।

ननु उद्देशलक्षणपरीक्षाणां क अन्तर्भाव ? उच्यते अनुमाने । कथं ?.... ''प्रमाणमितरेभ्यो भिद्यते प्रमाकरणत्वात्'' एवं प्रमेयमपीत्यत्र प्रमाणस्योद्देशत्वेन पक्षेऽन्तर्भावो, लक्षणस्य हेतावन्तर्भावः परीक्षापि लक्षणस्यैवेत्यर्थः ॥६॥

ઉપમાન પ્રમાણમાં ''यथागोस्तथागवयः'' એવા વાક્યનું જ્ઞાન તે કરણ ''ગાય સરખુ રોઝ હોય'' એવા વાક્યાર્થનું સ્મરણ તે અવાન્તર વ્યાપાર છે. ગવયપિંડનું જ્ઞાન ઉપમિતિ પ્રમાનું ફળ છે.

''સ્વર્ગની ઈચ્છાવાળાએ જ્યોતિષ્ટોમથી યજ્ઞ કરવો' ઈત્યાદિ આપ્ત વાક્ય કરણ છે. પદ સમુદાયના સંકેતનું જ્ઞાન અવાન્તરવ્યાપાર, વાક્યાર્થજ્ઞાન શબ્દઆગમ-પ્રમાનું ફળ છે.

ચાર પ્રમાણમાં ચાર કરણ છે, ચાર અવાન્તર વ્યાપાર છે, ચાર પ્રમા છે. પ્રત્યક્ષ પ્રમાણમાં એટલું વિશેષ છે કે આંખ વિ. છ કરણ છે. છ અવાન્તર વ્યાપાર છે, તે તે ઈન્દ્રિયોનો વિષય સાથેનો સાક્ષાત્ કે પરંપર સંનિકર્ષ તે છ કરણના છ બને છે માટે, છ પ્રકારની પ્રમા છે. એમ અઢાર પ્રકાર થાય છે.

શંકાકાર :- ઉદ્દેશ લક્ષણ અને પરીક્ષાનો શેમાં સમાવેશ થાય છે ?

સમાધાન :- અનુમાનમાં તથાહિ - તે આ પ્રમાણે 'પ્રમાણ બીજાઓથી ભિન્ન છે - પ્રમાનું કરણ હોવાથી. અહીં પ્રમાણ ઉદ્દેશ તરીકે હોવાથી પક્ષમાં સમાવેશ થાય છે. લક્ષણનો હેતુમાં અતંર્ભાવ થાય છે. (લક્ષણનો હેતુ તરીકે પ્રયોગ થતો હોવાથી) અને પરીક્ષા પણ લક્ષણની જ થાય છે. એ પ્રમાણે પ્રમેયને ઉદ્દેશ બનાવી અનુમાન કરી શકાય છે. પ્રમેયં ઈતરેભ્યો ભિદ્યતે પ્રમા-વિષયત્વાત્.

(૪૬) (अर्थापत्तेः प्रमाणान्तरत्वनिराकरणम्)

नन्वर्थापत्तिरपि पृथक् प्रमाणमस्ति । अनुपपद्यमानार्थदर्शनात् तदुप-

पादकीभूतादर्थान्तरकल्पनमर्थापत्तिः । तथा हि पीनो देवदत्तो दिवा न भुङ्क्त इति दृष्टे श्रुते वा रात्रिभोजनं कल्प्यते । दिवाऽभुञ्जानस्य पीनत्वं रात्रिभोजनमन्तरेण नोपपद्यतेऽतः पीनत्वान्यथानुपपत्तिप्रसूतार्थापत्तिरेव रात्रिभोजने प्रमाणम् । तच्च प्रत्यक्षादिभ्यो भिन्नम्, रात्रिभोजनस्य प्रत्यक्षाद्यविषयत्वात् ।

अनुपपत्तिज्ञानं करणं स्वरूपसती अनुपपत्तिरेव वा करणं, रात्रिभोजनादिप्रमाफलं निर्व्यापारमेव च करणमिति भावः। भाट्टमतं दूषयितुमुत्थापयति नन्वर्थापत्तिरिति । प्रमाणमितिप्रमितिरित्यर्थः ।

અનુપપત્તિનું જ્ઞાન કરણ છે. અથવા સ્વરૂપથી સત્-વિદ્યમાન અનુપપત્તિ જ કરણ છે, અને ત્યાં (અર્થાપત્તિમાં) રાત્રભોજનાદિ પ્રમા (બોધ) ફળ છે.

એટલે કે અહીં વ્યાપાર વગરનું જ કરણ છે, એવા **કુમારિલ ભટ્ટ-ભાટ્ટમતને** દૂષિત કરવા તૈયાર થાય છે. ભાટ્ટ અર્થાપત્તિને સ્વતંત્ર પ્રમા માને છે; જ્યારે નૈયાયિક નથી માનતા. અર્થાપત્તિ કોઈ પૃથક્ પ્રમાણ જ (પ્રમા) નથી કે તેથી તેનાં કરણ તરીકે અનુપપત્તિજ્ઞાન નામનું સ્વતંત્ર પ્રમાણ માનવું પડે. એવો ભાવ છે. તેને જ પહેલા વ્યવસ્થિત સ્થાપે છે.

તે આ પ્રમાણે - જાડો દેવદત્ત દિવસે જમતો નથી. એમ જોવામાં કે સાંભળવામા આવે, તો તેનાં રાત્રિભોજનની કલ્પના થાય છે, અહીં રાત્રિભોજનનો વાચકશબ્દ પણ સમજી લેવો. તેથી 'શ્રુતેવા' એની સાથે વિરોધ ન આવે. દિવસે નહિ જમનારનું જાડાપણું રાત્રિભોજન સિવાય સંભવી શકે નહિ. તેથી જાડાપણામાટે (રાત્રિભોજન સિવાયની) અન્ય રીતની અનુપપત્તિમાંથી જન્મેલ અર્થાપત્તિ જ રાત્રિભોજન જણાવવા માટે પ્રમાણ છે, એટલે કે પ્રમિતિ છે.

नैतत् । रात्रिभोजनस्यानुमानविषयत्वात् । तथा 'ह्ययं देवदत्तो रात्रौ भुङ्क्ते दिवा अभुञ्जानत्वे सति पीनत्वात् । यस्तु न रात्रौ भुङ्क्ते, नासौ दिवाऽभुञ्जानत्वे सति पीनः, यथा दिवा रात्रावभुञ्जानोऽपीनः, न चायं तथा, तस्मान्न तथेति'- केवलव्यतिरेक्यनुमानेनैव रात्रिभोजनस्य प्रतीयमानत्वात् किमर्थमर्थापत्तिः पृथक्त्वेन कल्पनीया ।

तेन तत्करणत्वेनानुपपत्तिज्ञानाख्यं स्वतन्त्रप्रमाणं मन्तव्यमित्याशयः । तामेव प्रथमतो व्यवस्थापयति ।

तथाहीति । रात्रिभोजनमिति तद्वाचकः शब्द इत्यपि बोध्यम् । तेन श्रुत इत्यनेन विरोधो न भवतीति ध्येयम् । प्रमाणं प्रमितिः प्रत्यक्षादिप्रमाभ्यः दिवाभुञ्जानत्वे सति पीनत्वादिति योगिभोगिभिन्नत्वे सत्यपीति बोध्यम् ।

अथ पदकृत्यमाह - पीनत्वादित्युक्ते दिवाभोजनप्रयुक्तपीनत्ववति रात्रिभोजनविरहिणि पुरुषे व्यभिचारस्तन्निरासाय दिवाभुञ्जानत्वे सतीति तावत्युक्ते दिवाभोजनरहिते रात्रिभोजनाभाववति कृशपुरुषे व्यभिचारस्तन्निरासाय पीनत्वादिति ज्ञेयम् ।

તે પ્રત્યક્ષાદિ પ્રમાણથી જુદી પ્રમિતિ છે. કારણ કે રાત્રિભોજન એ પ્રત્યક્ષાદિ (પ્રમાણો)નો વિષય નથી. તેનો નૈયાયિક અનુમાનમાં અંતર્ભાવ દર્શાવે છે. = 'अयं देवदत्तो, रात्रौ भुङ्क्ते'' 'दिवाऽभुञ्जानत्वे सति पीनत्वात्'' અહિં હેતુમાં योगिभोगि भिन्नत्वे सति એટલું વધારે સમજવું. પદકૃત્ય કહે છે - માત્ર પીનત્વ કહીએ તો - દિવસે ભોજન કરી જાડો થયેલો પુરૂષ જે રાત્રે ખાતો નથી, તેમાં વ્યભિચાર આવે. તેના નિરાસ માટે 'दिवाऽभुञ्जाने सति' એમ કહ્યું. હવે માત્ર તેટલું જ કહીએ તો દિવસે ભોજન નથી કરતો અને રાત્રે પણ જમતો નથી તેવા પાતળા પડેલા પુરૂષમાં વ્યભિચાર આવે. તેનાં નિરાસ માટે 'पीनत्वाद्' કહ્યું. યોગી/ભોગી[1] = સાંપ તો દિવસે રાત્રે ન ખાય તો પણ પાતળા પાડતા નથી. માટે 'योगीभोगि भिन्ने सति' એમ કહ્યું છે.

(४७) (अभावस्य प्रमाणान्तरत्वनिराकरणम्)

नन्वभावाख्यमपि पृथक् प्रमाणमस्ति । तच्चाभावग्रहणायाङ्गीकरणीयम् । तथा हि घटाद्यनुपलब्ध्या घटाद्यभावो निश्चियते । अनुपलब्धिश्चोपलब्धिरभाव इत्यभावप्रमाणेन घटाद्यभावो गृह्यते ।

नैतत् । यद्यत्र घटोऽभविष्यत् तर्हि भूतलमिवाद्रक्ष्यदित्यादितर्कसहकारिणानुपलम्भसनाथेन प्रत्यक्षेणैवाभावग्रहणात् ।

१. સાંપને પવનાશન કહેવાય છે એટલે

अभावस्यापीति पूर्वोक्तदण्डादिभाववदभावस्यापि विशेषणत्वादित्यर्थः । ननु अभावस्य विशेषणत्वेऽपि तस्यार्थान्तरत्वं भवतु,को दोष ? इत्याशङ्क्य (आह-) विशेषणत्वस्यार्थान्तरत्वे द्रव्यादीनामन्यतमेन भवितव्यं । तदन्यतमभावे न सम्भवति अभावस्य भावाधिकरणत्वासम्भवादिति न चाभाव इति उदाहरणम् ।

અભાવસ્યાપિ - પૂર્વોક્ત (દંડ અને વિશેષ્યભાવ છે.) દંડાદિભાવનીજેમ અભાવ પણ વિશેષણ અને વિશેષ્ય તરીકે બને છે, દ્રવ્ય વગેરે છમાંથી કોઈપણ એકનું અભાવમાં હોવું સંભવતિ નથી માટે અભાવમાં જ ઉપરક્ત-પ્રતિબદ્ધ (ઘટાભાવવદ્ ભૂતલં - તેવી) બુદ્ધિ ઉત્પન્ન કરનાર અભાવનું જે સ્વરૂપ છે તે જ વિશેષણત્વ છે. કોઈ અલગ પદાર્થ નથી.

શંકાકાર :- અભાવ વિશેષણરૂપ હોવા છતાં પણ તે વિશેષણ અન્ય પદાર્થ રૂપે ભલે હોય એમાં શું ?

સમાધાન :- જે વિશેષણને અર્થાન્તર માનવામાં આવે તો દ્રવ્યાદિમાંથી કોઈ પણ એક રૂપે માનવું પડે. તે તદ્ -દ્રવ્યાદિ અન્યતમત્વભાવરૂપે ન સંભવે કારણ કે અભાવ ભાવનું અધિકરણ ન સંભવે.[1] એટલે દ્રવ્યાદિ છ ભાવ પદાર્થ અભાવમાં રહેતા નથી, માટે દ્રવ્યાદિસ્વરૂપવિશેષ્યતા / વિશેષણતા અભાવમાં રહી ન શકે, તેથી તે અભાવનું વિશેષણ પણ ન બની શકે. એથી તે વિશેષ્યતા-વિશેષણતાને અભાવસ્વરૂપ જ માનવી યોગ્ય છે. માટે 'નચ અભાવે કસ્યચિત્ પદાર્થસ્ય દ્રવ્યાદ્યન્યતમસ્ય સંભવ'' એમ કહ્યું.

શંકા :- (મીમાંસક, વેદાંતી) અભાવ નામનું પણ એક પૃથક્ પ્રમાણ છે. અભાવનું ગ્રહણ કરવા માટે તેનો સ્વીકાર કરવો જોઈએ, કારણ કે ઘટ વગેરેની અનુપલબ્ધિથી ઘટ વગેરેનો અભાવ નિશ્ચિત થાય. અનુપલબ્ધિ એટલે લબ્ધિ (પ્રાપ્તિ)નો અભાવ. આ રીતે અભાવ-પ્રમાણથી ઘટાદિનો અભાવ ગ્રહણ થાય છે.

સમાધાન :- (નૈયા.) એમ નથી. 'જો અહીં ઘડો હોત તો ભૂતલની જેમ (તે) દેખાત' એ પ્રકારના તર્કથી સહાય પામેલા અનપલબ્ધિયુક્ત પ્રત્યક્ષ

---

૧. ન્યા૦ કુસુ૦ પે.૧૪૩ સ્ત૦૩ હિન્દી વ્યાખ્યા.

(પ્રમાણ)થી જ અભાવનું ગ્રહણ થતું હોવાથી અભાવ પ્રમાણની શી જરૂર?

(૪૮) (विशेषणविशेष्यभावसम्बन्धस्य सम्बन्धत्वनिरूपणम्)

नन्विन्द्रियाणि संबद्धार्थग्राहकाणि । तथा हीन्द्रियाणि वस्तु प्राप्य प्रकाशकारिणी ज्ञानकरणत्वादालोकवत् । यद्वा चक्षुः श्रोत्रे वस्तु प्राप्य प्रकाशकारिणी बहिरिन्द्रियत्वात् । त्वगादिवत् त्वगादीनां तु प्राप्य प्रकाशकारित्वमुभयवादिसिद्धमेव, न चेन्द्रियाभावयोः सम्बन्धोऽस्ति । संयोगसमवायौ हि सम्बन्धौ, न च तौ तयोः स्तः । द्रव्ययोरेव संयोग इति नियमादभावस्य च द्रव्यत्वाभावात् । अयुतसिद्धत्वाभावान्न समवायोऽपि ।

શંકા :- ઈન્દ્રિયો (તેની સાથે) સંબદ્ધ (જોડાયેલા) અર્થને ગ્રહણ કરનારી હોય છે. "ઈન્દ્રિયો વસ્તુને પ્રાપ્ત કરીને (= ની સાથે જોડાઈને) (વસ્તુને) પ્રકાશિત કરે છે, જ્ઞાનનું કરણ હોવાથી; પ્રકાશની જેમ" અથવા તો "આંખ અને કાન વસ્તુને પ્રાપ્ત કરીને (=ની સાથે જોડાઈને) (તેને) પ્રકાશિત કરે છે; બહિરિન્દ્રિય હોવાથી. ત્વચા વગેરે (અન્ય બહિરિન્દ્રિય)ની જેમ, ત્વચા વગેરે (અન્ય ત્રણ બહિરિન્દ્રિયો)નું તો (વસ્તુને) પ્રાપ્ત કરીને પ્રકાશિત કરવાનું બંને વાદીને સ્વીકૃત છે જ. પરંતુ ઈન્દ્રિય અને અભાવ વચ્ચે (કોઈ) સંબંધ નથી; કારણ કે સંયોગ અને સમવાય એ બે (જ) સંબંધ છે. તે બંને (પ્રકારનો સંબંધ) તે બંને (ઈન્દ્રિય અને અભાવ વચ્ચે) નથી. કારણ કે બે દ્રવ્યો વચ્ચે જ સંયોગ થઈ શકે એવો નિયમ છે અને અભાવ એ દ્રવ્ય નથી. તેમજ અયુતસિદ્ધત્વનો અભાવ હોવાથી (ઈન્દ્રિય અને અભાવ વચ્ચે) સમવાય પણ નથી.

विशेषणविशेष्यभावश्च सम्बन्ध एव न संभवति भिन्नोभयाश्रितकत्वाभावात् । सम्बन्धो हि सम्बन्धिभ्यां भिन्नो भवत्युभयसम्बन्ध्याश्रितश्चैकश्च । यथा भेरीदण्डयोः संयोगः । स हि भेरीदण्डाभ्यां भिन्नस्तदुभयाश्रितश्चैकश्च । न च विशेषणविशेष्यभावस्तथा । तथा हि दण्डपुरुषयोर्विशेषणविशेष्यभावो न ताभ्यां भिद्यते । न हि दण्डस्य विशेषणत्वमर्थान्तरं नापि पुरुषस्य विशेष्यत्वमर्थान्तरमपि तु स्वरूपमेव । अभावस्यापि विशेषणत्वाद् विशेष्यत्वाच्च । न चाभावे कस्यचित् पदार्थस्य द्रव्या-

द्यन्यतमस्य संभवः । तस्मादभावस्य स्वोपरक्तबुद्धिजनकत्वं यत् स्वरूपं तदेव विशेषणत्वं न तु तदर्थान्तरम् । एवं व्याप्यव्यापकत्वकार्यकारणत्वादयोऽप्यूह्याः ।

'दण्डी पुरुष' इत्यत्र दण्डपुरुषयो र्विशेषणविशेष्यभावो न ताभ्यां विभिद्यते। यो दण्डी स एव पुरुषो, यो पुरुषः स एव दण्डीति । सम्बन्धश्च भिन्नोभयाश्रितैकलक्षण इति । **स्वोपरक्तेति** स्वविशिष्टप्रत्ययजनकत्वमित्यर्थः ।

વિશેષણત્વ વિશેષ્યત્વ અર્થાંતર નથી હોતા તે માટે ઉદાહરણ આપે છે. - દંડી પુરૂષ અહીં = આ પ્રતીતિમાં દંડ અને પુરૂષ એ બંને વચ્ચેનો વિશેષણ વિશેષ્યભાવ તે બંનેથી ભિન્ન નથી. (જે દંડી છે તે જ પુંરૂષ છે, જે પુરૂષ છે તે જ દંડી છે.) દંડનુ વિશેષણત્વ તેનાં સ્વરૂપ સિવાય અન્ય કોઈ પદાર્થ નથી. તેમજ પુરૂષનું વિશેષ્યત્વ તેનાં સ્વરૂપ સિવાય અન્ય કોઈ પદાર્થ નથી. (વિશેષણત્વ-વિશેષ્યત્વના લીધે તેમાં કોઈ અન્ય પદાર્થનો ભ્રાસ થતો ન હોવાથી) અને "સંબંધ સંબંધીઓથી ભિન્ન તેમજ બન્ને સંબંધીને આશ્રિત હોઈ એક હોય છે" પણ વિશેષણવિશેષ્યભાવ સંબંધ તેવો નથી.

અભાવસ્ય સ્વોપરકૃત એટલે અભાવ પોતાનાથી વિશિષ્ટ એવી પ્રતીતિને ઉત્પન્ન કરનાર છે. દા.ત. ઘટાભાવવાળુ ભૂતલ એટલે ઘટાભાવ વિશિષ્ટ ભૂતલ છે, એવી વિશિષ્ટ બુદ્ધિને ઉત્પન્ન કરનાર છે.

स्वप्रतिबद्धबुद्धिजनकत्वस्वरूपमेव हि व्यापकत्वमग्न्यादीनाम् । कारणत्वमपि कार्यानुकृतान्वयव्यतिरेकिस्वरूपमेव हि तन्त्वादीनां न त्वर्थान्तरम्, अभावस्यापि व्यापकत्वात् कारणत्वाच्च, न ह्यभावे सामान्यादिसंभवः। तदेवं विशेषणविशेष्यभावो न विशेषणविशेष्यस्वरूपाभ्यां भिन्नो नाप्युभयाश्रितो, विशेषणे विशेषणभावमात्रस्य सद्भावात् विशेष्यभावस्याभावात्। विशेष्ये विशेष्यभावमात्रस्य सद्भावात्, विशेषणभावस्याभावात् । विशेष्ये विशेष्यभावमात्रस्य सद्भावात्, विशेषणभावस्याभावात् । नाप्येको विशेषणं च विशेष्यं च तयोर्भाव इति द्वन्द्वात् परः श्रूयमाणो भावशब्दः प्रत्येकमभिसंबध्यते ।

अभावस्यापीति अभावस्य व्यापकत्वं कारणत्वं च दर्शयति । यथा घटप्रागभावरूपस्य मृत्पिण्डस्य घटं प्रति व्यापकत्वं घटकारणरूपस्य मृत्पिण्डस्य घटं प्रति कारणत्वं वास्ति, तथा 'इदं भूतलं घटाभाववत्' इत्यत्र इदन्ताविशिष्टभूतले घटाभावोऽन्यत्रापि घटाभावोऽतो व्यापकत्वं अभावस्य, विषयकज्ञानजनकत्वेन कारणत्वं च घटाभावस्येति ।

मीमांसक :- અગ્નિ આદિનું પોતાનાથી જ સંબદ્ધ બુદ્ધિ ઉત્પન્ન કરનાર એવું સ્વરૂપ જ તેમનું વ્યાપકત્વ છે. એટલે કે ધૂમ અગ્નિનો સથવારો લીધા વગર રહી જ ન શકે આવી જે અગ્નિના વિષે બુદ્ધિ થવી તે જ તેનું વ્યાપકત્વ છે. આ જ પ્રમાણે કારણત્વ પણ તન્તુ વગેરેનું કાર્યાનુકૃતઅન્વયવ્યતિરેકિ સ્વરૂપ જ છે; નહીં કે અન્ય કોઈ (અલગ) પદાર્થ અને અભાવ પણ વ્યાપકત્વ તેમ જ કારણત્વરૂપ છે (તેથી સ્વરૂપ સિવાયનો કોઈ અન્ય પદાર્થ નથી). આ રીતે ખરેખર અભાવમાં સામાન્ય વગેરે (પદાર્થનો) સંભવ નથી.

અભાવ વ્યાપક અને કારણ છે તે દર્શાવે છે.

યથા - જેમ ઘટપ્રાગભાવરૂપ માટીનો પિંડ ઘટને પ્રતિ વ્યાપક છે અને ઘટકારણભૂત માટીનો પિંડ ઘટને પ્રતિ કારણ છે. તેમ આ ભોંયતળીયું ઘડાના અભાવવાળું છે; એટલે અહીં ઈદન્તા વિશિષ્ટ ભૂતલમાં ઘટાભાવ છે અને બીજે ઠેકાણે પણ ઘટાભાવ છે, એટલે અધિક દેશવૃત્તિ છે, માટે અભાવ વ્યાપક બન્યો. અહીં "અહીં ઘટાભાવ" છે ઈત્યાદિ વિષયક જ્ઞાનનો જનક હોવાથી અભાવ કારણ બને છે.

આ રીતે વિશેષણવિશેષ્યભાવ, વિશેષણ અને વિશેષ્યનાં સ્વરૂપોથી જુદો નથી. તેમજ બંને ઉપર આશ્રિત પણ નથી; કારણ કે વિશેષણમાં માત્ર વિશેષણભાવ છે. (પરંતુ) વિશેષ્યભાવ નથી; અને વિશેષ્યમાં માત્ર વિશેષ્યભાવ છે. (પરંતુ) વિશેષણભાવ નથી, તેમ જ (આ વિશેષણવિશેષ્યભાવ) એક પણ નથી. કારણ કે "વિશેષણ અને વિશેષ્ય-તે બંનેનો ભાવ" એમ (આ) દ્વન્દ્વ (સમાસ) પછી સંભળાતો "ભાવ" શબ્દ પ્રત્યેક (=વિશેષણ અને વિશેષ્ય) એ બંનેની સાથે (અલગ અલગ) જોડાય છે.

तथा च विशेषणभावो विशेष्यभावश्चेत्युपपन्नं द्वावेतावेकश्च सम्बन्धः।

तस्माद्विशेषणविशेष्याभावो न सम्बन्धः, एवं व्याप्यव्यापकभावादयोऽपि। सम्बन्धशब्दप्रयोगस्तूभयनिरूपणीयत्वसाधर्म्येणोपचारात् । तथा चासम्बद्धस्याभावस्येन्द्रियेण ग्रहणं न सम्भवति ।

तस्मादिति

આમ વિશેષણભાવ, અને વિશેષ્યભાવ એમ અર્થ પ્રાપ્ત થયો. તેઓ બે છે, અને સંબંધ (તો) એક (જ) હોય છે. તેથી વિશેષણવિશેષ્યભાવ (એ) સંબંધ નથી. આ જ રીતે વ્યાપ્યવ્યાપકભાવ વગેરે પણ (સંબંધ નથી) (વિશેષણ વિશેષ્યભાવ વ્યાપ્ય-વ્યાપકભાવ વગેરે માટે કરવામાં આવતો) 'સંબંધ' શબ્દનો પ્રયોગ તો બંને દ્વારા તે તે બાબત નિરૂપણીય હોવાથી (તેનું સંબંધની સાથે) સાદૃશ્ય હોઈ ગૌણરૂપે જ કરવામાં આવે છે. આમ સંબંધ નહીં હોવાથી ઈન્દ્રિય દ્વારા ગ્રહણ ન થઈ શકે.

''तस्माद् विशेषण विशेष्यभावो न संबंध''... એમ વ્યાપ્યવ્યાપકભાવ વગેરે પણ સંબંધ નથી.

ननु 'इदं भूतलं घटाभाववदि' त्यत्र भूतलं विशेष्यं घटाभावो विशेषणं ''इह भूतले घटाभाव'' इत्यत्र सप्तम्यन्तं विशेषणमिति न्यायाद् भूतलं विशेषणं घटाभावो विशेष्यमिति विशेषणविशेष्यभावसम्बन्धोऽस्तीति चेन्न विशेषणविशेष्यभावस्तु सम्बन्ध एव नास्ति यतो विशिष्यते यत्तद्विशेष्यं विशिष्यतेऽनेनेति विशेषणमितियावत् विशेषणविशेष्ययोः कामचारादिति ।

शंकाकार :- ''આ ભૂતલ ઘટાભાવવાળું છે''. અહીં ભૂતલ વિશેષ્ય ઘટાભાવ વિશેષણ છે. ઈહભૂતલે = આ ભૂતલમાં ઘટાભાવ છે. અહીં સપ્તમ્યન્ત વિશેષણ હોય છે, એ ન્યાયથી ભૂતલ વિશેષણ અને ઘટાભાવ વિશેષ્ય છે, શું એ પ્રમાણે વિશેષણવિશેષભાવ સંબંધ છે ?

समाधान :- એમ નથી. વિશેષણ વિશેષ્યભાવ તો સંબંધ જ નથી. જે બીજાથી છુટુ પડે તે વિશેષ્ય, જેના વડે છુટુ પાડવામાં આવે તે વિશેષણ, વિશેષણ અને વિશેષ્ય ઈચ્છા મુજબ થઈ શકે છે.

सत्यम् । भावावच्छिन्नत्वाद् व्याप्तेर्भावं प्रकाशयदिन्द्रियं प्राप्तमेव

प्रकाशयति न त्वभावमपि, अभावं प्रकाशयदिन्द्रियं विशेषणविशेष्यभावमुखेनैवेति सिद्धान्तः। असंबद्धाभावग्रहेऽतिप्रसङ्गदोषस्तु विशेषणतयैव निरस्तः समश्च परमते ।

यत्रोभयो समो दोषः परिहारोऽपि वा समः ।
नैकः पर्यनुयोक्तव्यस्तादृगर्थविचारेण ।।

(મૂળકારની શંકાનું સમાધાન)

નૈયાયિક :- (તમારી શંકા) બરાબર છે. (પરંતુ ઈન્દ્રિય સંબદ્ધ અર્થને ગ્રહણ કરે છે એ) વ્યાપ્તિ (માત્ર) ભાવ (પદાર્થ) પુરતી જ મર્યાદિત છે. તેથી ભાવ (પદાર્થ) ને પ્રકાશિત કરનારી ઈન્દ્રિય (ભાવ પદાર્થ) પ્રાપ્ત કરીને (=ત્યાં સુધી પહોંચીને) જ તેને પ્રકાશિત કરે છે, નહીં કે અભાવને પ્રકાશિત કરનારી ઈન્દ્રિય, તે (તો) વિશેષણ વિશેષ્યભાવ દ્વારા જ (તેને) પ્રકાશિત કરે છે એવો સિદ્ધાન્ત છે. (અને આ સિદ્ધાંત સ્વીકારવામાં થતો) અસંબદ્ધ અભાવના ગ્રહણમાં (આવતો) અતિપ્રસંગ દોષ તો વિશેષણતાથી જ નિરસ્ત થઈ જાય છે. જે પદાર્થના આધારે જેમાં વિશેષણતા આવે તે વિશિષ્ટ પદાર્થને ગ્રહણ કરવામાં તેવી વિશેષણતા સંબંધની ગરજ સારે છે. એટલે અસંબદ્ધ પદાર્થને ગ્રહણ કરવાની આપત્તિ નથી. અને (તે ઉપરાંત) (તે દોષ તો) પ્રતિવાદીના મતમાં પણ સમાન જ છે.કારણ કે અનુપલબ્ધિને પ્રમાણ માનો, ત્યાં પણ ઈંદ્રિયસંબદ્ધતા નથી.

જ્યાં બંને પક્ષે (વાદી, પ્રતિવાદી)માં સમાન દોષ હોય અને તેનો પરિહાર પણ સમાન જ હોય, ત્યાં એવા પ્રકારના અર્થનો વિચાર કરતી વખતે કોઈ એક પક્ષ પર જ દોષારોપણ ન કરવું જોઈએ.

वस्तुतस्तु स्वरूपस्यापि सम्बन्धत्वव्यवस्थितेः । तव मते क्वचिद् भूतले घटाभावोस्ति क्वचिन्नेत्यत्र स्वरूपसम्बन्ध एव नियामक इति ।

तथाचेति यद् यदिन्द्रियं तत्तत्सम्बद्धमेव प्रकाशयतीति यदुक्तं तदङ्गीक्रियते, परंत्वस्या व्यवस्थाया भावमात्रविषयत्वाद् असम्बद्धस्याभावस्येन्द्रियकत्वं न हीयते । कुतः ? भावावच्छिन्नत्वादिति तस्या व्याप्तेर्भावमात्रविषयतया

सङ्कोचनीयत्वादित्यर्थः ॥

હકીકતમાં વસ્તુનું સ્વરૂપ પણ સંબંધ તરીકે વ્યવસ્થિત થઈ શકે છે.તમારા મતમાં ક્યાંક સ્વરૂપને સંબંધ તરીકે માનેલ છે. જેમ કે ભૂતલમાં ઘટાભાવ છે અહીં સ્વરૂપ પણ સંબંધ તરીકે જ નિયામક બને છે. (કારણ કે અભાવમાં સમવાયાદિ સંબંધનો સંભવ નથી ક્યાંય પણ માનેલ નથી. માટે.)

शंकाकार (मीमांसक) : तथा च - असंबद्धस्याभावस्येन्द्रियेण ग्रहणं न संभवति. જે જે ઈન્દ્રિય છે તે તેનાથી સંબદ્ધને જ પ્રકાશિત કરે છે. આ વ્યાપ્તિને અંગીકાર કરીએ છીએ.

समा. (नैया.) : પરંતુ આ વ્યવસ્થા માત્ર ભાવ (પદાર્થ)ના વિષયવાળી છે. માટે આનાથી અભાવનું ઈન્દ્રિય ગ્રાહ્યપણું હણાતું નથી. મૂળમાં 'भावावच्छिन्नत्वात् व्याप्ते र्भवि'' 'ઈન્દ્રિય સંબદ્ધ અર્થને ગ્રહણ કરે છે. તેથી ભાવ(પદાર્થ) ને પ્રકાશિત કરનારી ઈન્દ્રિય ભાવ પદાર્થ પુરતી જ મર્યાદિત છે. તેથી ભાવપદાર્થને પ્રકાશિત કરનારી ઈન્દ્રિય ભાવપદાર્થને પ્રાપ્ત કરીને (બરાબર ત્યાં સુધી પહોંચીને) જ તે વિષયને પ્રકાશિત કરે છે. એટલે તે વ્યાપ્તિનો માત્ર ભાવ પદાર્થ વિષય હોવાના લીધે સંકોચ કરવો જોઈએ. જે જે ભાવપદાર્થ ઈન્દ્રિયગ્રાહ્ય હોય, તે ઈન્દ્રિયસંબદ્ધ થઈને જ ગ્રાહ્ય બને છે, એટલે પહેલા વ્યાપ્તિમાં પદાર્થ માત્રની વાત હતી, તેનો સંકોચ કરી વ્યાપ્તિને ભાવપદાર્થ સાથે જકડી સંબદ્ધ કરી.

(४९) (प्रामाण्यवादः)

इदमिदानीं निरूप्यते । जलादिज्ञाने जाते तस्य प्रामाण्यमवधार्य कश्चिज्जलादौ प्रवर्तते । कश्चित्तु संदेहादेव प्रवृत्तः । प्रवृत्त्युत्तरकाले जलादि-प्रतिलम्भे सति प्रामाण्यमवधारयतीति वस्तुगतिः ।

अत्र कश्चिदाह । प्रागेव प्रवृत्तेः प्रामाण्यमवधारणात् । अस्यार्थः। यैनैव यज् ज्ञानं गृह्यते तेनैव तद्गतप्रामाण्यमपि, न तु ज्ञानग्राहकादन्यज् ज्ञा-नधर्मस्य प्रामाणस्य ग्राहकम् । तेन ज्ञानग्राहकातिरिक्तानपेक्षत्वमेव स्वत-स्त्वं प्रामाण्यस्य ।

इदमिदानीमिति प्रमाणनिरूपणान्तरं तद्गतं प्रमाण्यं विचार्यते । तत् स्वतस्त्वं द्विविधं । उत्पत्तौ ज्ञप्तौ च । तत्रोत्पत्तौ स्वतस्त्वं नाम ज्ञानकारण-मात्रजन्यत्वम् । येन ज्ञानं जायते तेनैव प्रामाण्यं सदेव जायत इत्यर्थः । ज्ञप्तौ स्वतस्त्वं ज्ञानग्राहकमात्रग्राह्यत्वम्, येन ज्ञानं गृह्यते तेनैव प्रामाण्यं सदेव गृह्यते।

प्रामाण्यवाद

'ईदमिदानीं निरूप्यते' હવે પ્રામાણ્ય વાદનું નિરૂપણ કરવામાં આવે છે. પ્રમાણનું નિરૂપણ કર્યા પછી તેમાં રહેલા પ્રામાણ્યનો વિચાર કરાય છે. તે સ્વતઃ પ્રામાણ્ય બે પ્રકારનું છે. તે સ્વતપણું ઉત્પત્તિમાં-જ્ઞપ્તિમાં છે. ત્યાં ઉત્પત્તિમાં સ્વતઃપણું એટલે માત્ર જ્ઞાનના કારણથી ઉત્પન્ન થનાર. એટલે જેના વડે જ્ઞાન પેદા થાય તેનાથી જ પ્રામાણ્ય સિદ્ધ થઈ જાય. (પેદા થઈ જાય) જ્ઞપ્તિમાં સ્વતઃ પ્રામાણ્ય એટલે જ્ઞાનને ગ્રહણ કરનાર (સામગ્રી) સિવાય તેના પ્રામાણ્ય માટે બીજા કોઈની અપેક્ષા નથી. એટલે કે જેના વડે જ્ઞાનનું ભાન થાય તેનાથી જ પ્રામાણ્યનું પણ ભાન થાય.

परतस्त्वमपि द्विविधं उत्पत्तौ ज्ञप्तौ च ।

तत्रोत्पत्तौ परतस्त्वं नाम ज्ञानकारणातिरिक्तकारणजन्यत्वं इन्द्रियार्थसंप्र-योगादिना ज्ञानं जायते तदतिरिक्तेन गुणेन दोषेण वा तज्ज्ञानं प्रमाणं अप्रमाणं वा जायते, ज्ञप्तौ परतस्त्वं ज्ञानग्राहकातिरिक्तग्राह्यम् ज्ञानं मनसा गृह्यते तद्गतं प्रामाण्यमनुमानेनैवं स्थिते स्वतः प्रामाण्यं प्रतिक्षिप्य परतः प्रामाण्यं साधयितुं लोके प्रवर्तमानानां पुंसां प्रवृत्तिरुभयथेति लोकसिद्धां वस्तुगतिमनुवदति ।लोके हि पिपासुः पुमान् तृडुपशमनाय जलं जिज्ञासमानो जलज्ञाने जाते तस्य ज्ञानस्यानभ्यासदशापन्नस्यापि समर्थप्रवृत्तिजनकजातीयत्वलिङ्गेन यथार्थत्वं निश्चित्य प्रवर्तत इत्येकः पक्षः ।

अन्यस्तु जलज्ञानान्तरं कृष्यादाविव सन्देहात्तत्र प्रवर्तमानः फललाभे सति समर्थप्रवृत्तिजनकत्वलिङ्गेन तस्य ज्ञानस्याभ्यासदशापन्नस्य यथार्थत्वं निश्चिनोतीत्यपरः पक्षः ।

પરતઃ પ્રામાણ્ય પણ બે પ્રકારે છે. ઉત્પત્તિમાં પરતઃ પ્રામાણ્ય એટલે જ્ઞાન કારણથી અતિરિક્ત કારણથી ઉત્પન્ન થવું. એટલે કે ઈન્દ્રિય અને અર્થના સંયોગ વિગેરેથી જ્ઞાન પેદા થાય છે. તેનાથી અતિરિક્ત ગુણ કે દોષથી પ્રમાણ કે અપ્રમાણ એવું તેનું જ્ઞાન પેદા થાય છે.

જ્ઞપ્તિમાં પરતઃ પ્રામાણ્ય એટલે જ્ઞાન ગ્રાહક સિવાયના કારણથી જેનું ભાન થાય. જ્ઞાન મનથી જાણાય છે તેમાં રહેલુ પ્રામાણ્ય અનુમાનથી જાણાય છે. "મને ઘટાદિનું જ્ઞાન થયું છે" આવું ભાન મનથી થાય છે, જ્યારે આ જ્ઞાન સાચું છે, આવી ખાત્રી કરવા માટે અનુમાન કરવું પડે છે. એ પ્રમાણે હોવાથી સ્વતઃ પ્રામાણ્યની ઉપેક્ષા કરી પરતઃ પ્રામાણ્યને સાધવા પ્રવૃત્ત થયેલા પુરૂષની પ્રવૃત્તિ બે પ્રકારે છે, એ પ્રમાણે લોકમાં પ્રસિદ્ધ વસ્તુ સ્થિતિનો અનુવાદ કરે છે. જેમ કે લોકમાં તરસ્યો માણસ તરસ છિપાવા પાણીને જાણવાની ઈચ્છાવાળો પાણીનું જ્ઞાન થતાં તે જ્ઞાન અભ્યાસ દશાને પામેલું ન હોવા છતાં આ તરસ છિપાવા માટે સમર્થ છે, એવી જાતિવાળું લાગે છે. તેના આધારે તે પ્રકારના લિંગથી યથાર્થનો નિશ્ચય કરી તરસ છીપાવા માટે સમર્થ છે. શીતલ અને દ્રવ રૂપે દેખી એનાથી તરસ છીપે એમ છે. (જે પદાર્થથી તરસ છીપે, એવી જાતિને ઓળખવાની નિશાની શીતલતા, દ્રવત્વ છે. તે દેખી આ પાણી જ છે, એવો નિશ્ચય કરી લે છે.) આ એક પક્ષ છે

બીજો પક્ષ પાણીનું જ્ઞાન થાય પછી આ તો ઠંડુ લાગે છે. માટે પીવા તો દે ! કદાચ આનાથી મારી તરસ છીપી જાય, એમ ખેતીની જેમ સંદેહથી પાણી તરફ પ્રવૃત્તિ કરે, અને તરસ છીપતા સમર્થપ્રવૃત્તિને ઉત્પન્ન કરનાર લિંગ વડે અભ્યાસ દશા પામેલ તે જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત કરે છે. આ બીજો પક્ષ છે.

ज्ञानं च प्रवृत्तेः पूर्वमेव गृहीतं, कथमन्यथा प्रामाण्याप्रामाण्यसंदेहोऽपि स्यात् । अनधिगते धर्मिणि संदेहानुदयात् । तस्मात् प्रवृत्तेः पूर्वमेव ज्ञाततान्यथानुपपत्तिप्रसूतयार्थापत्त्या ज्ञाने गृहीते ज्ञानगतं प्रामाण्यमप्यर्थापत्त्यैव गृह्यते ततः पुरुषः प्रवर्तते । न तु प्रथमं ज्ञानमात्रं गृह्यते ततः पवत्त्युत्तरकाले फलदर्शनेन ज्ञानस्य प्रामाण्यमवधार्यते ।

उभयमपि वस्तुप्रवृत्तमाबालपण्डितमनुभवसिद्धत्वादितिभावः । **जलप्रति-**

लम्भे इति जलप्राप्तावित्यर्थः । **अवधारयतीति** संवादिप्रवृत्तिजनकत्वलिङ्गेन समर्थप्रवृत्तिजनकत्वचिह्नेनेत्यर्थः, **कश्चिदिति मीमांसकः प्रागेवेति** तदप्रामाण्याविषयकयावत्तद्ज्ञानेन तज्ज्ञानप्रामाण्यविषयीकरणादितिभावः । एतदेवाह । **स्वत एवेति** तेन केनचिदेव प्रामाण्यं गृह्यते इति मतानपेक्षत्वमित्यर्थः । ज्ञानग्राहकात्प्रमाणग्राहकादित्यर्थः । **ज्ञानं चेति** ।

ननु ज्ञानमपिप्रवृत्त्युत्तरकालं गृह्यते चेत् प्रामाण्यनिश्चयोत्तरकालं प्रवृत्तिरिति न घटते, ज्ञानप्रामाण्ययोः सह ग्रहणाभ्युपगमादित्याशङ्क्याह **ज्ञानं चेति** ।

(स्वतः प्रामाण्य)

બન્ને પક્ષ વસ્તુ પ્રતિ પ્રવર્તે છે, એ બાલ પંડિત બધાને અનુભવ સિદ્ધ છે. જલ પ્રતિલમ્ભે એટલે જલ પ્રાપ્ત થયે છતે પ્રામાણ્યનો નિશ્ચય કરે છે. સંવાદિ - જેવું ધાર્યું હોય તેવી પ્રવૃત્તિ ને ઉત્પન્ન કરનાર ચિહ્ન દ્વારા નિશ્ચય કરે છે. અત્ર કશ્ચિદાહ આ બાબતમાં કોઈ (=મીમાંસક) કહે છે (પ્રવૃત્તિની) પૂર્વે જ જ્ઞાનનાં પ્રામાણ્યને નિશ્ચિત કરીને જ પુરૂષ પ્રવૃત્ત થાય છે. પ્રવૃત્તિની પહેલાં જ અપ્રામાણ્યના અવિષયવાળું જેટલું જ્ઞાન છે, તે જ્ઞાનને વિષય બનાવનાર જે જ્ઞાન છે, તે જ્ઞાન - વિવક્ષિત જ્ઞાનના પ્રામાણ્યને વિષય કરતુ હોવાથી જ્ઞાનગત પ્રામાણ્ય સ્વતઃ ગ્રાહ્ય કહેવાય છે. એટલે અનુવ્યવસાયજ્ઞાન જ્ઞાનગતપ્રામાણ્યને ગ્રહણ કરે છે. એમ જ્ઞાન ગ્રાહક સામગ્રીથી અન્ય સામગ્રીની જરૂર પડતી ન હોવાથી પ્રામાણ્ય સ્વતઃગ્રાહ્ય કહેવાય છે. આ જ વાતને કહે છે -

સ્વત એવ તેથી જ્ઞાનના પ્રામાણ્યને જાણવા જ્ઞાન ગ્રાહક સામગ્રીથી અતિરિક્ત સામગ્રીની અપેક્ષા રહેતી નથી, એમ કહેવાથી "(અન્ય) કોઈ વડે જ પ્રામાણ્ય ગ્રહણ કરાય છે." આવા મતની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાનનું પ્રામાણ્ય ગ્રહણ થાય છે. આવો અર્થ સમજવાનો છે.જ્ઞાન ગ્રાહક એટલે પ્રમા સ્વરૂપ યથાર્થ જ્ઞાનને ગ્રહણ કરનાર સામગ્રીથી પ્રામાણ્યનો ગ્રહ = ભાન થાય છે.

શંકાકાર :- જ્ઞાન પણ પ્રવૃત્તિની ઉત્તરકાળમાં ગ્રહણ કરાય, - પ્રામાણ્ય નિશ્ચયની ઉત્તરમાં પ્રવૃત્તિ ઘટે નહિ. કારણ કે જ્ઞાન અને પ્રામાણ્યનું સાથે ભાન થાય છે, એવું સ્વીકારેલુ છે.

समाधान :- ज्ञानं चेति - वळी ज्ञान तो प्रवृत्तिनी पहेलां જ स्वीકारी लेवामां आवे छे. नहींतर प्रामाण्य अप्रामाण्यनो संदेह पण क्यांथी थाय ? आम मूળકારના शब्दोथी જ शंका नाબूद थई જाय छे.

ननु ज्ञानज्ञानमेव न जातं कुतः प्रामाण्यज्ञानम् ? अत आह - **कथमिति** धर्मिज्ञानं विना तव संशयो न स्यादतो ज्ञानज्ञानमुभयसिद्धमिति भावस्तज्-ज्ञानज्ञानं मानसं वा ज्ञाततालिङ्गकं वा न कश्चिद् विशेषः । **तस्मादिति** ज्ञाततान्यथानुपपत्त्या प्रमाणेन जनिता-उत्पादिता यांऽर्थापत्तिः प्रमातया ज्ञान-विषयीकरणदशायां तथैव तद्गतप्रामाण्यमवगाह्यत इत्यर्थः । **प्रथममिति** यदि ज्ञानमात्रं प्रथमं गृह्यते पश्चादनुमानेन तद्गतप्रामाण्यं निश्चीयते तदानिश्चित-प्रमाणभावमेवानुमानं प्रामाण्यं निश्चायति, ज्ञानेन साकं पूर्वं तस्य गृहीतत्वात् तथागृहीतग्रहणेऽनवस्थानं जाजगीति[1] तस्मात्परतः प्रामाण्यपक्षस्यानवस्था दुःस्थत्वाद् बोधात्मकत्वेनैव सर्वेषां ज्ञानानां प्रामाण्यं । क्वचित् तत्त्वार्थान्य-थाज्ञानेन हेतूत्थदोषज्ञानेन वा तत्प्रामाण्यं अपोद्यते । एवं सति प्रामाण्यस्य स्वतस्त्वं कक्षीकर्त्तव्यमिति ॥

शंકાકार :- ज्ञाननुं ज्ञान જ (भान જ) नथी थयुं तो प्रामाण्यनुं ज्ञान क्यांथी थाय ?

समाधान :- ज्ञाननुं भान न थाय तो ज्ञान રूपी धर्मीनी જाण थया विना तेना संબंधी तने संशय केवी रीते थशे ? જेने पुરुषनुं ज्ञान नथी, तेણे "पुરुष छे के नहिं" એवो संशय संभवतो नथी. એटले ज्ञाननुं ज्ञान બन्ने પક્ષે सिद्ध छे. ते ते ज्ञाननुं ज्ञान मानस प्रत्यक्ष होय के ज्ञाततालिंगथी अनुमिति રूपे होय तेमां કशो (भेद) फेर पडतो नथी.

तस्मात् प्रवृत्तेः - तेथी प्रवृत्तिनी पहेलां ज्ञाततानी अन्य कोई रीते उपपति न थती होवाथी ते (अनुपपत्ति) मांथी उत्पन्न अर्थापत्तिथी ज्ञान ग्रहण थाय छे अने तेथी ज्ञानमां रहेलुं प्रामाण्य पण तेજ अर्थापत्तिथी निश्चित थई જाय छे. જो पहेलां ज्ञान मात्र ग्रहण કराय, पाछળथी अनुमान द्वारा तेमां

---

१. लालगीति L.D.

રહેલું પ્રામાણ્ય નક્કી કરાય છે, એમ માનશો તો નિશ્ચિત પ્રમાણભાવવાળું અનુમાન જ પ્રામાણ્ય ને નિશ્ચિત કરે છે એમ માનવું પડશે, જ્ઞાનની સાથે પૂર્વે તેનું - પ્રામાણ્યનું (જ્ઞાનનો ધર્મ હોવાના નાતે) ગ્રહણ થયેલું હોવાથી, તથા ગૃહીત ગ્રહણ કરવામાં અનવસ્થા ઉભી થશે. તેથી પરતઃ પ્રામાણ્યપક્ષમાં અનવસ્થાની આપત્તિ હોવાથી બોધાત્મક - જ્ઞાનથી જ સર્વ જ્ઞાનોનું પ્રામાણ્ય ગ્રહણ થાય છે. ક્યાંક તત્ત્વાર્થનું અન્ય રૂપે જ્ઞાન થવાથી અથવા હેતુમાં ઉદ્ભવેલા દોષના જ્ઞાનથી જ્ઞાનનું પ્રામાણ્ય દૂર કરવામાં આવે છે. આવી પરિસ્થિતિ હોવાથી જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ માનવું જોઈએ.

अत्रोच्यते । ज्ञाततान्यथानुपपत्तिप्रसूतयार्थापत्त्या ज्ञानं गृह्यत इति यदुक्तं तदेव वयं न मृष्यामहे, तया प्रामाण्यग्रहस्तु दूरत एव । तथाहि इदं किल परस्याभिमतम् । घटादिविषये ज्ञाने जाते मया ज्ञातोऽयं घट इति घटस्य ज्ञातता प्रतिसंधीयते तेन ज्ञाने जाते सति ज्ञातता नाम कश्चिद्धर्मो जात इत्यनुमीयते ।

स च ज्ञानात् पूर्वमजातत्वाज् ज्ञाने च जातत्वादन्वयव्यतिरेकाभ्यां ज्ञानेन जन्यत इत्यवधार्यते । एवं च ज्ञानजन्योऽसौ ज्ञाततानाम धर्मो ज्ञानमन्तरेण नोपपद्यते कारणाभावे कार्यानुदयात् । तेनार्थापत्त्या स्वकारणं ज्ञानं ज्ञाततयाक्षिप्यत इति । न चैतद्युक्तम् । ज्ञानविषयतातिरिक्ताया ज्ञाततायाः अभावात् ।

तयेति सिद्धान्ती प्रतिवक्ति यदार्थापत्त्या ज्ञानग्रहणं न सहामहे । तदा तया तद्गतप्रामाण्यग्रहणं दूरोत्सारितमेव, व्यक्त्यग्रहणे जातिग्रहणस्यासम्भवात्। व्यक्तिग्रहणसामग्रीनिविष्टग्रहणत्वात् जातिग्रहणसामग्र्या इत्यभिप्रायेणाह- तयेति। **इदं किलेति** पराभिमतं पराकर्तुमनुभाषते इदमित्यादिना **तेनेति** ज्ञानत्वप्रतिसन्धानेनेत्यर्थः प्रत्यक्षवादिना[1] न स्वीक्रियत[2] इति कृत्वोक्तमनुमीयत इति विषयान्यथानुपपत्त्या विषयोऽनुमीयत इत्यर्थः ।

---

१. प्रकाशभावपक्षवादिना. L.D. २. स्वीकृत L.D.

(मीमांसकमतनिराकरण)

सिद्धान्ती प्रत्युत्तर आपे छे :- तया - ज्यारे अर्थापत्तिथी "ज्ञाननुं ग्रहण करवामां आवे छे." तेने ज अमे स्वीकारता नथी. (तेथी) त्यारे अर्थापत्तिथी (ज्ञाननुं) प्रामाण्य (थाय ते विधान) तो दूरज रह्युं. व्यक्तिनुं ज्ञान थया विना जातिनुं ज्ञान संभवतु न होवाथी, जातिग्रहण सामग्री व्यक्ति ग्रहण सामग्रीमां रहेवाथी ग्रहण थाय छे (थतां होवाथी). आ अभिप्राय थी कहे छे. तयेति ईत्यादि द्वारा पराभिमतनो तिरस्कार करवामां आव्यो छे. एटले ज्ञान व्यक्ति ज ग्रहण न थई होय तो पछी तेनो धर्म-प्रामाण्यने ग्रहण करवानो सवाल ज नथी थतो. अर्थात् अर्थापत्तिथी ज्ञान के तेनुं प्रामाण्य एक पाण ग्रहण थतुं नथी.

ईदंकिल :- प्रतिपक्षीनो मत तो आ प्रमाणे छे. घट वगेरे विषयनुं ज्ञान थता 'में आ घडो जाण्यो' आ प्रकारनी घटनी ज्ञातता प्रतीत थाय छे अने ते ज्ञान थया पछी 'ज्ञातता नामनो कोई एक धर्म उत्पन्न थयो. एनुं अनुमान थाय छे. ते धर्म ज्ञाननी पूर्वे उत्पन्न न थयो होवाथी (=ज्ञान विना ज्ञातता उत्पन्न थई शकती नथी. एवी अन्यथा अनुपपत्ति ज्ञन्य) अर्थापत्तिथी तेना पोतानां कारणभूतज्ञाननुं ज्ञाततायी सूचन थाय छे. परंतु आ (प्रतिपक्षीनी दलील) योग्य नथी. कारण के ज्ञानना विषयथी जुदी कोई ज्ञातता नथी.

ननु ज्ञानजनितज्ञाततताधारत्वमेव हि घटादेर्ज्ञानविषयत्वम् । तथाहि न तावत् तादात्म्येन विषयता, विषयविषयिणोर्घटज्ञानयोस्तादात्म्यानभ्युपगमात् । तदुत्पत्त्या तु विषयत्वे इन्द्रियोदेरपि विषयत्वापत्तिरिन्द्रियादेरपि तस्य ज्ञानस्योत्पत्तेः । तेनेदमनुमीयते । ज्ञानेन घटे किञ्चिज्जनितं येन घट एव तस्य ज्ञानस्य विषयो नान्य इत्यतो विषयत्वान्यथानुपपत्तिप्रसूतयार्थापत्त्यैव ज्ञाततासिद्धिः, न तु प्रत्यक्षमात्रेण ।

तादात्म्येनेति अर्थज्ञानयोः स्वरूपत्वेन अभेदसम्बन्धेनेत्यर्थः **तदुत्पत्त्येति** तस्मात् घटात् उत्पत्ति र्ज्ञानस्य तथा इति ।

ननु ज्ञानोत्पादको ज्ञानविषयोऽत आह 'घटज्ञानवानहमि' त्यत्रानुव्यव-

सायनामकं ज्ञानज्ञानं ज्ञेयं ''ज्ञातो घट'' इत्यत्र ज्ञानजन्यज्ञेयनिष्ठज्ञाततानामकश्चिद्धर्म्मस्समुत्पन्नस्तेनार्थापत्त्या ज्ञानं गृह्यतेऽनुमानेन च प्रामाण्यमित्यर्थः।

मीमांसक - જ્ઞાનથી જન્મેલી જ્ઞાતતાનો આધાર હોવુ એ જ ખરેખર ઘટાદિજ્ઞાનનું વિષયત્વ છે. વિષય વિષયી વચ્ચે તાદાત્મ્ય - અભેદ સંબંધ સંભવતો નથી, કારણ કે વિષય અને વિષયીનું તાદાત્મ્ય -સ્વીકારવામાં આવ્યુ નથી. (બાહ્ય દેખાતા ઘટ અને અંદર ભાસતા ઘટ જ્ઞાનને એક માનવાની આપત્તિ હોવાથી.) તદુત્પત્યા - તેની ઉત્પત્તિથી (અર્થાત્ ઘટ જ્ઞાન ઘટથી ઉત્પન્ન થાય છે તેથી) ઘટમાં (જ્ઞાન) વિષયત્વ માનતા ઈન્દ્રિય વિ. ની પણ વિષયતા સ્વીકારવી પડશે. તે કારણ કે આલોક ઈન્દ્રિય વગેરેથી પણ ઘટ જ્ઞાન ઉત્પન્ન થાય જ છે. તેન ઈદમનુમીયતે- જ્ઞાનત્વનું પ્રતિસંધાન થવાથી આ પ્રમાણે - જ્ઞાનને ઘટમાં કંઈક (= જ્ઞાતતા) એવું ઉત્પન્ન કર્યુ છે, જેને લીધે ઘટ જ તે જ્ઞાનનો વિષય થઈ શકે છે. અન્ય કોઈ નહિં, તેથી વિષયત્વની અન્ય કોઈ રીતે ઉપપત્તિ નહિ થવાથી તે અન્યથા અનુપપત્ત્યા વિષયનું અનુમાન કરાય છે. આ વિષય જ્ઞાનને પ્રત્યક્ષવાદી સ્વીકારતો ન હોવાથી 'અનુમીયતે' એમ કહ્યું છે.

જ્ઞાનનો ઉત્પાદક જ્ઞાનનો વિષય છે, એથી (કહે છેકે) ''ઘટજ્ઞાનવાળો હું છું અહીં જ્ઞાનનું અનુવ્યવસાય નામનું જ્ઞાન છે, અને તે ઘટનું જ્ઞાન જ્ઞેય છે, = અનુવ્યવસાય જ્ઞાનનો વિષય છે, એટલે અનુવ્યવસાયજ્ઞાનથી જ્ઞેય = જાણવા યોગ્ય પદાર્થ પણ જ્ઞાનજ છે. ''ज्ञातो घटः = મેં ઘટ જાણ્યો'' અહીં જ્ઞાનથી જન્ય જે જ્ઞેય (પદાર્થ) માં રહેલી જ્ઞાતતા નામનો કોઈક પદાર્થ પેદા થયો છે. તેથી અર્થાપત્તિથી જ્ઞાન ગ્રહણ થાય છે. ઘટને આપણે જ્ઞાત તરીકે ઓળખ્યો, તેથી તેમાં જ્ઞાતતા ધર્મ તો આવ્યો જ એ તો નક્કી થયું. હવે પ્રશ્ન એ થાય છે કે આ ધર્મ ઘટમાં આવ્યો ક્યાંથી ? એથી જ્ઞાતતા ધર્મની સંગતિ કરવા ઘટ ઉપર જ્ઞાનની પ્રક્રિયા આવશ્યક છે, કારણ કે જ્યાં સુધી ઘટને જાણવાની પ્રક્રિયા થતી નથી ત્યાં સુધી તો આપણને 'ज्ञातो घट' એવું ભાન થતું નથી. એમ જ્ઞાતતાના આધારે ઉભી થયેલી અર્થાપત્તિથી ઘટજ્ઞાનનું ભાન થાય છે અને અનુમાનથી પ્રામાણ્ય.

मैवम्। स्वभावादेव विषयविषयितोपपत्तेः। अर्थज्ञानयोरेतादृश एव

स्वाभाविको विशेषः ।येनानयोर्विषयविषयिभावः । इतरथातीतानागतयो र्विषयत्वं न स्यात् । ज्ञानेन तत्र ज्ञाततताजननासंभवादसति धर्मिणि धर्मजननायोगात् । किञ्च ज्ञाततायाः अपि स्वज्ञानविषयत्वात् तत्रापि ज्ञाततान्तरप्रसङ्गस्तथा चानवस्था । अथ ज्ञाततान्तरमन्तरेणापि स्वभावादेव र्विषयत्वं ज्ञाततायाः । एवं चेत् तर्हि घटादावपि किं ज्ञाततयेति ।

नैयायिक :- એમ કહો તે બરાબર નથી. જ્ઞાન અને અર્થ વચ્ચે એવી કોઈક સ્વાભાવિક વિશેષતા છે, જેના લીધે વિષયવિષયીભાવ સંબંધ સંભવે છે. નહિતર ભૂતકાલ અને ભવિષ્યકાલના પદાર્થોમાં વિષયત્વ ન રહેત.. તે ઘટથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. ત્યાં ધર્મી ન હોવાથી ધર્મ ઉત્પન્ન થવાની અશક્યતા ને લીધે જ્ઞાન વડે જ્ઞાતતા ઉત્પન્ન કરી શકાશે નહિ. તેમજ જ્ઞાતતા પણ પોતાનાં જ્ઞાતતા વિષયક જ્ઞાનનો વિષય હોવાથી તેમાં પણ બીજી જ્ઞાતતાનો પ્રસંગ ઉભો થવાથી અનવસ્થા દોષ થશે. તેનાથી બચવા જ્ઞાતતાનું સ્વાભાવિક જ (જ્ઞાન) વિષયત્વ સ્વીકારવામાં આવે તો એવંચેત્ - જો એમ જ હોય તો ઘટ વગેરેમાં પણ જ્ઞાતતા માનવાનો શો અર્થ ? એટલે જ્ઞાતતાની જેમ સ્વાભાવિકરૂપથી ઘટ પણ જ્ઞાનનો વિષય બની શકશે ને ! એનો મતલબ જ્ઞાતતા વ્યર્થ છે.

अस्तु वा ज्ञातता तथापि तन्मात्रेण ज्ञानं गम्यते । प्रामाण्यं तु कुतः ? अथ ज्ञाततया ज्ञानमात्रं गृह्यते, प्रामाण्यं ज्ञाततताविशेषेणेत्युच्यते तर्हि ज्ञाततया ज्ञानं गृह्यते । ज्ञाततताविशेषेण प्रमाणज्ञानाव्यभिचारिणा प्रामाण्यमिति कुत एव ज्ञानग्राहकग्राह्यता प्रामाण्यस्य ? अथ केनचिज् ज्ञाततताविशेषेण प्रमाणज्ञानाव्यभिचारिणा ज्ञानप्रामाण्ये सहैव गृह्यते । एवं चेदप्रामाण्येऽपि शक्यमिदं वक्तुम्, केनचिज् ज्ञाततताविशेषेणाप्रामाणज्ञानाव्यभिचारिणा ज्ञानाप्रामाण्ये सहैव गृह्येते इत्यप्रामाण्यमपि स्वत एव गृह्यताम् । अथैवमप्यप्रामाण्यं परतस्तर्हि प्रामाण्यमपि परत एव गृह्यताम् । ज्ञानग्राहकादन्यत इत्यर्थः ।

અથવા તો (થોડા સમય માટે માની લઈએ કે) જ્ઞાતતા છે. તો પણ તેનાથી માત્ર જ્ઞાન પ્રાપ્ત થશે, પરંતુ તેનું પ્રામાણ્ય ક્યાંથી મળશે ? અને (જો તમે)

એમ કહો કે જ્ઞાતતાથી માત્ર જ્ઞાનનું જ ગ્રહણ થાય છે અને તેનું પ્રામાણ્ય વિશેષ પ્રકારની જ્ઞાતતાથી ઉત્પન્ન થાય છે, તો જ્ઞાતતાથી જ્ઞાનનું ગ્રહણ થાય છે અને પ્રમાણજ્ઞાનનાં અવ્યભિચારી (=યથાર્થ જ્ઞાનથી ઉત્પન્ન) કોઈ જ્ઞાતતા-વિશેષથી પ્રામાણ્ય ગ્રહણ થાય છે, એમ ભિન્ન ભિન્ન સામગ્રી હોવાથી તેમાં જ્ઞાનગ્રાહક (સામગ્રી) થી પ્રમાણ્યની ગ્રાહ્યતા ક્યાં રહી ? અને જો (તમે એમ કહો કે) પ્રમાણજ્ઞાનના અવ્યભિચારી એવા જ્ઞાતતાવિશેષથી જ્ઞાન અને પ્રમાણ બંનેનું એક સાથે જ ગ્રહણ થાય, તો અપ્રામાણ્ય વિષે પણ આમ કહી શકાય કે અપ્રામાણ્યજ્ઞાનના અવ્યભિચારી જ્ઞાતતાવિશેષથી જ્ઞાન અને તેનું અપ્રામાણ્ય એક સાથે જ ગ્રહણ થાય છે, અને તેથી અપ્રામાણ્યને પણ સ્વતઃ ગ્રાહ્ય સ્વીકારવું જોઈએ, અને આ રીતે જો (આપ એમ સ્વીકારવા તૈયાર હો કે) અપ્રામાણ્ય પરતઃ ગ્રાહ્ય છે તો પ્રામાણ્ય પણ પરતઃ (ગ્રાહ્ય) જ છે, એમ સ્વીકારો, કારણ કે તે જ્ઞાનગ્રાહક (સામગ્રી) થી ભિન્ન છે, એમ અર્થ થયો.

ज्ञानं हि मानसप्रत्यक्षेणैव गृह्यते प्रामाण्यं पुनरनुमानेन । तथाहि जलज्ञानानन्तरं जलार्थिनः प्रवत्तिर्द्वेधा फलवत्यफला चेति । तत्र या फलवती प्रवृत्तिः सा समर्था । तया तज्ज्ञानस्य याथार्थ्यलक्षणं प्रामाण्यमनुमीयते । प्रयोगश्च विवादाध्यासितं जलज्ञानं प्रमाणं समर्थप्रवृत्तिजनकत्वाद् यन्न प्रमाणं न तत् समर्थां प्रवृत्तिं जनयति यथा प्रमाणाभास इति केवलव्य-तिरेकी ।

अत्र च फलवत्प्रवृत्तिजनकं यज्जलज्ञानं तत् पक्षः । तस्य प्रामाण्यं साध्यं यथार्थत्वमित्यर्थः । न तु प्रमाकरणत्वम्, स्मृत्या व्यभिचारापत्तेः । हेतुस्तु समर्थप्रवृत्तिजनकत्वमिति यावत् ।

एवं चेति अनभ्यासदशापन्नज्ञानप्रामाण्यं यदि स्वतोग्राह्यं तदा संशयो न स्यादित्यपि दूषणमित्याह- प्रामाण्यमिति ज्ञानोपनीतं तन्मनसा क्वचिदवसीयते तेन एतावता स्वतस्त्वं, तदप्रामाण्यविषयकयावत्तद्ज्ञानं विषयत्वाभावादि-त्याद्यूहयम् । स्वतस्त्वं नाम ज्ञानग्राहकसामग्रीग्राह्यत्वं यया ज्ञानं तया तद्-गतप्रामाण्यमपीति ।

જો એ પ્રમાણે છે તો અનભ્યાસ દશામાં રહેલા જ્ઞાનનું પ્રામાણ્ય સ્વત ગ્રહણ થયું હોય તો સંશય સંભવી ન શકે. જ્ઞાનોપનીત પ્રામાણ્ય ક્યાંક મનથી નિશ્ચિત કરાય છે, તેટલા માત્રથી તેને સ્વત કહેવાય છે. જ્ઞાનનું અપ્રામાણ્ય (માનસ) જ્ઞાનનો વિષય નથી બનતું. પરંતુ દુષ્ટ ઈન્દ્રિય વિ. દોષના કારણે જે જ્ઞાન પેદા થાય છે, તેમાં વિસંવાદ જોવાથી અપ્રામાણ્યનો નિશ્ચય થાય છે. ઈત્યાદિ વિચારવું.

સ્વતસ્ત્વ એટલે જ્ઞાન ગ્રાહક સામગ્રીથી ગ્રહણ કરવા યોગ્ય, જેમકે - આલોક, પદાર્થસંયોગ વગેરે સામગ્રીથી જ્ઞાન ગ્રહણ કરાય છે અને જ્ઞાનનું પ્રામાણ્ય પણ તેનાથી જ જણાય.

જ્ઞાન ખરેખર માનસ પ્રત્યક્ષથી ગ્રહણ થાય છે. અને પ્રામાણ્ય તો અનુમાનથી (ગ્રહણ) થાય છે; જેમ કે જળજ્ઞાન થયા પછી જળની ઈચ્છાવાળાની પ્રવૃત્તિ બે પ્રકારની હોય છે, ફળવતી અને નિષ્ફળ. તેમાં જે ફળવતી પ્રવૃત્તિ હોય છે તે સમર્થ (કહેવાય) છે. તેનાથી તે જ્ઞાનના યાથાર્થ્યરૂપ પ્રામાણ્યનું અનુમાન થાય છે; તે (અનુમાન વાક્યનો) પ્રયોગ આ રીતે થશે :- વિવાદાસ્પદ જળજ્ઞાન પ્રમાણ છે. કારણ કે તે સમર્થપ્રવૃત્તિનું જનક છે. જે પ્રમાણ નથી હોતું તે સમર્થપ્રવૃત્તિનું જનક નથી. જેમ કે પ્રમાણાભાસ, આ રીતે કેવલવ્યતિરેકી (અનુમાન) થશે.

अनेन तु केवलव्यतिरेक्यनुमानेनानभ्यासदशापन्नस्य ज्ञानस्य प्रामाण्येऽवबोधिते तद्दृष्टान्तेन जलप्रवृत्तेः पूर्वमपि तज्जातीयत्वेन लिङ्गेनान्वयव्यतिरेक्यनुमानेनान्यस्य ज्ञानस्याभ्यासदशापन्नस्य प्रामाण्यमनुमीयते । तस्मात् परत एव प्रामाण्यं न ज्ञानग्राहकेणैव गृह्यत इति ।

चत्वार्येव प्रमाणानि युक्तिलेशोक्तिपूर्वकम् ।
केशवो बालबोधाय यथाशास्त्रमवर्णयत् ॥

॥ इति प्रमाणपदार्थः समाप्तः ॥

ननु प्रामाण्यं प्रमाणधर्मो प्रमाधर्मो वा । नाद्योऽत्र प्रमाणधर्मोऽसम्भवात् द्वितीयो घटते प्रमाधर्मः याथार्थ्यमित्यर्थः । ज्ञानप्रामाण्यलक्षणमाह तद्वद्विशेष्यकत्वे ति तत्प्रकारकत्वं प्रामाण्यं, जलत्ववद्विशेष्यकत्वे सति जलत्वप्रकारकत्वं

प्रामाण्यमित्यर्थः । तत्प्रकारकत्वं प्रामाण्यमित्युक्ते, इदं रजतमिति भ्रमज्ञानेऽ तिव्याप्तिः, कथं ? तत्र रजतत्वस्य प्रकारकत्वेन भानाद्रजतत्वाभाववतश्च शुक्तिकाशकलस्य विशेष्यत्वात्तन्निरासाय तद्वद्विशेष्यकत्वे सतीति ग्राह्यं तथा तद्वद्विशेष्यका तत्प्रकारिका प्रमा जलत्ववद्विशेष्यकं जलत्वप्रकारकं ज्ञानं प्रमेत्यर्थः । ज्ञाने भासमानो धर्मः प्रकार इति बोध्यम्; इति चत्वारि प्रमाणानि वृण्वता प्रमाणपदार्थो विवृतः ॥

જે જ્ઞાન પ્રમાણ રૂપે નથી હોતુ તે સમર્થ પ્રવૃત્તિ જનક નથી હોતું. આવા વ્યતિરેકી અનુમાનથી અનભ્યાસ દશાપન્ન જ્ઞાનનું પ્રામાણ્ય સાબિત થતાં, તેને દૃષ્ટાન્ત માની જલ પ્રવૃત્તિની પહેલા જે તેવા પ્રકારનાં લિંગથી અન્વયવ્યતિરેકી અનુમાનથી પછીના અભ્યાસદશાપન્ન જ્ઞાનનું પણ પ્રામાણ્ય અનુમિત થાય છે. તેથી પરતઃ પ્રામાણ્ય માનવું જોઈએ.

પ્રામાણ્ય એ પ્રમાણનો ધર્મ છે કે પ્રમાનો ? ત્યાં પહેલી વાત બરાબર નથી અહીં પ્રમાણનો ધર્મ સંભવી શકતો નથી, કારણ કે પ્રમાણ એ કરણ છે. જ્યારે આ (પ્રામાણ્ય) તો પ્રમાણથી જન્ય જ્ઞાનમાં રહે છે, એટલે પ્રમાધર્મ માનવો બરાબર છે. પ્રામાણ્ય એટલે યથાર્થતા, જ્ઞાનના પ્રામાણ્યનું લક્ષણ કહે છે...

તદ્ પ્રકારતાવાન્વિશેષ્યનું નિરૂપક હોતે છતે તત્પ્રકારતાવાળું જ્ઞાન પ્રામાણ્ય કહેવાય છે.

જલત્વવદ્ જલ વિશેષ્ય હોય અને જલત્વ પ્રકાર હોય તે પ્રામાણ્ય, માત્ર તત્પ્રકારકત્વ પ્રામાણ્ય કહીએ તો "ઈદંરજતં" આવા ભ્રમ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ થાય. કારણ કે રજતત્વનું પ્રકાર તરીકે ભાન થાય છે, પણ રજતત્વના અભાવ વાળો છીપલાનો ટુકડો વિશેષ્ય છે માટે ભ્રમ છે. તેનાં નિરાસ માટે તદ્વદ્ વિશેષ્યકત્વે સતિ મૂકવું, જ્ઞાનમાં ભાસમાન ધર્મ પ્રકાર કહેવાય. આ પ્રમાણે ચાર પ્રમાણોનું વિવરણ કરતા પ્રમાણ પદાર્થનું વિવરણ થઈ ગયું.

(૫૦) પ્રમેયાણિ ।

प्रमाणान्युक्तानि अथ प्रमेयाण्युच्यन्ते । आत्माशरीरेन्द्रियार्थबुद्धिमनः प्रवृत्तिदोषप्रेत्यभावफलदुःखापवर्गास्तु प्रेमेयमिति सूत्रम् (न्या.सू.१-१-९)

(५१) (आत्मनिरूपणम्)

तत्रात्मत्वसामान्यवानात्मा । स च देहेन्द्रियादिव्यतिरिक्तः प्रतिशरीरं भिन्नो नित्यो विभुश्च । स च मानसप्रत्यक्षः ।

अथ प्रमेयपदार्थं लक्षयति **आत्मत्वसामान्यवानिति देहेति** किण्वादिभ्यो मदशक्तिवद्देहाकारपरिणतेभ्यो भूतेभ्यश्चैतन्यस्योत्पत्तेः स्थूलोहमिति सामानाधिकरण्यात् स्थूलत्वादेश्च देहधर्मत्वाच्चैतन्यविशिष्टदेहमात्रमात्मेति **चार्वाकाः** । सुषुप्त्यवस्थायां सत्यपि शरीरे चक्षुरादीनामुपरमे रूपादिविज्ञानाभावाद्दूरगोष्ठीवत्परस्परगुणप्रधानभावेनानुरोधसम्भवात्, काणोहमितीन्द्रियाणामेवाहमालम्बनत्वमन्ये ।

હવે પ્રમેય પદાર્થને ઓળખાવે છે. સચદેહેન્દ્રિયાદિ વ્યતિરિક્ત એમ કહ્યું છે તે ચાર્વાક વિગેરેના મતના નિરાસ માટે છે. કિણ્વ- કેફ પેદા કરનાર બીજ વિશેષથી મદ શક્તિની જેમ દેહાકાર પરિણત ભૂતોથી ચૈતન્યનું અધિકરણ દેહ બનતો હોવાથી (હું, અને સ્થૂલત્વનું સમાનાધિકરણ છે) સ્થૂલત્વ વિ. દેહના ધર્મ હોવાથી ચૈતન્ય વિશિષ્ટ દેહ માત્ર જ આત્મા છે, એમ **ચાર્વાકો** માને છે.

ઈંદ્રિયોને જ આત્મા માને છે, તેમના મતને બતાવે છે.... ઉંઘમાં શરીર હોવા છતાં આંખ વિગેરે ઈંદ્રિયોનો ઉપરમ (સ્વસ્વકૃત્યથી અટકી જાય) થાય ત્યારે દૂરગોષ્ઠી = દૂરના પ્રવચન વગેરેનું જેમ જ્ઞાન થતુ નથી તેમ રૂપાદિનું જ્ઞાન થતુ નથી (તેથી શરીરને આત્મા ન માની શકીએ) કેમકે પરસ્પર ગૌણ અને પ્રધાનભાવથી અનુરોધ સંભવી શકે છે. એટલે જ્ઞાનમાં શરીરની મુખ્યતા નથી પણ ઈન્દ્રિયની પ્રધાનતા છે. માટે ઈન્દ્રિયને આત્મા માનવો જોઈએ એવો આગ્રહ કરી શકાય છે. વળી એક આંખનો અભાવ હોય ત્યારે જ ''હું કાણો છું'' એવો અનુભવ થાય છે, એટલે કે આ ''અહં'' ઈન્દ્રિયનું જ આલંબન છે. એમ આત્મા ઈન્દ્રિય સ્વરૂપ છે. એમ અન્ય માને છે.

स्वप्नावस्थायां चक्षुराद्युपरमेऽपि मनसैव सर्वं व्यापारोपपत्तेर्मन एवाहमित्यपरे ।

ઉંઘમાં આંખ વિ. નો વ્યાપાર વિરામ પામવા છતાં મનથી સર્વ વ્યાપાર

થઈ શકતો હોવાથી મન જ આત્મા છે, એમ બીજાઓ માને છે.

एतान् प्रतिक्षिपति **देहेति** एतत्त्रितयव्यतिरिक्त आत्मेत्यक्षरार्थः । न देह आत्मा बाह्येन्द्रियग्राह्यत्वात् घटवत् । 'योऽहं बाल्ये पितरावन्वभूवं स एव स्थाविरे पितॄननुभवामीति' इन्द्रियाण्यात्मा न करणत्वाद्वास्यादिवत् । चक्षुषि नष्टेऽपि 'योऽहं चक्षुषा रूपमद्राक्षं स एवाहं स्पृशामीति' किञ्चेन्द्रियमचेतनं नियतविषयत्वात् । प्राच्योदीच्यगवाक्षवत्तस्मान्नेन्द्रियाण्यात्मा ॥

આ ત્રણેને પરાસ્ત કરે છે, આ ત્રણથી અતિરિક્ત આત્મા છે એમ કહ્યું. શરીર તે આત્મા નથી, બાહ્ય ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી ઘટની જેમ, જે મેં બાલ્યકાળમાં માબાપને અનુભવ્યા, તેજ હું ઘડપણમાં પણ માબાપને અનુભવું છું. (બાલ્યકાળથી ઘડપણનું શરીર તો ભિન્ન છે પણ અહં પ્રતીતિ એની એજ છે,) માટે શરીરોમાં અનુસ્યૂત એવો અતિરિક્ત અખંડ આત્મા માનવો જોઈએ.

ઈન્દ્રિયો આત્મા નથી, કરણ હોવાથી કરવતની જેમ. આંખ નાશ પામવા છતાં જે મેં આંખથી રૂપ જોયેલુ તેજ હું સ્પર્શ કરું છું. રૂપ જોનારો જે હું છું, તેજ હું સ્પર્શ કરનારો છું. એમ આ અનુભવોમાં ઈન્દ્રિયનો (આંખ નો) અન્વય નથી થતો, પણ અહં પ્રતીતિનો અન્વય થાય છે, માટે તે અહંપ્રતીતિનો આધાર ઈન્દ્રિયથી ભિન્ન હોવો જરૂરી છે. તે જ આત્મા છે.

વળી ઈન્દ્રિય તો અચેતન છે નિયત વિષય (ને ગ્રહણ કરનારી) હોવાથી, પૂર્વ અને દક્ષિણ દિશાના ઝરોખાની જેમ. પૂર્વ ઝરોખાથી જે દેખાય છે તે દક્ષિણ દિશાના ઝરોખાથી નથી દેખાતું, પણ જોનાર વ્યક્તિ બન્ને દૃશ્ય એક પછી એક દેખી શકે છે, તો દેવદત્ત વગેરે દ્રષ્ટા બન્ને ગવાક્ષથી ભિન્ન છે, તેમ આંખથી માત્ર રૂપ દેખાય અને નાકથી માત્ર ગંધની જાણ થાય, ત્યારે પુરુષ તો બન્નેનો અનુભવ કરે છે. એટલે તે નિયત વિષયવાળો ન હોવાથી બંનેથી ભિન્ન એવો આત્મા માનવો.

अस्तु मन इति चेत्तदा चक्षुरादिव्यतिरिक्तं करणान्तरमपेक्ष्य रूपादीन् साक्षात्करोति, अनपेक्ष्य वा ? नाद्यः सञ्ज्ञाभेदमात्रविवादेप्यर्थे तदभावात् नेतरः । रूपादिषु चक्षुरादिसम्बद्धेषु युगपदनेकज्ञानोत्पत्तिप्रसङ्गात् । न मनः ।

બ્રહ્મૈવ સ્વાવિદ્યયા સંસરતિ સ્વવિદ્યયા મુચ્યતે-તતશ્ચ જીવબ્રહ્મણો ઘટાકાશાદિવત્ મઠાકાશવદેકઆત્મા । તત્ર વિમતૌ ભિન્નૌ કિઞ્ચિદજ્ઞત્વસર્વજ્ઞત્વાદિવિરુદ્ધધર્મત્વાત્ દહનતુહિનવત્ ।

મનોવાદી :- ચાલો ભાઈ ! મન તો દરેકને વિષય બનાવે છે, માટે મનને આત્મા માની લો ને !

આત્મવાદી- પણ તે મન આંખ વિ. થી વ્યતિરિક્ત અન્ય કરણની અપેક્ષા રાખી રૂપાદિને સાક્ષાત્ કરે છે કે અપેક્ષા રાખ્યા વિના ? પહેલો પક્ષ તો મનાશે નહિં. માનશો તો નામ માત્રનો ઝઘડો રહ્યો, પણ અર્થથી તે વિવાદ નહિ રહે, કારણ કે અતિરિક્ત કરણ તમે માનો છો, તેને જ અમે મન (આત્મા) કહીએ છીએ. એટલે તમારા મતે બાહ્ય ઈન્દ્રિયથી ભિન્ન કરણ તરીકે પદાર્થ માનવાનો છે અને કર્તા તરીકે તમે મન માન્યું. જ્યારે અમે તેવાં અભ્યંતર કરણ તરીકે મન માન્યું અને કર્તારૂપે આત્મા માન્યો. મન કરણ તરીકે સિદ્ધ થવાથી તેનાથી ભિન્ન કર્તા માનવો જ પડશે.

બીજો પક્ષ પણ બરાબર નથી, કારણ કે જ્યારે રૂપાદિ સાથે આંખ વિ. જોડાયેલી હોય ત્યારે એક સાથે અનેક જ્ઞાન ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. કેમકે તમારા હિસાબે બાહ્ય કરણ-કર્તા-વિષય ઈત્યાદિ સર્વ સામગ્રી હાજર છે. (જ્યારે અમે કહીશું અંતઃકરણ રૂપ મન માત્ર એક ઈન્દ્રિયસાથે જોડાયેલું હોવાથી શેષ ઈન્દ્રિયથી યુગપત્ જ્ઞાનની આપત્તિ નહીં આવે. પણ એમ માનતા મન કરણ તરીકે સિદ્ધ થવાથી તે જ્ઞાનનો કર્તા ન બની શકે, માટે મનને પણ આત્મા ન મનાય.

બ્રહ્મ જ સ્વ અવિદ્યાથી સંસારમાં ભટકે છે અને સ્વવિદ્યા દ્વારા સંસારથી મૂકાય છે. માટે જીવ બ્રહ્મનો આત્મા એક જ છે. જેમ ઘટાકાશ ને મઠાકાશમાં રહેલ આકાશ તો બન્નેમાં એકજ છે. તેમાં - એકજ આત્મા માનવામાં વિમતિ હોવાથી પ્રતિ શરીરં ભિન્નં કહ્યું છે. જીવ અને બ્રહ્મ જુદા જુદા છે. કારણ કે એકમાં કંઈક જ્ઞાન છે. બીજામાં સર્વજ્ઞાન છે. એવા વિરૂદ્ધ ધર્મ રહેલા છે. જેમ બાળવું અને ઠંડક આપવી બન્ને વિરૂદ્ધ ધર્મ છે, તો તેના આશ્રય પણ ભિન્ન જ છે.

विप्रतिपत्तौ तु बुद्ध्यादिगुणलिङ्गकः । तथा हि बुद्ध्यादयस्तावद्गुणाः, अनित्यत्वे सत्येकेन्द्रियमात्रग्राह्यत्वाद् रूपवत् । गुणश्च गुण्याश्रित एव ।

तत्र बुद्ध्यादयो न गुणा भूतानां, मानसप्रत्यक्षत्वात् । ये हि भूतानां गुणास्ते न मनसा गृह्यन्ते तथा रूपादयः । नापि दिक्कालमनसां गुणा विशेषगुणत्वात् । ये हि दिक्कालादिगुणाः संख्यादयो न ते विशेषगुणास्ते हि सर्वद्रव्यसाधारणगुणा एव । बुद्ध्यादयस्तु विशेषगुणाः, गुणत्वे सत्येकेन्द्रियग्राह्यत्वाद्रूपवदतो न दिगादिगुणाः । तस्मादेभ्योऽष्टभ्यो व्यतिरिक्तो बुद्ध्यादीनां गुणानामाश्रयो वक्तव्यः । स एवात्मा ।

અનિત્યત્વે સત્યેકેન્દ્રિય(માત્ર) ગ્રાહ્યત્વાદિતિ, અનિત્યત્વં ધ્વંપ્રતિયોગિત્વે સતિ પ્રાગભાવપ્રતિયોગિત્વમ્ । અંતો ન રૂપાદિપ્રાગભાવાદૌ વ્યભિચારઃ ।

તે બુદ્ધિ વગેરે (ગુણો) ભૂતદ્રવ્યના ગુણો નથી; કારણ કે (બુદ્ધિ વગેરે) માનસ પ્રત્યક્ષ છે. જે ભૂતદ્રવ્યોના ગુણો છે, તે મનથી ગ્રહણ નથી થતા, જેમકે રૂપ વગેરે. તેમજ તેઓ દિક્, કાલ અને મનના ગુણો પણ નથી; કારણ કે એઓ વિશેષ ગુણો છે. સંખ્યા વગેરે જે દિક્, કાલ વગેરેના ગુણો છે, તેઓ વિશેષ ગુણો નથી. તેઓ તો સર્વ દ્રવ્યના સાધારણ ગુણો છે, પરંતુ બુદ્ધિ વગેરે તો વિશેષ ગુણો છે; કારણ કે ગુણત્વયુક્ત હોવાની સાથે તેઓ એક (જ) ઈન્દ્રિયથી રૂપની જેમ ગ્રહણ થાય છે. તેથી તેઓ દિક્ વગેરેના ગુણો નથી. તેથી આ આઠ (દ્રવ્યો)થી અતિરિક્ત કોઈ (નવમા દ્રવ્યને) બુદ્ધિ વગેરે ગુણોના આશ્રય તરીકે કહેવું જોઈએ. અને તે (નવમુ દ્રવ્યને) બુદ્ધિ વગેરે ગુણોના આશ્રય તરીકે કહેવું જોઈએ. અને તે (નવમુ દ્રવ્ય) જ આત્મા છે.

''બુદ્ધ્યાદ્યસ્તાવદ્ (વિશેષ) ગુણાઃઅનિત્યત્વે સત્યકેન્દ્રિય માત્ર ગ્રાહ્યત્વાત્ રૂપવત્ /આ અનુમાનથી સર્વપ્રથમ બુદ્ધિ વિ. ગુણો છે એ સિદ્ધ કર્યુ અને ગુણો હંમેશા રૂપની જેમ ગુણીને આશ્રયીને જ રહે છે. બુદ્ધિ વિ.ના આશ્રય તરીકે આત્માની સિદ્ધિ થાય છે. તેના માટે અનુમાન પ્રયોગ દર્શવિ છે..

प्रयोगश्च, बुद्ध्यादयः पृथिव्याद्यष्टद्रव्यातिरिक्तद्रव्याश्रिताः, पृथिव्याद्यष्टद्रव्यानाश्रितत्वे सति गुणत्वात् । यस्तु पृथिव्याद्यष्टद्रव्यातिरिक्तद्रव्याश्रितो

न भवति, नासौ पृथिव्याद्यष्टद्रव्यानाश्रितत्वे सति गुणोऽपि भवति यथा रूपादिरिति केवलव्यतिरेकी ।

अन्वयव्यतिरेकी वा । तथा हि बुद्ध्यादयः पृथिव्याद्यष्टद्रव्यातिरिक्त-द्रव्याश्रितत्वे सति गुणत्वात् । यो तदनाश्रितो गुणः स तदतिरिक्ताश्रितो भवति यथा पृथिव्याद्यनाश्रितः शब्द पृथिव्याद्यतिरिक्ताश्रयः । तदेवं पृथिव्याद्यष्टद्रव्यातिरिक्तो नवमं द्रव्यमात्मा सिद्धः । स च सर्वत्र कार्योप-लम्भाद्विभुः । परममहत्परिमाणवानित्यर्थः । विभूत्वाच्च नित्योऽसौ व्यो-मवत् । सुखादीनां वैचित्र्यात् प्रतिशरीरं भिन्नः ।

(અનુમાનથી તેનો) પ્રયોગ (આ રીતે થઈ શકે)ઃ બુદ્ધિ વગેરે (ગુણો) પૃથિવી વગેરે આઠ દ્રવ્યથી જુદા કોઈ દ્રવ્યને આશ્રયે રહેલા છે; કારણ કે તેઓ પૃથિવી આદિ આઠ દ્રવ્યમાં આશ્રિત ન હોવા છતાં પણ ગુણ છે. સાધ્યવ્યતિરેક = જે આઠ દ્રવ્યોથી જુદા દ્રવ્યને આશ્રયે નથી, હેતુવ્યતિરેક = તે પૃથિવી વગેરે આઠ દ્રવ્યથી ભિન્ન દ્રવ્યમાં અનાશ્રિત- આશ્રય લેનાર ન હોય તો તે ગુણ પણ નથી. જેમકે રૂપ વગેરે. પૃથ્વી જલાદિ દ્રવ્યમાં રૂપ આશ્રિત ન હોત તો તે ગુણ પણ ન બનત. આ કેવળવ્યતિરેકી અનુમાન થયું કારણ કે આ અનુમાન સાધ્ય વ્યતિરેકમાં હેતુ વ્યતિરેકની વ્યાપ્તિનાં આધારે કરવામાં આવ્યું છે. જેમ વહ્ન્યભાવ સાથે ધૂમાભાવની વ્યાપ્તિ.

અથવા તો અન્વયવ્યતિરેકી (અનુમાન પણ) પણ (થઈ શકે.) જેમકે- બુદ્ધિ વગેરે (ગુણો) પૃથિવી વગેરે આઠ દ્રવ્યોથી ભિન્ન દ્રવ્યના આશ્રિત છે. કારણ કે તેઓ પૃથિવી વગેરે આઠ દ્રવ્યના આશ્રિત ન હોઈને (પણ) ગુણ છે.જે વિશેષ ગુણ જે (દ્રવ્ય) માં નથી રહેતો તે, તે (દ્રવ્ય) સિવાયના અન્ય કોઈ દ્રવ્યને આશ્રયે રહે છે, જેમકે પૃથ્વી વગેરે દ્રવ્યોનો આશ્રિત નહીં તેવો શબ્દ (નામનો વિશેષ ગુણ) પૃથિવી વગેરે દ્રવ્યથી ભિન્ન એવા આકાશ (નામના) દ્રવ્યને આશ્રયે રહે છે, તેમ બુદ્ધિ વગેરે ગુણો પૃથિવી વગેરે આઠ દ્રવ્યથી ભિન્ન દ્રવ્યના આશ્રિત છે. તો આ રીતે પૃથિવી વગેરે આઠ દ્રવ્યથી ભિન્ન એવું નવમું આત્મા નામનું દ્રવ્ય સિદ્ધ થયું. સર્વત્ર (અદૃષ્ટ કારણથી ઉત્પન્ન થતાં ફળ ભોગવવા)

કાર્યથી ઉપલબ્ધ હોવાથી તે વિભુ (સર્વવ્યાપક) છે. એટલે કે પરમમહત્ પરિમાણવાળો છે એમ અર્થ થયો. વિભુ હોવાથી તે આકાશની જેમ નિત્ય છે, અને સુખ (દુઃખ) વગેરેની વિવિધતાને લીધે તે પ્રત્યેક શરીરમાં અલગ અલગ છે.

અનિત્યત્વ એટલે ધ્વંસનો પ્રતિયોગી હોય અને પ્રાગભાવનો પ્રતિયોગી હોય, એવો અર્થ કરવાથી રૂપાદિપ્રાગભાવમાં વ્યભિચાર નહિ આવે. કારણ કે રૂપાદિ પ્રાગભાવનો નાશ થતો હોવાથી રૂપાદિપ્રાગભાવ ધ્વંસનો પ્રતિયોગી તો બની જાય પણ ગુણ નથી. બીજું વિશેષણ મૂક્યું છે, તેથી પ્રાગભાવ અનાદિ હોવાથી (રૂપાદિ પ્રાગભાવ) નો પ્રાગભાવ થતો ન હોવાથી તે (રૂપાદિ પ્રાગભાવ) પ્રાગભાવ નો પ્રતિયોગી બનતો નથી. એટલે રૂપાદિ પ્રાગભાવ ગુણ ન હોવા છતાં એક ઈન્દ્રિયગ્રાહ્ય છે. (જે ગુણ જે ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોય તદ્‌ગત જાતિ અને અભાવ પણ તે જ ઈન્દ્રિયગ્રાહ્ય હોય છે. માટે) પણ અનિત્યત્વ નામનું વિશેષણ તેમાં (રૂપાદિપ્રાગભાવમાં) ઘટતું ન હોવાથી હેતુની વૃત્તિ ત્યાં નથી, તેથી કરીને રૂપાદિપ્રાગભાવ વગેરેમાં વ્યભિચાર નથી આવતો.

एकेन्द्रियग्राह्यत्वादित्युक्ते घटादौ व्यभिचारः । कथं ? तत्र चक्षुषा स्पर्शनेन्द्रियेण च ग्राह्यत्वात् द्विन्द्रियग्राह्यत्वमिति, प्रभाद्रव्ये च व्यभिचारस्तस्यातीन्द्रियत्वात् तद्वारणाय **मात्रेति** मात्रशब्देनेन्द्रियग्रहणयोग्यता वार्यते । तेनेकेन्द्रियमात्रजन्यग्रहविनष्टघटादौ न व्यभिचारः । बुद्ध्यादयः प्रत्यक्षा एव प्रत्यक्षत्वेन बोध्यास्तेन न निर्विकल्पकादिभागे प्रत्यक्षासिद्धिः ।

એકેન્દ્રિયગ્રાહ્યત્વાત્ આટલું જ કહીએ તો ઘટાદિમાં વ્યભિચાર આવે, કારણકે તેઓ પણ ચક્ષુ નામની કે સ્પર્શ નામની એક એક ઈંદ્રિયથી ગ્રાહ્ય તો છે. (તમે માત્ર શબ્દ તો મૂક્યો નથી કે જેથી ફક્ત એક જ ઈંદ્રિયથી ગ્રાહ્ય હોય એવો અર્થ નીકળી શકે.) હવે એકેન્દ્રિય ગ્રાહ્યત્વનો અર્થ બે ઈન્દ્રિયથી અગ્રાહ્ય કરીએ તો પ્રભાદ્રવ્યમાં વ્યભિચાર આવે કારણ કે તે અતીન્દ્રિય છે, તેથી બે ઈંદ્રિય દ્વારા ગ્રાહ્યત્વ તેમાં નથી. માત્ર શબ્દ મૂકી એક ઈન્દ્રિય ગ્રાહ્ય હોવું જ જોઈએ, આવો અર્થ કરશુ તો પ્રભાદ્રવ્યમાં વ્યભિચાર નહિં રહે. [1]**अथवा**

૧. અથવાનો પક્ષ એક વિચાર માટે માત્ર મૂકવામાં આવ્યો છે. ગ્રથંકારની વાતતો પૂર્વોક્ત વચનથી જ સ્પષ્ટ થઈ જાય છે.

(પ્રભાદ્રવ્યમાં વ્યભિચાર બેસતો નથી છતા માત્ર અનિત્ય કહીએ તો વ્યભિચાર આવે તેનો એકેંદ્રિયગ્રાહ્યકત્વ મૂકવાથી નિરાસ થઈ જાય છે. અતીંદ્રિયના ઠેકાણે ચાક્ષુષત્વાત્ મૂકીએ (નૈયાયિકે પ્રભાને ચક્ષુગ્રાહ્ય માની છે માટે આ પદ પસંદ કર્યુ છે) એટલે પ્રભા માત્ર ચક્ષુ નામની એક ઈંદ્રિયથી ગ્રાહ્ય હોવાથી તેમાં વ્યભિચાર આવે, તેને દૂર કરવા દ્રવ્યભિન્નેસતિ, અને અમુક કર્મ પણ માત્ર ચક્ષુગ્રાહ્ય હોય તેનો વ્યભિચાર દૂર કરવા કર્મભિન્ને એટલે કે ''દ્રવ્યકર્મભિન્નત્વે સતિ'' પદની જરૂરત જણાય છે.

મુક્તાવલીમાં પણ ગુણ નિરૂપણ અવસરે ''દ્રવ્યકર્મભિન્ને સામાન્યવતિ કારણતા ગુણત્વાવચ્છિન્ના'' એમ કહ્યું છે.) અથવા તર્કભાષા ટીકામાં પ્રભાયા શ્ચાતીન્દ્રિયત્વાન્ન વ્યભિચારઃ એટલે ચ ના ઠેકાણે ન મૂકીએ તો અહીં અર્થ સંબદ્ધ બની જશે. એટલે કે અહીં ગુણનાં લક્ષણમાં એક ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોવું જરૂરી છે, જ્યારે પ્રભાને તો અતીન્દ્રિય માનેલ છે, તેથી કરીને તેમાં વ્યભિચારનો સવાલ જ નથી એવો ગ્રંથકારનો આશય લાગે છે.)

માત્ર શબ્દથી ઈન્દ્રિય ગ્રહણ યોગ્યતાનું વારણ કરાય છે. ઘડાનું માત્ર એક જ (ચક્ષુ) ઈન્દ્રિયથી જ્ઞાન કરવામાં આવ્યું, પછી તે નાશ પામી ગયો, એટલે તે ઘડો માત્ર એકેંન્દ્રિય ગ્રાહ્ય કહેવાય; પણ તે ગુણ તો નથી, માટે વ્યભિચાર આવે. તે વ્યભિચાર દૂર કરવા ગ્રંથકાર માત્ર શબ્દનો સ્પષ્ટ અર્થ દર્શાવે છે.... જેનું જ્ઞાન માત્ર એક ઈન્દ્રિયથી થઈ શકતુ હોય, પણ અન્ય ઈન્દ્રિયથી નહિ, જ્યારે પૂર્વોક્ત ઘટ સ્પર્શ નામની ઈન્દ્રિયથી પણ ગ્રહણ થઈ શકતો હતો, એટલે અન્ય ઈન્દ્રિયથી જાણવાની યોગ્યતા તેમાં રહેલી જ હતી, સ્પર્શ ન કર્યો તે તો તે ભોક્તાનું કમનસીબ કહેવાય, માટે તેમાં વ્યભિચાર નહીં આવે.

બુદ્ધિ વગેરે પ્રત્યક્ષ પ્રમાણથી જાણાય એવા છે. તેથી નિર્વિકલ્પકાદિભાગમાં પ્રત્યક્ષત્વની અસિદ્ધિ નહિ થાય.

શંકા :- બુદ્ધિના એક દેશ સ્વરૂપ નિર્વિકલ્પકનું પ્રત્યક્ષ થતું ન હોવાથી તમારા ગુણલક્ષણમાં ભાગાસિદ્ધિ દોષ આવે ?

સમાધાન :- નિર્વિકલ્પક જ્ઞાન પણ એક પ્રકારની બુદ્ધિ છે અને સુખ દુઃખ વગેરે આ બધાનું માનસ લૌકિક પ્રત્યક્ષ-સ્વ સંવેદન્ સંભવતુ હોવાથી મન

નામની એક ઈન્દ્રિય ગ્રાહ્યત્વ તેમાં અકબંધ રહે છે. એટલે પક્ષના એક દેશમાં - ઈન્દ્રિય ગ્રાહ્યત્વ = પ્રત્યક્ષત્વની અસિદ્ધિ નથી.

एकेन्द्रियग्राह्यत्वादित्युक्ते रूपत्वादौ व्यभिचारस्तद्वारणाय गुणत्वे सतीति। तावत्युक्ते संख्यादौ व्यभिचारस्तद् वारणाय विशेष्यपदं। एकमात्रग्राह्ये साध्यरहिते व्यभिचारवारणाय मात्रेति तदा एकमात्रेन्द्रियग्राह्यत्वादित्यर्थः ।

विभुत्वादिति विभुत्वयुक्तिमाह - उप्ताः शालयो दृष्टसहकारिसमवधाने समानेऽपिकस्यचित्फलन्ति कस्यचिन्नअतोदृष्टतोदृष्टसहकारिणोऽतिरिक्तमदृष्टे-मेष्टव्यं; तच्च स्वोपकारिणि पचनपावकादौ पदार्थे क्रियां जनयन् स्वाश्रयसंसक्ते एव तां जनयति, अग्नेरुर्ध्वज्वलनं वायोस्तिर्यक्पवनं। अणुमनसोश्चाद्यं कर्मैतान्य-दृष्टकारितानि तथा च तत्र देशादौ शालिसम्पत्त्यादेः फलस्य दृश्यमानत्वा-त्तत्कारणादृष्टाधिकरणस्यात्मनो विभुत्वं, आत्मा नाणुः ।

ગુણત્વે સતિ એકેન્દ્રિય ગ્રાહ્યત્વાત્માંથી એકન્દ્રિયગ્રાહ્યત્વ એમ કહી તો રૂપત્વાદિમાં વ્યભિચાર આવે; તેના વારણ માટે ગુણત્વે સતિ કહ્યું. હવે એટલું જ કહીએ તો સંખ્યાદિમાં વ્યભિચાર આવે, તેનાં વારણ માટે વિશેષ્ય પદ - સંખ્યાદિ ચક્ષુ અને સ્પર્શ એમ બે ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી એકેંદ્રિયગ્રાહ્ય નથી.સાધ્યરહિત - એટલે જે ગુણરૂપે નથી એ પરમાણુ વગેરે કોઈક પદાર્થ જે માત્ર એક ઈશ્વરથી ગ્રાહ્ય છે, તેમાં વ્યભિચાર આવે, તેના નિરાસ માટે કહે છે... એક માત્ર ઈન્દ્રિયથી ગ્રાહ્ય એવો પદાર્થ લેવાનો છે, જ્યારે પરમાણુ તો ચક્ષુ વગેરે કોઈ એક ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી અને ઈશ્વરતો ઈંદ્રિય વિના જ જ્ઞાન કરે છે, માટે વ્યભિચાર ન આવે.

આત્મા માટે વિભુત્વની યુક્તિ બતાવે છે. વાવેલી ડાંગર દૃષ્ટ (પાણી વિ.) સહકારીનું સાન્નિધ્ય સમાન હોવા છતાં કોઈકને ફળે અને કોઈકને નહિં. માટે દૃષ્ટ સહકારીથી અતિરિક્ત અદૃષ્ટને માનવું જોઈએ.

અને તે પોતાના ઉપકારીને (વિષે) નિમિત્તે અગ્નિ વિ. પદાર્થમાં પચનક્રિયાને પેદા કરતો પોતાના આશ્રયથી સંબદ્ધ જ તે ક્રિયા પેદા કરે છે.

આગ ઉંચે જાય. વાયરો આડો વાય, આણુ અને મનનું આદ્યકર્મ આ બધુ અદૃષ્ટે કરેલું જાણવું. (ખેડૂત ઘેર હોય અને પાક તો ખેતરમાં થાય, હવે તેનું કારણ અદૃષ્ટ ત્યાં આશ્રય વિના કેવી રીતે જાય ? માટે ત્યાં સુધી આત્મા ફેલાયેલો માનવો જોઈએ.) માટે આત્મા આણુ નથી.

(ચુંબકની જેમ અદૃષ્ટપણે પુણ્યપાપના આધારે ફળ મળે છે. પુણ્ય હોય તો ઘેર બેઠા કમાણી થઈ જાય છે. અને પુણ્ય ખૂટે ત્યારે દૂરના વાંહાણ પણ ડૂબી જાય છે, જેની જાણકારી પણ દિવસો પછી મળતી હોય છે અને આગની લપેટો ઉંચી જાય, ગહન વનમાં ફળ, ફુલ ઉત્પન્ન થાય અને ખરી પડે. પણ કોઈના ઉપભોગમાં આવતા નથી. આનો મતલબ ત્યાં કોઈ ઉપભોક્તા ના અદૃષ્ટે કામ કર્યુ નહિં, તે બધુ તો વૃક્ષના સ્વકર્મથી બને છે. પરંતુ તે અદૃષ્ટ તો તે વૃક્ષમાં જ રહેલું હોવાથી આત્માને વિભુ માનવાની જરૂર નથી. ઈત્યાદિ તો તે તે દ્રવ્યનો સ્વભાવ છે એમાં આપાણું કર્મ- અદૃષ્ટ કામ કરતું નથી. હા એ વાત સાચી તમારૂં ઘર બળે અને બાજુવાળાનું બચી જાય છે. તે આપણા કર્મનો દોષ. અને કેરી વગેરે ફળ આપણા હાથમાં આવ્યું એમાં લાભાંતરાયનો ક્ષયોપશમ ખરો. ઈતિ **जैनाः**)

(९२) (शरीरनिरूपणम्)

तस्य भोगायतनमन्त्यावयवि शरीरम् । सुखदुःखान्यतरसाक्षात्कारो भोगः । स च यदवच्छिन्न आत्मनि जायते तद्भोगायतनं तदेव शरीरम्। चेष्टाश्रयो वा शरीरम् । चेष्टा तु हिताहितप्राप्तिपरिहारार्था क्रिया, न तु स्पन्दनमात्रम् ।

बाह्येन्द्रियग्राह्यगुणाधिकरणत्वात् कुम्भादिवन्मध्यमपरिमाणे सावयवत्व-दोषः ।

शरीरमिति शरीरस्य लक्षणद्वयेऽपि करचरणादावतिव्याप्तिपरिहारार्थं **अन्त्यावयवीपदं** क्षेप्यं ॥ न च मृतशरीरेष्वव्याप्तिः, कादाचित्कस्य तदाश्रयस्येष्ट-त्वात् । सुखेति विषयाभ्यासादिजन्यसुखदुःखान्यतरसाक्षात्कारो भोग इत्यर्थः।

हितेति हितप्राप्त्यहितपरिहारान्यतरप्रयोजनिका क्रियेत्यर्थः ।

બાહ્ય ઈન્દ્રિય ગ્રાહ્ય ગુણનું અધિકરણ હોવાથી ઘટાદિની જેમ મધ્યમપરિમાણ માનતા સાવયવત્વનો દોષ આવે.

સાવયવવાળો પદાર્થ જન્ય હોવાથી આત્માના નિત્યત્વની હાનિ થાય (આત્મા અસંખ્ય પ્રદેશવાળો છે, જે (પ્રદેશો) સદાકાળના છે, તે ઓછાવત્તાં થતા નથી માટે સાવયવત્વનાં કારણે નિત્યત્વની હાનિ થતી નથી ઈતિ જૈનાઃ)

ભોગાયતનં / અન્ત્યાવયવિ - શરીરમ્ - ભોગ સંપાદન કરવાનું સ્થાન. અન્ત્યાવયવિ શરીરમ્ - જે પોતે કોઈનું અવયવ નથી તે શરીર.

શંકા :- હાથપગને કાંટો લાગે તો દુઃખનો સાક્ષાત્કારતો ત્યાં થાય છે એટલે હાથ વિગેરે ભોગાયત બની જવાથી અતિવ્યાપ્તિ થાય.

સમાધાન :- હાથ પગ શરીરના અવયવ હોવાથી તે અન્ત્યાવયવી બનતા નથી, એટલે કે શરીર ના બે લક્ષણ હોવા છતાં હાથ પગ વગેરમાંથી અતિવ્યાપ્તિ ખસેડવા અન્ત્યાવયવી પદ મૂકવું.

શંકા :- મૃતશરીરમાં તો કોઈ પણ જાતની ચેષ્ટા દેખાતી નથી એટલે ચેષ્ટાશ્રયો એવા શરીરના લક્ષણમાં અવ્યાપ્તિ આવે.

સમાધાન :- ભૂતકાળમાં એ શરીરમાં ચેષ્ટાથતી જ હતી, એટલે ક્યારેક ચેષ્ટાના આશ્રય તરીકે ઈષ્ટ હોવાથી મૃતશરીરમાં અવ્યાપ્તિ નથી.

વિષયાભ્યાસાદિથી જન્ય સુખ કે દુઃખમાંથી કોઈનો સાક્ષાત્કાર થવો તે ભોગ. અથવા ચેષ્ટાનો આશ્રય તે શરીર - ચેષ્ટા એટલે હિતની પ્રાપ્તિ કે અહિતના ત્યાગ માટે થતી ક્રિયા.

(૬૩) (इन्द्रियनिरूपणम्)

शरीरसंयुक्तं ज्ञानकरणमतीन्द्रियमिन्द्रियम् । अतीन्द्रियमिन्द्रियमित्युच्यमाने कालादेरपीन्द्रियत्वप्रसङ्गोऽत उक्तं ज्ञानकरणमिति । तथापि इन्द्रियार्थसंनिकर्षेऽतिप्रसङ्गोऽत उक्तं शरीरसंयुक्तमिति शरीरसंयुक्तं ज्ञानकरणमिन्द्रियमित्युच्यमान आलोकादेरिन्द्रियत्वप्रसङ्गोऽत उक्तमतीन्द्रियमिति । तानि चेन्द्रियाणि षट् ।

अतीन्द्रियमित्यादिना इन्द्रियं अतिक्रान्तमतीन्द्रिमित्युच्यमाने इन्द्रिय-

ज्ञप्तावतीन्द्रियज्ञप्तिरतीन्द्रियज्ञप्ताविन्द्रियज्ञप्तिरिति परस्पराश्रयप्रसङ्ग इति, मैवं योगजधर्मजन्यसाक्षात्कारविषयत्वमतीन्द्रियत्वमिति निरूप्यमानत्वात् ।

षडिति । ननु त्वचा सर्वेन्द्रियस्थानि व्याप्तानि ततश्च त्वगिन्द्रियं सर्वार्थोपलम्भकं । सर्वार्थग्रहणस्य त्वगिन्द्रियान्वयव्यतिरेकानुविधायित्वादेकमेवतन्नेत्याह । त्वगिन्द्रियस्य सर्वाधिष्ठानव्याप्त्यावपि अन्यान्यशक्तिभेदात् षडित्यभ्युपगम्यते, मञ्चस्थपुरुषाक्रोशने चञ्चाः क्रोशन्तीत्यपि व्यवहारात् । त्वचि स्थितेऽपि पृथक्त्वव्यवहार इन्द्रियाणामिति ।

वस्तुतस्तु शरीरसंयोगावच्छेदेन घटपटादीनां त्वाचज्ञानजनकतया तत्राति-प्रसक्तिवारणायातीन्द्रियत्वं ।

શરીર સાથે સંયુક્ત જ્ઞાનનું કરાણ અને અતીન્દ્રિય હોય તે ઈન્દ્રિય, અતીન્દ્રિયં - ઈન્દ્રિયને ઓળંગી ગયેલ તે - ઈન્દ્રિયથી જેનું ગ્રહણ ન થઈ શકે તે અતીન્દ્રિય, એમ કહીએ તો ઈન્દ્રિયનું જ્ઞાન થતાં અતીન્દ્રિયનું જ્ઞાન થાય અને અતીન્દ્રિયનું જ્ઞાન થાય ત્યારે ઈન્દ્રિયનું જ્ઞાન થાય એમ અન્યોન્યાશ્રય દોષ આવે. એમ ન કહેવું. (માત્ર) યોગજ ધર્મથી જન્ય જે સાક્ષાત્કાર છે તેનો જે વિષય હોય તે અતીન્દ્રિય, આ રીતે નિરૂપણ કરવાનું હોવાથી ઉપરોક્ત દોષ લાગતો નથી.

શંકાકાર :- ચામડી સર્વ ઈન્દ્રિયોમાં ફેલાયેલી છે. તેથી સ્પર્શેન્દ્રિયને સર્વ અર્થને ઉપલંભ કરનારી માનવી જોઈએ. કારણ કે જ્યાં સ્પર્શેન્દ્રિય હોય ત્યાં ઉપલંભ થાય છે. તે જ્યાં નથી ત્યાં કોઈ જાતનો ઉપલંભ થતો નથી, એમ તે = સ્પર્શેન્દ્રિય અન્વય વ્યતિરેકને અનુસરનારી છે, માટે એક જ સ્પર્શેન્દ્રિય જ માનવી જોઈએ. અન્ય ઈન્દ્રિય માનવાની જરૂર નથી.

સમાધાન :- સ્પર્શેન્દ્રિય સર્વ ઈન્દ્રિયના અધિષ્ઠાનમાં વ્યાપ્ત હોવા છતાં અલગ અલગ શક્તિના ભેદથી છ ઈન્દ્રિયો સ્વીકારવામાં આવે છે. માંચા ઉપર રહેલા પુરૂષો અવાજ કરતા હોય તો પણ માંચો/ખાટલા અવાજ કરે છે એવો વ્યવહાર થાય છે. તેમ સર્વત્ર ચામડી રહેલી હોવા છતાં ઈન્દ્રિયોનો અલગ અલગ વ્યવહાર થાય છે હકીકતમાં શરીર સાથે સંયુક્ત જ્ઞાનનું કરણ તે ઈન્દ્રિય, એમ કહિએ તો, જે ઘડા વગેરેનો શરીર સાથે સંયોગ છે, તેનું સ્પાર્શન પ્રત્યક્ષ થવામાં

ઘડા વગેરે કારણ બનતા હોવાથી તેઓને ઈન્દ્રિય તરીકે માનવાની આપત્તિ આવે. તેના નિવારણ માટે અતીન્દ્રિય પદ મૂક્યું, ઘટાદિ અતીન્દ્રિય નથી.

घ्राणरसनचक्षुस्त्वक्श्रोत्रमनांसि । तत्र गन्धोपलब्धिसाधनमिन्द्रियं घ्राणम् । नासाग्रवर्ति । तच्च पार्थिवं; गन्धवत्त्वाद् घटवत् । गन्धवत्त्वं च गन्धग्राहकत्वात् । यदिन्द्रियं रूपादिषु मध्ये यं गुणं गृह्णाति तदिन्द्रियं तद्गुणसंयुक्तं तथा चक्षू रूपग्राहकं रूपवत् ।

गन्धेति असाधारणं व्यापारवद्गन्धोपलब्धिसाधनमित्यर्थोऽतो न मनसि न वा सन्निकर्षेऽतिप्रसङ्गः, सुरभिदुरभ्यवयवारब्धे घ्राणेऽव्याप्तिवारणायोपलब्धीति ।

ગન્ધેતિ :- ગંધ જ્ઞાનનું અસાધારણ સાધન તેમજ વ્યાપારવાળી તે ઘ્રાણ ઈન્દ્રિય છે. અસાધારણ પદ મુકવાથી મનમાં અતિવ્યાપ્તિ નહિ આવે, કારણ કે મન ત્યાં બધા જ્ઞાનનું સાધન હોવાથી સાધારણ છે. અને વ્યાપારવાળુ કહેવાથી સન્નિકર્ષમાં અતિવ્યાપ્તિ નહિં આવે કારણ કે સન્નિકર્ષ વ્યાપાર રૂપ છે પણ વ્યાપારવાળો નથી. અથવા ઈન્દ્રિય અને અર્થનો સંનિકર્ષ શરીર સંયુક્ત નથી, માટે અતિવ્યાપ્તિ નથી આવતી.

સુરભી દુરભિ અવયવથી આરબ્ધ નાક સુરભિ દુરભિ ગંધનું સાધન તો નથી. કેમકે ગંધનું કારણ તો પૃથ્વી છે, જ્યારે નાક આપણું લક્ષ્ય છે, તેમાં લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ આવે. તેના વારણ માટે ઉપલબ્ધિ પદ મૂક્યું. ગંધની ઉપલબ્ધિ = જ્ઞાન તેનાથી (=નાકથી) થાય જ છે. હવે વાંધો નહી આવે.

रसोपलब्धिसाधनमिन्द्रियं रसनम् । जिह्वाग्रवर्ति । तच्चाप्यं रसवत्त्वाद्, रसवत्त्वं च रूपादिषु पञ्चसु मध्ये रसस्यैवाभिव्यञ्जकत्वाल्लालावत् ।

रूपोपलब्धिसाधनमिन्द्रियं चक्षुः । कृष्णताराग्रवर्ति । तच्च तैजसम्, रूपादिषु पञ्चसु मध्ये रूपस्यैवाभिव्यञ्जकत्वात् प्रदीपवत् ।

स्पर्शोपलब्धिसाधनमिन्द्रियं त्वक् । सर्वशरीरव्यापि तत्तु वायवीयम्

रूपादिषु पञ्चसु मध्ये स्पर्शस्यैवाभिव्यञ्जकत्वादङ्गिसलिलशैत्यादिव्यञ्जकव्यजनवातवत् ।

ननु इन्द्रियमतीन्द्रियं घ्राणं च ऐंद्रियकम् । अत एव तत्कथम् ? अत आह नासाग्रवर्तीति तद्गुणयुक्तमिति तज्जातीयगुणवदित्यर्थः । स्नेहादिग्राहकमपि चक्षुरादि न तद्वदित्यनतिप्रसक्तये रूपादिषु इत्याद्युक्तं ।

स्पर्शस्यैवेति मनसि व्यभिचारवारणाय एव शब्दः, अप्रसिद्धिवारणाय मध्य इत्यन्तम् ।

शंकाकार :- तमे ईन्द्रियने - अतीन्द्रिय कहो छो, पण घ्राणं तो चोखी देखाय ज छे एटले ऐंद्रियक छे.

समाधान :- એથી કરીને ગ્રંથકાર કહે છે કે.... સાક્ષાત્ દેખાતું નાક તે ઘ્રાણેન્દ્રિય નથી, પણ નાકના અગ્રભાગમાં અતિસૂક્ષ્મ પ્રદેશની બનેલી ઘ્રાણ છે અને જે ગંધત્વ જાતિવાળા ગંધગુણ યુક્ત છે, કેમકે "ઈન્દ્રિય રૂપ વગેરે પાંચ ગુણમાંથી જે ગુણને ગ્રહણ કરે તે ઈન્દ્રિય તે ગુણથી સંબદ્ધ હોય છે." એવો નિયમ છે.

शंकाकार :- આંખ વગેરે સ્નેહાદિને ગ્રહણ તો કરે છે પણ, આંખ વગેરે સ્નેહાદિથી યુક્ત તો નથી માટે નિયમ ખોટો પડયો.

समाधान :- અરે ભાઈ ! એટલે જ તો અમે રૂપાદિષુ પञ્ચસુમધ્યે રસસ્યૈવાભિવ્યઞ્જકત્વાત્ લાલાવત્ એમ કહ્યું છે, એટલે કે આ નિયમ રૂપાદિ પાંચગુણ માટે લાગુ પડે છે. એટલે શેષ ગુણને તે ઈન્દ્રિય અભિવ્યક્ત કરે, પણ તે ગુણથી યુક્ત હોવું, એવો નિયમ નથી.

રસના રસવાળી છે, રૂપાદિ પાંચમાંથી રસને જ અભિવ્યક્ત કરે છે માટે. રસની જ ગ્રાહક રસના - જીભ ઈન્દ્રિયછે. અહીં એવકાર મનમાં વ્યભિચાર વારવા માટે છે, મનથી તો રૂપ વગેરેનું પણ ગ્રહણ થાય છે. રૂપાદિષુ મધ્યે - ન લખે તો અપ્રસિદ્ધિ આ રીતે આવે- સ્પર્શસ્યૈવાભિવ્યંજકત્વં માત્ર ગુણનું અભિવ્યંજકપણું તો કોઈ જ ઈન્દ્રિયમાં નથી, કારણ કે ત્વક્ પણ સ્પર્શ ગુણ ઉપરાંત દ્રવ્યની અભિવ્યંજક છે જ, પણ રૂપાદિષુ મધ્યે

લખવાથી અપ્રસિદ્ધિ ઉંડી જશે કે રૂપાદિ પાંચમાંથી માત્ર સ્પર્શાભિવ્યંજક હોય તેવી ઈન્દ્રિય ત્વક્ છે.

शब्दोपलब्धिसाधनमिन्द्रियं श्रोत्रम् । तच्च कर्णशष्कुल्यवच्छिन्नमाकाशमेव, न द्रव्यान्तरम् । शब्दगुणत्वात् । तदपि शब्दग्राहकत्वात् । यदिन्द्रियं रूपादिषु पञ्चसु मध्ये यद्गुणव्यञ्जकं तत्तद्गुणसंयुक्तं तथा चक्षुरादि रूपादिग्राहकं रूपादियुक्तम् । शब्दग्राहकं च श्रोत्रमतः शब्दगुणकम् ।

सुखाद्युपलब्धिसाधनमिन्द्रियं मनः । तच्चाणुपरिमाणं हृदयान्तर्वर्ति ।

ननु चक्षुरादीन्द्रियसद्भावे किं प्रमाणम् ?

उच्यते अनुमानमेव । तथाहि रूपाद्युपलब्धयः करणसाध्याः क्रियात्वाच्छिदिक्रियावत् ।

शब्द इति ननु आकाशस्य श्रोत्रत्वे सर्वदा सत्त्वाद् बधिरस्यापि शब्दोपलम्भप्रसङ्ग इति चेन्मैवं । शब्दश्रवणजनितसुखदुःखानुभवप्रापकधर्माधर्मविशिष्टस्यैव नभोदेशस्य श्रोत्रत्वाभ्युपगमेन तादृशादृष्टवैकल्यसाकल्याभ्यां बधिरत्वाबधिरत्वोपपत्तेः ।

इन्द्रियसद्भावे प्रमाणं पृच्छति । **नन्विति अनुमानमेव** प्रमाणमित्याह-

शंकाકાર :- આકાશ એ શ્રોત્રેન્દ્રિય રૂપ છે અને તે તો સદાકાલ હોવાથી બહેરાને પણ સાંભળવાનો પ્રસંગ આવશે.

समाधान :- શબ્દને સાંભળવાથી ઉત્પન્ન થનાર સુખ દુઃખનો અનુભવ કરાવનાર ધર્મ-અધર્મથી વિશિષ્ટ જે આકાશ દેશ છે તે શ્રોત્ર તરીકે સ્વીકારવામાં આવે છે. અને તેવા પ્રકારના અદૃષ્ટની ઉણપ હોય તો બહેરાપણું સંભવી શકે છે. સંપૂર્ણતા હોય તો સાંભળી શકાય.

ઈન્દ્રિય છે એમાં પ્રમાણ શું ? તે માટે પ્રશ્ન કરે છે.

शंकाકાર :- ननु चक्षुरादीन्द्रिय सद्भावे किं प्रमाणम् ?

समाधान :- અનુમાન જ પ્રમાણ છે. રૂપાદિ ગુણોનું જ્ઞાન કરણથી સાધ્ય છે. ક્રિયા રૂપ હોવાથી છેદન ક્રિયાની જેમ.

उच्यते इति किमिदमत्र क्रियात्वं विवक्षितं ? धात्वर्थरूपत्वं, परिस्प-

न्दनरूपत्वं वा, नाद्यः निमित्तमात्रसाध्ये प्रध्वंसादावनैकान्तिकत्वात्। न द्वितीय असिद्धत्वादितिसेयमुभयतः पाशारज्जुरिति चेत्तदसारं, क्रियात्वं कार्यत्वमिति विवक्षितत्वात्। कार्यत्वं वाऽभूत्वाभावित्वमिति न कश्चिद्दोषः। **करणेति** तत्तदुपलब्धौ तत्तदसाधारणकरणजन्यत्वं अनुमेयम्। अतो मनसा न अर्थान्तरं, चक्षुरादीनामसाधारणकरणत्वं, असाधारणकरणत्वं विना चाक्षुषत्वादिकमाकस्मिकं स्यादित्यादयस्तर्काः, अन्तःकरणादेर्यथाकथञ्चिदसाधारणत्वे त्वाचादेरपि चाक्षुषज्ञानाद्यापत्तिरित्यादयश्च।

पूर्वपक्ष :- અહીં ક્રિયાત્વથી શું લેવાનું ? ધાતુનો અર્થ લેવાનો કે પરિસ્પન્દન માત્ર ? તેમાં પહેલો પક્ષ બરાબર નથી. નિમિત્ત માંત્રથી સાધ્ય ધ્વંસાદિમાં વ્યભિચાર આવશે. (કોઈ પણ જાતનું નિમિત્ત મળતા પડયો પડયો ઘડો નાશ પામી જાય છે. તેમાં વિવક્ષિત કારણની - કરણની જરૂરં પડતી ન હોવાથી કોઈ કરણ પ્રસિદ્ધ નથી. બીજા પક્ષમાં તો અસિદ્ધ દોષ આવે. કારણ કે ઘ્રાણ વગેરેમાં પરિસ્પંદનનો અભાવ છે. કારણ કે પક્ષે હેત્વાભાવ- તે સ્વરૂપાસિદ્ધિ. આમ બેય બાજુ ફસામણી છે.

ઉત્તરપક્ષ :- આ બધી વાત પોકળ છે. ક્રિયાત્વથી કાર્યત્વની વિવક્ષા કરેલી છે. અથવા કાર્યત્વ એટલે પહેલા ન હોય તેનું થવું, તેમાં કશો દોષ નથી.

કરણસાધ્યા :- તે તે ઉપલબ્ધિ તે તે અસાધારણકરણથી જન્ય છે, એવું અનુમાન કરાય છે ચાક્ષુષ-રૂપાદિની ઉપલબ્ધિમાં આંખ વિ. અસાધારણ કરણ છે. અને સુખાદિની ઉપલબ્ધિમાં મન ઈન્દ્રિય તરીકે અસાધારણ રૂપે ઉપયોગી બને છે. (કારણ કે સુખાદિના સંવેદનમાં જ મનનો ઈન્દ્રિય તરીકે ઉપયોગ થતો હોવાથી તેનાં પ્રત્યે મન અસાધારણ છે. એટલે જો માત્ર ઉપલબ્ધિ સામ ન્યની વાત કરી હોત તો મનકરણ ન બની શકત.

શંકા :- જે અર્થને સિદ્ધ કરવાનો હોય તેનાથી ભિન્ન અર્થ સિદ્ધ થાય તે અર્થાન્તર. અહી આપણે મનને ઈન્દ્રિય તરીકે સિદ્ધ કરવાનુ હતુ, તેના બદલે સાધારણ કારણ બનવાથી ઈન્દ્રિયરૂપે સિદ્ધ થશે નહીં; એટલે અર્થાન્તર દોષ આવે. રૂપાદિ ઉપલબ્ધિ પ્રત્યે તે પોતે સાધારણ કારણ હોવાથી.

સમા :- સુખાદિ ઉપલબ્ધિ વિશેષ પ્રત્યે મન અસાધારણ કારણ બનતું

હોવાથી અર્થાન્તર દોષ નહિ આવે. આંખ વિ. અસાધારણ કારણ છે. તેવા અસાધારણ કરણની અપેક્ષા રાખવામાં ન આવે તો કાળ દિશા અદૃષ્ટ વિ. સાધારણ કારણ હર હમેંશ હાજર જ હોય છે. એથી કાર્ય જ્યારે ત્યારે ઉત્પન્ન થઈ શકશે. એના માટે દેશકાળની નિયતતા નહિ રહે. એટલે આંખ વિ. અસાધારણ કારણ છે. અસાધારણ કરણ વિના ચાક્ષુષપ્રત્યક્ષ વિ. આકસ્મિક થઈ જવાની આપતિ આવે. ઈત્યાદિ તર્કો છે. આનાથી તે તે ઉપલબ્ધિમાં અસાધારણ કરણ તરીકે આંખ વિ. ઈન્દ્રિયજરૂર માનવી જોઈએ.

(૫૪) (अर्थनिरूपणम्)

अर्था षट् पदार्थाः । ते च द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाः । प्रमाणादयो यद्यप्यत्रैवान्तर्भवन्ति तथापि प्रयोजनवशाद् भेदेन कीर्तनम् ।

(૫૫) (अर्थनिरूपणे द्रव्यनिरूपणम्)

तत्र समवायिकारणं द्रव्यम् । गुणाश्रयो वा । तानि च द्रव्याणि पृथिव्यप्तेजोवाय्वाकाशकालदिगात्ममनांसि नवैव ।

(૫૬) (द्रव्यनिरूपणे पृथिवीनिरूपणम्)

तत्र पृथिवीत्वसामान्यवती पृथिवी । काठिन्यकोमलत्वाद्यवयवसंयोगविशेषेण युक्ता । घ्राणशरीरमृत्पिण्डपाषाणवृक्षादिरूपा । रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्वगुरुत्वद्रवत्वसंस्कारवती ।

अर्थेति ननु द्रव्यादिषु षट्सु पदार्थेषु प्रमाणादीनां षोडशपदार्थानां यथासम्भवमन्तर्भावस्य वक्तुं शक्यत्वात्पृथक् प्रमाणादि षोडशपदार्थनिरूपणमनुपपन्नं, लाघवे सम्भवति गौरवस्यानाश्रयणीयत्वात् इतीमां शङ्कां निरस्यति ।

प्रमाणादय इति अयं भावो - अन्यशास्त्रे प्रतिपादितानां प्रमाणादीनां साक्षान्निश्रेयसांगत्ववत्(त्वात्) द्रव्यादीनां तदभावात्षोडशपदार्थवादो न युक्तः ।

ननु प्राधान्येन षट्पदार्थवादः, **प्रयोजनेति** प्रमाणत्वादिरूपेण तत्तद्विलक्षणप्रयोजनजनकाः प्रमाणादय इति द्रव्याद्यन्तर्गता अपि पृथगुद्दिष्टा इत्यर्थः ।

स्थूलं पृथिव्याः कार्यत्वं नेति प्रभाकरास्तान् क्षेप्तुं प्रयोगः ''विमता पृथ्वी कार्या सावयवत्वात्'' सम्मतवत् सावयवत्त्वं कुतः ? **काठिन्यकोमलत्वादिति** सिद्धं।

अर्था :- એટલે છ પદાર્થો છે.

शंकाકार :- દ્રવ્યાદિ છ પદાર્થોમાં પ્રમાણાદિ સોળ પદાર્થો યથાસંભવ અંતર્ભાવ કરી શકાતો હોવાથી અલગ રીતે પ્રમાણાદિ સોળ પદાર્થોનું નિરૂપણ કરવું યુક્તિ યુક્ત નથી. કારણ કે લાઘવનો સંભવ હોય ત્યારે ગૌરવનો આશ્રય ન લેવાય.

समाधान :- પ્રમાણાદિનો આ છમાં સમાવેશ થઈ શકે, તોપણ પ્રયોજનને લીધે તેમનું પૃથક્ વર્ણન કર્યું છે. -

આનો હાર્દ આમ છે કે - અન્ય શાસ્ત્રમાં પ્રતિપાદન કરાયેલ પ્રમાણાદિ સાક્ષાત્ મોક્ષનાં કારણ છે. તેની જેમ દ્રવ્યાદિ મોક્ષના સાક્ષાત્, સાધન નથી, માટે સોળ પદાર્થવાદ યુક્ત નથી, મુખ્યતાએ છ પદાર્થવાદ છે. એટલે કે પ્રમાણ વિ. પ્રમાણત્વાદિ રૂપે તે તે વિલક્ષણ પ્રયોજનના જનક હોવાથી છમાં સમાવેશ થવા છતાં અલગ અલગ ઉપદેશ્યા છે.

''સ્થૂલ પૃથિવી કાર્ય નથી'' એવું પ્રભાકર માને છે. તેનો નિરાસ કરવા પ્રયોગ દર્શાવે છે.

વિવાદાસ્પદ પૃથ્વી કાર્ય રૂપે છે. અવયવવાળી હોવાથી સંમતની જેમ ઘટાદિ કાર્ય તરીકે સંમત છે અને તે અવયવવાળા છે, તેમ આ પૃથ્વી અવયવવાળી છે, માટે કાર્યરૂપે માનવી જ જોઈએ. કઠન અને કોમલ હોવાથી તેનું સાવયવત્વ સિદ્ધ થઈ જાય છે. કારણ કે પ્રદેશોની ઘનતાથી - ગીચપણાથી કઠનપણું આવે છે અને પ્રદેશોના પોળાણથી કોમલપણું આવે છે.

ઘ્રાણ શરીર લોઢું, લાકડું, માટીનું ઢેકુ પત્થર અને ફૂલ, રૂ, મખમલ ઈત્યાદિથી કઠિનતા કોમલતા સિદ્ધ છે. ઉત્પન્ન થતા સ્થૂલ રૂપે દેખાય છે. એ પણ પ્રસિદ્ધ છે.

सा चा द्विविधा नित्याऽनित्या च नित्या परमाणुरूपा । अनित्या च कार्यरूपा । द्विविधायाः पृथिव्या रूपरसगन्धस्पर्शा अनित्याः पाक-

जाश्च । पाकस्तु तेजःसंयोगः । तेन पृथिव्याः पूर्वरूपादयो नश्यन्त्यन्ये जन्यन्त इति पाकजाः ।

(૫૭) (द्रव्यनिरूपणे अब्निरूपणम्)

अप्त्वसामान्ययुक्ता आपः । रसनेन्द्रियशरीरसरित्समुद्रहिमकरकादिरूपाः । गन्धवर्जस्नेहयुक्तपूर्वोक्तगुणवत्यः । ता द्विविधाः नित्या अनित्याश्च । नित्यानां रूपादयो नित्या एव, अनित्यानां रूपादयो नित्या एव, अनित्यानां रूपादयोऽनित्या एव ।

शरीरेत्यादिना द्रव्यसाधकगुणानाह **रूपेति** सर्वेषां नित्यत्वे घटादीनां द्रव्यान्तरत्वापत्तिः सर्वानित्यत्वेऽनवस्था स्यादित्यतः सा **नित्यानित्येति** । **गन्धवर्जेति** एते पूर्ववत् सिद्धा रूपरसस्पर्शवत्य आपो द्रवाः ।

પૃથ્વી એક દ્રવ્ય છે, તેને સિદ્ધ કરી આપનાર રૂપાદિ ગુણો તેમાં છે, કારણ કે રૂપાદિ ગુણ તરીકે સિદ્ધ છે, તેનાં આશ્રય રૂપે ગુણી- દ્રવ્ય હોવું જરૂરી છે. જો બધી જ પૃથ્વી ને નિત્ય માનીએ તો ઘટ, પટ વગેરે ભિન્ન ભિન્ન દેખાય છે. તેમને અલગ દ્રવ્ય તરીકે માનવા પડશે. કારણ કે "માટીમાંથી ઉત્પન્ન થયેલ છે, માંટે ઘટ એ પાર્થિવ દ્રવ્ય છે" એમ કહી શકાશે નહિ. (નિત્ય માનેલ હોવાથી) અથવા તમે તો પૃથ્વી નિત્ય માની છે, જ્યારે ઘટાદિ તો અનિત્ય દેખાય છે માંટે તેમને તો પૃથ્વી દ્રવ્ય તરીકે ન માની શકાય, (ભિન્ન સ્વરૂપ હોવાથી) માટે ઘટાદિને પૃથ્વીથી ભિન્ન દ્રવ્ય તરીકે માનવા પડશે. નૈયાયિક મતે નિત્ય અનિત્ય વિરૂદ્ધ ધર્મ હોવાથી એક સમાન દ્રવ્યમાં = ઘટમાં ના ઘટી શકે.

જો બધી પૃથ્વી અનિત્ય માનો તો અનવસ્થા દોષ આવે. કારણ કે ઘટ માટીમાંથી થયો તે અનિત્ય માનવો યુક્ત છે. પણ પાર્થિવ પરમાણુ શેમાંથી પેદા થયા ? અન્ય સૂક્ષ્મ પાર્થિવ પરમાણુથી ! એમ કહેવા જશો તો બધા જ અનિત્ય હોવાથી તેની પણ ઉત્પત્તિ શેમાંથી ? એ પ્રશ્ન ઉભો જ રહેશે. એમ સૂક્ષ્મ સૂક્ષ્મતરની કલ્પના કરતા પાર આવવાનો નથી. એટલે આવી અપ્રામાણિક કલ્પનાથી અનવસ્થા દોષ ઉભો થાય છે. માટે પાર્થિવ પરમાણુને નિત્ય માનવા જોઈએ. એથી ગ્રંથકારે કહ્યુ તે (પૃથ્વી) નિત્ય અને અનિત્ય રૂપે છે.

(५८) (द्रव्यनिरूपणे तेजोनिरूपणम्)

तेजस्त्वसामान्यवत् तेजः । चक्षुः शरीरसवितृसुवर्णवह्निविद्युदादिप्रभेदम् । रूपस्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्वद्रवत्वसंस्कारवत् । नित्यमनित्यं च पूर्ववत् तच्चतुर्विधम् । उद्भूतरूपस्पर्शमनुद्भूतरूपस्पर्शमनुद्भूतरूपमुद्भूतस्पर्शमुद्भूतरूपमनुद्भूतस्पर्शं चेति । उद्भूतरूपस्पर्शं यथा सौरादितेजः, पिण्डीभूतं तेजो वह्न्यादिकम् । सुवर्णं तु उद्भूताभिभूतरूपस्पर्शं, तदनुद्भूतरूपत्वेऽचाक्षुषं स्यादनुद्भूतस्पर्शत्वे त्वचा न गृह्येत। अभिभवस्तु बलवत्सजातीयेन पार्थिवरूपेण स्पर्शेन च कृतः । अनुद्भूतरूपस्पर्शं तेजो यथा चक्षुरिन्द्रियम्। अनुद्भूतरूपमुद्भूतस्पर्शं यथा तप्तवारिस्थं तेजः । उद्भूतरूपमनुद्भूतस्पर्शं यथा प्रदीपप्रभामण्डलम् ।

स्निग्धाश्च सङ्ख्यादयश्चाक्षुषाः, पतनाद्गुरुत्वं, उत्तरकर्मतः संस्कार इति। **उद्भूतेति** इन्द्रियग्रहणयोग्यतापादको धर्मविशेष उद्भूतस्तद्विपरीतोऽनुद्भूत इति । उद्भूतौ रूपस्पर्शौ यस्येत्यर्थः एवमनुद्भूतौ रूपस्पर्शौ यस्येत्यर्थः । क्रमेणोदाहरति **यथेति** सुवर्णमिति इदमप्युद्भूतरूपस्पर्शस्योदाहरणं, सुवर्णस्पर्शोऽनुद्भूतः त्वचा पार्थिवभागएव गृह्यत एवेत्यन्यराद्धन्तः । **स्पर्शेति** ।

ગંધ સિવાયના સ્નેહ સાથે ના પૂર્વોક્ત ગુણો પૂર્વની જેમ પાણીમાં સિદ્ધ છે. રૂપ રસ સ્પર્શદ્રવ્યવાળુ પાણી છે, ઉપર તેમાં સ્નેહ ગુણ વધારેનો કહ્યો એટલે સ્નિગ્ધાશ્ચ કહ્યું. તેના આધારે પૂર્વની જેમ આ ગુણોવાળું પાણી દ્રવ્ય તરીકે સિદ્ધ થાય છે. અને સંખ્યા વિ. ગુણો આંખે દેખાય છે, એટલે કે ચાક્ષુષ છે. ઉપરથી પાણી નીચે પડે છે, તેનાથી ગુરૂત્વ ગુણની સિદ્ધિ થાય છે અને હડસેલવાથી કે મશીન વિ.થી વેગ પણ પેદા કરાય છે, એથી એકવાર ધક્કો માર્યા પછી પોતાની મેળે જ આગળ જાય છે. એટલે ઉત્તર દેશનો સંયોગ કરવા માટે વેગ દ્વારા ઉત્તર કર્મ પેદા કરવામાં આવે. વેગ ન હોય તો પૂર્વ કર્મ ઉત્તર કર્મનું પ્રતિબંધક હોવાથી પાણી આગળ ખસી જ ન શકે. એટલે ઉત્તર દેશના સંયોગથી ઉત્તરકર્મનું અનુમાન અને તેનાં ઉપરથી વેગ નામનાં સંસ્કારની સિદ્ધિ થઈ.

જેનાથી પદાર્થમાં ઈન્દ્રિયથી ગ્રહણ કરી શકાય, એવી યોગ્યતા પ્રાપ્ત થાય તે ધર્મ વિશેષને ઉદ્‌ભૂત કહેવાય, તેનાથી વિપરીત તે અનુદ્‌ભૂત. ઉદ્‌ભૂત રૂપ અને સ્પર્શવાળું, અનુદ્‌ભૂત રૂપ અને સ્પર્શવાળું અનુદ્‌ભૂત રૂપ અને ઉદ્‌ભૂત સ્પર્શવાળું, ઉદ્‌ભૂતરૂપ અને અનુદ્‌ભૂત સ્પર્શવાળાંનું અનુક્રમે ઉદાહરણ દર્શવિ છે. (૧) બન્ને ઉદ્‌ભૂત સૂર્યનુ તેજ, પૂંજીભૂત અગ્નિવિ. (૨) બન્ને અનુદ્‌ભૂત ચક્ષુઈન્દ્રિય (૩) ગરમ પાણીમાં રહેલું તેજ કે જેનું રૂપ અનુદ્‌ભૂત છે અને સ્પર્શ પ્રગટ છે, ગરમાશનો અનુભવ થતો હોવાથી (૪) દીપકનું પ્રભામંડલ જેનું રૂપ પ્રગટ છે, પણ સ્પર્શ અપ્રગટ છે. ત્યાં સુવર્ણ પણ ઉદ્‌ભૂત રૂપ સ્પર્શવાળું છે. પણ બલવાન્ પાર્થિવના રૂપે/સ્પર્શે તેનો અભિભવ કર્યો છે.

સોનાનો સ્પર્શ અનુદ્‌ભૂત છે. સ્પર્શેન્દ્રિયથી પાર્થિવ ભાગ જ ગ્રહણ થાય છે. એ અન્યનો સિદ્ધાન્ત જાણવો.

(૫૯) (द्रव्यनिरूपणे वायुनिरूपणम्)

वायुत्वाभिसम्बन्धवान् वायुः । त्वगिन्द्रियप्राणवातादिप्रभेदः । स्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्ववेगवान् । स च स्पर्शाद्यनुमेयः । तथा हि योऽयं वायौ वाति अनुष्णाशीतस्पर्श उपलभ्यते स गुणत्वाद् गुणिनमन्तरेणानुपपद्यमानो गुणिनमनुमापयति । गुणी च वायुरेव । पृथिव्याद्यनुपलब्धेः ।वायुपृथिवीव्यतिरेकेण स्पर्शाभावात् । स च द्विविधो नित्यानित्यभेदात् । नित्यः परमाणुरूपो वायुः, अनित्यः कार्यरूप एव ।

उपलक्षणमेतत् किन्तु स्पर्शशब्दधृतिकम्पलिङ्गत्वं वायोः । ननु सुवर्णं पार्थिवं नैमित्तिकद्रवत्वात् घृतादिवदिति चेत्, न; विमतं पार्थिवं न, पाकानिवर्त्यरूपत्त्वात् तोयवदिति सत्प्रतिपक्षात् । ननु विमतं तैजसं पार्थिवाप्याभ्यामन्यत्वे सति रूपवत्त्वात् प्रदीपवदिति ।

વાયુનું સ્પર્શાદિથી અનુમાન કરી શકાય છે. ત્યાં આદિથી/ઉપલક્ષણથી શબ્દ, ધૃતિ, કંપન તેના - વાયુના લિંગ છે.

(૧) વાયરો વાય ત્યારે અનુષ્ણાશીત સ્પર્શનો અનુભવ થાય છે. અનુષ્ણા

શીત સ્પર્શવાળી પૃથ્વી તો પ્રત્યક્ષ યોગ્ય છતાં દેખાતી નથી, માટે વાયુનું અનુમાન થાય છે.

(૨) શબ્દ અનુકૂલ પવન હોય તે બાજુ બરાબર સંભળાય છે. એટલે તેના-શબ્દના વાહક તરીકે પવનની સિદ્ધિ થાય છે.

(૩) હલકું કાગળ વિ. અદ્ધર દેખાય છે. તેના ધારણ કરનાર તરીકે વાયુનું અનુમાન થાય છે.

(૪) ઝાડના પાંદડાને પ્રત્યક્ષ હલાવનાર કોઈ દેખાતો નથી, છતાં કંપે છે. તેથી હલાવનાર તરીકે વાયુનું અનુમાન થાય છે.

શંકાકાર :- સુવર્ણ પાર્થિવ છે. નૈમિત્તિક દ્રવત્વ હોવાથી ઘી વગેરેની જેમ.

સમાધાન :- (પક્ષ) - 'વિવાદાસ્પદ (સુવર્ણ)' '(સાધ્ય) - પાર્થિવ નથી.' (હેતુ) - 'પાકથી ફેરફાર નહિ પામનાર રૂપવાળુ હોવાથી' પાણીની જેમ, આનાથી પૂર્વઅનુમાનનું ખંડન કરનારૂ સત્પ્રતિપક્ષ અનુમાન આપ્યું. 'આ સત્પ્રતિપક્ષના કારણે તમારો હેતુ હેત્વાભાસ રૂપે બની જવાથી તમારૂં વાંછિત પૂર્ણ નહિં થાય. હવે વિવાદાસ્પદ (સુવર્ણ) તૈજસ છે/પૃથ્વી પાણીથી અન્ય હોતે છતે રૂપવાળું હોવાથી, પ્રદીપની જેમ. (આમ સુવર્ણને તો જસ સિદ્ધ કરી શકાય છે.)

ननु विमतं तैजसं पार्थिवाप्याभ्यामन्यत्वे सति रूपवत्त्वात् प्रदीपवदिति कारणगुणाहीति समवायिकारणगुणाः पाक(काऽ)जन्यघटपटादिनिष्ठैकत्वासमवायिकारणकद्वित्वादिघटपटसंयोगादिभिन्नकार्यगुणजनका इत्यर्थः । पाकेन अजन्यं यत् घटपटादिनिष्ठैकत्वं तदेवासमवायिकारणं यस्य द्वित्वादेः स पाकाजन्यं, अत एव वदन्ति अपाकजा रूपरसगन्धस्पर्शाः परिमाणगुरुत्वद्रवत्वस्नेहादयश्च कारण-गुणप्रभवा इति । नोदनादिति वेगरहितस्पर्शवत्द्रव्यसंयोगादित्यर्थः, अभिघाता-दिति स्पर्शवद्वेगवद्द्रव्यसंयोगादित्यर्थः । प्रत्यक्षसिद्धं त्र्यणुकं कक्षीकृत्य द्व्यणुकं साधयति, तदिति । द्रव्यत्वादित्युक्ते गगनादौ अनैकान्तिकत्वम् । अत उक्तं कार्येति केवलं कार्येत्युक्ते शब्दादावनैकान्तिकत्वम् । अतो द्रव्यत्वादिति।

કારણ ગુણો-સમવાયિ કારણ ગુણો-પટના સમવાયિકારણ એવા તન્તુના રૂપાદિ ગુણો; પાક-અજન્ય ઘટપટાદિમાં રહેલ જે એકત્વ તે જેનું અસમવાય-કિરણ છે એવા દ્વિત્વાદિ તેમજ ઘટપટના સંયોગાદિથી ભિન્ન કાર્યગુણના જનક

છે. કારણ કે દ્વિત્વાદિ તેમજ સંયોગાદિ કારણગુણથી જન્ય નથી. ઘટપટાદિમાં રહેલ જે પાકથી અજન્ય એકત્વ તે જેનું અસમવાયિકારણ છે એવા દ્વિત્વાદિ તે પાકઅજન્ય છે. કેમકે કારણ સ્વરૂપ તન્તુ અનેક હોવા છતાં, પટ તો એકજ પ્રતીત થાય છે, તેમાં તન્તુગત સંખ્યા નામનો ગુણ ભાગ ભજવે છે. પરંતુ કાંઈ પાક કરવાથી ઘટ, પટમાં નવું એકત્વ પેદા થતું નથી વળી અપેક્ષા બુદ્ધિથી બે વગેરેની પ્રતીતિ થાય છે. અને અન્ય દ્રવ્યથી જોડાય ત્યારે સંયોગની પ્રતીતિ થાય છે, પરંતુ ત્યાં પણ તન્તુ ગત સંયોગ ઉપયોગી નથી. જે ઘટમાં સમવાય સંબંધથી દ્વિત્વપેદા થાય છે, તેમાં પાકથી અજન્ય એકત્વ સમવેત હોવાથી દ્વિત્વ વગેરેનું એકત્વ અસમવાયિકારણ કહેવાય. એથી જ કહે છે... અપાકજ રૂપ રસ ગંધ સ્પર્શ, પરિમાણ ગુરૂત્વ દ્રવત્વ અને સ્નેહ વગેરે કારણગુણથી ઉત્પન્ન થનારા છે. પાકજ રૂપાદિતો પાકની મહિમાથી જ પેદા થઈ જાય છે, તેમાં સમવાયિકારણનું રૂપ વગેરે કામ આવતું નથી.

નોદનાદ્ :- વેગ વગરનાં સ્પર્શવાળા દ્રવ્યના સંયોગથી.

અભિઘાનાદ્ :- વેગવાળા સ્પર્શવાળા દ્રવ્યના સંયોગથી.

પ્રત્યક્ષસિદ્ધ ત્રાણુકને પક્ષ કરી દ્વયાણુકને સાધે છે. ત્રાણુક = ત્રસરેણુ = જાળીમાંથી આવતાં સૂર્યકિરણ ઝીણામાં ઝીણી જે રજ ચોતરફ દેખાય છે, તે સ્વલ્પ પરિમાણવાળા દ્રવ્યમાંથી ઉપજી છે. કારણ કે તે ઘટની જેમ કાર્ય દ્રવ્ય છે. અહિં ''ત્રાણુકં સ્વલ્પપરિમાણદ્રવ્યારબ્ધં કાર્યદ્રવ્યત્વાત્'' અહિં હેતુમાં માત્ર દ્રવ્યત્વાત્ મૂકીએ, તો ગગનાદિમાં વ્યભિચાર આવે. કેમકે તે પણ દ્રવ્ય તો છે જ, પણ કોઈપણ સ્વલ્પ દ્રવ્યથી બનેલ નથી. નિત્ય હોવાથી. તે માટે કાર્યપદ મૂકયું. ગગન કાર્ય નથી માટે વ્યભિચાર ન આવે. હવે માત્ર કાર્ય પદ રાખીએ તો શબ્દ વિ.માં વ્યભિચાર આવે. શબ્દ એ કાર્ય તો છે પણ સ્વલ્પ દ્રવ્યથી શબ્દ બનતો નથી, એથી દ્રવ્યત્વાત્ પદ મૂકયું, શબ્દએ દ્રવ્ય નથી. તે સ્વલ્પ દ્રવ્ય તરીકે દ્વયાણુકની સિદ્ધિ થાય છે.

तत्र पृथिव्यादीनां चतुर्णां कार्यद्रव्याणामुत्पत्तिविनाशक्रमः कथ्यते । द्वयोः परमाण्वोः क्रियया संयोगे सति द्व्यणुकमुत्पद्यते । तस्य परमाणू समवायिकारणम्। तत्संयोगोऽसमवायिकारणम्। अदृष्टादि निमित्तकारणम्। ततो द्व्यणुकानां त्रयाणां क्रियया संयोगे सति त्र्यणुकमुत्पद्यते । तस्य

द्व्यणुकानि समवायिकारणम् । शेषं पूर्ववत् । एवं त्र्यणुकैश्चतुर्भिश्चतुरणुकम् । चतुरणुकैरपरं स्थूलतरं स्थूलतरैरपरं स्थूलतमम् । एवं क्रमेण महापृथिवी महत्य आपो महत्तेजो महांश्च वायुरूत्पद्यते ।

न चायमसिद्धो हेतुः "विमतं कार्यं चाक्षुषत्वाद् घटवत्" इति । किञ्च द्व्यणुककार्यस्य परमाणू समवायिकारणं, तत्संयोगोऽसमवायिकारणमदृष्टादि निमित्तकारणं (१) द्व्यणुकसंयोगकार्यस्य परमाणू समवायिकारणं, क्रिया असमवायिकारणमदृष्टादि निमित्तकारणं (२) द्व्यणुकद्वित्वकार्यस्य परमाणू समवायिकारणं, तदेकत्वद्वयमसमवायिकारणमपेक्षाऽदृष्टादिनिमित्तकारणं ॥३॥ द्व्यणुकपरिमाणकार्यस्य परमाणू समवायिकारणं द्वित्वमसमवायिकारणमदृष्टादि निमित्तकारणं (४) अत्रेश्वरेच्छाजन्यत्वं सर्वत्रापि, द्व्यणुककार्यस्य द्व्यणुकादीनि समवायिकारणं तत्संयोगोऽसमवायिकारणं क्रियादृष्टादि निमित्तकारणं (५) एवं क्रमेण महती पृथ्वीत्यादि बोध्यम् ।

(उत्पत्तिक्रम)

शंकाकार :- त्र्याणुक कार्य द्रव्य तरीके सिध्ध न होवाथी, स्वरूपासिद्धि दोष आवे छे.

समाधान :- विवादास्पद त्र्याणुक कार्य छे. आंखथी जोई शकातुं होवाथी, धटनी जेम.

वळी द्व्याणुक कार्यनुं बे परमाणु समवायिकारण छे. परमाणु अवयव होवाथी तेमां द्व्याणुक समवाय सं.थी रहे छे अने परमाणु स्वमां तादात्म्यथी रहे छे माटे, अने परमाणुसंयोग असमवायिकारण बने "परमाणुसंयोग परमाणुमां समवायसं.थी रहे छे अने द्व्याणुक पण परमाणुमां समवाय सं.थी रहे छे माटे" अदृष्टादि निमित्त कारण छे. द्व्याणुकसंयोग समवाय सं.थी बे परमाणुमां रहेल छे माटे, अने ते बन्ने परमाणुमां क्रिया पेदा थाय त्यारे संयोग थाय अने क्रिया ते परमाणुमां समवाय सं.थी रहे अने संयोग पण त्यां समवाय सं.थी रहे माटे क्रिया असमवायिकारण अदृष्टादि निमित्त कारण छे.

द्व्याणुकना द्वित्वरूपकार्यनुं परमाणु समवायिकारण अने ते बे परमाणुना

બે એકત્વ અસમવાયિકારણ, અપેક્ષા-અદૃષ્ટ વિ. નિમિત્ત કારણ છે.

દ્વયણુક પરિમાણ રૂપ કાર્યનું બે પરમાણુ સમવાયિ કારણ દ્વિત્વ અસમવાયિકારણ અદૃષ્ટાદિ નિમિત્ત કારણ, સર્વ ઠેકાણે ઈશ્વર ઈચ્છા જન્યત્વ મૂકવું/જાણવું.

દ્વયાણુકના કાર્યસ્વરૂપ ત્યાણુક કાર્યનું દ્વયાણુકાદિ સમવાયિકારણ. તેના ક્રિયા અદૃષ્ટાદિ નિમિત્તકારણ, ત્રણ દ્વયાણુકનો સંયોગ અસમવાયિકારણ, આ ક્રમે મોટી પૃથ્વી ઈત્યાદિમાં સમજવું.

कार्यगता रूपादयः स्वाश्रयसमवायिकारणगतेभ्यो जायन्ते । कारणगुणा हि कार्यगुणानारभन्त इति न्यायात् ।

इत्थमुत्पन्नस्य रूपादिमत कार्यद्रव्यस्य घटादेरवयवेषु कपालादिषु नोदनादभिघाताद्वा क्रिया जायते । तया विभागस्तेनावयव्यारम्भकस्यासमवायिकारणीभूतस्य संयोगस्य नाशः क्रियते, ततः कार्यद्रव्यस्य घटादेरवयविनो नाशः । एतेनावयव्यारम्भकासमवायिकारणनाशे द्रव्यनाशो दर्शितः ।

कचित्समवायिकारणनाशे द्रव्यनाशो यथा पूर्वोक्तस्यैव पृथिव्यादेः संहारे संजिहीर्षोर्महेश्वरस्य संजिहीर्षा जायते, ततो द्वयणुकारम्भकेषु परमाणुषु क्रिया, तया विभागस्ततस्तयोः संयोगनाशे सति द्वयणुकेषु नष्टेषु स्वाश्रयनाशात् त्र्यणुकादिनाशः, एवं क्रमेण पृथिव्यादिनाशः । यथा वा तन्तूनां नाशे पटनाशः । तद्गतानां रूपादीनां स्वाश्रयनाशेनैव नाशः । अन्यत्र तु सत्येवाश्रये विरोधिगुणप्रादुर्भावेण विनाशः । यथा पाकेन घटादौ रूपादिनाश इति ।

असमवायिकारणनाशे कार्यनाशः । कचित्समवायिकारणनाशे कार्यनाशो; निमित्तकारणनाशे कार्यनाशो न भवत्येव । द्वयणुक (१) तत्संयोग (२) तद्द्वित्व (३) तत्परिमाणरूप (४) चतुर्णां कार्याणां यथाक्रमेण-संयोग (१) क्रिया (२) एकत्वद्वयं (३) द्वित्वं (४) लक्षणाऽसमवायिकारणनाशे सत्येव

नाशो भवति । त्र्यणुकादिकार्यनाशो द्व्यणुकादिसमवायिकारणनाशे सतीति **विरोधिगुणेति** रक्तरूपजनकपाकेन श्यामरूपनाश इत्यर्थः । रक्तान्तरजनकेनापि पूर्वरूपं नाश्यत इत्यपि बोध्यम् ।

(विनाशक्रम)

કાર્ય (પૃથ્વી) વિ.માં રહેલ રૂપાદિ ગુણ સ્વ રૂપાદિમાં આશ્રયભૂત દ્વયણુકાદિના સમવાયિકારણ (પરમાણુઆદિ)માં રહેલ રૂપાદિ ગુણોમાંથી ઉત્પન્ન થાય છે. "કારણ ગુણો કાર્યગુણોને ઉત્પન્ન કરે છે." આવો ન્યાય હોવાથી એ પ્રમાણે ઉત્પન્ન થયેલ રૂપાદિ ગુણોથી યુક્ત કાર્યદ્રવ્યઘટ આદિના અવયવ જે કપાલાદિ તેમાં નોદન/અભિઘાતથી ક્રિયા પેદા થાય છે. તે ક્રિયાથી વિભાગ થાય છે અને વિભાગ અવયવીના અસમવાયિકારણભૂત અવયવ સંયોગનો નાશ કરે છે. તેનાથી કાર્ય દ્રવ્યનો નાશ થાય છે. આ દાખલા દ્વારા અસમવાયિકારણના નાશે કાર્યદ્રવ્યનો નાશ થાય છે, તે બતાવ્યું.

કયાંક સમવાયિકારણના નાશે કાર્ય દ્રવ્યનો નાશ થાય છે. જેમ પૂર્વોક્ત પૃથિવી આદિના સંહારનો કાલ આવતા સંહારની ઈચ્છાવાળા મહેશ્વરને संजिहीर्षा = સૃષ્ટિનો સંહાર કરવાની ઈચ્છા થાય છે. તેનાથી દ્વયણુક આરંભક પરમાણુમાં ક્રિયા થાય, તેનાથી વિભાગ, તેનાથી પરમાણુનો સંયોગ નાશ થતાં દ્વયણુકનો નાશ થાય અને સ્વાશ્રય = સમવાયિકારણસ્વરૂપ દ્વયણુકનો નાશ થવાથી ત્રયાણુકનો નાશ થાય છે. અનુક્રમે (સ્થૂલ) પૃથ્વી વિ.નો નાશ થાય છે. જેમ તન્તુના નાશથી પટ નાશ, તેના રૂપાદિનો તો સ્વાશ્રય-પટના નાશથી નાશ થઈ જાય છે.

અસમવાયિકારણનો નાશ થતાં કાર્યનો નાશ થાય છે. કયાંક સમવાયિકારણ નાશ થતાં કાર્યનો નાશ થાય, પણ નિમિત્ત કારણનો નાશ થતા કાર્યનો નાશ થતો નથી.

શંકા :- ભાગ્ય ખૂટે ત્યારે હાથ રહેલી વસ્તુ પણ નાશ પામે છે, એટલે નિમિત કારણના નાશે કાર્યનાશ થયો ને ?

સમા :- સારા ચશ્મા પહેરવાનું ભાગ્યનાશ પામે તો હાથમાં રહે લાપણ ફૂટી જાય, એ વાત સાચી. પણ ચશ્માનો નાશ તો તેનાં અવયવ-સમવાયિકારણ કે અવયવ સંયોગ- અસમવાયિ કારણના નાશથી જ થયો કહેવાય. પડતા છતાં

ફ્રેમ વિગેરેના ટૂટે તો ચર્મનો નાશ થતો નથી. હા ! આપણું ભાગ્ય ન હોય તો બીજો કોઈ ઉઠાવી જાય.

દ્વયણુક, તેનો સંયોગ, તદ્ગતદ્વિત્વ, તેનું પરિમાણ આ ચાર કાર્યો અનુક્રમે પરમાણુ સંયોગ, ક્રિયા, બે એકત્વ, દ્વિત્વ સ્વરૂપ અસમવાયિકારણનો નાશ થતાં જ નાશ પામે છે.

ત્ર્યણુકાદિ કાર્યનો દ્વયણુકાદિ સમવાયિ કારણનો નાશ થતા નાશ થાય છે.

વિરોધિગુણ 'પ્રાદુર્ભવિણ વિનાશ' અન્યત્ર આશ્રય વિદ્યમાન હોય તો પણ વિરોધી ગુણનો ઉદ્ભવ થવાથી વિનાશ થાય છે, એટલે કે લાલરૂપ જનક પાકથી શ્યામ રૂપનો નાશ થાય છે. લાલરૂપથી અન્ય પ્રકારના રૂપના જનક પાકથી પણ પૂર્વરૂપનો નાશ (કરાય) થાય છે. એમ પણ સમજવું.

एवं स्मरणेन संस्कारनाशः, संस्कारेण स्वजनकानुभवज्ञाननाशः । उत्तर-संयोगान्तौ कर्मविभागौः दुःखादीनां विरोधिगुणोत्पादेन नाशः प्रायश्चित्ताद्यना-श्यकर्मणां भोगादेव क्षय इत्यादि बोध्यम् ।

એ પ્રમાણે સ્મરણથી સંસ્કારનો નાશ, સંસ્કારથી સ્વ = સંસ્કારના જનક અનુભવ જ્ઞાનનો નાશ થાય છે. કર્મ અને વિભાગનો ઉત્તર સંયોગથી અંત થાય છે. કયારેક આશ્રય નાશથી પણ નાશ થાય છે. પ્રથમદ્રવ્યે.... ततः कर्मनाशः પહેલા દ્રવ્યમાં કર્મ પેદા થાય, પછી વિભાગ પછી પૂર્વસંયોગ નાશ પછી ઉત્તરદેશસંયોગ પછી દ્રવ્યનાશ ત્યાર પછી વિભાગનાશ અને અંતે કર્મનાશ થાય છે, એમ કર્મ અને વિભાગનો નાશ ઉત્તર સંયોગથી થતો હોવાથી 'ઉત્તરસંયોગાંતૌ કર્મવિભાગૌ.એમ કહ્યું છે. (ઉત્તરસંયોગથી અંત-નાશ છે જેમનો એવા કર્મ અને વિભાગ હોય છે.) દુઃખ વગેરેનો વિરોધી ગુણના ઉત્પાદથી નાશ થાય છે. પ્રાયશ્ચિત્ત વિગેરેથી અનાશ્ય -ક્ષય ન કરી શકાય તેવા કર્મોનો ભોગથી નાશ થાય. ઈત્યાદિ સમજી લેવું.

(૬૦) (परमाणुसिद्धिः)

किं पुनः परमाणुसद्भावे प्रमाणम् ?

उच्यते । यदिदं जालं सूर्यमरीचिस्थं सर्वतः सूक्ष्मतमं रज उपलभ्यते तत् स्वल्पपरिमाणद्रव्यारब्धं, कार्यद्रव्त्वाद् घटवत् । तच्च द्रव्यं कार्यमेव,

महद्द्रव्यारम्भकस्य कार्यत्वनियमात् । तदेवं द्वयणुकाख्यं द्रव्यसिद्धम् । तदपि स्वल्पपरिमाणसमवायिकारणारब्धं कार्यद्रव्यत्वाद् घटवत् । यस्तु द्वयणुकारम्भकः स एव परमाणुः स चानारब्ध एवेति ।

ननु कार्यद्रव्यारम्भकस्य कार्यद्रव्यत्वाव्यभिचारात् तस्य कथमनारब्धत्वम् ?

उच्यते । अनन्तकार्यपरंपरादोषप्रसङ्गात् । तथा च सत्यन्तद्रव्यारब्धत्वाविशेषेण मेरूसर्षपयोरपि तुल्यपरिमाणत्वप्रसङ्गः । तस्मादनारब्ध एव परमाणुः ।

પરંતુ પરમાણુ છે તેનું શું પ્રમાણ છે ? (તેના ઉત્તરમાં) કહેવામાં આવે છે કે :- (બારીની) જાળીમાંથી આવતા સૂર્યકિરણમાં ઝીણી ઝીણી આ જે રજ ચારે તરફ દેખાય છે, તે સ્વલ્પ પરિમાણવાળા દ્રવ્યમાંથી ઊપજી છે; કારણ કે તે ઘટની જેમ (જ) કાર્યદ્રવ્ય છે. અને તે દ્રવ્ય (કે જેની આ રજ છે) પણ કાર્ય જ છે. કારણ કે 'જે મહદ્ દ્રવ્ય ઉત્પન્ન કરે, તે કાર્ય હોય' એવો નિયમ છે. તેથી આ રીતે દ્વયણુક નામનું દ્રવ્ય (વિદ્યમાન છે એમ) સિદ્ધ થયું. અને તે પણ સ્વલ્પપરિમાણવાળા સમવાયિકારણમાંથી ઉત્પન્ન થયું છે; કારણ કે તે ઘટની જેમ કાર્ય દ્રવ્ય છે. વળી જે દ્વયણુકને ઉત્પન્ન કરે છે (=આરંભક) તે જ પરમાણુ છે. અને તે (પરમાણુ) તો અનારબ્ધ (તેનાથી = પરમાણુથી નાના કોઈ દ્રવ્યથી ઉત્પન્ન નહીં થએલું) જ છે.

શંકા :- જે કાર્યદ્રવ્યનું આરંભક (પણ કોઈ) કાર્યદ્રવ્ય હોય, એવો નિયમ (અવ્યભિચાર) હોય, તો તે (પરમાણુ)ને અનારબ્ધ કેમ માની શકાય ?

સમાધાન :- (ઉત્તર) કહેવામાં આવે છે કે -(જે પરમાણુનું આરંભક એવું કાર્યદ્રવ્ય સ્વીકારીએ તો) અનંતકાર્યપરંપરાના દોષનો પ્રસંગ આવશે; તેથી (તમારી શંકા સ્વીકારી શકાય તેમ નથી.) તેમ કરવામાં આવે, તો અનન્ત કાર્યદ્રવ્યથી ઉત્પન્ન થએલ સમાનતાથી (અવિશેષેણ) મેરૂ પર્વત અને સરસવના દાણાનું પરિમાણ સરખું થવાનો પ્રસંગ ઊભો થશે. તેથી પરમાણુ અનારબ્ધ જ છે.

द्वयणुकं तु द्वाभ्यामेव परमाणुभ्यामारभ्यत एकस्यानारम्भकत्वात्,

त्र्यादिकल्पनायां प्रमाणाभावात् । त्र्यणुकं तु त्रिभिरेव द्व्यणुकैराभ्यत एकस्यानारम्भकत्वात् । द्वाभ्यामारम्भे कार्यगुणमहत्त्वानुपपत्तिप्रसङ्गात् । कार्ये हि महत्त्वं कारणमहत्त्वाद्वा कारणबहुत्वाद्वा । तत्र प्रथमस्यासंभवाच्चरममेषितव्यम् । न च चतुरादिकल्पनायां प्रमाणमस्ति त्रिभिरेव महत्त्वारम्भोपपत्तेरिति ।

દ્વયાણુક તો બે પરમાણુઓથી જ બને છે; કારણ કે એક (પરમાણુ) આરંભક બની શકે નહીં; અને ત્રણ (ચાર) વગેરેની કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી. વળી ત્ર્યાણુક પણ ત્રણ દ્વયાણુકોથી જ બને છે. કારણ કે એક દ્વયાણુક આરંભક બની શકે નહીં અને બે દ્વયણુકથી બને છે, એમ માનીએ તો કાર્ય (ત્ર્યાણુક)ના ગુણમાં મહત્ત્વ (= મહત્ પરિમાણ)ની ઉત્પત્તિ નહીં થાય; કારણ કે કાર્યમાં મહત્ત્વ (=મહત્ પરિમાણ = સ્થૂલતા) કારણમહત્ત્વથી- જેમાં મહત્ પરિમાણ રહ્યું હોય તેવા કારણથી અથવા તો કારણ બહુત્વથી (સમવાયિ) કારણની સંખ્યા બે કરતા વધારે હોય, તેનાથી આવે છે. તેમાં દ્વયાણુક અણુપરિમાણવાળા હોવાથી પ્રથમ (કારણમહત્ત્વ)નો (અહીં) સંભવ નથી. તેથી અંતિમ (કારણબહુત્વ) સ્વીકારવું જોઈએ, તેમજ ચાર વગેરે (દ્વયાણુકો)ની કલ્પનામાં કોઈ પ્રમાણ નથી; કારણ કે (ત્રણ) (દ્વયાણુકો)થી જ મહત્ત્વ (મહત્પરિમાણ)ની ઉપપત્તિ થઈ જાય છે.

(૬૧) (आकाशनिरूपणम्)

शब्दगुणमाकाशम् । शब्दसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागवत् । एकं विभु नित्यं च । शब्दलिङ्गकं च ।

शब्दलिङ्गकत्वमस्य कथम् ?

परिशेषात् । प्रसक्तप्रतिषेधेऽन्यत्राप्रसङ्गात् परिशिष्यमाणे संप्रत्ययः परिशेषः । तथा हि शब्दस्तावद् विशेषगुणः, सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्यैकेन्द्रियग्राह्यत्वाद् रूपादिवत्, गुणस्य गुण्याश्रित एव न चास्य पृथिव्यादिचतुष्टयमात्मा च गुणी भवितुमर्हति श्रोत्रग्राह्यत्वाच्छब्दस्य । ये हि पृथिव्यादीनां गुणा न ते श्रोत्रेन्द्रियेण गृह्यन्ते यथा रूपादयः शब्दस्तु

श्रोत्रेण गृह्यते । न दिक्कालमनसां गुणः विशेषगुणत्वात् । अत एभ्योऽष्टभ्योऽतिरिक्तः शब्द-गुणी एषितव्यः । स एवाकाश इति ।

शब्दलिङ्गेति शब्दस्य विशेषगुणत्वे सति त्वगिन्द्रिय [1](बाह्येकेन्द्रिय) वेद्यत्वाद् रूपादिवदवयवित्वेऽसिद्धे पारिशेष्यादाकाशलिङ्गत्वमित्याह । (पारि-शेष्यादिति[2]) **परिशेषादिति** "प्रसक्तप्रतिषेधेऽन्यत्राप्रसङ्गात् शिष्यमाणे सम्प्रत्ययः परिशेषः" । इति (शब्द इति) ।

શબ્દલિંગથી આકાશ અનુમેય છે. શબ્દવિશેષગુણ હોતે છતે માત્ર (બાહ્ય) એક ઈંદ્રિયથી વેદ્ય હોવાથી રૂપાદિની જેમ. શબ્દ પણ અવયવી તરીકે અસિદ્ધ થતા પરિશેષ અનુમાનથી આકાશના લિંગ તરીકે સિદ્ધ થાય છે. એટલે રૂપાદિ વિશેષગુણ છે, પણ અવયવી નથી. તેથી કોઈ દ્રવ્યના લિંગ બને છે. તેમ શબ્દ પણ અંતે જતા આકાશના લિંગ તરીકે પુરવાર થાય છે. જો અવયવી તરીકે સિદ્ધ થઈ જાય તો આકાશનું લિંગ બનવું શકય નથી. ઘડો એ પૃથ્વી છે. એની ઓળખાણ એમાં રહેલી ગંધથી થાય છે. અથવા આ ઘડો છે એમાં ઘટત્વ હોવાથી પણ એમ કયાંય નથી કહેવાતું કે "આ પૃથ્વી છે ઘડો હોવાથી" એટલે અવયવી લિંગ નથી બનતું.

હવે પરિશેષથી આકાશલિંગ તરીકે કેવી રીતે સિદ્ધ થાય તે દર્શાવે છે. કોઈનો જ્યાં હોવાનો સંભવ હોય ત્યાં તેનો નિષેધ થાય/ અને અન્યત્ર તેનો સમાવેશ શકય ન હોય ત્યાં જે બાકી રહેલ હોય તેમાં તેનો સ્વીકાર કરવો, તેનું નામ પરિશેષ (અનુમાન). જેમ કે શબ્દ વિશેષ ગુણ છે, કારણ કે તે જાતિયુક્ત હોઈ આપણી બાહ્ય એક ઈન્દ્રયથી રૂપ વગેરેની જેમ ગૃહીત થાય છે. શબ્દ પૃથ્વી વગેરે ચાર અને આત્માનો ગુણ નથી. કારણ કે તેમના ગુણો શ્રોત્રથી ગ્રાહ્ય નથી. આ પાંચમાં વિશેષ ગુણનો સંભવ છે. પણ તેમના ગુણો શ્રોત્ર ગ્રાહ્ય ન હોવાથી શબ્દનો નિષેધ થયો. અને દિશા, કાળ, મનમાં કોઈ વિશેષગુણ જ નથી. દિશા વિ. વિશેષ ગુણ વગરનાં હોવાથી શબ્દનો તેમાં સમાવેશ અશકય છે. માટે આઠથી ભિન્ન શબ્દગુણ માટે ગુણી તરીકે આકાશદ્રવ્ય માનવું જોઈએ.

ग्राह्यत्वादित्युक्तेऽनुमानग्राह्ये परमाण्वादौ व्यभिचारस्तन्निरासाय इन्द्रि-

१. रूपादिपददर्शनात् अत्र(बाह्येकेन्द्रिय) तथा असिद्धे इति पदं युक्तं । २. परिशेषस्य भाव इत्येर्थं ट्यण् "वर्णदृढादि० ७।१।८९। अनेन आकृतिगणेन ट्यण् ॥

येति । तथापि आन्तरेन्द्रियग्राह्ये आत्मनि व्यभिचारस्तन्निरासाय **बाह्येति** । तथापि योगिबाह्येन्द्रियग्राह्ये परमाण्वादौ व्यभिचारस्तन्निरासाय- **अस्मदादीति** । तथापि घटादौ व्यभिचारस्तन्निरासाय **एकेति** । तथापि रूपत्वादौ व्यभिचार-स्तन्निरासाय **सामान्यवत्त्वे सतीति** । तथापि दीपप्रभायां व्यभिचारस्तन्निरासाय तद्व्यतिरिक्तत्वे सतीति वाच्यम् ।

અહીં વિશેષ ગુણ સાધક અનુમાનમાં માત્ર ગ્રાહ્યત્વાત્ હેતુ મૂકીએ, તો અનુમાન ગ્રાહ્ય પરમાણુ વિ.માં વ્યભિચાર આવે. તેના નિરાસ માટે ઈન્દ્રિય મૂકીએ, છતાં પણ અભ્યંતર ઈન્દ્રિયથી ગ્રાહ્ય આત્મામાં વ્યભિચાર આવે. તેના નિરાસ માટે **બાહ્ય** મૂકયું, તો પણ યોગીની બાહ્ય ઈંદ્રિયથી ગ્રાહ્ય પરમાણુ વગેરેમાં વ્યભિચાર આવે તેના નિરાસ માટે **અસ્માદાદિ** પદ મૂકયું. તથાપિ ઘટાદિમાં વ્યભિચાર આવે. તેના નિરાસ માટે એક પદ મૂકયું. ઘટાદિ આંખ, સ્પર્શ બે ઈન્દ્રિયથી જાણી શકાય છે. પણ રૂપત્વ વિગેરે તો માત્ર એક ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે, "જે ગુણ જે ઈન્દ્રિયથી ગ્રહણ યોગ્ય હોય તદ્ગત જાતિ, અભાવ તે જ ઈન્દ્રિયથી ગ્રાહ્ય બને છે." એવો નિયમ હોવાથી, તેના નિરાસ માટે 'સામાન્યવત્ત્વે સતિ' પદ મૂકયું. જાતિમાં જાતિ ન રહેતી હોવાથી રૂપત્વમાં વ્યભિચાર નહિં આવે. છતાં પણ દીપની પ્રભામાં વ્યભિચાર આવે. તે સામાન્યવાળી પણ છે અને માત્ર આંખથી ગ્રાહ્ય છે તેના નિરાસ માટે 'તદ્વ્યતિરિક્તત્વે સતિ' એ પદ વધારે મૂકવું.

(विशेषगुण निरूपण)

विशेषेति ननु किमिदं विशेषगुणत्वं ? द्रव्यस्वाश्रयव्यवच्छेदकत्वं (१) द्रव्यस्यैवद्रव्यान्तराद् व्यावर्त्तकत्वं (२) त्वचा प्रतिनियतग्राह्यत्वं (३) गुणत्वे सति प्रतिनियतेन्द्रियग्राह्यत्वं (४) द्रव्यान्तरलक्षणवतस्तद्रहितसकलव्यावर्त्तकत्वं (५) नाद्यः स्वाश्रयस्य गुणादिभ्यो व्यावर्त्तकद्रव्यत्वादावतिव्याप्तिः (१) नेतरो मूर्त्तद्रव्यस्यामूर्त्तद्रव्याद्व्यावर्तके कर्मादावतिव्याप्तिः (२) न तृतीय प्रभा(वा-य्वा)दावतिव्याप्तिः (३) न चतुर्थो द्वीन्द्रियग्राह्ययोर्द्रवस्नेहयोरतीन्द्रियासु धर्माधर्मभावनासु चाव्याप्तिः प्रभाकुम्भसंयोगादावतिव्याप्तेश्च (४) नापि पञ्चमः पृथ्वीत्वादावतिव्याप्तेः ।

गुणत्वेसतीति विशेषणे जीवात्मनो व्यावर्त्तके दुःखद्वेषादावतिव्याप्ति-स्तस्माद्विशेषगुणत्वं; (विशेषगुणत्वं) नाम गुणत्वव्याप्यजातिमत्तया नियतैकद्र-व्यव्यवच्छेदकत्वं । नवानां लक्षणानां मध्ये लक्षणद्वयसमानाधिकरणत्वरहित-गुणत्वावान्तरजातिमत्त्वं च ।

વિશેષગુણ એટલે શું ? (૧) સ્વઆશ્રયને જુદુ પાડનાર, (૨) દ્રવ્યને અન્યદ્રવ્યથી જુદુ પાડનાર, (૩) સ્પર્શથી પ્રતિનિયત ગ્રાહ્ય હોવું, (૪) ગુણ રૂપે હોવા સાથે પ્રતિનિયત ઈન્દ્રિયથી ગ્રહણ કરી શકાય તે, (૫) દ્રવ્યાન્તર લક્ષણવાળાથી તેનાથી રહિત બધાનું વ્યાવર્તક હોવું. તેમાં પહેલો પક્ષ બરાબર નથી સ્વઆશ્રયનો ગુણાદિથી વ્યાવર્તક દ્રવ્યત્વ સ્વાશ્રય: દ્રવ્યને ગુણાદિથી જુદુ પાડે જ છે. તેથી દ્રવ્યત્વ વગેરેમાં અતિવ્યાપ્તિ થાય- બીજો પક્ષ પણ યુક્ત નથી મૂર્ત્ત દ્રવ્યમાં કર્મ રહે છે, અમૂર્ત્તમાં નહિં, એટલે મૂર્ત્ત દ્રવ્યને અમૂર્ત્તદ્રવ્યથી જુદુ પાડનાર કર્મ વગેરેમાં અતિવ્યાપ્તિ આવે. ત્રીજો પક્ષ પણ બરાબર નથી. પ્રભામાં અતિવ્યાપ્તિ આવે, (પ્રભાના ઠેકાણે વાયુ પદ મૂકીએ તો પવન માત્રસ્પર્શેન્દ્રિથી ગ્રાહ્ય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ સંભવે.)

ચોથો પક્ષ પણ યુક્ત નથી. બે ઈન્દ્રિયથી - નેત્ર અને સ્પર્શથી ગ્રાહ્ય દ્રવત્વ અને સ્નેહમાં અને અતીન્દ્રિય ધર્મ, અધર્મ અને ભાવનામાં અવ્યાપ્તિ થાય. પ્રતિનિયત ઈન્દ્રિયથી ગ્રાહ્ય ન બનવાથી, અને પ્રભા ઘટના સંયોગ વગેરેમાં અતિવ્યાપ્તિ થાય કારણ કે તે માત્ર આંખથી જ ગ્રાહ્ય છે અને ગુણ પણ છે. પાંચમો પક્ષ પણ યુક્ત નથી. પૃથ્વી વિ.માં અતિવ્યાપ્તિ આવતી હોવાથી, કારણ કે પૃથ્વીત્વ (ધર્મ) પાણીથી અન્યદ્રવ્યના લક્ષણભૂત એવા પૃથ્વીત્વ લક્ષણવાળી પૃથ્વીથી તેનાથી રહિત બધાનો (પૃથ્વી સિવાય દ્રવ્ય, ગુણ વગેરે સર્વનો) વ્યાવર્તક છે. એમ પૃથ્વીથી અન્ય દ્રવ્યના લક્ષણભૂત અપ્ત્વ વિગેરે પણ લઈને અતિવ્યાપ્તિ આપી શકાય છે. જો તેનાં નિરાસ માટે "ગુણત્વે સતિ" એ વિશેષણ મૂકીએ તો પૃથ્વીત્વ વિ. ગુણ નથી. માટે તેમાં અતિવ્યાપ્તિ ન થાય. પણ દુઃખ દ્વેષવાળા જીવને તેનાથી = દુઃખ દ્વેષથી રહિત તમામ પદાર્થને જુદા પાડનાર દુઃખદ્વેષમાં અતિવ્યાપ્તિ આવે. અથવા જીવ અને આત્માના વ્યાવર્તક દુઃખદ્વેષાદિમાં[૧]

૧. ગ્રંથકારે દુઃખદ્વેષને વિશેષણગુણ તરીકે માન્યા નથી લાગતા.

અતિવ્યાપ્તિ આવે. કારણ કે જીવમાં દુઃખ દ્વેષ રહેલ છે. પણ પરમાત્મામાં નથી તેથી દુઃખ દ્વેષ જીવને (પરમ) આત્માથી જુદો પાડે છે. માટે વિશેષગુણ પદ છે. વિશેષગુણત્વ એવું વિશેષણ મૂકતા તો આત્માશ્રય દોષઆવે માટે તમારો એકપણ પક્ષયુક્ત નથી.

એટલે "ગુણત્વ વ્યાપ્ય જાતિવાળું હોઈ નિયત એક દ્રવ્યનો વ્યવચ્છેદક (નિયત એક દ્રવ્યને અન્યથી જુદુ પાડનાર) નવ લક્ષણો (દ્રવ્યો)માંથી બે લક્ષણ (દ્રવ્યનું) જેમાં સમાનાધિકરણ ન હોય, એવી ગુણત્વની અવાન્તર જાતિવાળું હોવું, તે વિશેષ ગુણ છે.

द्रव्यविभाजकोपाधिद्वयसमानाधिकरणावृत्ति द्रव्यकर्माऽवृत्ति जातिमत्त्वं विशेषगुणत्वम् (इति पृ. ३७६) किरणावली मुक्ता.)

શુક્લરૂપ જલ તેજ બંનેમાં રહે છે. પણ જલવૃત્તિ અભાસ્વર શુકલ તે તેજમાં નથી અને તેજ વૃત્તિ ભાસ્વર શુક્લ જલમાં નથી, એટલે તે રૂપ જલત્વ તેજસ્ત્વ ઉભયનું સમાનાધિકરણ ન બન્યું. પણ તેવા = દ્રવ્યવિભાજક બે ઉપાધિના સમાનાધિકરણ તો દ્વિત્વ સંયોગ વિ. ગુણો આવશે, તેમાં અવૃત્તિ તેમજ દ્રવ્ય.કર્મમાં અવૃત્તિ જાતિ રૂપત્વ વિ. આવશે. તદ્વાન રૂપ વિ. વિશેષગુણ.

શંકા - મધુર રસ, અભાસ્વર શુકલ રૂપ, અનુષ્ણાશીત સ્પર્શ વગેરે વિશેષ ગુણો કહેવાય છે. પણ અનુષ્ણાશીત સ્પર્શ પૃથ્વી અને પાણીમાં, પૃથ્વી અને વાયુમાં રહેતા હોવાથી બે દ્રવ્ય વિભાજક ઉપાધિના મધુરરસ, અભાસ્વરશુકલરૂપ સમાનાધિકરણ બની જવાથી તેમાં આ લક્ષણ અવ્યાપ્ત બનશે ને ?

સમા. - પૃથ્વી પરમાણુમાં પાકજ રૂપ રસાદિ હોય છે. એટલે તંતુમાં કે ઘાસમાં જે રૂપ રસ જોવા મળે છે. તે બધુ મૂળમાં તો ઉત્પત્તિ કાળે વિજાતીય તેજ સંયોગથી જ જન્ય છે. એથી જ તર્કભાષા હિન્દી વિવરણકાર **ડાં. ગજાનન** શાસ્ત્રીએ પણ પૃથ્વીના રૂપાદિને પાકજ જણાવી અનિત્ય કહ્યા છે. મૂળકારે પણ "પૃથ્વી માત્રે ह्यनित्यः" જણાવી નિત્ય સ્પર્શાદિનો પૃથ્વીમાં નિષેધ કર્યો છે. એટલે પૃથ્વીમાં રૂપરસાદિ પાકજ હોય છે. પાણી વાયુ વિ.માં અપાકજ એમ બે ઉપાધિનું સમાનાધિકરણ નીકળી જાય છે.

स चैको भेदे प्रमाणाभावादेकत्वेनैवोपपत्तेः । एकत्वाच्चाकाशत्वं नाम

सामान्यमाकाशे न विद्यते सामान्यस्यानेकवृत्तित्वात् । विभु चाकाशम् । परममहत्परिमाणमित्यर्थः । सर्वत्र तत्कार्योपलब्धेः । अत एव विभुत्वान्नित्यमिति ।

एकत्वेनेति ननु तीव्रशब्दः तीव्रतरः तीव्रतमः इति भेद एव नभोभेदे प्रमाणमित्याशङ्क्य तीव्राद्यभिघातान्वयव्यतिरेक्यनुविधायिनः शब्दभेदस्य नभोभेदसाधकत्वासम्भवादेकत्वमुपपद्यते इति । आकाशस्यैकत्वेनैव शब्दरूपलिङ्गोपपत्तेर्नाकाशत्वव्याप्यं नानात्वमित्याह । **एकत्वेनेति** नत्वाकाशत्वं जातिरेव लक्षणमस्त्वऽत आह **एकत्वादिति** विभुत्वं सकलमूर्त्तद्रव्यसंयोगित्वं तदनुमेयं महत्त्वं तदेव वा परममहत्त्वमित्यभिप्रेत्याह **विभ्वित्यादिना** ।

"स चैको भेदे प्रमाणाभावादेकत्वेनैवोपपत्तेः" અને તે (આકાશ) એક જ છે. કારણ કે તે એક કરતાં વધારે છે, એમાં કોઈ પ્રમાણ નથી. અને તે એકત્વ તરીકે ઉપપન્ન થાય છે- બંધ બેસે છે. યોગ્ય લાગે છે.

शंकाकार :- તીવ્ર શબ્દ, વધારે તીવ્ર શબ્દ, સૌથી વધારે તીવ્ર શબ્દ છે. ઈત્યાદિ ભેદ જ આકાશના ભેદમાં પ્રમાણ બની શકે છે.

समाधान :- શબ્દની તીવ્રતા વગેરેમાં અભિઘાતનો અન્વય વ્યતિરેક દેખાતો હોવાથી જેટલા જોરથી તાલુ ઓષ્ઠની સાથે અભિઘાત કરીએ તેટલો જોરથી શબ્દ નીકળે. એટલે કે શબ્દનો ભેદ આકાશનો ભેદ પાડવા માટે સાધન બની શકતું નથી. શબ્દની ભિન્નતામાં આકાશને ભિન્ન ભિન્ન માનીએ તો એક જ ક્ષેત્રમાં ભિન્નતા આવી શકશે નહિં. પણ સમાનક્ષેત્રમાં શબ્દની ભિન્નતા દેખાય તો છે. હવે તે ભિન્નતા સિદ્ધ કરવા અન્ય કારણ માનવા જતાં કોઈને શંકા ઊભી થશે કે શબ્દ આકાશથી ઉપન્યો કે નવા માનેલા કારણથી ? વળી ભિન્ન ક્ષેત્રમાં સમાન શબ્દની ઉપલબ્ધિ થાય છે. તો ત્યાં પણ કોઈ સમાન કારણ માનવું આવશ્યક બને છે. તો પછી શબ્દ તે આવશ્યક કલ્પ્ય કારણનો પરિચાયક બન્યો કે આકાશનો ? એનો નિર્ણય કોણ કરી આપશે ? આમ આકાશને ભિન્ન માનતા શબ્દ નિયત પદાર્થનો ધર્મ ન બનવાથી તે આકાશનું લિંગ ન બની શકે.

આકાશને એક રૂપે માનવાથી જ શબ્દરૂપલિંગ ઘટી શકે છે.

શંકાકાર :- આકાશત્વ વ્યાપ્ય અનેકતા આવી શકે છે. ઘટાકાશ, પટાકાશ ઈત્યાદિ દેખાય જ છે.

સમાધાન :- સર્વત્ર આકાશ સમાન રૂપે હોવાથી એકત્વથી કામ ચાલી શકે છે, માટે ભિન્ન ભિન્ન આકાશ ન મનાય. અને એક હોવાથી આકાશત્વ જાતિ નથી. પણ લક્ષણ રૂપે મનાય. એથી જ તો કહે છે કે - 'એકત્વાત્' ''આકાશત્વં નામ સામાન્યમાકાશે ન વિદ્યતે'' સામાન્યસ્યાનેકવૃત્તિત્વાત્. આકાશ વિભુ છે. કારણ કે તેનું કાર્ય સર્વત્ર પ્રાપ્ત થાય છે. (જગત્માં સર્વ ઠેકાણે વસ્તુ-જીવ રહેલ છે અને શબ્દ પણ સર્વઠેકાણે પેદા થાય છે. માટે જ્યાં તેનાં આધારરૂપે કે કારણ તરીકે આકાશની હયાતી જરૂરી છે. આજ અભિપ્રાયથી ગ્રંથકારે 'विभुचाकाशम्' ઈત્યાદિ કહ્યું છે.

(૬૨) (कालनिरूपणम्)

कालोऽपि दिग्विपरीतपरत्वापरत्वानुमेयः । संख्यापरिमाणपृथक्त्व-संयोगविभागवान् । एको नित्यो विभुश्च ।

कथमस्य दिग्विपरीतपरत्वापरत्वानुमेयत्वम् ?

उच्यते । संनिहिते वृद्धे संनिधानादपरत्वार्हे तद्विपरीतं परत्वं प्रतीयते । व्यवहिते यूनि व्यवधानात् परत्वार्हे तद्विपरीतमपरत्वम् । तदिदं तत्तद्विपरीतं परत्वमपरत्वं च कार्यं, तत्कारणस्य दिगादेरसंभवात् कालमेव कारणमनुमापयति ।

स चैकोऽपि वर्तमानातीतभविष्यत्क्रियोपाधिवशाद् वर्तमानादिव्यपदेशं लभते, पुरुष इव पच्यादिक्रियोपाधिवशात् पाचकपाठकादिव्यपदेशम्। नित्यत्वविभुत्वे चास्य पूर्ववत् ।

काल इति दिक्कृतपरत्वापरत्वभिन्नपरत्वापरत्वानुमेयं इति लक्षणद्वयमित्यर्थः ।

(૬૩) (दिङ्निरूपणम्)

कालविपरीतपरत्वापरत्वानुमेया दिगेका, नित्या विभ्वी च । संख्या-

परिमाणपृथक्त्वसंयोगविभागगुणवती। पूर्वादिप्रत्ययैरनुमेया। तेषामन्यनिमित्तासंभवात्। पूर्वस्मिन् पश्चिमे वा देशे स्थितस्य वस्तुनस्तादवस्थ्यात् सा चैकापि सवितुस्तत्तद्देशसंयोगोपाधिवशात् प्राच्यादिसंज्ञां लभते।

वस्तुतस्तु दिक्कृतपरत्वापरत्वयोर्भिन्ना जातिः कालकृतपरत्वापरत्वयोर्भिन्ना जातिरिति तत्तज्जातिपुरस्कारेणैव परत्वापरत्वादे र्लक्षणत्वमिति **पूर्वादीति** परत्वापरत्वाविशेषानुमेयत्वमस्याः।

प्रश्न :- आ (काळ) दिशा(थी उत्पन्न थतां परत्व अपरत्व)थी विपरीत परत्व-अपरत्वथी केवी रीते अनुमेय छे ?

उत्तर :- कहेवामां आवे छे के वृद्ध पुरुष (दिशानी दृष्टिए) समीप होय अने तेनी साथे अपरत्व (समीपता)नो व्यवहार करी शकाय, तेम होवा छतां पण ते (अपरत्व) तेनाथी विपरीत (कालनी दृष्टिए) परत्वनी प्रतीति थाय छे. तेमज युवान पुरुष दूर होय (व्यवहित) अने (दिशानी दृष्टिए रहेला) दूरत्वने लीधे तेनी बाबतमां परत्व (दूरता)नो व्यवहार करी शकातो होय, तो पण (कालनी दृष्टिए) तेनाथी विपरीत एवां अपरत्व (=समीपता नाना होवा पणां)नी ज प्रतीति थाय छे. तेथी दिशाने लीधे थतां परत्वापरत्वथी विपरीत एवा परत्व-अपरत्व ए कार्य छे. तेओ कालने ज (तेनां कारण) तरीके अनुमित करावे छे.

दिशाथी उत्पन्न थनार परत्वापरत्व भिन्न परत्वापरत्वथी कालनुं अनुमान थाय छे. एम लक्षण थाय छे.

हकीकतमां दिक्कृत परत्वापरत्वनी भिन्न जाति छे. अने कालकृत परत्वापरत्वनी भिन्न जाति छे. एटले ते ते जातिना आधारे परत्वापरत्वकाळ/दिशाना लक्षण बने छे. कालकृत अने दिक्कृत परत्व-अपरत्व ए जुदी जुदी ज जातिओ छे, तेथी कुल चार अलग अलग जातिओ मानी. तत्तत् जाति नो अर्थ.

'' इयं गौः सास्नादिमत्त्वात्'' मां जेम लक्ष्य साध्य छे, लक्षण ए हेतु छे. तेम बधे लक्षण ए लक्ष्यने जणावतो हेतु होय छे. अहीं काल अने दिशाने पण परत्वापरत्वथी अनुमेय कह्या छे, तेथी परत्वापरत्व ए लक्षण थया. पण

दैशिक परत्वापरत्व એ દિશાને જ જણાવે અને કાલિક પરત્વાપરત્વ એ કાળને જ જણાવે. કારણ કે તે ચાર જાતિઓ જુદી જુદી છે. એવો અર્થ તત્તજ્જાતિ નો છે.

तत्तत्जाति पुरस्कारेणैव	परत्वापरत्वादेः	लक्षणत्वं
दैशिक परत्वापरत्व पुरस्कारेण	परत्वापरत्वादेः	देशलक्षणत्वम्
कालिक परत्वापरत्वपुरस्कारेण	परत्वापरत्वादेः	काललक्षणत्वं

દૈશિક પરત્વાપરત્વ જાતિને લઈને પરત્વાપરત્વ એ દેશનું અને કાલિક પરત્વાપરત્વ જાતિને લઈને પરત્વાપરત્વ એ કાળનું લક્ષણ બને.

પૂર્વ વગેરે જ્ઞાનથી પણ દિશા અનુમેય છે, કારણ કે વસ્તુ પૂર્વ કે પશ્ચિમ ભાગમાં રહી હોય તો પણ તે જ સ્થિતિમાં રહે છે, તે (દિશા એક જ) હોવા છતાં પણ તે સ્થાન સાથે સંયોગની ઉપાધિને લીધે પૂર્વ વગેરે સંજ્ઞા ધારણ કરે છે. એટલે પરત્વાપરત્વ વિશેષથી દિશા અનુમેય છે.

(६४) (आत्मनिरूपणम्)

आत्मत्वाभिसंबन्धवानात्मा । सुखदुःखादिवैचित्र्यात् प्रतिशरीरं भिन्नः । स चोक्त एव । तस्य सामान्यगुणाः संख्यादयः पञ्च, बुद्ध्यादयो नव विशेषगुणाः । नित्यत्वविभुत्वे पूर्ववत् ।

આત્મત્વ જાતિવાળો આત્મા છે, સુખદુઃખ વગેરેની વિચિત્રતાના આધારે દરેક શરીરમાં ભિન્ન છે, એવું નક્કી થાય છે. આત્માને લગતી વાતોનું પહેલા કથન થઈ ગયું છે. માટે અત્યારે કરતા નથી.

(मनोनिरूपणम्)

मनस्त्वाभिसंबन्धवान्मनः ।

अण्वात्मसंयोग्यन्तरिन्द्रियम् । सुखाद्युपलब्धिकरणं नित्यं च । संख्याद्यष्टगुणवत् । तत्संयोगेन बाह्येन्द्रियमर्थग्राहकम् । अत एव सर्वोपलब्धिसाधनम् ।

मन इति 'इन्द्रियं मन' इत्युक्ते चक्षुरादीन्द्रियेऽतिव्याप्तिस्तन्निरासाय (अन्तरिति) **आन्तरेति** तावत्युक्ते सुखादावतिव्याप्तिस्तन्निरासाय इन्द्रियेति

सुखादीति, एतावता मनसि प्रमाणं सूचितम् ।

ननु सर्वस्य ज्ञानस्यात्ममनःसंयोगजन्यत्वात् सर्वज्ञानसाधनं मन इति कथं **सुखादीति** ?

उच्यते **संयोगेनेति** बहिरस्वतन्त्रं मन इति न्यायेन मनसः स्वातन्त्र्येण रूपादिज्ञानसाधनत्वं नास्ति व्यासङ्गदशायां विषयान्तरोपलम्भासम्भवान्मनः संयुक्तानीन्द्रियाणि ज्ञानजनकानि तस्मात्सर्वोपलब्धिसाधनं मनसो युक्तम् ।

ઈન્દ્રિય તે મન એટલું જ કહીએ તો ચક્ષુ વિ.માં અતિવ્યાપ્તિ થાય. તેના નિરાસ માટે આન્તરપદ મૂકયું. એકલા આંતરપદથી સુખાદિમાં અતિવ્યાપ્તિ આવે. કારણ કે સુખાદિ આંતરિક છે. તેના નિરાસ માટે ઈન્દ્રિય પદ મૂકયું છે. આટલા વર્ણનથી મનની સિદ્ધિમાં પ્રમાણ છે, એવું સૂચિત કરવામાં આવ્યું.

શંકાકાર :- સર્વ જ્ઞાન આત્મમનના સંયોગથી ઉત્પન્ન થયું હોવાથી મનને સર્વજ્ઞાનનું સાધન કહેવું જોઈએ. તેને બદલે સુખાદિ ઉપલબ્ધિનું સાધન કેમ કહ્યું ?

સમાધાન : મનના સંયોગથી બાહ્યેન્દ્રિય (પોતાનાં) અર્થને ગ્રહણ કરે છે.

આ ન્યાયથી મન રૂપાદિના જ્ઞાનનું સ્વતંત્ર સાધન નથી. એટલે જ તો મન ઠેકાણે ન હોય, અન્ય વિચાર ના ચગડોળે ચડેલું હોય ત્યારે અન્ય વિષયનો ઉપલંભ થતો ન હોવાથી મનથી જોડાયેલી ઈન્દ્રિય જ્ઞાનને ઉત્પન્ન કરે છે. તેથી કરીને મન સર્વ ઉપલબ્ધિના સાધન કરીકે યુક્ત છે. સુખાદિની ઉપલબ્ધિમાં મન સ્વતંત્ર કારણ છે, માટે અહીં સુખાદિ ઉપલબ્ધિના કારણ તરીકે મનમંત્રીને બિરૂદવામાં આવ્યું છે.

तच्च न प्रत्यक्षमपि त्वनुमानगम्यम् । तथाहि सुखाद्युपलब्धयश्चक्षुराद्यतिरिक्तकरणसाध्या, असत्स्वपि चुक्षारादिषु जायमानत्वात् । यद्वस्तु यद्विनैवोत्पद्यते तत्तदतिरिक्तकरणसाध्यम् । यथा कुठारं विनोत्पद्यमाना पचनक्रिया तदतिरिक्तवह्न्यादिकरणसाध्या । यच्च करणं तन्मनः । तच्च चक्षुराद्यतिरिक्तम् । इति द्रव्याण्युक्तानि ।

(इति द्रव्यनिरूपणम्)

मनसो विभुत्वं प्राग्निरस्तं, मध्यमपरिमाणत्वे सावयत्वेनानित्य(त्व) प्र-

सङ्गोः । न चानित्यत्वं युक्तं स्पर्शरहितद्रव्यत्वेनाकाशादिवदनित्यत्वसावयवत्वयोरसम्भवात् ।

મનના વિભુત્વ નો પહેલાં નિરાસ કરી લીધો છે. મધ્યમ પરિમાણ માનીએ તો અનિત્ય માનવાનો પ્રસંગ આવે.

शंकाकार :- અનિત્ય માની લો એમાં શું વાંધો ?

समाधान :- સ્પર્શ વગરનું દ્રવ્ય હોવાના લીધે આકાશાદિની જેમ અનિત્યત્વ અને સાવયવત્વનો સંભવ નથી.

મન પ્રત્યક્ષ નથી પણ અનુમાન ગમ્ય છે.

સુખાદિની ઉપલબ્ધિ, ચક્ષુ વગેરેથી અતિરિક્ત કરણથી સાધ્ય છે. કારણ કે ચક્ષુ વગેરે ન હોય તો પણ તે સાધ્ય છે- સુખાદિનું સંવેદન થાય છે. એમ સુખાદિ ઉપલબ્ધિના કરણ તરીકે મનની સિદ્ધિ થાય છે. **वैशेषिको** માને છે કે સુષુપ્તિ દરમ્યાન મન પુરિતત નાડીમાં પ્રવેશે છે. ત્યાં તેનો આત્મા સાથે સંયોગ થતો નથી. (પરંતુ આ માન્યતા બરાબર નથી. આત્મા વિભુ હોવાથી પુરિતતનાડીમાં મન સાથે સંયોગ કેમ ન હોય ? ખરેખર તો યુગપદ્જ્ઞાનાનુત્પત્તિને લીધે જ મન અણુ છે, તેમ પણ સમજી શકાય છે.) (હકીકતમાં નિદ્રા દર્શનાવરણીય કર્મના ઉદયથી સામાન્યબોધની શક્તિપણ અવરાઈ જવાથી ઉંઘમાં કશું પણ જ્ઞાન થતુ નથી. ઇતિ જૈનાઃ)

(આ રીતે દ્રવ્યોનું વર્ણન સમાપ્ત થયું)

(६६) (गुणाः ।)

अथ गुणा उच्यन्ते सामान्यवानसमवायिकारणमस्पन्दात्मा गुणः । स च द्रव्याश्रित एव । रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्वगुरुत्वद्रवत्वस्नेहशब्दबुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्कारभेदाच्चतुर्विंशतिधा ।

यस्मिन् द्रव्ये यावन्तः सामान्यगुणा विशेषगुणाश्च सन्ति; तानाह वायोर्नवैकादश तैजसो गुणा, जलक्षितिप्राणभृतां चतुर्दश, दिक्कालयोःपञ्च षडेवचाम्बरे। महेश्वरेऽष्टौ, मनसस्तथैव च इति सामान्यगुणा, विशेषगुणा यथा स्पर्शर-

सरूपगन्धा भूमौ, सांसिद्धिकद्रवत्वयुताः स्नेहाङ्किता विगन्धाः पूर्वोक्ताः पाथसि ज्ञेयाः, (१) तेजसि रूपस्पर्शौ, वायौ स्पर्शो, ध्वनि र्नभसि, जीवे बुद्धिसुख-दुखप्रयत्नधीच्छा विशेषगुणाः । (२) एतत्लक्षणं च स्वाश्रयव्यवच्छेदौपयिका-वान्तरसामान्यविशेषवन्तो विशेषगुणा इति ।

द्रव्याण्युक्तानि गुणा उच्यन्ते सामान्यवानिति । असमवायिकारणत्वं समवायिकारणभिन्नत्वं अन्यथा घटरूपादावव्याप्तिः । सामान्यादावनतिप्रसक्तये सामान्यवान् इति, द्रव्येऽनतिप्रसक्तयेऽसमवायिकारणमिति कर्मण्यनतिप्र-सक्तयेऽस्पन्दात्मेति ।

હવે ગુણોનું નિરૂપણ કરવામાં આવે છે - જેમાં જેટલાં સામાન્ય ગુણો અને વિશેષ ગુણો હોય તે કહે છે. વાયુ માં ૯. તૈજસમાં ૧૧,પાણી પૃથ્વી, આત્મામાં ૧૪, દિશા કાલમાં ૬,આકાશમાં ૬, ઈશ્વરમાં ૮,મનમાં ૮ ગુણો છે. સામાન્યથી ગુણો કહ્યાં.

તેમાં વિશેષ ગુણો કયા કયા છે તે દર્શવે છે. સ્પર્શ, રસ, રૂપ, ગંધ એ પૃથ્વીમાં, સાંસિદ્ધિક દ્રવત્વ અને સ્નેહ સાથે તથા ગંધ વગરના પૂર્વનાં ગુણો પાણીમાં છે. તેજમાં રૂપ અને સ્પર્શ, વાયુમાં સ્પર્શ, આકાશમાં શબ્દ, જીવાત્મામાં બુદ્ધિ, સુખ, દુઃખ, દ્વેષ, પ્રયત્ન, ઈચ્છા નામના વિશેષ ગુણો હોય છે.

આનું (વિશેષ ગુણનું) આ લક્ષણ છે. - પોતાના આશ્રયને જુદો પાડવામાં ઉપયોગી, અવાન્તરસામાન્યવિશેષવાળો ગુણ તે વિશેષ ગુણ. દ્રવ્યો કહ્યાં ગુણો કહે છે. ગુણત્વએ અવાન્તર સામાન્ય તેમાં પણ વિશેષ રૂપત્વ, રસત્વ વગેરે કહેવાય, તેવી વિશેષ જાતિવાળા વિશેષ ગુણો છે.

જાતિયુક્ત, અસમવાયિકારણ અને અગતિશીલ હોય તે ગુણ કહેવાય. અસમવાયિકારણ એટલે સમવાયિ કારણથી ભિન્ન એવો અર્થ કરવાનો છે, નહિ તો ઘટના રૂપાદિમાં અવ્યાપ્તિ આવે, કારણ કે તે તો કોઈનું અસમવાયિ કારણ નથી બનતું. (ઘડામાં સમવાય સંબંધથી એવું કોઈ કાર્ય પેદા થતું નથી કે જેનું પોતે- ઘટરૂપ કારણ બનતું હોય) સામાન્ય પણ અગતિશીલ છે, તેથી સામાન્યાદિમાં અતિવ્યાપ્તિ ન થઈ જાય તે સારૂ સામાન્યવાન્ કહ્યું, દ્રવ્યમાં આકાશ

દિશા વગેરે સત્તા નામની જાતિવાળા છે અને નિષ્ક્રય છે, તેથી તેમાં અતિવ્યાપ્તિ ન થઈ જાય તે સારૂ અસમવાયિકારણ કહ્યું. આકાશાદિ શબ્દ સંખ્યા વગેરેના સમવાયિ કારણ હોવાથી સમવાયિકારણથી અળગ ન બનવાથી અતિવ્યાપ્તિ નહીં થાય અને કર્મ તો કોઈનું સમવાયિકારણ નથી અને જાતિવાળું પણ છે, માટે કર્મમાં અતિવ્યાપ્તિ ન થઈ જાય તે સારૂ અસ્પન્દાત્મા એમ કહ્યું. કોઈ પણ કર્મ હલન-ચલન વિનાનું હોતું નથી.

(૬૭) (રૂપમ્)

तत्र रूपं चक्षुर्मात्रग्राह्यो विशेषगुणः । पृथिव्यादित्रयवृत्तिः । तच्च शुक्लाद्यनेकप्रकारकम् । पाकजं च पृथिव्याम् । तच्चानित्यं पृथिवीमात्रे । आप्यतैजसपरमाणेष्वनित्यम् । आप्यंतैजसकार्येष्वनित्यम् शुक्लभास्वरमपाकजं तेजसि । तदेवाभास्वरमप्सु ।

(૬૮) (રસઃ)

रसो रसनेन्द्रियग्राह्यो विशेषगुणः । पृथिवीजलवृत्तिः । तत्र पृथिव्यां मधुरादिषट्प्रकारो मधुराम्ललवणकटुकषायतिक्तभेदात् पाकजश्च । अप्सु मधुरोऽपाकजो नित्योऽनित्यश्च । नित्यः परमाणुभूतास्वप्सु कार्यभूतास्वनित्यः ।

(૬૯) (ગન્ધઃ)

गन्धो घ्राणग्राह्यो विशेषगुणः । पृथिवीमात्रवृत्तिः । अनित्य एव । स द्विविधः सुरभिरसुरभिश्च जलादौ गन्धप्रतिभानं तु संयुक्तसमवायेन द्रष्टव्यम् ।

તેમાં માત્ર ચક્ષુથી જ ગ્રાહ્ય વિશેષગુણ એ રૂપ છે. તે પૃથિવી વગેરે (પૃથિવી, જલ, તેજ) ત્રણ (દ્રવ્ય) માં રહે છે. અને તે શુક્લ વગેરે અનેક પ્રકારનું છે. તે પૃથિવીમાં પાકજ છે; અને પૃથિવીમાં માત્ર અનિત્ય છે. તેમજ જળનાં અને તેજના પરમાણુઓમાં નિત્ય તથા જળના અને તેજના કાર્યોમાં અનિત્ય છે. તે તેજમાં ભાસ્વરશુક્લ (ભાસ્વર = તેજસ્વી) અને અપાકજ છે. અને જળમાં તે જ પ્રમાણે (= અપાકજ અને); અભાસ્વર શુક્લ છે.

રસનેન્દ્રિયથી ગ્રાહ્ય વિશેષ ગુણ તે રસ. તે પૃથિવી અને જળમાં રહે છે. તેમ પૃથિવીમાં તે મધુરાદિ છ પ્રકારનો મધુર-ખાટો-ખારો-તીખો (कटु)- તુરો અને કડવો (तिक्त) છે અને તે પાકજ છે. જળમાં તે મધુર, અપાકજ, નિત્ય અને અનિત્ય છે. નિત્ય પરમાણુરૂપી જળમાં અને અનિત્ય કાર્યરૂપ જળમાં છે.

ઘ્રાણેન્દ્રિયથી ગ્રાહ્ય વિશેષગુણ તે ગન્ધ. તે માત્ર પૃથિવીમાં જ રહે છે અને અનિત્ય જ છે. તે સુગંધ અને દુર્ગંધ એમ બે પ્રકારની છે. જળ વગેરેમાં ગન્ધની પ્રતીતિ થાય છે તે તો સંયુક્તસમવાયથી સમજવી જોઈએ. (એટલે કે જળ તથા પૃથિવીનો સંયોગ થવાથી પૃથિવીમાં સમવેત ગન્ધથી તે વાસિત બને છે, તેથી પાણીમાં ગંધનો ભાસ થાય છે. કારણ કે હકીકતમાં ગન્ધ એ જળનો ગુણ નથી.)

[પૃથ્વી વગેરે સ્થાવરજીવોના કલેવર હોવાથી ઔદારિકવર્ગણા રૂપ (પુદ્ગલ)રૂપ છે, અને બધા પુદ્ગલો રૂપ, રસ, ગંધ, સ્પર્શમયજ હોય છે. स्पर्शरसगंधवर्णवन्तः पुद्गलाः ॥५॥२३॥ (तत्त्वार्थः) ईतिजैनाः]

(७०) (स्पर्शः)

स्पर्शस्त्वगिन्द्रियग्राह्यो विशेषगुणः। पृथिव्यादिचतुष्टयवृत्तिः । स च त्रिविधः शीतोष्ण-अनुष्णाशीतभेदात् । शीतः पयसि । उष्णस्तेजसि । अनुष्णाशीतः पृथिवीवाय्वोः । आप्यादिकार्येष्वनित्यः । एते च रूपादयश्चत्वारो महत्त्वैकार्थसमवेतत्वे सत्युद्भूता एव प्रत्यक्षाः ।

(७१) (सङ्ख्या)

संख्याएकत्वादिव्यवहारहेतुः सामान्यगुणः । एकत्वादिपरार्द्धपर्यन्ता। तत्रैकत्वं द्विविधं नित्यानित्यभेदात् । नित्यगतं नित्यमनित्यगतमनित्यम् । स्वाश्रयसमवायिकारणगतैकत्वजन्यं च । द्वित्वं चानित्यमेव । तच्च द्वयोः पिण्डयोरिदमेकमिदमेकमित्यपेक्षाबुद्ध्या जन्यते । तत्र द्वौ पिण्डौ समवायिकारणे, पिण्डयोरेकत्वेऽसमवायिकारणे । अपेक्षाबुद्धिर्निमित्तकारणम् । अपेक्षाबुद्धिनाशादेव द्वित्वविनाशः । एवं त्रित्वाद्युत्पत्तिर्विज्ञेया ।

ત્વગિન્દ્રિયથી ગ્રાહ્ય વિશેષગુણ તે સ્પર્શ છે. તે પૃથિવી વગેરે ચાર

(પૃથિવી, જળ, તેજ તથા વાયુ) (દ્રવ્ય)માં રહે છે. તે શીત, ઉષ્ણ અને અનુષ્ણાશીત એમ ત્રણ પ્રકારનો છે. શીત (સ્પર્શ) જળમાં, ઉષ્ણ (સ્પર્શ) તેજમાં (તથા) અનુષ્ણાશીત (સ્પર્શ) પૃથિવી અને વાયુમાં હોય છે. પૃથિવીમાં માત્ર અનિત્ય હોય છે. જળ, તેજ અને વાયુના પરમાણુમાં તે નિત્ય છે. જળ વગેરે કાર્યમાં તે અનિત્ય છે.

આ રૂપ વગેરે ચાર (ગુણો) મહત્ત્વ (= મહત્ પરિમાણ) ની સાથે એક અર્થમાં-વસ્તુમાં સમવેત અને ઉદ્‌ભૂત હોય ત્યારે જ પ્રત્યક્ષ થાય છે.

એકત્વ વગેરેના વ્યવહારનો હેતુભૂત સામાન્ય ગુણ તે સંખ્યા. તે એકત્વથી પરાર્દ્ધ સુધીની છે, ત્યાં એકત્વ નિત્ય, અનિત્યના ભેદથી બે પ્રકારે છે, નિત્ય (વસ્તુ)માં રહે તે નિત્ય અને અનિત્ય (વસ્તુ)માં રહે તે અનિત્ય. અને (તે અનિત્ય) પોતાના આશ્રયના સમવાયિકારણમાં રહેલા એકત્વથી ઉત્પન્ન થાય છે.એકત્વનો આશ્રય એક પટ તેનું સમવાયિકારણ તન્તુ તેમાં રહેલા એકત્વથી પટનું એકત્વ ઉત્પન્ન થાય છે. ભલે તન્તુ અનેક રહ્યા, પરંતુ તે બધામાં એકત્વતો છે જ, અને તે બધામાંથી પટ તો એકજ બનતો હોવાથી દ્વિત્વ/બહુત્વ વગેરેની અપેક્ષા બુદ્ધિ જાગતી નથી.દ્વિત્વ તો અનિત્ય જ છે.અને તે (દ્વિત્વ) બે વસ્તુઓમાં 'આ એક છે.' 'આ એક છે.' એવી અપેક્ષાબુદ્ધિમાંથી જન્મે છે. તેમાં બે વસ્તુઓ સમવાયિકારણ છે. બંને વસ્તુઓનું (અલગ અલગ) એકત્વ અસમવાયિકારણ છે. અપેક્ષાબુદ્ધિ નિમિત્ત કારણ છે, અપેક્ષાબુદ્ધિના નાશથી જ દ્વિત્વનો નાશ થાય છે. આ પ્રમાણે ત્રિત્વ વગેરેની ઉત્પત્તિ સમજવી.

(૭૨) (परिमाणम्)

परिमाणं मानव्यवहारासाधारणं कारणम् । तच्चतुर्विधम् । अणु महद् दीर्घं ह्रस्वं चेति । तत्र कार्यगतं परिमाणं संख्यापरिमाणप्रचययोनि । तद्यथा द्व्यणुकपरिमाणमीश्वरापेक्षाबुद्धिजन्यपरमाणुद्वित्वजनितत्वात् संख्यायोनि । संख्याकारणकमित्यर्थः । द्व्यणुकपरिमाणं च स्वाश्रयसमवायिकारणगतबहुत्वसंख्यायोनि । चतुरणुकादिपरिमाणं तु स्वाश्रयसमवायिकारणपरिमाणजन्यम् । तुलपिण्डपरिमाणं तु स्वाश्रयसमवायिकारणावयवानां प्रशिथिलसंयोगजन्यम् ।परमाणुपरिमाणं परममहत् परिमाणं चाकाशादिगतं नित्यमेव ।

માપના વ્યવહારનું અસાધારણ કારણ તે પરિમાણ છે. તે ચાર પ્રકારનું છે : અણુ, મહદ્ દીર્ઘ અને હ્રસ્વ. તેમાં કાર્યમાં રહેલું પરિમાણ સંખ્યા, પરિમાણ કે પ્રચય (ઢગલા)ને લીધે હોય છે. તે આ પ્રમાણે છે : ઈશ્વરની અપેક્ષાબુદ્ધિથી પરમાણુઓમાં દ્વિત્વ ઉત્પન્ન થાય છે. તેથી દ્વ્યણુક પરિમાણ સંખ્યામાંથી ઉત્પન્ન થયું-અર્થાત્ સંખ્યા એ (જ) તેનું કારણ છે. એમ અર્થ થયો. ત્ર્યણુક પરિમાણ પોતાના આશ્રયના સમવાયિકારણ (=દ્વ્યણુકમાં) રહેલ બહુત્વ સંખ્યામાંથી જન્મે છે. ચતુરણુક પરિમાણ પોતાના આશ્રયના સમવાયિકારણ (=ત્ર્યણુક) ના પરિમાણમાંથી જન્મે છે. રૂના ઢગલા (પિંડ)નું પરિમાણ પોતાના આશ્રયના સમવાયિકારણરૂપ અવયવોના પ્રશિથિલ સંયોગમાંથી જન્મે છે. પરમાણુનું પરિમાણ તથા આકાશ વગેરેનું પરમમહત્પરિમાણ નિત્ય જ હોય છે.

(७३) (पृथक्त्वम्)

पृथक्त्वं पृथग्व्यवहारासाधारणं कारणम्। तच्च द्विविधम्। एकपृथक्त्वं द्विपृथक्त्वादिकं च। तत्राद्यं नित्यगतं नित्यमनित्यगतमनित्यम्। द्विपृथक्त्वादिकं चानित्यमेव।

(७४) (संयोगः)

संयोगः संयुक्तव्यवहारहेतुर्गुणः स द्व्याश्रयोऽव्याप्यवृत्तिश्च। स त्रिविधः। अन्यतरकर्मजः, उभयकर्मजः संयोगजश्चेति। तत्रान्यतरकर्मजो। तथा क्रियावता श्येनेन सह निष्क्रियस्य स्थाणोः संयोगः। अस्य हि श्येनक्रिया असमवायिकारणम्। उभयकर्मजो यथा सक्रिययोर्मल्लयोः संयोगः। संयोगजो तथा कारणाकारणसंयोगात् कार्याकार्यसंयोगः। यथा हस्ततरुसंयोगेन कायतरुसंयोगः।

पृथक्त्वमिति। ननु अन्योन्याभावनिबन्धनोऽयं व्यवहार इति चेन्मैवं नञर्थानुल्लिखितधीविषयत्वेन पृथक्त्वस्याभावरूपत्वानुपपत्तेः। **अव्याप्यवृत्तीति** अव्याप्यवृत्तित्वं स्वात्यन्ताभावसमानाधिकरणत्वमित्यर्थः। शरीरइन्द्रिययोः शरीरकेशयोः शरीरनखयोः संयोग एव। **संयोगजेति** उत्पन्नमात्रस्य चिरोत्पन्नस्य वा निष्क्रियस्य स्वकार्यकारणंसंयोगिभिरकारणैः कारणाकारणसं-

योगपूर्वकः कार्याकार्यगतसंयोगः ।

"આ આનાથી અલગ છે." એવા પ્રકારનાં વ્યવહારનું અસાધારણ કારણ તે પૃથક્ત્વ છે.

શંકાકાર :- આવા વ્યવહારનું કારણ તો અન્યોન્યાભાવ છે ?

સમાધાન :- એમ નથી, પટો ન ઈત્યાદિ (નકાર)થી ઉલ્લેખ નહિં કરાયેલી બુદ્ધિનો વિષય હોવાથી પૃથક્ત્વ અભાવ રૂપ માની ન શકાય. તથા "ઘડાનું રૂપ ઘડો નથી" એમ અન્યોન્યાભાવ ઘટી શકે છે. પરંતુ ઘડાનું રૂપ ઘડાથી જુદુ છે, એમ કહી શકાતું નથી. (ઘટરૂપ ઘટમાં સમવાયસં.થી એકમેક થઈને રહેલ હોવાથી) એટલે કે અન્યોન્યભાવની પ્રતીતિથી પૃથક્ત્વનીપ્રતીતિ જુદી છે, તે માટે ભિન્નગુણ માનવો જરૂરી છે.

શંકા :- પૃથક્ત્વને અલગગુણ માનવાની જરૂર નથી, કારણ કે વિભાગગુણ દ્વારા આ આનાથી વિભક્ત - જુદુ છે આવી પ્રતીતિ થઈ શકે છે.

સમાધાન :- વિભાગ નિશ્ચયથી સંયોગપૂર્વક જ હોય છે. જ્યારે જે બે પદાર્થ કયારે જોડાયા નથી, તેમાં પણ પૃથક્ત્વની પ્રતીતિ થાય છે, જેમ સૂર્યથી ચંદ્રમા અલગ છે.

અવ્યાપ્યવૃત્તિ એટલે સ્વ અત્યંતાભાવનું સમાનાધિકરણ હોવું. જે ભૂતલ ઉપર ઘડાનો સંયોગ છે તેના જ એક દેશમાં તેનો અભાવ પણ હોઈ શકે છે. માટે ઘટસંયોગ તે અવ્યાપ્યવૃત્તિ કહેવાય.

અન્યતરકર્મજ (=જે બે વચ્ચે સંયોગ છે, તેમાં એકની ક્રિયાથી ઉપજેલ) જેમકે ક્રિયાશીલ બાજની સાથે નિષ્ક્રિય ઠુંઠાનો સંયોગ. બાજની ક્રિયા અહીં (સંયોગ) નું અસમવાયિકારણ છે. ઉભયજ (બંનેની ક્રિયામાંથી ઉપજેલો) જેમ કે - બે સક્રિય મલ્લોનો સંયોગ.

શરીર અને ઈન્દ્રિય, શરીર અને વાળ, શરીર અને નખનો સંયોગ જ છે.

સંયોગથી જન્ય સંયોગ - ઉત્પન્ન થયેલા માત્રનો/પેદા થતાં તરત જ, લાંબાકાળથી ઉત્પન્ન થયેલા માત્રનો, નિષ્ક્રિયનો સ્વકાર્યના કારણસંયોગવાળા અકારણોથી કારણ અકારણના સંયોગપૂર્વક સંયોગજ સંયોગ થાય છે.

स चैकस्मात् द्वाभ्यां बहुभ्यश्च भवति । तत्रैकस्मात्तावत्तन्तुवीरणसंयोगात् पटवीरणसंयोग एकः, द्वाभ्यां द्वितन्त्वाकाशसंयोगाभ्यां एकः पटाकाशसंयोगः

द्वितन्त्वाकाशसंयोगः (२) बहुभ्यश्च तन्तुतुरीसंयोगेभ्य एकः पटतुरीसंयोगः (३) एकस्मात् संयोगात्द्वयोः संयोगयोरुत्पत्ति र्यथा तदा पार्थिवाप्ययोरण्वोः संयोगे सत्यन्येन पार्थिवेन पार्थिवस्य आप्येन वाप्यस्य युगपत्संयोगौ भवतस्तदा ताभ्यां संयोगाभ्यां पार्थिवाप्यद्वयणुके युगपदारभ्येते ततो यस्मिन्नेव काले द्वयणुकयोः कारणगुणप्रक्रमेण रूपाद्युत्पत्ति स्तस्मिन्नेव काले इतरेतरकारणाकारणगतसंयोगात् इतरेतरकार्याकार्यगतौ संयोगौ युगपद्उत्पद्येते ।

એટલે કે વૃક્ષ શરીર રૂપ કાર્યનું કારણ જે હાથ તેના સંયોગવાળો છે. તેવા અકારણભૂત વૃક્ષ સાથે શરીરનો સંયોગ સંયોગજ સંયોગ થયો કહેવાય. કારણ અને અકારણ સંયોગથી થયેલ કાર્ય અને અકાર્યનો સંયોગ. દા.ત. - હાથ (કારણ) અને વૃક્ષના (અકારણ) સંયોગથી થયેલ શરીર (કાર્ય) અને (અકાર્ય) વૃક્ષનો સંયોગ (વૃક્ષ શરીરનું અકારણ છે અને વૃક્ષ હાથનું કાર્ય નથી, તેમ હાથ શરીરનું કારણ છે (તેનાં અવયવરૂપ હોવાથી) શરીર હાથનું કાર્ય છે.) અને તે સંયોગ એકથી બેથી અને ઘણાંથી થાય. ત્યાં એકથી તંતુવીરાણના સંયોગથી પટવીરાણનો સંયોગ (પટ કાર્ય તેનું કારણ તંતુ, વીરાણ અકારણ અને પટ તેનું - વીરાણનું અકાર્ય છે.

બે તંતુ અને આકાશના સંયોગથી એક પટાકાશ સંયોગ- બે તાંતણા થોડા બહાર નીકળી ખુલ્લા આકાશ સાથે જોડાવાથી પટ અને આકાશનો સંયોગ થાય છે. ઘણાં તંતુ તુરીના સંયોગથી એક પટતુરી સંયોગ- વસ્ત્રના તાંતણા તુરી સાથે જોડાતા પટનો તુરી સાથે સંયોગ થાય છે. એક સંયોગથી બે સંયોગની ઉત્પત્તિ થાય છે. જેમકે પાર્થિવ અને પાણીના પરમાણુનો સંયોગ થએ છતે પાર્થિવનો અન્ય પાર્થિવ સાથે સંયોગ, અને આપ્યનો અન્ય-પાણીના અવયવો સાથે યુગપત્ સંયોગ થાય છે. ત્યારે તે બે સંયોગથી પાર્થિવ અને પાણીના દ્વયાણુકનો એક સાથે આરંભ કરાય છે. ત્યારપછી એક જ કાલે દ્વયાણુકના કારણ ગુણના ક્રમથી રૂપાદિની ઉત્પત્તિ થાય. તે જ વખતે પરસ્પર કારણ અકારણ સંયોગથી પરસ્પર કાર્ય અકાર્ય ગત સંયોગ એક સાથે પેદા થાય છે.

(७५) (विभागः)

विभागोऽपि विभक्तप्रत्ययहेतुः । संयोगपूर्वको द्व्याश्रयः । स च

त्रिविधोऽन्यतरकर्मजः उभयकर्मजो विभागजश्चेति । तत्र प्रथमो यथा श्येनक्रिययां शैलश्येनयोर्विभागः; द्वितीयो यथा मल्लयोर्विभागः । तृतीयो यथा हस्ततरुविभागात् कायतरुविभागः ।

(७६) (परत्वापरत्वे)

परत्वापरत्वे परापरव्यवहारसाधारणकारणे । ते तु द्विविधे दिक्कृते कालकृते च । तत्र दिक्कृतयोरूत्पत्तिः कथ्यते एकस्यां दिश्यवस्थितयोः पिण्डयोरिदमस्मात् संनिकृष्टमिति बुद्ध्यानुगृहीतेन दिक्पिण्डसंयोगेनापरत्वं संनिकृष्टे जायन्ते । विप्रकृष्टबुद्ध्या तु परत्वं विप्रकृष्टे जन्यते । सन्निकर्षस्तु पिण्डस्य द्रष्टुः शरीरापेक्षया संयुक्तसंयोगाल्पीयस्त्वम् । तद्भूयस्त्वं विप्रकर्ष इति ।

कालकृतयोस्तु परत्वापरत्वयोरुत्पत्तिः कथ्यते । अनियतदिगवस्थितयोर्युवस्थविरपिण्डयोरयमस्मादल्पतरकालसंबद्ध इत्यपेक्षाबुद्ध्यानुगृहीतेन कालपिण्डसंयोगेनासमवायिकारणेन यूनि अपरत्वम् । अयमस्माद् बहुतरकालेन संबद्ध इति धिया स्थविरे परत्वम् ।

किं कारणं । "कारणसंयोगिना हि कार्यमवश्यं संयुज्यते" इति न्यायः। स्वेति शब्देन वस्त्ववयवः तस्य कार्यं वस्तु कारणं स एवावयवः तदेवं संयोगिभिरकारणैरित्यर्थः ।

પ્રશ્ન :- પરસ્પર કારણ અકારણ સંયોગથી પરસ્પર કાર્ય અકાર્યનો સંયોગ થાય છે. એમાં કારણ શું ?

જવાબ :- "કારણના સંયોગવાળા સાથે કાર્ય અવશ્ય જોડાય છે, આવો ન્યાય હોવાથી.

સ્વ શબ્દથી વસ્તુનો અવયવ તેનું કાર્ય વસ્તુ તેનું કારણ તે જ અવયવ. તેથી એ પ્રમાણે કારણ સંયોગવાળાં અકારણો થી - વીરણથી પટ (અકાર્ય) નો સંયોગ થાય છે. (તંતુ પટકાર્યના અવયવ - કારણ છે તેનો વીરણ સાથે સંયોગ છે. એટલે વીરણ કારણ - તંતુ સંયોગવાળા છે. તે પટના અકારણ

છે. (હાથ અને પુસ્તકના સંયોગથી શરીરપુસ્તકનો સંયોગ, હાથ એ શરીરનું કાર્ય છે, જ્યારે પુસ્તક કારણ પણ નથી, હાથનું કાર્ય પણ નથી.)

સિંચાણાની ક્રિયાથી પર્વત અને સિંચાણાનો વિભાગ થાય. તથા ઉભયક્રિયાથી બે મલ્લનો વિભાગ થાય. તથા હાથ અને ઝાડના વિભાગથી શરીર અને ઝાડનો વિભાગ થાય છે. તે વિભાગજવિભાગ કહેવાય.

परत्वं अधिकदेशवृत्तित्वमपरत्वं न्यूनदेशवृत्तित्वम् । तद्व्यवहारः साध्यः दिक्पिण्डसंयोगकृते, कालपिण्डसंयोगकृते कालकृते परत्वापरत्वयोरनित्यत्वं कुतः विनाशादिति, स विनाशः सप्तधा । तदुक्तम्

अपेक्षाबुद्धिसंयोगद्रव्यनाशात् पृथक् पृथक् ॥
द्वाभ्या च सर्वेभ्यो विनाशः सप्तधा, तयोः ॥

પરત્વ - અધિક દેશમાં રહેવું, અપરત્વ - થોડા દેશમાં રહેવું.

૧. દિશા અને પિંડનો સંયોગ થતાં સાધ્ય દૈશિક પરત્વાપરત્વ; કાલ અને પિંડનો સંયોગ થતાં પરત્વાપરત્વ નો વ્યવહાર સાધ્ય બને છે. = સિદ્ધ થઈ શકે છે.

પરત્વ અપરત્વનો વિનાશ હોવાથી અનિત્ય છે. તે વિનાશ સાત પ્રકારે છે. અપેક્ષાબુદ્ધિ[૧], સંયોગ[૨] અને દ્રવ્યના[૩] નાશથી આ ત્રણ નો અલગ અલગ નાશ થવાથી; અપેક્ષાબુદ્ધિ અને સંયોગ[૪], અપેક્ષાબુદ્ધિ અને દ્રવ્ય[૫], સંયોગ અને દ્રવ્ય[૬], આ બે બે નો નાશ થવાથી અને અપેક્ષાબુદ્ધિ, સંયોગ ને દ્રવ્ય[૭] આ બધાનો એક સાથે નાશ થવાથી દૈશિક પરત્વાપરત્વનો વિનાશ થાય છે.

પ્રયાગસ્થ પુરૂષની અપેક્ષાએ મથુરાસ્થ પુરૂષ દૂર છે, આવી અપેક્ષા બુદ્ધિરૂપી નિમિત્તકારણથી કાશીસ્થ પુરૂષ મથુરાસ્થ પુરૂષને પર માને છે, આ બુદ્ધિના નાશથી મથુરાસ્થપુરૂષનિષ્ઠ દૈશિકપરત્વ નાશ પામે છે. જેમ દ્વિત્વનો નાશ. અને તે પરત્વનો આશ્રય મથુરાસ્થ પુરૂષનો જે દિશા સાથે સંયોગ છે (અસમવાયિકારણ) તેના નાશથી પણ પરત્વ નાશ પામે છે. એમ પ્રયાગસ્થ પુરૂષનિષ્ઠ અપરત્વનું અસમવાયિકારણ જે પ્રયાગસ્થપુરૂષની સાથે દિક્સંયોગ છે, તેના નાશથી પણ મથુરાસ્થપુરૂષનું પરત્વ નાશ પામે. એજ રીતે મથુરાસ્થ પુરૂષનિષ્ઠ પરત્વનો અવધિભૂત કાશીસ્થ પુરૂષ, તેનો તે દિક્સંયોગ નાશ થતા

પણ મથુરાસ્થ પુરૂષનિષ્ઠ પરત્વ નાશ પામે. એમ પરત્વના આશ્રયભૂત મથુરાસ્થ પુરૂષનો નાશ થવાથી પણ પુરૂષનિષ્ઠ પરત્વનો નાશ થાય છે. અપેક્ષાબુદ્ધિ તથા આશ્રય દ્રવ્યના નાશથી, દિક્સંયોગ તથા દ્રવ્યનાશથી, અપેક્ષાબુદ્ધિ, દિક્સંયોગ અને આશ્રયભૂત પુરૂષ (દ્રવ્ય)ના નાશથી પણ પરત્વનો નાશ થાય છે. આમ **ઉદયનાચાર્યે** ૭ પ્રકારે દૈશિક પરત્વાપરત્વનો નાશ દર્શાવ્યો છે.

એક જ દિશામાં રહેલા બે પદાર્થોમાં 'આ આનાથી નજીક છે' એવી બુદ્ધિથી પ્રાપ્ત થયેલ દિશા અને પદાર્થના સંયોગથી નજીકના પદાર્થમાં અપરત્વ જન્મે અને ''દૂર છે'' એવી બુદ્ધિથી દૂરના પદાર્થમાં પરત્વ જન્મે છે.

(૭૭) (गुरुत्वम्)

गुरुत्वमाद्यपतनासमवायिकारणम् । पृथिवीजलवृत्ति । यथोक्तम् । संयोगवेगप्रयत्नाभावे सति गुरुत्वात् पतनमिति ।

गुरुत्वेति आद्येति क्रियाविशेषः ।

ननु अधःसंयोगफलिका क्रिया तथा गुरुणोऽपि शरीरस्य प्रयत्नदशायां सत्यपि गुरुत्वे पतनं न भवति तदर्थं प्रयत्नाभावः । तत्र प्रयत्नस्यैव पतन-प्रतिबन्धकत्वं, वेगेन गच्छतः शरीरादेः सत्यपि गुरुत्वे पतनं न भवति तदर्थं वेगाभावः । तत्र वेगस्यैव पतनप्रतिबन्धकत्वम् । तथापि तत्संयुक्तस्य फलादेः सत्यपि गुरुत्वे पतनं न भवति, तदर्थं संयोगाभावः, तत्संयुक्तस्यैव पतन-प्रतिबन्धकत्वमिति ध्येयम् । गुरुत्वेऽनुमानं ''विमतं पतनं स्वाश्रयसमवे-तासमवायिकारणक(कं) गमनत्वात् स्पन्दनवत्'' गुरुत्वस्य च पतनं प्रत्य-समवायिकारणत्वे सूत्रकारः संवादं दर्शयति **यथोक्तमिति** द्वितीयादेः पतनस्य स्पन्दनस्य वेगहेतुत्वादुभयत्राद्येति पदमेषिष्टव्यमिति ।

ગુરુત્વ - પ્રથમ પતનનું અસમવાયિ કારણ. અહિં આદ્ય એ ક્રિયા વિશેષણ છે.

શંકાકાર :- અધોદેશ સાથે સંયોગ કરાવી આપનારી પતનક્રિયા છે. તથા ભારેખમ શરીરનો પ્રયત્ન હોય ત્યારે ગુરુત્વ હોવા છતાં પતન થતું નથી.

સમાધાન :- આવી શંકાના સમાધાન માટે "પ્રત્યત્નાભાવ હોતે છતે" એમ કહ્યું છે, ત્યાં પ્રયત્ન જ પતનનો પ્રતિબંધક છે.

વેગથી જતા શરીર ભારે હોવા છતાં પડતું નથી. તે માટે વેગાભાવ કહ્યું. ત્યાં વેગ જ પતનનો પ્રતિબંધક છે. છતાં પણ - વેગ વગેરેનો અભાવ હોવા છતાં ડાળથી જોડાયેલ કેરી વિ. ફલાદિ પડતા નથી. તે સારૂ "સંયોગાભાવ હોતે છતે" એમ કહ્યું છે. ત્યાં તેનો સંયોગ જ પતનનો પ્રતિબંધ કરે છે. એમ વિચારવું.

ગુરૂત્વમાં અનુમાન દર્શાવે છે - વિવાદાસ્પદ પતન પોતાનાં આશ્રયમાં સમવાય સંબંધથી રહેલ અસમવાયિકારાણવાળું છે (ગમન) કર્મ રૂપે હોવાથી, સ્પંદનની જેમ. ગુરૂત્વ પતન પ્રતિ અસમવાયિકારાણ છે. તેમાં સૂત્રકાર સંવાદ દર્શાવે છે. - જેમ કે **વૈશેષિક** સૂત્રકારે કહ્યું છે કે - વેગ અને પ્રયત્નનો અભાવ હોય ત્યારે ગુરૂત્વથી પતન થાય છે.

શરૂઆત થયા પછી બીજી વગેરે ક્ષણે થતા પતન અને સ્પંદનનો વેગ હેતુ હોવાથી બંને ઠેકાણે આદ્ય પદ ઈચ્છનીય છે. એટલે કોઈ પણ વસ્તુની પડવાની શરૂઆત ગુરૂત્વ-ભારેપણાનાં લીધે થાય છે. પાછળથી પડવાનું ચાલુ રહે તેમાં વેગ કામ કરે છે. એથી જ તો પવન 'રૂ' માં વેગ પેદા કરે છે. પણ 'રૂ' તેનાથી હલકુ હોવાથી નીચે પડતું નથી.

આમ્રફળમાં જો પ્રથમ ક્રિયારૂપ પતન થાય છે, તો તે પતનના 'અસમવાયિકારાણ' આમ્રફળના ગુરૂત્વથી થાય છે. તે પ્રથમ પતનના આમ્રફળમાં વેગ ઉત્પન્ન થાય છે. તે વેગથી 'પ્રથમવેગ' નો નાશ થઈને તે આમ્રફળમાં 'દ્વિતીયવેગ' ઉત્પન્ન થાય છે. તે દ્વિતીયપતનથી પહેલા વેગનો નાથ થઈને 'દ્વિતીયવેગ' ઉત્પન્ન થાય છે. તે 'દ્વિતીયવેગ'થી 'દ્વિતીયપતન' નો નાશ થઈને 'તૃતીયપતન' ઉત્પન્ન થાય છે. એવી રીતે 'અધઃસંયોગ' સુધી પૂર્વ પૂર્વ પતનજન્ય વેગથી પૂર્વ પૂર્વ પતનનો નાશ થઈને ઉત્તર ઉત્તર પતન ઉત્પન્ન થાય છે. તે ઉત્તર ઉત્તર પતનથી પણ પૂર્વ પૂર્વ વેગનો નાશ થઈને ઉત્તર ઉત્તર વેગ ઉત્પન્ન થાય છે. એથી બીજા પતનથી લઈને અધઃસંયોગ સુધી આમ્રફળમાં જેટલા પણ 'ક્રિયાત્મક પતન' થાય છે. તેનું અસમવાયિકારણ 'વેગ' નામનો ગુણ જ થાય છે.

ઉક્ત લક્ષણમાં જો 'આદ્ય' પદ ન આવે તો બીજા ત્રીજાદિ પતનના 'અસમવાયિકારણ રૂપવેગ'માં લક્ષણની અતિવ્યાપ્તિ થશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'આદ્ય' પદ મૂકવું આવશ્યક છે. તેવી જ રીતે લક્ષણમાં જો 'અસમવાયિ' પદ ન મૂકીયે તો ક્રિયારૂપ આદ્યપતનનાં 'સમવાયિ કારણરૂપ આમ્રફળ આદિ દ્રવ્ય'માં તથા નિમિત્તકારણ રૂપ અદૃષ્ટ ઈશ્વર આદિમાં લક્ષણની અતિવ્યાપ્તિ થશે. તે નિવારણ માટે લક્ષણમાં 'અસમવાયિપદ' મૂકવું આવશ્યક છે. પશ્ચાત્‌ભાવી પતન ક્રિયાઓનો પણ અસમવાયિકારણ જો ફળનિષ્ઠ ગુરૂત્વ ને જ કહીયે તો પડવાવાળા ફળનો નાશ ન થાય ત્યાં સુધી પતનક્રિયા બરાબર બની રહેશે. કેમકે તેના 'સમવાયિકારણ' અસમવયિકારણ તથા નિમિત્તકારણ ફળનો નાશ થાય ત્યાં સુધી બની રહેશે. પરન્તુ દ્વિતીયાદિ પતનક્રિયાઓનું અસમવાયિકારણ 'ફળનિષ્ઠ વેગ'ને કહે છે. ત્યારે પૃથ્વી પર ફળનો સંયોગ થતાં જ વેગનો નાશ થઈ જાય છે. ત્યારે વેગરૂપ અસમવાયિકારણ ન રહેવાથી તે 'પતનક્રિયા' સતત થતી નથી.

(૭૮) द्रवत्वमाद्यस्यन्दनाऽसमवायिकारणम् । भूतेजोजलवृत्ति । भूतेजसोर्घृतादिसुवर्णयोरग्निसंयोगेन द्रवत्वं नैमित्तिकम् । जले नैसर्गिकं द्रवत्वम् ।

(૭૯) स्नेहश्चिक्कणता । जलमात्रवृत्ति कारणगुणपूर्वको गुरुत्वादिवद् यावद् द्रव्यभावी ।

नैसर्गिकेति द्रव्यान्तरसंयोगानपेक्षं द्रवत्वं जलस्य विशेषगुण इत्यर्थः। **कारणगुणेति** समवायिकारणसमवायिकारणमात्रगुणासमवायिकारणत्वं कारण-गुणपूर्वकत्वमित्यर्थः ।

નૈસર્ગિક - અન્યદ્રવ્યના સંયોગની અપેક્ષા રાખ્યા વગર જે વહેવાવાળું હોય તે નૈસર્ગિક દ્રવત્વ. જ્યારે ઘીને વહેવા માટે ગરમીની જરૂર પડે છે. આ નૈસર્ગિક દ્રવત્વ પાણીનો વિશેષ ગુણ છે. કારણ કે આ માત્ર પાણીમાં જ રહે છે.

કુવા વગેરેના પાણી રૂપ કાર્યનિષ્ઠ- તેમાં રહેલ સ્નેહનું સમવાયિકારણ કૂઆનું પાણી તેનું સમવાયિકારણ અવયવજળ તેના ગુણ સ્નેહ વિગેરે. જેનું અસમવાયિકારણ તરીકે હોય, તેનું નામ કારણગુણપૂર્વકત્વ છે. એટલે અવયવના

સ્નેહમાંથી અવયવીમાં સ્નેહ પેદા થાય છે તે કારણ ગુણ પૂર્વક કહેવાય છે.

(८०) शब्दः श्रोत्रग्राह्यो गुणः । आकाशस्य विशेषगुणः ।

ननु कथमस्य श्रोत्रेण ग्रहणं, यतो भेर्यादिदेशे शब्दो जायते श्रोत्रन्तु पुरुषदेशेऽस्ति । सत्यम् । भेरीदेशे जातः शब्दो वीचीतरङ्गन्यायेन कदम्बमुकुलन्यायेन वा सन्निहितं शब्दान्तरमारभते । स च शब्दः शब्दान्तरमितिक्रमेण श्रोत्रदेशेऽन्त्यः शब्दः श्रोत्रेण गृह्यते न त्वाद्यो नापि मध्यमः । एवं वंशे पाट्यमाने दलद्वयविभागदेशे जातः शब्दः शब्दान्तरारम्भक्रमेण श्रोत्रदेशेऽन्त्यं शब्दं जनयति । सोऽन्त्यः शब्दः श्रोत्रेणं गृह्यते नाद्यो न मध्यमः । 'भेरीशब्दो मया श्रुतः' इति मतिस्तु भ्रान्तेव । भेरी शब्दोत्पत्तौ भेर्याकाशसंयोगोऽसमवायिकारणं भेरीदण्डसंयोगो निमित्तकारणम् ।

एवं वंशोत्पाटनाच्चटचटाशब्दोत्पत्तौ वंशदलाकाशविभागोऽसमवायिकारणं दलद्वयविभागो निमित्तकारणम् । इत्थमाद्यः शब्द संयोगजो विभागजो वा । अन्त्यमध्यमशब्दास्तु शब्दासमवायिकारणका अनूकूलवातनिमित्तकारणकाः । यथोक्तं - 'संयोगाद् विभागाच्छब्दाच्च शब्दनिष्पत्तिः' इति। आद्यादीनां सर्वशब्दानामाकाशमेकमेव समवायिकारणम् । कर्मवुद्धिवत् त्रिक्षणावस्थायित्वम् ।

શંકાકાર :- શબ્દ તે કાનથી કેવી રીતે જાણી શકાય છે. શબ્દ તો ભેરી વગેરે દેશમાં ઉપજે છે અને કાન તો પુરૂષના સ્થાને છે ?

સમાધાન :- તમારી વાત સાચી, પણ ત્યાં ઉત્પન્ન શબ્દ બીજા શબ્દને પેદા કરે છે. તે વળી તેની બાજુમાં અન્ય શબ્દને, જેમ તળાવમાં પથરો નાંખતા તરંગ ઉત્પન્ન થાય છે. તે બીજા બીજા તરંગને જન્મ આપે છે. અને છેક તળાવના કાંઠા સુધી ફેલાય છે.

એટલે છેલ્લે કાન પાસે ઉત્પન્ન શબ્દ જ આપણને સંભળાય છે. પણ તે શબ્દ તેવી જાતિનો હોવાથી ભેરીનો શબ્દ મેં સાંભળ્યો એવો ભ્રમ થાય છે.

ભેરીનાં શબ્દની ઉત્પત્તિમાં ભેરી ને આકાશનો સંયોગ અસમવાયિકારણ અને ભેરી દણ્ડનો સંયોગ નિમિત્ત કારણ જાણવું.

વાંસને ચીરવાથી પેદા થતા ચટ્ ચટ્ અવાજમાં વંશદળ અને આકાશનો વિભાગ અસમવાયિકારણ અને બે દળનો વિભાગ નિમિત્તકારણ. એટલે પહેલો શબ્દ સંયોગ કે વિભાગથી થાય છે.

જ્યારે બાકીના બધા શબ્દોમાં આકાશ સમવાયિકારણ ને પૂર્વનો શબ્દ ઉત્તર શબ્દનું કારણ બને છે. અને આકાશમાં - કાર્યના દેશમાં શબ્દ સમવાય સંબંધથી રહે છે માટે પૂર્વ પૂર્વનો શબ્દ ઉત્તર શબ્દનું અસમવાયિકારણ બને. જે તરફ પવનની લહેર ચાલતી હોય તે બાજુ શબ્દ વિશેષ વહે છે. માટે અનુકૂલ પવન નિમિત્ત કારણ બને છે. કર્મ અને બુદ્ધિની જેમ શબ્દ પણ ત્રણ ક્ષણ સ્થાયી રહે છે.

આનો અભિપ્રાય આ છે કે શબ્દ પહેલી ક્ષણે પેદા થાય છે, બીજી ક્ષણે સ્થિર બને છે, ત્રીજી ક્ષણે નાશ પામે છે, અહીં બુદ્ધિ અને શબ્દનો 'ત્રિક્ષણાવસ્થાયી' કહીને સૂચિત કર્યું છે કે 'બુદ્ધિ' અને 'શબ્દ'નો સ્વનાશક ઉત્તરવર્તી ગુણની સાથે તેને 'વધ્ય-ઘાતકભાવરૂપ વિરોધ' સ્વીકૃત છે. 'સહાનવસ્થાનરૂપ વિરોધ' સ્વીકૃત નથી. એથી જ તો બીજી ક્ષણે પૂર્વ-ઉત્તર બે શબ્દનું સુમિલન થાય છે.

तत्राद्यमध्यमशब्दाः कार्यशब्दनाश्याः । अन्त्यस्तूपान्त्येन उपान्त्यस्त्वन्त्येन सुन्दोषसुन्दन्यायेन विनश्येते । इदं त्वयुक्तम् । उपान्त्येन त्रिक्षणावस्थायिनोऽन्त्यस्य द्वितीयक्षणमात्रानुगामिना तृतीयक्षणे चासताऽन्त्यनाशजननासम्भवात् । तस्मादुपान्त्यनाशादेवान्त्यनाश इति ।

शब्देति शब्दस्यानित्यत्वाद्विनाशेन भवितव्यं । विनाशश्च निर्हेतुके न सम्भोभवीति । तथा च किमत्र विनाशकारणमित्याह- तत्रेति कार्यकारणोभयविरोधित्वं शब्दस्योक्तं **प्रशस्तपादभाष्ये** आद्यानामुपान्त्यपर्यन्तानां शब्दानां कार्यनाश्यत्वम् । अन्त्यस्य तु कारणनाश्यत्वमिति कैश्चिद् व्याख्यातं तद्भाष्यम् अन्यैस्तु प्रथमशब्दः कार्यनाश्यः । अन्त्यशब्दः कारणनाश्यम्, मध्यशब्दकार्यकारणेन वा विरुध्यन्ते, मध्यवर्त्तिनां शब्दानां कार्यमात्रविनाश्यत्वेऽपि स्वका-

रणापेक्षया विनाशकत्वेन स्वकार्यमात्रापेक्षया विनाश्यत्वेन चोभयथा विरोध-सम्भवादिति ।

अत्र प्रथमपक्षमादायाह । आद्येति सुन्दोपसुन्दौ तपःप्रकर्षसम्पादि-तप्रभावावऽन्यतरविनाश्यावपि परस्परं युद्धेन विनाश्यविनाशकभावमापन्नौ तेन न्यायेनेत्यर्थः ।

શબ્દ ઈતિ - શબ્દ અનિત્ય હોવાથી તેનો નાશ થવો જરૂરી છે. તે વિનાશ હેતુ વિના સંભવી શકતો નથી. તથા શબ્દમાં વિનાશનું કારણ શું ? એનાં જવાબમાં કહે છે: तत्राद्यमध्यम.....

કાર્ય કારણ ઉભય શબ્દના વિરોધિ છે. **પ્રશસ્તપાદભાષ્ય**માં કહ્યું છે કે - પહેલાંથી ઉપાન્ત્ય સુધીનાં શબ્દો કાર્યથી નાશ પામે છે. (સ્વોત્તર શબ્દ રૂપ કાર્યથી) પરંતુ અન્ત્ય - છેલ્લો શબ્દ કારણથી નાશ પામે છે. એમ કેટલાક ભાષ્યની વ્યાખ્યા કરે છે. પરંતુ બીજાઓ પહેલાં શબ્દને કાર્યથી નાશ્ય માને છે અને અન્ત્ય શબ્દને કારણથી નાશ્ય માને છે. અને વચ્ચેના શબ્દોનો કાર્યકારણ સાથે વિરોધ માને છે.એટલે કે ઉભયથી તેઓનો નાશ સંભવે છે.

વચ્ચે રહેલા શબ્દો કાર્યમાત્રથી નાશ પામવાના સ્વભાવવાળા હોવા છતાં, પોતાના કારણની અપેક્ષાએ વિનાશક હોવાથી એટલે પૂર્વનો શબ્દ ઉત્તરનું કારણ છે. તે કારણ શબ્દનો ઉત્તર શબ્દ નાશ કરનાર છે અને સ્વકાર્ય માત્રની અપેક્ષાએ શબ્દ વિનાશ પામનાર છે. જેથી કરીને બન્ને રીતે વિરોધ સંભવી શકે છે.

कुत्रचिदेवं वा यथा सुन्दोपसुन्दनामानौ दैत्यौ अनयोर्वधाय स्वयमे-वजनितमायास्त्रीमोहितौ पाणिग्रहणाय युद्धचन्तौ (युध्यमानौ) परस्परप्रहारेण मृतौ इत्येतयोर्न्यायेनेत्यर्थः । अन्त्यस्योपान्त्येन नाशकत्वं न सङ्गच्छत इत्याह - **इदन्त्विति** तत्रोपपत्तिमाह - **उपान्त्येनेति** यस्मिन्क्षणे उपान्त्यस्योत्पत्तिः तस्मिन्क्षणेऽन्त्यस्योत्पद्यमानता । यस्मिन्क्षणेऽन्त्योत्पत्तिस्तस्मिन् क्षणे उपान्त्यस्य स्थिति र्यदोपान्त्यविनश्यत्ता तदान्त्यस्य स्थितिरेव च । अन्त्यस्य तृतीयक्षणे वाऽसतोपान्त्येन नाशो न सम्भवतीतिभावः ।

અન્ત્ય શબ્દથી ઉપાન્ત્યનો અને ઉપાન્ત્યથી અન્ત્યનો નાશ થાય છે.

આ પ્રથમ પક્ષ લઈને ગ્રંથકાર કહે છે.... આદ્યેતિ - **સુંદ** અને **ઉપસુંદ** બન્ને ભાઈઓએ તપના પ્રકર્ષથી પરસ્પર સિવાય અન્ય કોઈના હાથે નાશ ન પામવાનું વરદાન મેળવ્યું હતું. પણ **તિલોત્તમા** નામની અપ્સરાને જોઈ તેને પ્રાપ્ત કરવા પરસ્પર યુદ્ધ કરીને બન્ને એક બીજાનાં હાથે મૃત્યુ પામ્યા. તે ન્યાયથી છેલ્લા શબ્દ વડે ઉપાન્ત્ય નાશ પામે અને ઉપાન્ત્યથી છેલ્લો શબ્દ નાશ પામે.

કયાંક એ પ્રમાણે છે કે **સુંદ** અને **ઉપસુંદ** નામે બે દૈત્ય હતા. એ બન્નેના વધ માટે જાતે ઉત્પન્ન કરેલી માયાસ્ત્રીમાં મોહમુગ્ધ બની લગ્ન કરવા સારૂ યુદ્ધ કરતા એકબીજાને પ્રહાર કરીને મરણ પામ્યા. અન્ત્ય શબ્દનો ઉપાન્ત્ય શબ્દથી નાશ પામવું તે યોગ્ય નથી લાગતું. એથી કહે છે.

'ઈદન્ત્વિ' - તેમાં (અસંગતિમાં) યુક્તિ બતાવે છે—જે ક્ષણે ઉપાન્ત્યની ઉત્પત્તિ થાય છે તે ક્ષણે અન્ત્ય ઉત્પન્ન થવાનો છે/થતો હોય છે અને જે ક્ષણે અન્ત્યની ઉત્પત્તિ છે, તે ક્ષણે ઉપાન્ત્યની સ્થિતિ છે. ઉપાન્ત્યની બીજી ક્ષણે બન્ને ભેગા થયા ખરા, પરંતુ તે વખતે તો અંત્યની હજી ઉત્પત્તિ થઈ હોવાથી નાશ સંભવે નહીં અને ઉપાન્ત્યની ત્રીજી ક્ષણે તો નાશ થઈ ગયો હોવાથી તેનાથી અંત્યનો નાશ ન સંભવે અને જ્યારે ઉપાન્ત્યનો નાશ છે, ત્યારે અન્ત્યની સ્થિતિ જ છે. તો ત્રીજી ક્ષણે અસત્ ઉપાન્ત્યથી અન્ત્યનો નાશ કેમ કરીને સંભવી શકે ?

कथं तर्हि अन्त्यस्य विनाश ? इत्याशङ्क्योपान्त्यस्यनाशकत्वासम्भवात् तन्नाश एवान्त्यस्य नाशक इत्याह । **तस्मादिति** ।

શંકાકાર :- તો પછી અન્ત્યનો નાશ કેવી રીતે થશે ?

સમાધાન :- ઉપાન્ત્ય નાશક ન બની શકતો હોવાથી ઉપાન્ત્યનો નાશ જ અન્ત્યનો નાશક છે. એથી ગ્રંથકારે કહ્યું : तस्माद्.... अन्त्यनाश इति ।

विनाशित्वं च शब्दस्यानुमानात् । तथाहि । अनित्यः शब्दः, सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्येन्द्रियग्राह्यत्वाद् घटवदिति । शब्दस्यानित्यत्वं साध्यमनित्यत्वं च विनाशावच्छिन्नस्वरूपत्वं, न तु विनाशावच्छिन्नसत्तायोगित्वं, प्रागभावे सत्ताहीनेऽनित्यत्वाभावप्रसङ्गात् । ''सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्येन्द्रियग्राह्यत्वं'' हेतुः, इन्द्रियग्राह्यत्वादित्युच्यमान आत्मनि व्यभिचारः स्यादत उक्तं बाह्येति । एवमपि तेनैव योगिबाह्येन्द्रियेण ग्राह्ये

परमाण्वादौ व्यभिचारः स्यादतो योगिनिरासार्थमुक्तमस्मदादीति ।

मीमांसक શબ્દને અનિત્ય માને છે. તેના ખંડન માટે ગ્રંથકાર કહે છે કે - શબ્દ અનિત્ય છે. આપણી બાહ્ય ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી. અહીં અનિત્ય એટલે નાશવાન્ સ્વરૂપવાળુ હોવું, પરંતુ વિનાશથી યુક્ત સત્તા વિશિષ્ટ હોવું તે અનિત્યનું લક્ષણ ન સમજવું. નહિંતર સત્તા વિનાના પ્રાગભાવમાં અનિત્યત્વનાં અભાવની આપત્તિ આવશે. મન નામની ઈન્દ્રિયથી ગ્રાહ્ય આત્મામાં વ્યભિચાર ન થઈ જાય તે માટે બાહ્યપદ મૂકયું. યોગિ ગ્રાહ્ય પરમાણુ વિગેરેમાં આવતાં વ્યભિચાર વારવા માટે અસ્મદાદિ પદ મૂકવામાં આવ્યું છે.

(८१) (योगिसिद्धिः)

किं पुनर्योगिसद्भावे प्रमाणम् ?

उच्यते । परमाणवः कस्यचित् प्रत्यक्षाः, प्रमेयत्वाद् घटवदिति । तथापि सामान्यादिना व्यभिचारोऽत उक्तं सामान्यवत्त्वे सतीति । सामान्यादित्रयस्य निःसामान्यत्वात् ।

(८२) (बुद्धिः)

अर्थप्रकाशो बुद्धिः । नित्या अनित्या च ऐशी बुद्धिर्नित्या अन्यदीया त्वनित्या ।

(८३) (सुखम्)

प्रीतिः सुखम् । तच्च सर्वात्मनामनुकूलवेदनीयम् ।

(८४) (दुःखम्)

पीडा दुःखम् । तच्च सर्वात्मनां प्रतिकूलवेदनीयम् ।

(८५) (इच्छा) रागः इच्छा । (८६) (द्वेषः) क्रोधो द्वेषः ।

(८७) (प्रयत्नः) उत्साहः प्रयत्नः । बुद्ध्यादयः षड् मानसप्रत्यक्षाः ।

(શંકા) પરંતુ યોગીના અસ્તિત્વમાં શું પ્રમાણ છે ?

(સમાધાનમાં) કહેવામાં આવે છે કે - પરમાણુઓ કોઈને તો પ્રત્યક્ષ હોવા જોઈએ; કારણ કે તે ઘટની જેમ પ્રમેય છે. (જેને તે પ્રત્યક્ષ છે, તે જ યોગી છે.) આમ હોવા છતાં પણ 'સામાન્ય' વગેરેથી વ્યભિચાર થશે. કારણ કે

સામાન્યાદિ તો 'योगुणो०... ન્યાયથી આપણને પણ પ્રત્યક્ષ છે, પરંતુ આપણે તો યોગી કહેવાતા નથી. જે પદાર્થ પ્રમેય હોય તેના લીધે કોઈને પ્રત્યક્ષ થઈ જાય તેટલા માત્રથી તે વ્યક્તિ યોગીનું બિરૂદ મેળવી શકતી નથી. પરંતુ જાતિયુક્ત જે કોઈ પદાર્થ છે, તે તમામનું સાક્ષાત્કાર કરનાર વ્યક્તિ જ યોગી કહેવાય. વિશિષ્ટ બુદ્ધિમાં સમવાયવિ. સંબંધનું પણ ભાન થાય છે. તેથી કહેવામાં આવ્યું છે કે - 'સામાન્ય (જાતિ)થી યુક્ત હોઈને પ્રમેય હોવાથી', આમ હેતુમાં વિશેષણ મુકવામાં આવ્યું છે. કારણ કે સામાન્ય વગેરે ત્રણ (= સામાન્ય, વિશેષ અને સમવાય)ને જાતિ હોતી નથી.

અર્થનો પ્રકાશ (જ્ઞાન/ભાન) છે તે બુદ્ધિ છે. તે નિત્ય અને અનિત્ય (એમ બે પ્રકારની) છે. ઈશ્વરની બુદ્ધિ નિત્ય છે. તેનાથી અન્યની બુદ્ધિ અનિત્ય છે.

પ્રીતિ એ સુખ છે. તે સર્વ આત્માઓ વડે અનુકૂળ હોય તે રીતે અનુભવાય છે. પીડા એ દુઃખ છે તે સર્વ આત્માઓ વડે પ્રતિકૂળ હોય તે રીતે અનુભવાય છે. રાગએ ઈચ્છા એટલે પ્રવૃત્તિજનક ગુણ તે ઈચ્છા. ક્રોધ તે દ્વેષ- એટલે નિવૃત્તિજનક ગુણ તે દ્વેષ. ચેષ્ટાનો જનક ગુણ તે પ્રયત્ન (કૃતિ). બુદ્ધિ વગેરે (ઉપર કહેલ) છ ગુણો માનસપ્રત્યક્ષ છે.

(૮૮) (धर्माधर्मौ)

धर्माधर्मौ सुखदुःखयोरसाधारणकारणे । तौ चाप्रत्यक्षावप्यागमगम्यावनुमानगम्यौ च.। तथाहि देवदत्तस्य शरीरादिकं देवदत्तविशेषगुणजन्यम्, कार्यत्वे सति देवदत्तस्य भोगहेतुत्वात्, देवदत्तप्रयत्नजन्यवस्तुवत्। यश्च शरीरादिजनक आत्मविशेषगुणः स एव धर्मोऽधर्मश्च । प्रयत्नादीनां शरीराद्यजनकत्वादिति ।

धर्मेति धर्माधर्मयोः सत्त्वेऽनुमानम् **देवदत्तस्येति** । शरीरादिकं विशेषगुणजन्यं इत्युक्ते परमेश्वरविशेषगुणजन्यत्वेन सिद्धसाधनता स्यात्तदर्थं देवदत्तेति। व्याघातपरिहाराय पक्षे **देवदत्तस्येति** ।

ધર્મ અધર્મ સુખ દુઃખના અસાધારણ કારણ છે, તે પ્રત્યક્ષથી જોઈ શકાતા ન હોવાથી તેની વિદ્યમાનતા માટે અનુમાન બતાવે છે.

દેવદત્તનું શરીર વગેરે દેવદત્તના વિશેષ ગુણથી જન્ય છે. કાર્યરૂપે હોતે છતે

देवदत्तना विशेष भोगना हेतु होवाथी, देवदत्तना प्रयत्न जन्य वस्तुनी जेम.

विशेषगुण जन्य एटलुं ज कहीए तो ईश्वरनां ईच्छादि विशेषगुण-जन्य बधु छे अने ते बधाने खबर छे माटे सिद्ध साधनता दोष लागे छे, ते माटे देवदत्त पद मूकयुं. व्याघातना परिहार माटे पक्षमां "देवदत्तस्य" एम कह्युं छे.

भोगहेतुत्वादित्युक्ते आत्मनि व्यभिचारः । तदर्थं कार्यत्वे सति । तथापि यज्ञदत्तभोगसाधने शरीरेन्द्रियादौ व्यभिचारः । तदर्थं **देवदत्तस्येति** । साध्यवैकल्यपरिहाराय दृष्टान्ते **देवदत्तेति** । शरीरोत्पत्तेः प्राक् प्रयत्नादीनामसम्भवात् प्रयत्नादिजन्यत्वं शरीरादे[र]शक्यशङ्कं इत्याह **यश्चेति** ।

व्याघात एटले असंबद्ध अर्थवाळु वाकय; पक्षमां देवदत्तस्य शब्द न आपीए तो "शरीरादिकं देवदत्तविशेषगुणजन्यं कार्यत्वे सति देवदत्तस्यभोगहेतुत्वात्" एम अनुमान थशे - शरीरादि सामान्यने पक्ष करी तेमां देवदत्त (विशेष)ना भोगहेतुत्व स्वरूप हेतु राखी शरीरादिमां देवदत्त विशेषना विशेषगुणथी जन्यत्वनी सिद्धि करवा जता प्रस्तुत अनुमान असंबद्धार्थवाळु थशे. सामान्य शरीरने देवदत्तना विशेषगुणथी जन्य मानवुं अजुगतुं छे. जेम के जे वस्तु सर्वसामान्य होय, तेना ऊपर एकला पोतानो हक जमाववो, तेथी व्याघात आवशे. भोग हेतुत्वात् आटलो ज.हेतु कहीए तो आत्मामां व्यभिचार आवे, केम के आत्मा पाण भोगनो हेतु तो छे ज, तेनां वारण माटे 'कार्यत्वेसति' कह्युं, आत्मा कार्य नथी नित्य होवाथी. छतां पाण यज्ञदत्तना भोग साधन शरीर ईन्द्रिय वगेरेमां व्यभिचार आवे, तेना वारण माटे हेतुमां 'देवदत्तस्य' पद मूकयुं. दरेक प्रयत्नजन्यवस्तुओ मात्र देवदत्तना विशेषगुणथी जन्य नथी एटले दृष्टान्त साध्य विकल बने, तेनां वारण माटे दृष्टान्तमां पण देवदत्त पद मूकयुं छे. शरीरनी उत्पत्ति पहेलां प्रयत्नादिनो संभव न होवाथी "शरीरादि प्रयत्नादिथी जन्य छे" एवी शंकानी शकयता (न) होवाथी कहे छे... जे शरीरादिना जनक आत्म विशेषगुण छे तेज धर्म अने अधर्म छे, प्रयत्नादि शरीरादिना जनक नथी.

(८९) (संस्कारनिरूपणम्)

संस्कारव्यवहारऽसाधारणकारणं संस्कारः । संस्कारस्त्रिविधो वेगो

भावना स्थितिस्थापकश्च । तत्र वेगः पृथिव्यादिचतुष्टयमनोवृत्तिः । स च क्रियाहेतुः । भावनाख्यस्तु संस्कारः आत्ममात्रवृत्तिरनुभवजन्यः स्मृतिहेतुः । स चोद्बुद्ध एव स्मृतिं जनयति । उद्बोधश्च सहकारिलाभः ।

'सादृश्यादृष्टचिन्ताद्याः स्मृतिबीजस्य बोधकाः' । इति

स्थितिस्थापकस्तु स्पर्शवद्द्रव्यविशेषवृत्ति । अन्यथाभूतस्य स्वाश्रयस्य धनुरादेः पुनस्तादवस्थ्यापादकः । एते च बुद्ध्यादयोऽधर्मान्ता भावना च आत्मविशेषगुणाः । गुणा उक्ताः ।

ननु संस्कारः कदाचिदेव स्मृतिं जनयति न सर्वदेत्यत्र किं विनिगमकम्? तत्राह स चेति उक्तार्थे संवादकं दर्शयति यथोक्तमिति । **स्थितेति** पूर्व स्थितवत् स्थापयतीति स्थितस्थापक इति ।

બુદ્ધિથી માંડી અધર્મ સુધીના અને ભાવના આ આત્માના વિશેષગુણ છે, એમ ગુણો કહેવાયા.

શંકાકાર :- સંસ્કાર કયારેક જ સ્મૃતિને પેદા કરે છે, હંમેશા નહિં, તો એમાં વિનિગમક કોણ ? (એટલે કયા સંસ્કાર સ્મૃતિને પેદા કરે અને કયા નહિં તે નક્કી કરી આપનાર કોણ ?)

સમાધના :- જાગૃત સંસ્કાર સ્મૃતિને ઉપજાવે છે અને તે સંસ્કાર સાદૃશ્ય - અદૃષ્ટ અને ચિંતનથી જાગૃત થાય છે. ત્રણે સંસ્કારનું સામાન્ય લક્ષણ બતાવે છે - તેમાં સંવાદ દર્શાવે છે - **તાર્કિકરક્ષા**માં આવું લક્ષણ આપવામાં આવ્યું છે. 'यज्जातीयं समुत्पाद्यस्तज्जातीयस्य कारणम् स्वयं यस्तद्विजातीयः संस्कारः' સ ગુણો મતઃ/ જે જાતિવાળામાંથી પોતે ઉત્પન્ન થાય તેજ જાતિવાળુ કાર્ય પોતે ઉત્પન્ન કરે અર્થાત્ વેગ સ્વ કારણને (ક્રિયાને) અનુરૂપ કાર્ય- તીર વગેરેમાં ક્રિયા ઉત્પન્ન કરે છે પણ પોતે ક્રિયા નથી. અનુભવમાંથી ઉત્પન્ન ભાવના સ્મૃતિને પેદા કરે છે. તે અનુભવ અને સ્મૃતિ બન્ને બુદ્ધિરૂપ હોવાથી તજ્જાતીય છે. પણ ભાવના તેનાથી ભિન્ન છે. નેતરને પ્રયત્ન વિશેષથી વાળીએ અને છોડી દઈએ તો પાછુ મૂળ રૂપ ધારણ કરે છે/ તે સ્થિતિ સ્થાપકતા બન્ને પ્રકારની વળવાની ક્રિયાથી ભિન્ન છે. બસ પૂર્વ અવસ્થામાં પુનઃસ્થાપના કરનાર ગુણ જ સ્થિતિ સ્થાપક છે.

(કર્મનિરૂપણ)

(९०) कर्माणि उच्यन्ते । चलनात्मकं कर्म, गुण इव द्रव्यमात्र-वृत्ति । अविभुद्रव्यपरिमाणेन मूर्त्तत्वापरनाम्ना सहैकार्थसमवेतं विभागद्वारा पूर्वसंयोगनाशे सत्युत्तरदेशसंयोगहेतुश्च । तच्च उत्क्षेपणअपक्षेपण-आकुञ्चन-प्रसारण-गमनभेदात् पञ्चविधम् । भ्रमणादयस्तु गमनग्रहणेनैव गृह्यन्ते ।

गुणनिरूपणानन्तरं कर्मोच्यते इदानीमिति **गुणइवेति** यथा गुणा द्रव्येष्वेव वर्त्तन्ते नान्येष्वेवं कर्मेत्युपमानार्थ इवान्ययोगव्यवच्छेदार्थो मात्र शब्दः, अयोगव्यवच्छेदो न विवक्षितश्चेत्तर्हि केषु द्रव्येषु वर्त्तत । इत्याह- **अविभ्विति** इयत्तावच्छिन्नपरिमाणयोगित्वं मूर्त्तत्वमित्यर्थः । मूर्त्तेषु द्रव्येषु वर्तते । ऊर्ध्वदेशसंयोग-कारणं कर्मोत्क्षेपणं (१) अधोदेशसंयोगकारणं कर्मापक्षेपणं (२) वक्रत्वापादनं कर्माकुञ्चनं (३) ऋजुत्वापादनं कर्म प्रसारणं (४) अनियतदेशसंयोगकारणं कर्म गमनं (५) इति ।

ગુણ નિરૂપણ પછી કર્મને દર્શાવે છે...

અત્યારે ગુણની જેમ કર્મ પણ દ્રવ્યોમાં જ રહે છે. અન્યમાં નહિં. અહીં ઉપમાન અર્થમાં **ઈવ** છે.

પ્રશ્ન :- માત્ર શબ્દ અન્યયોગના વ્યવચ્છેદ માટે છે. અહીં અયોગનો વ્યવચ્છેદ વિવક્ષિત નથી. તો પછી કયા દ્રવ્યમાં કર્મ રહે છે ? તે કહે છે.

જવાબ :- અમુક પરિમાણવાળુ હોવુ તે મૂર્ત્ત કહેવાય. તે મૂર્ત દ્રવ્યોમાં કર્મ રહે છે.

ઉર્ધ્વ દેશ સાથે સંયોગ કરાવવામાં કારણ ભૂત કર્મ તે ઉત્ક્ષેપણ, નીચેના દેશ સાથે સંયોગ કરાવવામાં કારણભૂત કર્મ તે અવક્ષેપણ, વળાંક પેદા કરનાર કર્મ આકુંચન, સરળતા પેદા કરનાર કર્મ પ્રસારણ, અનિયત દેશ સાથે સંયોગ કરાવવામાં કારણભૂત કર્મ ગમન છે. ભ્રમણ વગેરેનો ગમનમાં સમાવેશ થઈ જાય છે.

(९१) (सामान्यम्)

अनुवृत्ति प्रत्ययहेतुः सामान्यम् । द्रव्यादित्रयवृत्ति, नित्यमेकमने-

कानुगतञ्च । तच्च द्विविधं परमपरञ्च । परं सत्ता बहुविषयत्वात् । सा चानुवृत्तिप्रत्ययमात्रहेतुत्वात् सामान्यमात्रम् । अपरं द्रव्यत्वादि । अल्पविषयत्वात् । तच्च व्यावृत्तेरपि हेतुत्वात् सामान्यं सद्विशेषः ।

अनुवृत्तीतिद्रव्यं सत् । गुणाः सन्तः कर्माणि अपि, सत् द्रव्यं पृथिवीत्याद्यनुगतव्यवहारकारणं सामान्यमित्यर्थः । लक्षणमाह नित्यमिति-- संयोगादावतिव्याप्तिवारणाय नित्यमिति नित्यपरिमाणादावतिव्याप्तिवारणायानेक**अनुगतमिति** अनेकसङ्गतमित्यर्थः । अतो न समवायादावतिव्याप्तिः एकपदसद्भावे तत् प्रयोजनमन्यत्रोक्तमनुसन्धेयं । परत्वमधिकदेशवृत्तित्वम्, अपरत्वं न्यूनदेशवृत्तित्वं तद्व्यवहारः साध्यः । ततो न साध्यवैशिष्ट्यं न चापरत्वादिगुणभ्रमः विषयत्वमधिकरणत्वं व्याकरणोक्तं ।

અનુવૃત્તીતિ - દ્રવ્યસત્, ગુણોસત્, કર્મોપણ સત્; પૃથ્વીદ્રવ્ય પાણી દ્રવ્ય ઈત્યાદિ અનુગત વ્યવહારનું કારણ સામાન્ય છે. સામાન્યનું લક્ષણ બતાવે છે. 'નિત્યં એકં અનેકાનુગતં સામાન્યં' સંયોગ વગેરેમાં અતિવ્યાપ્તિ વારણ માટે નિત્ય, કેમ કે સંયોગ એક હોય અને અનેકમાં રહેનાર તો છે જ. પણ નિત્ય ન હોવાથી અતિવ્યાપ્તિ નહિ આવે. નિત્ય વસ્તુનું પરિમાણ પણ નિત્ય હોય છે. તેથી અતિવ્યાપ્તિ થાય. તેના વારણ માટે અનેકાનુગત કહ્યું. નિત્ય-પરિમાણ એકમાં જ રહે છે. (આકાશગત નિત્યપરિમાણ આકાશમાં જ રહે છે.) અનેકાનુગતં એટલે અનેક સાથે સમાનદૃષ્ટિ- સમવાયસં.થી જોડાયેલ. તેથી સમવાય વિ.માં અતિવ્યાપ્તિ નહિં આવે, કારણ કે લાલ ઘટમાં રક્તરૂપગુણસમવાય રહે છે, તે સમવાય અન્ય લાલ ઘડામાં સ્વરૂપસં.થી રહે છે, પણ સમાવયસં.થી રહેતો નથી. એકપદના સદ્ભાવમાં તેનું પ્રયોજન બીજે કહ્યું હોય તેનું અનુસંધાન કરવું જોઈએ.[1]/કરી શકાય છે. અધિક દેશમાં રહેના પરત્વ. ન્યૂનદેશમાં

૧. એક પદ સામાન્યનું સ્વરૂપ બતાવે છે. એટલે સામાન્ય જ એક એવો પદાર્થ છે કે જે નિત્ય તેમજ અનેકમાં સમવેત છતાં એક જ હોય.

અથવા દરેક પરમાણુમાં એકત્વ ગુણ છે. તે નિત્ય છે. એટલે એકત્વ નિત્ય હોઈ અનેકમાં રહેવાવાળું તો થયું. તેમાં અતિવ્યાપ્તિ ન થઈ જાય તે માટે એક પદ છે એટલે કે તે એકત્વ ભિન્નભિન્ન છે. જ્યારે જાતિ એક જ હોય છે.

રહેનાર અપરત્વ. તેનાથી-પર સામાન્ય અને અપર સામાન્ય એવો વ્યવહાર સિદ્ધ થઈ શકે છે.

તેથી પરસામાન્ય એ વિશિષ્ટ કોટિનું સામાન્ય છે અથવા સામાન્ય પરત્વવિશિષ્ટઅપરત્વ એ રૂપે છે એવા સાધ્ય વૈશિષ્ટ્યનો અને આ અપરત્વ ગુણ રૂપે છે; ઈત્યાદિ ભ્રમ થતો નથી. વિષયત્વ અધિકરણત્વ સ્વરૂપ છે/ એમ વ્યાકરણમાં કહેલ છે. વ્યાકરણમાં વૈષયિક ઔપશ્લેષિક વગેરે સાત પ્રકારનાં અધિકરણ દર્શાવ્યાં છે. (।२।३७॥ સિદ્ધહેમ.) એટલે બહુવિષયત્વાત્નો અર્થ ઘણા પદાર્થોનું અધિકરણ હોવાથી સત્તાને પરસામાન્ય કહેવાય છે.

अत्र कश्चिदाह 'व्यक्ति व्यतिरिक्तं सामान्यं नास्ति' इति । तत्र वयं ब्रूमः किमालम्बना तर्हि भिन्नेषु विलक्षणेषु पिण्डेष्वेकाकारा बुद्धिर्विना सर्वानुमतमेकम् । यच्च तदालम्बनं तदेव सामान्यमिति ।

ननु तस्याऽतद्व्यावृत्तिकृतैवैकाकारा बुद्धिस्तु । तथाहि - सर्वेष्वेवहि गोपिण्डेषु, अगोभ्योऽश्वादिभ्यो व्यावृत्तिरस्ति । तेनागोव्यावृत्तिविषय-एवायमेकाकारः प्रत्ययोऽनेकेषु, न तु विधिरूपगोत्वसामान्यविषयः । मैवम् । विधिमुखेनैकाकारस्फुरणात् ।

विधिमुखेति ઘટોऽયં ઘટોऽયમિત્યાદિ ભાવમુખેનાકારેણેત્યર્થઃ । નત્વऽ-ઘટભિન્નોऽયમઘટભિન્નોऽયમિત્યાકારેણેતિ । કિઞ્ચૈવમન્યન્યાશ્રયોऽપિ સ્યાદિત્યુક્તં। કિઞ્ચ ગોપદાર્થાસ્ફુરણદશાયામપિ પ્રતીતિદર્શનાન્નૈતન્ન્યાય્યં, ન ચ સમ્બન્ધપ્રતિભાનં ગોત્વસ્ય પ્રકારત્વેન ભાનાત્ । કિઞ્ચ યસ્યાયં સમ્બન્ધસ્તદ્ગોત્વમિતિ દિક્ ।

વિધિમુખથી - આ ઘટ છે, આ ઘટ છે ઈત્યાદિ ભાવમુખથી પ્રતીતિ થાય છે. માટે છ પદાર્થો ભાવ રૂપ જ છે. પરંતુ "અઘટથી આ ભિન્ન છે" ઈત્યાદિ આકારથી પ્રતીતિ થતી નથી. વળી અન્યોન્યાશ્રય પણ થાય છે. બૌદ્ધોની માન્યતાના ખંડનમાં જે મૂળ-ગ્રંથમાં "विधिमुखेनैवैकाकारस्फुरणात्" પાઠ છે, તેમાંથી "विधिमुखेन"નો અર્થ કરેલ છે. અને નિષેધમુખથી (અતદ્વ્યાવૃત્તિથી) પ્રતીતિ માનવામાં ઘટના ભાનમાં અઘટના ભાનની આવશ્યકતા રહેશે તેમજ અઘટનાભાનમાં ઘટના ભાનની જરૂરત પડતી હોવીથી અન્યોન્યાશ્રય દોષ આવે.

વળી ગો (=અઘટ) પદાર્થ અસ્ફુરણ દશામાં પણ આ ઘટ છે, આ ઘટ છે, એમ એકાકાર પ્રતીતિ દેખાતી હોવાથી અતદ્વ્યાવૃત્તિથી તે એકાકાર પ્રતીતિમાનવી યુક્તિ યુક્ત નથી.

''इयं गौः इयं गौः'' આ પ્રતીતિમાં ગોત્વનું સંબંધ તરીકે ભાન થાય છે, પણ જાતિ રૂપે નહીં, એમ પણ નહીં કહી શકાય. કેમકે આ પ્રતીતિમાં ગોત્વનું પ્રકાર તરીકે (गोत्ववती गौः) ભાન થાય છે. વળી વ્યક્તિરૂપે તો દરેક ગાય ભિન્ન જ છે, તેથી એકાકાર પ્રતીતિ માટે ગોત્વનો ત્યાં સંબંધ માનવો જરૂરી છે. એમ સંબંધનું ભાન માનો તો પણ સંબંધિ વગર સંબંધ રહેતો નથી, તેથી એ સંબંધ જેનો હોય એટલે એ સંબધનો જે સંબંધી છે તે જ ગોત્વ છે, એ પ્રમાણે સામાન્યની સિદ્ધિની દિશા દર્શાવી.

ननु घटे भग्ने घटत्वं क्व तिष्ठति ? अत्र ब्रूमो यत्र घटध्वंसस्तत्र तिष्ठत्यन्यघटेषु वा काले वा, तर्हि कथं नोपलभ्यते ? व्यञ्जकाभावादिति ।

'विषयेति' अत्रोन्यो विषयशब्दः आश्रयवचनः । 'साचेति' चःत्वर्थः अनुवृत्तेरेवहेतुत्वात्सामान्यमेवेत्यर्थः ।

શંકાકાર :- ઘટ ફુટી જતા ઘટત્વ ક્યાં રહે છે ?

સમાધાન :- જ્યાં ઘટ નાશ પામ્યો ત્યાં રહે કે બીજા ઘટમાં કે કાળમાં રહે.

શંકાકાર :- તો પછી તે ઘટત્વ ત્યાં દેખાતું - જ્ઞાન થતું કેમ નથી.

સમાધાન :- ઘટત્વને પ્રગટ કરનારનો અભાવ હોવાથી. રાજા પ્રજાનું પાલન કરનાર છે, પરંતુ પ્રજાના અભાવમાં તે શક્ય નથી, તેથી રાજાનું ભાન પણ થઈ શકતું નથી. તેમ ઘટનિષ્ઠ કાર્યતાના અવચ્છેદક તરીકે ઘટત્વની સિદ્ધિ થાય છે. હવે ઘટ જ હયાત ન હોય તો ઘટત્વનું ભાન કયાંથી સંભવે.

હવે સામાન્યથી પ્રરૂપણામાં જ ''परं सत्ता बहुविषयत्वात्'' મૂળ ગ્રંથ છે, તેમાંથી વિષય શબ્દને ઉતાર્યો છે - પ્રસ્તુતમાં વિષયશબ્દનો અર્થ જ્ઞાનનો વિષય ન કરવો પરંતુ તેનો આશ્રય = આધાર અર્થ કરવો એવો ગ્રંથકારનો આશય છે, તેવો અર્થ કરવાથી ''સત્તા જાતિના આશ્રય ઘણા હોવાથી તે પરસામાન્ય છે'' એવા મૂળનો અર્થ થશે.

હવે મૂળમાં જે 'सा चाऽनुवृत्तिप्रत्ययमात्रहेतुत्वात् सामान्य मात्रम्।'' પંક્તિ છે, તેનો અર્થ કરે છે. અહીં ચકાર 'तु' અર્થમાં આવ્યો છે. તેથી सा (= सत्ता).

यद्यपि सत्ता द्रव्यादित्रयानुवृत्तिजनकत्वात् सामान्यादिचतुष्टयव्यावृत्तिजनकत्वान्न सामान्यमात्रम् किन्तु सामान्यविशेषस्तथापि जातिमत्पदार्थापेक्षयाऽनुवृत्तेरेवहेतुत्वात्सत्तासामान्यमात्रमिति न व्याहन्येत। जातिमत्प्रतियोगिकभेदबुद्धिजनकस्यैव विशेषाख्येति भावः।

तु - परंतु ते (सत्ता) अनुवृत्तिनो જ હેતુ હોવાથી सामान्य જ છે. જો કે સત્તા દ્રવ્યાદિ ત્રણમાં અનુવૃત્તિને ઉત્પન્ન કરનાર છે. सामान्यादि चारमां व्यावृत्तिने ઉત્પન્ન કરનાર હોવાથી માત્ર सामान्य રૂપે નથી, પરંતુ सामान्य विशेष છે. છતાં પણ જાતિમત્પદાર્થની (= દ્રવ્યાદિ ત્રણની) અપેક્ષાએ અનુવૃત્તિનો જ હેતુ હોવાથી 'सत्ता मात्र सामान्य રૂપે છે' એનો વ્યાઘાત થતો નથી.

કારણ કે જાતિવાળા પદાર્થમાં રહેલી -''प्रतियोगितानो निरूपक જે अन्योन्याभाव'' તેવી ભેદ બુદ્ધિને પેદા કરનાર જ विशेष છે. એટલે કે ''એક જાતિવાળો પદાર્થ અન્ય રૂપે નથી'' એવી બુદ્ધિ થવામાં વિશેષ નામનો પદાર્થ કારણ છે. જેમ પાર્થિવ પરમાણુ પૃથ્વીત્વ જાતિવાળો છે, તે અન્ય પાર્થિવ પરમાણુથી ભિન્ન છે, આવી બુદ્ધિ વિશેષ નામના પદાર્થના કારણે થાય છે. પણ વિશેષ ક્યારે પણ અનુવૃત્તિને પેદાં કરતો નથી.

(९२) (विशेषः)

विशेषो नित्यो नित्यद्रव्यवृत्तिः। व्यावृत्तिबुद्धिमात्रहेतुः। नित्यद्रव्याणि त्वाकाशादीनि पञ्च, पृथिव्यादयश्चत्वारः परमाणुरूपाः।

'नित्य द्रव्येति' मात्र शब्दश्चानुवृत्तिहेतुत्वं व्यवच्छिनत्ति, केषाञ्चिन्मते विभुनित्ययोर्विशेषो न वर्तते। केषाञ्चिन्मते आत्माकाशयो र्न वर्तत इति। केषाञ्चिन्मते [विशेषः] ईश्वराकाशयोर्नास्तीति बोध्यम्। विशेषे कार्यप्रमाणमाह **व्यावृत्तीति** सामान्येनापि यद्यपि व्यावृत्तिबुद्धिर्जन्यते तथापि तन्मात्रं न जन्यते तेनानुगतबुद्धेरपि जननादिति दिग्।

''नित्यद्रव्य वृत्तिः, व्यावृत्ति बुद्धि मात्र हेतुः'' અહીં 'માત્ર' શબ્દ અનુવૃત્તિના હેતુ તરીકેનો વ્યવચ્છેદ કરે છે. (એટલે વિશેષ કયાંય પણ અનુવૃત્તિબુદ્ધિનો હેતુ બનતો નથી.)

કેટલાકના મતે વિભુ અને નિત્યમાં વિશેષની વૃત્તિ નથી. કેટલાકના મતે આત્મા અને આકાશમાં વિશેષની વૃત્તિ નથી. કેટલાકના મતે ઈશ્વર અને આકાશમાં વિશેષ નથી એમ સમજવું.

વિશેષમાં કાર્ય (સ્વરૂપ) પ્રમાણને આપે છે. व्यावृत्तिबुद्धिमात्र हेतुः આમાંથી ''व्यावृत्ति ईति'' પદ લીધેલ છે. ગાયમાં રહેલ ગોત્વ અશ્વત્વાદિથી ગાયને જુદી પાડે છે, માટે સામાન્યથી પણ વ્યાવૃત્તિ બુદ્ધિ પેદા થાય છે. તો પણ તેનાથી માત્ર વ્યાવૃત્તિબુદ્ધિ પેદા કરાતી નથી. કારણ કે અનુગત બુદ્ધિ પણ પેદા થાય છે. એટલે માત્ર વ્યાવૃત્તિ બુદ્ધિની ઉત્પત્તિમાં હેતુ તરીકે વિશેષની સિદ્ધિ થાય છે. એમ દિગ્ શબ્દથી સૂચવવામાં આવ્યું છે.

[બે વ્યક્તિની પેન સરખી હોય, તેથી બદલાઈ જવાના ભયથી તેના ઉપર સ્ટિકર લગાડે, ત્યારે બીજાને પણ આવો વિચાર આવવાથી તેને પણ પેન ઉપર સ્ટિકર ચોટાડયું, પણ ભાગ્ય યોગે બન્નેના સ્ટિકર પણ સરખા નીકળ્યા, તો શું સ્ટિકરો તે બન્ને પેનને જુદી પાડવામાં ઉપયોગી થઈ શકે ખરા ? અર્થાત્ ન થઈ શકે. તેમ તમે બે પરમાણુને જુદા પાડવા તેમાં વિશેષ નામનો પદાર્થ ચોટાડયો. પરંતુ તે વિશેષ સ્વરૂપ તો સરખું હોવાથી અન્યના વ્યાવર્તક કેવી રીતે બની શકે ? આ વિચારણીય છે. ઈતિ જૈના.]

(૯૩) (समवायः)

अयुतसिद्धयोः संबन्धः समवायः स चोक्त एव ।

नन्ववयवावयविनावप्ययुतसिद्धौ तेन तयोः संबन्धः समवाय इत्युक्तम् । नं चैतद्युक्तमवयवातिरिक्तस्यावयविनोऽभावात् । परमाणव एव बहवस्तथाभूताः संनिकृष्टा घटोऽयं घटोऽयमिति गृह्यन्ते ।

अत्रोच्यते । अस्त्येकः स्थूलो घट इति प्रत्यक्षा बुद्धिः । न च सा परमाणुष्वनेकेष्वस्थूलेष्वतीन्द्रिये भवितुमर्हति । भ्रान्तेयं बुद्धिरिति चेत् । न । बाधकाभावात् ।

तदेवं षट् पदार्था द्रव्यादयो वर्णिताः । ते च विधिमुखप्रत्ययवेद्यत्वाद् भावरूपा एव ।

(બૌદ્ધ) શંકા :- અવયવ અને અવયવી એ બંને અયુતસિદ્ધ છે, તેથી તેમનો સંબંધ સમવાય છે, એમ કહેવામાં આવ્યું છે; પણ તે યોગ્ય નથી. કારણ કે અવયવોથી જુદો (કોઈ) અવયવી સંભવી શકે નહીં. અનેક પરમાણુઓ જ તે (વિશેષ) સ્વરૂપે ગોઠવાઈને 'આ ઘડો છે, આ ઘડો છે' એ રીતે ગ્રહણ થાય છે.

(નૈયા.) સમાધાન :- અહીં કહેવામાં આવે છે કે : 'એક સ્થૂલ ઘડો છે' એવી પ્રત્યક્ષ બુદ્ધિ થાય છે. પરંતુ અનેક સૂક્ષ્મ (અસ્થૂલ) પરમાણુઓમાં તેવી (બુદ્ધિ) થઈ શકતી નથી. અતીન્દ્રિય હોવાથી (જો તમે એમ કહેવા માગતા હો કે) તેવી (પ્રત્યક્ષ) બુદ્ધિ ભ્રાન્ત છે (તો) એ (વાત) બરાબર નથી. કારણ કે તેનો કોઈ બાધક નથી. લાવવું/મૂકવું, વેંચવું, ખરીદવું ઈત્યાદિ બધી પ્રવૃત્તિ ઘટને એક અખંડ પદાર્થ માનીને કરવામાં આવે છે, તેમાં કોઈ વિસંવાદ જોવા મળતો નથી માટે.

તેથી આ રીતે દ્રવ્ય વગેરે છ પદાર્થો વર્ણવવામાં આવ્યા. તેઓ વિધિરૂપ (મુખ) જ્ઞાનથી જાણી શકાય છે, તેથી ભાવરૂપ જ છે.

(९४) (अभावः)

इदानीं निषेधमुखप्रमाणगम्योऽभावरूपः सप्तमः पदार्थ प्रतिपाद्यते । स चाभावः संक्षेपतो द्विविधः । संसर्गाभावोऽन्योन्याभावश्चेति । संसर्गाभावोऽन्योन्याभावश्चेति । संसर्गाभावोऽपि त्रिविधः प्रागभावः प्रध्वंसाभावोऽत्यन्ताभावश्चेति ।

(९५) (प्रागभावः)

उत्पत्तेः प्राक् कारणे कार्यस्याभावः प्रागभावः । यथा तन्तुषु पटाभावः । स चानादिरुत्पत्तेरभावात् । विनाशी च कार्यस्यैव तद्विनाशरूपत्वात् ।

(९६) (प्रध्वंसाभावः)

उत्पन्नस्य कारणेऽभावः प्रध्वंसाभावः । प्रध्वंसो विनाश इति यावत्।

यथा भग्ने घटे कपालमालायां घटाभावः । स च मुद्गरप्रहारादिजन्यः । स चोत्पत्तिमानप्यविनाशी, नष्टस्य कार्यस्य पुनरनुत्पत्तेः ।

હવે નિષેધરૂપી પ્રમાણ[1] દ્વારા જાણી શકાય તેવો અભાવ નામનો સાતમો પદાર્થ વર્ણવવામાં આવે છે. સંક્ષેપમાં તે અભાવ બે પ્રકારનો છે :

(૧) સંસર્ગાભાવ અને (૨) અન્યોન્યાભાવ, સંસર્ગાભાવ પણ ત્રણ પ્રકારનો છે : (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસાભાવ અને (૩) અત્યંતાભાવ.

ઉત્પત્તિની પૂર્વે કારણમાં રહેલો કાર્યનો અભાવ તે પ્રાગભાવ. જેમકે તંતુઓમાં પટનો અભાવ. ઉત્પન્ન જ થયો નથી તેથી તે અનાદિ છે. તે વિનાશી છે, કારણ કે કાર્ય એ જ તેના વિનાશનું રૂપ છે.

ઉત્પન્ન થયેલ (વસ્તુ)ના કારણમાં જે અભાવ છે, તે પ્રધ્વંસાભાવ છે. પ્રધ્વંસ એટલે જ વિનાશ. જેમકે ઘડો ભાંગી ગયા પછી ઠીકરીઓની હારમાં ઘડાનો અભાવ (તે પ્રધ્વંસાભાવ) છે. અને તે હથોડાના પ્રહાર વગેરેથી જન્મ્યો છે. તે ઉત્પત્તિમાન હોવા છતાં પણ અવિનાશી છે; કારણ કે નાશ થયેલા કાર્યની પુનરુત્પત્તિ થતી નથી. જેમ મરેલો માણસ ફરી જન્મી શકતો નથી, તેથી તેનું પુનઃમરણ સંભવતુ નથી. અથવા જેમ વેરાયેલું લાકડું ફરી વેરાઈ શકતું નથી.

(૯૭) (अत्यन्ताभावः)

त्रैकालिकोऽभावोऽत्यन्ताभावः । यथा वायौ रूपाभावः ।

ત્રણેય કાળમાં જે અભાવ તે અત્યંતાભાવ. જેમકે વાયુમાં રૂપનો અભાવ.

अत्यन्ताभावश्चेति केषाञ्चिन्मते अत्यन्ताभावो द्विविधः सामायिकः सदातनश्च । कस्यचिन्मते तुरीयोपि संसर्गाभावो वर्तते । इति बोध्यम् । **उत्पत्तेः प्रागिति** ।

ननु कार्यस्याभाव इत्यत्र कोऽभाव ? इति प्रश्ने प्रागभाव एवं वक्तव्यस्तथा चात्माश्रय इति चेन्न गन्धानाधारसमयानाधाराभावत्वस्य प्रागभावलक्षणत्वात् । गन्धस्यानाधारसमयो महाप्रलयसमयः स एवानाधारो यस्याभावस्य स प्रागभाव इत्यर्थः, सर्वेषां मते गन्धस्यैव विनाशाद् गन्धग्रहणं । नव्यास्तु

१. અભાવવાચક નકારાદિશબ્દથી જન્ય પ્રતીતિને નિષેધ મુખ પ્રતીતિ કહે છે.

नैयायिका अभावत्वं वा भवतु प्रागभावत्वादिकं वा भवतु परमखण्डा एवैते उपाधय इत्यूचुः । **त्रैकालिकेति** सदातनः संसर्गाभाव इत्यर्थः । सामायिकस्तु समयमात्रः, अनादिसान्ताभावः प्रागभावः, साद्यनन्ताभावः प्रध्वंसाभावः (२) संसर्गप्रतियोगिकाभावः संसर्गाभावः (३) अनाद्यनन्ताभावः त्रैकालिकोऽभावो वा अत्यन्ताभावः ।

કેટલાકના મતે અત્યંતાભાવ બે પ્રકારે છે. સામાયિક/સદાતન. કોઈકના-પ્રાચીન નૈયાયિકના મતે (સામાયિક અત્યંતાભાવ નામનો) ચોથો પણ સંસર્ગા-ભાવ છે.

(કાર્ય) ઉત્પત્તિની પહેલાં કારણમાં કાર્યનો અભાવ તે પ્રાગભાવ છે.

શંકાકાર :- અહીં તમે કાર્યનો અભાવ કહ્યો. પણ તે કયો અભાવ છે? એવો પ્રશ્ન થતાં તે પ્રાગભાવ છે, એમ કહેવું પડશે. અને તેથી આત્માશ્રય દોષ આવશે, પ્રાગભાવના લક્ષણમાં પ્રાગભાવના જ્ઞાનની જરૂર હોવાથી-પ્રાગભાવનો પ્રવેશ થવાથી.

સમાધાન :- એવું નથી, ગંધનો અનાધાર જે સમય (મહાપ્રલય) છે, તે જ જે અભાવનો અનાધાર હોય તે પ્રાગભાવ એવું લક્ષણ છે. મહાપ્રલયમાં વસ્તુમાત્રનો ધ્વંસાભાવ તો છે જ, વસ્તુની હયાતી ન હોવાથી અત્યંતાભાવ પણ માની શકાય. પરંતુ ઘટનાશના અધિકરણમાં "अत्र घटोभविष्यति" એવી પ્રતીતિરૂપ પ્રાગભાવ નથી, તેમ મહાપ્રળયમાં પ્રાગભાવ સંભવી શકતો નથી. વસ્તુમાત્રનો અભાવ હોવાથી પ્રાગભાવની પ્રતીતિ શેમાં થાય ?

બધા મતે ગંધના વિનાશ વખતે બધાનો નાશ થયેલ હોય છે, માટે ગંધનું ગ્રહણ કર્યું છે. એટલે તે વખતે કોઈપણ કાર્ય વિદ્યમાન નથી.

પરંતુ અભાવ હો/હોય કે પ્રાગભાવાદિ હો/હોય, પરંતુ "આ અખંડ ઉપાધિઓ છે" એમ (નવ્ય નૈયાયિકો) કહે છે. સમવેતભિન્ન ધર્મને ઉપાધિ કહેવાય.

ત્રણે કાળમાં રહેનાર સદાતન સંસર્ગાભાવ છે, જ્યારે સામાયિક અત્યંતાભાવ તો સમય માત્ર રહે છે. ઉત્પતિ વિનાશશાલી અભાવને સામાયિક અભાવ કહેવાય છે. જેમ કે રિક્ત ભૂતલ ઉપર ઘટાભાવ પેદા થાય છે-અને ઘટનો સદ્‌ભાવ

હોય ત્યારે ઘટાભાવ નાશ પામે છે. પ્રાગભાવ અનાદિ-સાંત અભાવ છે. પ્રધ્વંસાભાવ સાદિ- અનંત અભાવ છે.

(९८) (अन्योन्याभावः)

अन्योन्याभावस्तु तादात्म्यप्रतियोगिकोऽभावः ''घटः पटो न'' भवतीति । तदेवमर्था व्याख्याताः ।

(४) ''**अन्योन्याभावस्त्विति**'' भेदश्चतुर्विधो बोध्यः । स्वरूपभेद (१) पृथक्त्वभेद (२) वैधर्म्यभेद (३) अतिरिक्तभेद (४) भेदात् । तन्मध्येऽभावव्युत्पन्नभेदशब्दार्थस्य लक्षणमिदं । न च तादात्म्यात्यन्ताभावेऽतिव्याप्तिः, प्रतियोगितावच्छेदकारोपहेतुकधीविषयाभावत्वे तात्पर्यात्; स्वरूपभेदाद्युदाहरणानि यथा घटे पटस्वरूपं नास्ति, पटे घटस्वरूपं नास्तीति घटपटयोः स्वरूपत्वान्योन्याभावः ।

સંસર્ગ નિષ્ઠ પ્રતિયોગિતાના નિરૂપક અભાવ-સંસર્ગાભાવ છે, એટલે જ્યાં સંબંધની અપેક્ષાએ અભાવનું નિરૂપણ થાય ત્યાં સંસર્ગાભાવ હોય છે.

અનાદિ અનંત કાળ સુધી રહેનારો અભાવ અત્યંતાભાવ છે. અન્યોન્યાભાવ તો તાદાત્મ્ય સંબંધનિષ્ઠ પ્રતિયોગિતાનો નિરૂપક હોય છે. ''अन्योन्याभावस्तु तादात्म्यप्रतियोगिकोऽभावः'' આ મૂળમાં જે અન્યોન્યાભાવનું લક્ષણ આપ્યું, અત્રે અભાવથી - તાદાત્મ્યપ્રતિયોગિક - એટલે સ્વપ્રતિયોગિના તાદાત્મ્યના વિરોધિ એવા અભાવનું ગ્રહણ કરવું. પ્રતિયોગિતાવચ્છેદકના આરોપથી જે અભાવનું જ્ઞાન થાય એના = વિષયના અભાવનું ગ્રહણ કરવાનું તાત્પર્ય છે. પ્રસ્તુતમાં તાદાત્મ્યાત્યન્તાભાવ = તાદાત્મ્યત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ માં તાદાત્મ્યત્વાત્મકપ્રતિયોગિતાવચ્છેદક દ્યોતિત છે, તેનો આરોપ નથી. એટલે પ્રકૃતમાં ઘટત્વાદિપ્રતિયોગિતાવચ્છેદક ના આરોપથી ઘટભેદાદિ સ્વરૂપ અભાવ - જે સ્વપ્રતિયગિતાદાત્મ્ય ના વિરોધિ છે. સ્વ - ઘટભેદ તેનો પ્રતિયોગી ઘટ, તેનો તાદાત્મ્ય ઘટભેદમાં નથી રહેતો માટે તેમનું ગ્રહણ કરવું, જો આપટમાં ઘટત્વ હોત તો દેખાત પણ જણાતુ નથી, માટે અહીં ઘટ ભેદ છે. જ્યારે અત્યન્તાભાવમાં સીધો પ્રતિયોગીનો તાદાત્મ્ય-સંબંધીથી અભાવ જણાય છે જેમ કે '' આ ભૂતલ

ઉપર તાદાત્મ્યસંબંધથી ઘટ નથી'' આમ સીધા પ્રતિયોગીનો જ અભાવ જણાવવામાં આવે છે. એટલે જે અભાવનું તાદાત્મ્ય સંબંધની અપેક્ષાએ નિરૂપણ કરવામાં આવે છે, તે ભેદ છે.

જેમકે ઘટ તાદાત્મ્ય સંબંધથી પટ નથી = ''ઘટઃ પટોન'' તે ભેદ ચાર પ્રકારે છે.

(૧) અસ્માદ્ ઘટાદયં ઘટઃ પૃથક્ ઇત્યુલ્લેખેન પૃથક્ત્વાન્યોન્યાભાવઃ (૨) શીતત્વમુષ્ણત્વવિધર્મ, ઉષ્ણત્વં શીતત્વવિધર્મ ઇતિ વિરોધાન્યોન્યભાવસ્તયોર્દ્વયો વિરુદ્ધત્વાત્ (૩) ઘટત્વં ઘટાદતિરિક્તં ઘટો ઘટત્વાદતિરિક્ત ઇતિ અતિરિક્તાન્યોન્યાભાવઃ (૪) અત્ર ભેદશબ્દસ્ય ભાવવાચિત્વાત્ સ્વરૂપત્વપૃથક્ત્વવિધર્મત્વાતિરિક્તત્વગ્રહણમિત્યર્થઃ ।

૧. સ્વરૂપભેદ ૨. પૃથક્ત્વભેદ ૩. વૈધર્મ્યભેદ ૪. અતિરિક્ત ભેદના ભેદથી અન્યોન્યાભાવ ચાર પ્રકારે છે. તેમાં અભાવથી એટલે કે સંસર્ગાભાવથી ભિન્ન જે અભાવ તે અન્યોન્યાભાવ આ રીતે વ્યુત્પત્તિ પામેલ ભેદ શબ્દાર્થનું આ લક્ષણ છે.

શંકાકાર : તાદાત્મ્ય સંબંધથી જે અત્યંતાભાવ છે, તેમાં અતિવ્યાપ્તિ થશે?

સમાધાન :- ઉપરોક્ત લક્ષણનો તાત્પર્ય પ્રતિયોગિતાવચ્છેદકના આરોપના હેતુવાળી જે બુદ્ધિ તે વિષયવાળા અભાવમાં છે. જ્યારે અત્યંતાભાવમાં તાદાત્મ્ય સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાના આરોપ હેતુ નથી.

સ્વરૂપ ભેદ વગેરેના ઉદાંહરણો આપે છે. જેમ કે ઘટમાં પટનું સ્વરૂપ નથી. પટમાં ઘટનું સ્વરૂપ નથી. એ પ્રમાણે ઘટ અને પટના સ્વરૂપનો અન્યોન્યાભાવ છે.

આ ઘટથી આ ઘટ અલગ છે. આવા ઉલ્લેખથી પૃથક્ત્વ અન્યોન્યાભાવ.

શીતત્વ ઉષ્ણત્વનો વિધર્મ છે. ઉષ્ણત્વ શીતત્વનો વિધર્મ છે. આ રીતે વિરોધ અન્યોન્યાભાવ થયો, તે બન્ને વિરોધી હોવાથી.

ઘટત્વ ઘટથી અતિરિક્ત છે. ઘટ ઘટત્વથી અતિરિક્ત છે. એમ અતિરિક્ત અન્યોન્યાભાવ થયો. અહીં ભેદ શબ્દ ભાવવાચી હોવાથી સ્વરૂપત્વ, પૃથક્ત્વ વિધર્મત્વ અતિરિક્તત્વનું ગ્રહણ કર્યું છે.

(विज्ञानवादनिरास)

ननु ज्ञानाद् ब्रह्मणो वा अर्था व्यतिरिक्ता न सन्ति ।

मैवम् । अर्थानामपि प्रत्यक्षादिसिद्धत्वेनाशक्यापलापत्वात् ।

(९९-१०३) बुद्धिनिरूपणम्

बुद्धिरुपलब्धि ज्ञानं प्रत्यय इत्यादिभिः पयार्यशब्दैर्याऽऽभिधीयते सा बुद्धिः । अर्थप्रकाशो वा बुद्धिः । सा च संक्षेपतो द्विविधा । अनुभवः स्मरणं च । अनुभवोऽपि द्विविधो, यथार्थोऽयथार्थश्चेति ।

तत्र यथार्थोऽर्थाऽविसंवादि । स च प्रत्यक्षादिप्रमाणैर्जन्यते । यथा चक्षुरादिभिरदृष्टैर्घटादिज्ञानम् । धूमलिङ्गकमग्निज्ञानम् । गोसादृश्यदर्शनाद् गवयशब्द वाच्यताज्ञानम् । ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' इत्यादि वाक्याज्ज्योतिष्टोमस्य स्वर्गसाधनताज्ञानञ्च ।

अद्वैत वैदांतीओ मात्र ब्रह्मने ज सत्य माने छे. जे देखाय छे ते तो मात्र विवर्त = माया छे. आ बाबतमां पुष्कळ अने गंभीर चर्चा थयेली छे. केशवमिश्र तेमां उतरवाने बदले एक वाक्यमां खुलासो करे छे के प्रत्यक्षथी ज आ बधा पदार्थो सिद्ध थाय छे. आपणो व्यवहार पण ए ज रीते चाले. तेथी मात्र एक ज तत्त्व साचुं मानवुं शक्य नथी.

अयथार्थस्तु अर्थव्यभिचारी, अप्रमाणजः । स त्रिविधः । संशयस्तर्को विपर्ययश्चेति संशयतर्कौ वक्ष्येते ।

विपर्ययस्तु अतस्मिंस्तद् ग्रहः भ्रम इति यावत् । यथा पुरोवर्त्तिन्यरजते शुक्तिकादौ रजतारोपः, 'इदं रजतम्' इति ।

स्मरणमपि यथार्थमयथार्थञ्चेति द्विविधम् । तदुभयं जागरे । स्वप्ने तु सर्वज्ञानं स्मरणमयथार्थञ्च । दोषवशेन तदिति स्थाने इदमित्युदयात् ।

'प्रत्यक्षेति' ननु प्रत्यक्षत्वं स्वप्नप्रायमिति चेन्न, तत्रोत्तरक्षणे बाधासम्भवात् । तथा च प्रत्यक्षत्वं इति एकात्मत्वे तु भिन्नशरीरानुभूतोऽर्थः स्मर्यते न तथाऽत्रेति । बुद्धिरिति सत्त्वरजस्तमोगुणात्मिकायाः प्रकृतेः सत्त्वप्रधानः

प्रथमविकारो महदाख्यःचित्तान्तःकरणादिशब्दिता बुद्धिः ।

(विज्ञानवाद)

शंकाकार :- प्रत्यक्ष (देखातुं) स्वप्न समान छे ?

समाधान :- એમ નથી કારણ કે ત્યાં વસ્તુને = ઘટાદિને જોયા પછી બીજી ક્ષણે તેનો બાધ નથી. એટલે કે જેવું જોયું તેવું જ હાથ-આવે છે, માટે પ્રત્યક્ષને - પ્રત્યક્ષ જોયેલ પદાર્થને ખોટો ન માની શકાય. એકાત્મા વડે ભિન્ન શરીરથી અનુભવેલ અર્થનું દરેક જીવને સ્મરણ તો થતું નથી. મૂળમાં 'ननु ज्ञानाद् ब्रह्मणो वा अर्था व्यतिरिक्ता न सन्ति/मैवम्, अर्थानामपि प्रत्यक्षादिसिद्धत्वेनाऽशक्यापलापत्वात् । એમ પાઠ છે 'प्रत्यक्षेति' આ પાઠનો જ ઉતારો છે. एकात्मत्व - एक्य બાહ્ય અર્થ સાથે બ્રહ્મનું ઐકય માનો તો જુદા જુદા શરીરો પણ બાહ્ય અર્થમાં જ આવે. તેથી જે એક શરીરે અનુભવેલ વસ્તુનું જ્ઞાન આત્મા (બ્રહ્મ)માં હોય, બ્રહ્મ તો એક જ છે. તેથી આત્મામાં રહેલ તે જ્ઞાનનું સ્મરણ આત્માથી સંલગ્ન બીજા શરીરને પણ થવું જોઈએ, પણ એમ થતુ નથી. તેથી બાહ્યાર્થ સાથે બ્રહ્મનું ઐકય નથી.

બીજી રીતે વિચારીએ.... જો આત્માને એક જ માનો તો એક શરીરે અનુભવેલું અર્થનું સ્મરણ બીજાને થઈ શકશે, જેમ બાળ, યુવા, વૃદ્ધ શરીરે અનુભવેલ સ્મરણ થાય છે. પરંતુ તેમ થતુ નથી, (તેથી આત્મા એક ન માની શકાય) **वेदान्तमतना** ખંડનની આ પંક્તિ છે. **सांख्यमत** પ્રમાણે બુદ્ધિનું સ્વરૂપ દર્શવિ છે - सत्वरजस्तमोगुणवाळी प्रकृतिनो सत्त्वप्रधान(नो) पहेलो विकार बुद्धि छे. चित्त, अंतःकरण वगेरे शब्दोथी बुद्धि वाच्य छे.

बुद्धेर्विषयाकारः परिणामभेदा घट इत्यादिरूपाः । ज्ञानं विषयाकारेण परिणममानायां बुद्धौ प्रतिबिम्बितस्य चैतन्यात्मनः पुरुषस्य बुद्धिः वृत्त्यनुकार उपलब्धिः । बुद्धेर्विषयसुखाद्याकारः परिणतिभेदः प्रत्यय इति, **स्वप्नेति** स्वापेत्वेकत्वप्रकारमेव । ज्ञानं तत्र युक्तिः स्वप्नज्ञानस्य संस्कारमात्रजन्यत्वेन स्मृतित्वमननुभूतेऽर्थे स्वप्नज्ञानानुदयादिति । **यथार्थेति** यथार्थो द्विविधो निर्विकल्पकसविकल्पकभेदात्, तत्र निर्विकल्पकं प्रत्यक्षमेव, यँथार्थं तु सर्वमेव सवि-

कल्पकरूपं । उपादानभेदाः ज्ञानस्य स्वयमूह्याः ।

બુદ્ધિના વિષયાકાર પરિમાણ ભેદો ઘટ ઈત્યાદિ રૂપે જ્ઞાન છે. વિષયાકારે પરિણત થયેલી બુદ્ધિમાં પ્રતિબિંબિત ચૈતન્ય સ્વરૂપ પુરૂષને બુદ્ધિ = વૃત્તિને અનુસારે ઉપલબ્ધિ થાય છે. બુદ્ધિનો સુખાદિ આકાર પરિણતિ ભેદ = બુદ્ધિ પરિણામવિશેષાત્મક (''अयंघटः'' ઈત્યાકારક) પ્રત્યય છે. ઉંઘમાં એક પ્રકારનું = અયથાર્થ જ જ્ઞાન હોય છે. તેમાં યુક્તિ બતાવે છે. સ્વપ્ન જ્ઞાન સંસ્કાર માત્રથી જન્ય હોવાથી સ્મૃતિ રૂપે છે. કારણ કે નહિં અનુભવેલ પદાર્થમાં સ્વપ્નજ્ઞાન ઉદય થતું નથી. સ્વપ્ન અયથાથ સ્મૃતિ છે, કારણ કે જાગૃત દશામાં તેનો વિસંવાદ જોવા મળે છે. એટલે સ્વપ્નજ્ઞાન અયથાર્થસ્મરણસ્વરૂપ માત્ર એક જ પ્રકારનું હોય છે. કારણ કે તેમાં દૂર રહેલ પદાર્થનું (तद्)નું આ સામે રહેલ છે, (ઈદં) આવા રૂપે પ્રતીતિ થાય છે.

યથાથ જ્ઞાન/અનુભવ બે પ્રકારે છે. નિર્વિકલ્પક અને સવિકલ્પક, ત્યાં નિર્વિકલ્પક પ્રત્યક્ષ જ હોય છે. યથાર્થ તો બધું સવિકલ્પક જ હોય છે. જ્ઞાનના ઉપાદાન ભેદો જાતે વિચારી લેવા. નિર્વિકલ્પકજ્ઞાન સંસર્ગનું ભાન થયા વિના પેદા થાય છે, સવિકલ્પક જ્ઞાનમાં સંસર્ગ અવશ્ય લાગુ પડે છે, તેથી ત્યાં સંયોગાદિ સંનિકર્ષનું ભાન થાય છે. વિષયતા સં.થી જ્ઞાન વિષયમાં રહેતું હોવાથી ઈંદ્રિય સાથે વિષયનો જે સંસર્ગ લાગુ પડતો હોય તે સંનિકર્ષ બને છે. અનુમિતિમાં વ્યાપ્તિજ્ઞાન વિ. કારણ છે. આ બધા ભેદો પ્રમાણ નિરૂપણમાં આપી દીધા છે, માટે જાતે વિચારવાનું કહ્યું છે.

स्वप्नइति सर्वमेव ज्ञानमनुभवरूपं स्वप्नवहनाडीमनःसंयोगजन्यं स्मरणं स्मरणजन्यमित्यर्थः । अयथार्थत्वं च तत्रासन्निहितानां गजादीनां सन्निहितत्वेन भासनादिति भावः ।

सर्वञ्च ज्ञानं निराकारमेव । न तु ज्ञानेऽर्थेन स्वस्याकारो जन्यते । साकार ज्ञानवादनिराकरणात् । अत एवाकारेणार्थानुमानमपि निरस्तम् । प्रत्यक्षसिद्धत्वाद्घटादेः ।

ज्ञानस्य साकारतां निराकर्तुमाह- **सर्वमिति** तत्र युक्तिः **साकारेति** मोद-

कादिज्ञानस्य मोदकाद्याकारापत्त्या मोदकादिभक्षणापत्त्या निराकरणात् इत्यर्थः। साकारज्ञानवादस्य तीर्थकरैः प्रत्यादिष्टत्वादित्यर्थः। एवं चार्थानामपि नित्यानुमेयं पराकृतमित्याह।

अतएवेति अतः शब्दः परामृष्टं हेतुं स्पष्टयति। **प्रत्यक्षेति**।

સ્વપ્નમાં જે સર્વ અનુભવ રૂપે જ્ઞાન છે તે સ્વપ્નવહ નાડી-અને મનના સંયોગથી જન્ય સ્મરણ છે. એટલે કે જે કંઈ જ્ઞાન છે તે કે ભાન થાય છે તે બધુ સ્મરણ જન્ય છે. અને તે અયથાર્થ (જ્ઞાન) ત્યાં અસન્નિહિત ગજ વગેરેનો સંનિહિત તરીકે ભાસ થતો હોવાથી થાય છે.

જ્ઞાનની સાકારતાનું નિરાકરણ કરવા માટે કહે છે. 'सर्वं ज्ञानं निराकारमेव', તેમાં યુક્તિ બતાવે છે. જ્ઞાન સાકાર હોય છે, એમ માનો તો લાડુ વગેરેનું જ્ઞાન લાડુ વિગેરે આકારે થવાથી લાડુ વગેરેનું જ્ઞાન ભક્ષણ કરવાની આપત્તિ આવશે. આવી આપત્તિથી જ સાકારતાનું નિરાકરણ થઈ જાય છે. સાકાર જ્ઞાનવાદનો તીર્થંકરોએ નિષેધ કરેલ છે.

એવં - એ પ્રમાણે પદાર્થો સદા અનુમેય છે, આવા બૌદ્ધ મતનો પણ નિરાસ કરવામાં આવ્યો છે. કારણ કે તેઓ સાકાર જ્ઞાનથી અર્થનું અનુમાન કરતા હતા, પણ અમે તો સાકાર જ્ઞાનનો જ નિરાસ કરી દીધો છે. અત - સાકાર જ્ઞાનનો નિરાસ થવાથી અર્થ અનુમાનનો પણ નિરાસ થઈ જાય છે.

'अतएवेति' प्रत्यक्षेति अतः शब्द परामृष्ट हेतुने स्पष्ट करे छे. ''साकारज्ञाननो निरास थवाथी'' आ हेतुनो अतःशब्दथी परामर्श करवामां आव्यो छे, ते हेतु ''धटादिप्रत्यक्षसिद्ध होवाथी'' आ ग्रंथ द्वारा वधारे स्पष्ट करवामां आवे छे.

सर्वं ज्ञानमर्थनिरूप्यम्, अर्थप्रतिबद्धस्यैव तस्य मनसा निरूपणात्। घटज्ञानवानहं, इत्येतावन्मात्रं गम्यते न तु 'ज्ञानवानहम्' इत्येतावन्मात्रं ज्ञायते।

अयं भावः इन्द्रियसम्बद्धो विषयः स्वजन्यज्ञाने स्वाकारं समर्प्य नश्यति। तेन चाकारेणार्थोऽनुमीयते इति सर्वविषयानुमेयवादिनः सौगतस्य मतं।

तदयुक्तं अतीतानागतविषयाणां ज्ञानानां स्वविषयार्पिताकारत्वाऽसम्भवात् सर्वविषयानुमेयत्वे प्रत्यक्षदृष्टार्थदृष्टान्तासम्भवाच्च । तस्मात् प्रत्यक्षसिद्धा घटादय इति ।

ननु ज्ञानस्य साकारत्वाभावे कथं विषयं प्रति भेद इत्याशङ्क्यार्थेनैव विषयादिनिराकारतया धियामितिन्यायेनेत्याह **सर्वमिति** ।

બૌદ્ધ :- આનો ભાવ આ છે કે ઈંદ્રિયથી સંબદ્ધ વિષય સ્વજન્યજ્ઞાનમાં પોતાનાં આકારને સમર્પણ કરી નાશ પામે છે, તે આકારનાં આધારે અર્થનું અનુમાન થાય છે. માટે સર્વ વિષય અનુમેય છે.

નૈયાયિક :- તે અયુક્ત છે. કારણ કે અતીત અનાગત વિષયવાળા જ્ઞાનોને પોતાનાં વિષયો આકાર અર્પણ કરી શકતા નથી. માટે જ્ઞાન સાકાર માનવું યોગ્ય નથી. અને સર્વ વિષયને અનુમેય માનીએ તો, પ્રત્યક્ષ દૃષ્ટ અર્થનું દૃષ્ટાંત આપી શકાશે નહિં. અને એમ થવાથી અનુમાનનો પણ ઉચ્છેદ થવાની આપત્તિ આવે. તેથી ઘટાદિ પ્રત્યક્ષ સિદ્ધ થયા.

શંકાકાર :- જો જ્ઞાન સાકાર ન હોય તો પ્રતિ વિષયનો ભેદ કેવી રીતે થઈ શકશે ?

સમાધાન :- અર્થથી જ વિષયો ખરેખર નિરાકાર પણે/રૂપે પરિણત બુદ્ધિને પેદા કરે છે. આ ન્યાયથી કહે છે કે સર્વં જ્ઞાન અર્થનિરૂપ્યં... નિરાકારમેવ।

વાસ્તવમાં તો પદાર્થોનું પ્રત્યક્ષ થાય છે અને પછી તેનું જ્ઞાન થાય છે. અને મનમાં 'મને પટનું જ્ઞાન થયું' એવી છાપ પડે છે. જો અર્થ અને જ્ઞાનને સંબંધ ન હોત તો 'મને જ્ઞાન થયું' એવી જ પ્રતીતિ થાત. પણ એમ નથી થતી. માટે અર્થ પણ છે. અને તેનું જ્ઞાન પણ છે. એટલે બધુ જ્ઞાન અર્થથી નિરૂપ્ય-પ્રતીતિપાત્ર બને છે. અર્થપ્રમાણે નિરાકર બુદ્ધિ પરિણત થવાથી વિષયભેદ શકય છે.

(૧૦૪) मनोनिरूपणम्

अन्तरिन्द्रियं मनः । तच्चोक्तमेव ।

(૧૦૫) प्रवृत्तिनिरूपणम्

प्रवृत्ति धर्माधर्ममयी यागादि क्रिया, तस्या जगद्व्यवहारसाधकत्वात् ।

(१०६) दोषः

दोषा रागद्वेषमोहाः । राग इच्छा । द्वेषो मन्युः क्रोध इति यावत्। मोहो मिथ्याज्ञानं विपर्यय इति यावत् ।

(१०७) (प्रेत्यभावः)

पुनरुत्पत्तिः प्रेत्यभावः । स चात्मनः पूर्वदेहनिवृत्तिरपूर्वदेहसङ्घातलाभः ।

(१०८) फलम्

फलं भोगः सुखदुःखान्यतरसाक्षात्कारः ।

ननु प्रवृत्तिशब्देन कथं धर्माधर्मौ ? तत्राह - आयुर्घृतमित्यादिवत्साध्यवादिना साधनं लक्ष्यत इत्यर्थः ।

મન અભ્યન્તર ઈન્દ્રિય છે. પ્રવૃત્તિ ધર્મઅધર્મમય યાગાદિ/ભોગાદિ ક્રિયા રૂપ છે. તે પ્રવૃત્તિ જગતના તમામ વ્યવહારને સિદ્ધ કરનાર હોવાથી એમાં ધર્મ અને અધર્મ બન્ને આવે છે.

શંકાકાર :- માણસ શુભ પ્રવૃત્તિ કરે તો ધર્મ અને અશુભ કરે તો અધર્મ નામનું અદૃષ્ટ પેદા થાય છે, તો પછી તમે સીધા પ્રવૃત્તિ શબ્દથી ધર્મ અધર્મનું કેવી રીતે ગ્રહણ કર્યું ?

સમાધાન :- ઘી આયુ છે. એમ કારણમાં કાર્યનો ઉપચાર થાય છે, તેમ અહીં સમજવું.

સાધ્યવાદીથી સાધન ઓળખાય છે. એટલે કે સાધ્યવાદી કાર્ય તરીકે પદાર્થનો વ્યપદેશ કરે છે, પણ ત્યાં ઉપચાર નો સહારો લેવાથી સાધન-કારણનો ખ્યાલ આવી જાય છે, આ તો સાધ્યવાદી છે, માટે તેનો = પ્રવૃત્તિનો કાર્ય તરીકે વ્યપદેશ કર્યો છે, પણ હકીકતમાં યાગાદિ પ્રવૃત્તિ ધર્મ-અધર્મના તો કારણ જ છે.

રાગ, દ્વેષ અને મોહ તે દોષો છે. (તેમાં) રાગ એ ઈચ્છા, દોષ એ મન્યુ એટલે કે ક્રોધ છે અને મોહ એ મિથ્યાજ્ઞાન એટલે એ વિપર્યય છે.

પ્રયત્નનો જનક જે ગુણ તે ઈચ્છા, નિવૃત્તિનો જનક જે ગુણ તે ક્રોધ. ચેષ્ટાનો જનક જે ગુણ તે કૃતિ.

ફરીથી જન્મ થવો તે પ્રેત્યભાવ છે. તે આત્માને પૂર્વ દેહનો ત્યાગ અને નવા શરીર (વગેરે) સમૂહની પ્રાપ્તિ થવા રૂપે છે.

તેમજ સુખ કે દુઃખ બેમાંથી એકનો અનુભવરૂપી ભોગ તે ફળ છે.

(१०९) (दुःखम्)

पीडा दुःखम् । तच्चोक्तमेव ।

(११०) (अपवर्गः)

मोक्षोऽपवर्ग । स चैकविंशतिप्रभेदभिन्नस्य दुःखस्यात्यन्तिकनिवृत्तिः । एकविंशतिप्रभेदास्तु शरीरं, षडिन्द्रियाणि, षड्विषयाः षड्बुद्धयः, सुखं दुःखं चेति गौणमुख्यभेदात् । सुखं दुःखमेव दुःखानुषङ्गित्वात् । अनुषङ्गोऽविनाभावः । स चायमुपचारो मधुनि विषसंयुक्ते मधुनोऽपि विषपक्षनिक्षेपवत् ।

પીડા તે દુઃખ છે. તેનું વર્ણન થઈ ગયું છે.

મોક્ષ એ અપવર્ગ છે. અને તે એકવીશ પ્રકારના દુઃખમાંથી કાયમની મુક્તિ એ છે. તે એકવીશ પ્રકારનાં દુઃખો ગૌણ અને મુખ્ય એમ બે રીતે શરીર, છ ઈન્દ્રિયો, છ વિષયો, છ જ્ઞાન, સુખ તેમજ દુઃખ મળીને થાય છે. દુઃખની સાથે આનુષંગિક હોવાથી સુખ પણ દુઃખ જ છે. અનુષંગ એટલે અવિનાભાવ (સદા સાથે રહેવું તે) અને રૂપકથી સમજાવીએ તો વિષમિશ્રિત મધની બાબતમાં તેવા મધને જેમ વિષ જ ગણવામાં આવે છે. તે રીતે (દુઃખમિશ્રિત સુખને દુઃખ જ ગણવામાં આવે છે.)

स पुनरपवर्गः कथं भवति ?

उच्यते । शास्त्राद्विदितसमस्तपदार्थतत्त्वस्य विषयदोषदर्शनेन विरक्तस्य मुमुक्षोर्ध्यायिना ध्यानपरिपाकवशात् साक्षात्कृतात्मनः, क्लेशहीनस्य निष्कामकर्मानुष्ठानादनागतधर्माधर्मावनर्जयतः, पूर्वोपात्तं च धर्माधर्मप्रचयं योगर्द्धिप्रभावाद् विदित्वा समाहृत्य भुञ्जानस्य, पूर्वकर्मनिवृत्तौ वर्तमानशरीरापगमेऽपूर्वशरीराभावाच्छरीराद्येकविंशतिदुःखसंबन्धो न भवति कारणाभावात् । सोऽयमेकविंशतिप्रभेदभिन्नदुःखहानिर्मोक्षः । सोऽपवर्ग इत्युच्यते ।

પરંતુ આ અપવર્ગ થાય કેવી રીતે ? (ઉત્તરમાં કહેવામાં આવે છે, કે શાસ્ત્રો દ્વારા સમસ્ત પદાર્થનાં તત્ત્વોને જાણવાથી, વિષયોના દોષનું દર્શન થવાથી, મોક્ષની ઈચ્છાવાળા ધ્યાનનિષ્ઠ (સાધક)ને ધ્યાનના પરિપાકને લીધે આત્મસાક્ષાત્કાર થાય છે. તેનાથી તે કલેશ (યોગશાસ્ત્રમાં વર્ણવિલા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ) રહિત થાય છે. તેથી નિષ્કામભાવે કર્મો કરવાથી નવા ધર્મ કે અધર્મનું તે ઉપાર્જન કરતો નથી. તેમજ પૂર્વોપાત્ત (પૂર્વજન્મમાં કરેલા) ધર્મ અને અધર્મના સમૂહને યોગની સમૃદ્ધિના પ્રભાવથી જાણીને તે એકી સાથે ભોગવી નાખે છે અને આ રીતે પૂર્વકર્મોની નિવૃત્તિ થવાથી, વર્તમાન શરીરનો નાશ થયા પછી નવું શરીર આવવાનું નહીં હોવાથી તેનો શરીર વગેરે એકવીશ દુઃખ સાથે સંબંધ થતો નથી; કારણ કે તેવા સંબંધનું હવે કોઈ કારણ રહેતું નથી. ધર્મ અધર્મ સર્વનાશ પામેલ હોવાથી આ એકવીશ પ્રકારના દુઃખનો નાશ તે મોક્ષ છે. તે જ અપવર્ગ છે.

(१११) (संशयः)

एकस्मिन् धर्मिणि विरुद्धनानार्थावमर्शः संशयः । स च त्रिविधः। विशेषादर्शने सति समानधर्मदर्शनजो, विप्रतिपत्तिजोऽसाधारणधर्मजश्चेति।

इदानीं संशयमाह एकस्मिन्निति ''घटो रूपवान् परिमाणवानि''त्यादि निर्णयात्मकेऽतिव्याप्तिवारणाय **विरुद्धेति**, तथापि यत्किञ्चिद्विरोधिरूपाविषयके ''रूपवानयमि''त्यादि निश्चयेऽतिव्याप्तिः स्यात् तद्वारणाय **नानेति**, नानाधर्मिणि 'अयं पुरुषत्ववान् । अयं पुरुषत्वाभाववान्' इत्यादि निश्चयेऽतिव्याप्तिवारणाय एकस्मिन्निति, एकत्रविरुद्धकोटिद्वयावलम्बिज्ञानं संशय इत्यर्थः ॥

અત્યારે સંશય ને બતાવે છે - એક જ ધર્મી (પદાર્થ)માં પરસ્પર વિરૂદ્ધ અનેક ધર્મોનું જ્ઞાન થવું તે સંશય.

ઘડો રૂપવાળો છે/પરિમાણવાળો છે. આ નિર્ણય સ્વરૂપ છે, પણ એમ એક ધર્મીનું જ્ઞાન થયુ માટે તેમાં અતિવ્યાપ્તિ આવે, તેના વારણ માટે 'વિરૂદ્ધ' પદ મૂક્યું છે, રૂપ અને પરિમાણ આ બે વિરૂદ્ધ ધર્મ નથી. છતાં પણ યત્કિંચિત્ વિરોધીરૂપનાં અવિષયવાળામાં એટલે ઘડામાં એક જાતનું જ રૂપ રહેલ છે. માટે

તે વિરૂદ્ધ રૂપનાં અવિષયવાળો છે, તેમાં આ રૂપવાળો છે, આ ઘડામાં પીળા સિવાયનું રૂપ રહેલ છે. એટલે - यत्किंचित् विरुद्ध="પીળારૂપથી વિરૂદ્ધ રૂપવાળો આ ઘડો છે", અહીં વિરૂદ્ધ ધર્મ વિષય તો બન્યો. ઈત્યાદિ નિશ્ચયમાં અતિવ્યાપ્તિ આવે તેનાં વારણ માટે નાનાપદ મૂક્યું. અહીં એકજ ધર્મનું જ્ઞાન છે. (અથવા પટત્વ ધર્મથી વિરૂદ્ધ ઘટત્વવાન્ અયં - આ વિરૂદ્ધ ધર્મવાળું જ્ઞાન છે, પણ અનેક ધર્મવાળું નથી પણ આ નિર્ણયમાં અતિવ્યાપ્તિ આવે તેનાં વારણ માટે 'નાના' પદ છે.)

અનેક ધર્મીમાં આ પુરુષત્વવાળો છે- આ પુરુષત્વાભાવવાળો છે; ઈત્યાદિ નિશ્ચયમાં આવતી અતિવ્યાપ્તિનાં વારણ માટે 'એક ધર્મીમાં' એમ કહ્યું એટલે કે એક ધર્મીમાં વિરૂદ્ધ બે કોટિનો અવલંબનવાળું જ્ઞાન તે સંશય.

तत्रैको विशेषादर्शने सति समानधर्मदर्शनजः, यथा स्थाणुर्वा पुरुषो वेति । एकस्मिन्नेव हि पुरोवर्तिनि द्रव्ये स्थाणुत्वनिश्चायकं वक्रकोटरादिकं पुरुषत्वनिश्चायकं च शिरःपाण्यादिकं विशेषमपश्यतः स्थाणुपुरुषयोः समानधर्ममूर्ध्वत्वादिकं च पश्यतः पुरुषस्य भवति संशयः किमयं स्थाणुर्वा पुरुषो वेति ?

सामग्रीभेदात्संशयस्य भेदमाह । **सचेति समानेति** साधारणधर्मः समानधर्म । विरुद्धार्थप्रतिपत्तिकत्ववचनद्वयं विप्रतिप्रत्तिः । **असाधारणेति** सजातीयविजातीयव्यवच्छेदकधर्मोऽसाधारणधर्मः । एभ्यो विशेषदर्शनस्मरणरहितेभ्यः त्रिप्रकारः संशयः ।

સામગ્રીના ભેદથી સંશયનો ભેદ પડે છે. તે ત્રણ પ્રકારે છે - સાધારણ ધર્મ - સમાન ધર્મ, વિરૂદ્ધ અર્થની પ્રતિપત્તિ કરાવનાર બે વચનો તે વિપ્રતિપત્તિ. સજાતીય અને વિજાતીયનો વ્યવચ્છેદ કરનારો ધર્મ - અસાધારણ ધર્મ, વિશેષ પ્રકારના દર્શન તેમજ સ્મરણ વગરના આ ત્રણે ધર્મોથી ઉત્પન્ન સંશયના ત્રણ પ્રકાર પડે છે. ત્રણેના ક્રમશઃ દાખલા આપે છે.

૧. વૃક્ષના નિશ્ચાયક ધર્મો વાંકુચૂકું બખોલ વગેરે અને પુરુષના નિશ્ચાયક ધર્મો મસ્તક હાથ વિગેરે વિશેષ ધર્મને નહિં જોનાર અને માત્ર ઉંચાઈ વગેરે

જોનારને સંશય થાય છે કે આ ઠુંઠુ છે કે પુરૂષ છે ?''

૨. મીમાંસક કહે શબ્દ નિત્ય છે. નૈયાયિક બોલ્યો શબ્દ અનિત્ય છે. આ બન્ને વચનો એક પુરૂષે સાંભળ્યા, તેનાથી અભાવ કોટિદ્વયનું સ્મરણ થયું અને તેને શબ્દની ઉત્પત્તિ કેવી રીતે થાય છે, તેની સાચી-વિશેષ માહિતી ન હોવાથી શબ્દ નિત્ય છે કે અનિત્ય.'' એવો સંશય જાગે. ''તાલુ, ઓષ્ઠ વગેરેના પ્રયત્નથીજ શબ્દ પેદા થાય છે.'' આવું વિશેષ જ્ઞાન થઈ જાય તો સંશય ટળી જાય.

૩. શબ્દત્વ ધર્મ નૈયાયિકની અપેક્ષાએ અનિત્ય ઘટાદિ જે સજાતીય છે, તેમાં રહેતો નથી અને વિજાતીય એવા આકાશદિમાં પણ નથી રહેતો. એટલે શબ્દત્વધર્મ બંનેનો વ્યવચ્છેદક હોવાથી અસાધારણ ધર્મ છે. એટલે શબ્દત્વ ધર્મવાળા શબ્દનો અનિત્ય કે નિત્યમાં નિશ્ચય ન કરી શકવાથી સંશય પડે છે કે ''શબ્દ નિત્ય છે કે અનિત્ય ?''

અથવા પ્રતિમાને જોઈ આદ્રકુમારે જાણ્યુ કે આ હાથ કે પગ કોઈ પણ અંગનું આભરણ જાણાતું નથી. તેથી એને સંશય પડ્યો કે આ શાનું આભરણ છે ? પછી જાતિસ્મરણથી વિશેષ ધર્મ જાણવાથી સંશય ટળી જાય છે. પણ આવા વિશેષધર્મનું જ્ઞાન ન થાય ત્યાં સુધી સંશય રહે છે.

(११२) (प्रयोजननिरूपणम्)

येन प्रयुक्तः पुरुषः प्रवर्तते तत् प्रयोजनम् । तच्च सुखदुःखावाप्ति-हानी । तदर्था हि प्रवृत्तिः सर्वस्य ।

प्रयोजनेति वातपित्तकफश्लेश्मरहितस्येतिभावः ।

જેના વડે પ્રેરણા કરાયેલ પુરુષ પ્રવૃત્તિ કરવા લાગે તે પ્રયોજન. પ્રયોજન એટલે સંસારમાં જીવની પ્રવૃત્તિનું પ્રયોજન સમજવું, અને પ્રત્યેક પ્રવૃત્તિમાં મુખ્ય પ્રયોજન સુખપ્રાપ્તિ તથા દુઃખ ત્યાગ છે. ન્યાયવૈશેષિક મતે મોક્ષ એ મુખ્યપ્રયોજન છે. સર્વસ્ય - એટલે વાત્તપિતકફશ્લેષ્મ વગરના સર્વને તેવીજ પ્રવૃત્તિ હોય છે. વાતપિત્ત વિગેરેનાં પ્રકોપવાળાને સુખ અવાપ્તિના પ્રયોજનથી પ્રવૃત્તિ કરવા જતાં પણ દુઃખ અવાપ્તિ થાય છે એટલે કે જેમ વાયુ પિત્તના પ્રકોપવાલાને ખાટુ

ખાવાનું સુખાવહ લાગે, પરંતુ પાછળથી એસી.ડી.ટી વધે. માટે કહ્યું 'वातपित्त-रहितस्य ।'

(११३) दृष्टान्तनिरूपणम्

वादिप्रतिवादिनोः संप्रतिपत्तिविषयोऽर्थो दृष्टान्तः । स द्विविधः । एकः साधर्म्यदृष्टान्तो तथा धूमवत्त्वस्य हेतोर्महानसम् । द्वितीयस्तु वैधर्म्य-दृष्टान्तः । यथा तस्यैव महाह्रद इति ।

(४) **दृष्टान्तेति** साध्यसाधनयोर्यत्र साहचर्यं स साधर्म्यदृष्टान्तः । तद्-भावयोर्यत्र साहचर्यं स वैधर्म्यदृष्टान्तः ।

સાધ્ય અને સાધનનું જ્યાં સાહચર્ય હોય તે સાધર્મ્ય દૃષ્ટાન્ત સાધ્ય અને સાધનના અભાવનું જ્યાં સાહચર્ય હોય તે વૈધર્મ્ય દૃષ્ટાંત.

(११४) सिद्धान्त निरूपणम्

प्रामाणिकत्वेनाभ्युपगतोऽर्थः सिद्धान्तः । स चतुर्धा । सर्वतन्त्रप्रति-तन्त्र-अधिकरण-अभ्युपगम-सिद्धान्तभेदात् । तत्र सर्वतन्त्रसिद्धान्तो तथा धर्मिमात्रसद्भावः । द्वितीयो यथा नैयायिकस्य मते मनस इन्द्रियत्वम् तद्धि समानतन्त्रे वैशेषिके सिद्धम् । तृतीयो तथा क्षित्यादिकर्तृत्वसिद्धौ कर्तुः सर्वज्ञत्वम् । चतुर्थो यथा जैमिनीस्य नित्यानित्यविचारो यथा भवतु - अस्तु 'तावच्छब्दो गुण' इति ।

सिद्धान्तेति तन्त्र्यन्ते व्युत्पाद्यन्ते पदार्था अनेनेति व्युत्पत्त्या तन्त्रशब्दः शास्त्रवचनः सर्वतन्त्राविरूद्धः स्वतन्त्राधिकृतश्च सर्वतन्त्रसिद्धान्तः (१) परत-न्त्रासिद्धः प्रतितन्त्रसिद्धान्तः (२) अनुमेयानुवसतो[1] सिद्धरधिकरणसिद्धान्तः (३) अपरीक्षिताभ्युपगमात्तद्विशेषणमभ्युपगमसिद्धान्तः (४)

कर्तुरिति यः कर्ता स ईदृश आदौ जानाति पश्चादिच्छति पश्चात् प्रयतते तदनुकरोतीति कर्तृलक्षणं तस्य कर्तुरित्यर्थः ।

---

१. अनुषक्ता L.D.

જેના દ્વારા પદાર્થો વ્યુત્પાદન કરાય- પૂર્ણ રીતે પ્રતિપાદન કરાય તે તંત્ર, આ વ્યુત્પત્તિથી તંત્ર શબ્દ શાસ્ત્રવચન રૂપે છે.

૧. સર્વ શાસ્ત્રોથી અવિરૂદ્ધ એવો સ્વશાસ્ત્રમાં અધિકૃત અર્થ તે સર્વતંત્ર સિદ્ધાન્ત છે.

જેમ કે ઘ્રાણ વિ. ઈન્દ્રિય છે.

૨. પ્રાચીન મત પ્રમાણે - બે સમાન તંત્રમાં એક તંત્રનો સિદ્ધાન્ત અન્યતંત્ર સ્વીકારી લે, ત્યારે તે પ્રતિતંત્ર સિદ્ધાન્ત બને છે. જેમકે મન એ ઈન્દ્રિય છે, એ સિદ્ધાન્ત વૈશેષિકોએ સિદ્ધ કર્યો છે. અને નૈયાયિકોએ તેનો સ્વીકાર કરી લીધો છે. પરંતુ આ ઉપરાંત અન્ય વિરોધિ દર્શનમાં આ સિદ્ધાન્તનો અસ્વીકાર પણ થયો હોય છે.

નથ્થો :- વાદી પ્રતિવાદીમાંથી એકને જ સ્વીકાર્ય હોય તે પ્રતિતંત્ર સિદ્ધાંત.

જે સિદ્ધાન્ત સિદ્ધ થયા પછી તેનાં આધારે અન્ય આનુષંગિક સિદ્ધાન્તો સ્વાભાવિક રીતે સિદ્ધ થઈ જાય તે **અધિકરણ** સિદ્ધાન્ત.

જેમ પૃથિવી વિ. કાર્ય છે. તેથી તેનો કર્તા પણ છે. એમ અનુમાનથી સિદ્ધ થતાં, આ કર્તા સર્વજ્ઞ પણ હોવો જોઈએ એમ સ્વયમેવ સિદ્ધ થઈ જ જાય છે.

પ્રતિવાદીના કોઈ એક મતને પરીક્ષા કર્યા વગર (એમ ને એમ) સ્વીકારી લઈ પછી તેના જ આધારે પ્રતિવાદીના મૂળ સિદ્ધાન્તને જ્યારે ખોટો પાડવામાં આવે, ત્યારે માત્ર થોડા સમય માટે સ્વીકારેલા પ્રતિવાદીના સિદ્ધાંતને **અભ્યુપગમ** સિદ્ધાંત કેહવાય છે. **મીમાંસક** શબ્દને દ્રવ્ય માને છે. જ્યારે **નૈયાયિક** ગુણ માને છે. નિત્ય-અનિત્યની ચર્ચા વખતે મીમાંસક શબ્દને ગુણ માની ગુણ ને અવયવ ન હોવાથી વધારે ઘટાડો થઈ શકે નહિં. તેથી નિત્ય સિદ્ધ થયો. એટલે મીમાંસકે શબ્દને થોડીવાર માટે ગુણ માન્યો તે અભ્યુપગમ સિદ્ધાંત કહેવાય.

કર્તુરિતિ :- જે કર્તા તે આવા પ્રકારનો હોય કે પહેલા જાણે પછી ઈચ્છે, પછી પ્રયત્ન કરે છે. ત્યાર પછી (કાર્ય) કરે છે. આવું કર્તાનું લક્ષણ છે. માટે ક્ષિત્યાદિના કર્તા તરીકે સિદ્ધ થવાથી, તેના ઉપાદાનનું જ્ઞાન જરૂરી બનાવથી તે કર્તા સર્વજ્ઞ તરીકે સિદ્ધ થાય છે.

(११५) अवयव निरूपणम्

अनुमानवाक्यस्यैकदेशा अवयवाः । ते च प्रतिज्ञादयः पञ्च । तथा च न्यायसूत्रम् - प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमान्यवयवाः ।

तत्र साध्यधर्मविशिष्टपक्षप्रतिपादकं वचनं प्रतिज्ञा, यथा पर्वतोऽयं वह्निमानिति ।

अवयवेति साध्यविशिष्टेति पर्वतोयमित्यादि वाक्येऽतिव्याप्तिवारणाय **साध्येति** वह्निपर्वतौ इत्यादि वाक्येऽतिव्याप्तिवारणाय **विशिष्टेति** । पर्वते वह्निरित्यादिवाक्येऽतिव्याप्तिवारणाय **धर्मीति** । तथा च साध्यविशेषणकपक्ष-विशेष्यकप्रतीतिप्रयोजकस्य पर्वतो वह्निमानित्यादि रूपस्यैव वाक्यस्य प्रतिज्ञा-त्वमितिभावः ।

अवयवेति :- पञ्चतिपूर्वक अनुमान वाक्यनुं निरूपण अवयवो द्वारा थाय छे. पर्वतोऽयमित्यादि वाक्यमां अतिव्याप्तिना वारण माटे साध्य पद मूक्युं. आ अग्नि अने पहाड छे. इत्यादि वाक्यमां अतिव्याप्तिनां वारण माटे विशिष्ट पद मूक्युं. पर्वतमां अग्नि छे. इत्यादि वाक्यमां अतिव्याप्तिना वारण माटे धर्मीपद मूक्युं. अहीं पक्ष पर्वत धर्मी तरीके नथी. एटलेके पक्षनुं साध्यविशिष्ट धर्मी तरीके निरूपण करवुं ते प्रतिज्ञा = साध्य विशेषणवाळी पक्ष विशेष्यवाळी प्रतीतिनुं प्रयोजक "पर्वत अग्निवाळो छे." आवुं जे वाक्य ते प्रतिज्ञा.

(११६) (हेतुः)

तृतीयान्तं पञ्चम्यन्तं वा लिङ्गप्रतिपादकं वचनं हेतुः । यथा धूमवत्त्वेन धूमवत्त्वादिति वा ।

पञ्चम्यन्तमिति अत्र तृतीयान्तमिति न देयं अन्यथाननुगमात् । किञ्चैवं कथकसम्प्रदायविरोधापत्तेः पञ्चम्यन्तत्वेनैव कथकसम्प्रदायसत्त्वात् धूम इत्यादि शब्देऽतिव्याप्तिवारणाय **पञ्चम्यन्तमिति** । आनितम्बादयं पर्वतो वह्निमानित्यादि वाक्येऽतिव्याप्तिवारणाय **लिङ्गमिति** हेतुत्वप्रतिपादकमित्यर्थः । तेन गन्धात् पृथिवी इतरेभ्यो भिद्यते इत्यादि वाक्ये नाऽतिव्यापनं, तथा धूमवत्त्वादिति अत्र

धूमादित्येव हेतुवाक्यं; बोध्यं; मतुपो वैयर्थ्यमेव । हेतुमात्रस्य आकाङ्क्षितत्वात् अनाकाङ्क्षिताभिधानेऽप्राप्तकालत्वात् ।

ત્રીજી અથવા તો પાંચમી વિભક્તિ વડે લિંગનું પ્રતિપાદન કરનાર વાક્ય તે હેતુ છે. અહિં 'तृतीयांत' પદ ન મૂકવું, નહિ તો અનુગમ નહિ થાય. વળી એ પ્રમાણે તો કથક સમ્પ્રદાય સાથે વિરોધ થવાની આપત્તિ આવશે.

કારણ કે પંચમી વિભક્તિ વડે જ કથક સમ્પ્રદાય હેતુનું નિરૂપણ કરનાર છે. ધૂમ ઈત્યાદિ શબ્દમાં અતિવ્યાપ્તિ વારવા પંચમ્યંત પદ મૂકયું. ઉંચા ઢોળાવ સુધી પર્વત અગ્નિવાળો છે. અહીં 'आनितम्बाद्' એમ પંચમી વિભક્તિ છે. માટે માત્ર 'પંચમ્યંત' પદ મૂકવાથી અતિવ્યાપ્તિ આવે. તેનાં નિરાકરણ માટે લિંગ પદ મૂકયું, એટલે કે હેતુનું પ્રતિપાદન કરનાર, તેથી કરીને "ગંધ હોવાથી પૃથિવી ઈતરથી ભિન્ન છે" ઈત્યાદિ વાકયમાં અતિવ્યાપ્તિ નહિં થાય. કારણ કે આ આખું વાકય કંઈ હેતુનું પ્રતિપાદક નથી, માત્ર "गंधात्" આટલો જ હેતુ છે. જેમકે - હેતુનું દૃષ્ટાન્ત આપે છે - 'धूमवत्त्वात्' ઈતિ धूमवत्त्वात् એ મૂળ પાઠનો અર્થ धूमात् એવો જ કરવો એટલે અહીં धूमात् એ જ હેતુવાકય સમજવું. धूमवत्त्वમાં જે મતુપ્ પ્રત્યય છે, તે વ્યર્થ જ છે.

માત્ર હેતુની આકાંક્ષા હોવાથી આકાંક્ષા વગરનું મતુપ્ યુકત કહેવું અવસરને યોગ્ય નથી એટલે અપ્રામકાલ દોષ આવે. धूमात् હેતુની આકાંક્ષા હોવાથી धूमवत्त्वात् કહેવાનો અનવસર કહેવાય.

(११७) (उदाहणम्)

सव्याप्तिकं दृष्टान्तवचनमुदाहरणम् । यथा यो यो धूमवान् स सोऽग्निमान् यथा महानस इति ।

(११८) (उपनयः)

पक्षे लिङ्गोपसंहारवचनमुपनयः । यथा वह्निव्याप्यधूमवांश्चायमिति तथा चायमिति वा ।

(११९) (निगमनम्)

पक्षे साध्योपसंहारवचनं निगमनम् । यथा तस्मादग्निमान्निति तस्मात् तथेति वा ।

एते च प्रतिज्ञादयः पञ्चानुमानवाक्यस्यावयवा इव अवयवाः, न तु समवायिकारणं शब्दस्याकाशसमवेतत्वादिति ।

सव्याप्तिकमिति अनेन व्याप्ति र्बोध्यते ।

ननु दृष्टान्ताभिधानार्थमद इति **दृष्टान्तेति** न देयमेव; किन्तु व्याप्तिवचनमित्येवेति । उपसंहारः सम्बन्धः, तद्बोधकः शब्द इत्यर्थः ।

तथाचायमित्येवमाकारमुपनयवाक्यं बोध्यमेव, 'था' प्रत्ययस्य प्रकारार्थकत्वे असङ्गत्यापत्तेः, साध्योपसंहार इति । अबाधितत्वेनासत्प्रतिपक्षत्वेन च साध्यवत्ताबोधकं वाक्यं निगमनमित्यर्थः । अत्र तस्मादग्निमानित्याद्याकारमेव निगमनवाक्यं । यदि व्युत्क्रमेण अवयववाक्यानां प्रयोगः तदाऽप्राप्तकालता बोध्या ।

વ્યાપ્તિ સાથેનું દૃષ્ટાન્તવાળુ વાકય તે ઉદાહરણ છે. 'સવ્યાપ્તિકં' આના વડે વ્યાપ્તિનો બોધ કરાય છે. દૃષ્ટાન્ત કહો કે ઉદાહરણ કહો એકજ વસ્તુ છે. તેથી દૃષ્ટાંતને જ કહેવું છે, તો લક્ષણમાં 'દૃષ્ટાંત' શબ્દની આવશ્યકતા નથી, 'सव्याप्तिकं वचनम् उदाहरणम्' આટલું જ લક્ષણ જોઈએ. એટલે ઉદાહરણના લક્ષણમાં 'દૃષ્ટાંત' આ પદનો પ્રયોગ ન કરવો જોઈએ. ગ્રંથકારે 'सव्याप्तिकं' નો અર્થ પણ ઉપર 'व्याप्ति' એવો જ કર્યો છે. તેથી ''व्याप्तिवचनं उदाहरण'' આટલું જ લક્ષણ થશે.

પક્ષમાં લિંગનો ઉપસંહાર કરતું વાકય તે ઉપનય છે. ઉપસંહાર એટલે સંબંધ બોધકશબ્દ ''તો આ પણ તેવો જ છે'' આવો આકાર ઉપનય વાકયનો છે. થા પ્રત્યયને પ્રકાર અર્થમાં લઈએ તો અસંગતિ થવાની આપત્તિ આવશે. માટે પ્રકાર અર્થવાળો થા પ્રત્યય અહિં ન સમજવો. પક્ષમાં સાધ્યનો ઉપસંહાર કરતુ વાકય, તે **નિગમન** છે. એટલ કે બાધ વગરનું અને સત્પ્રતિપક્ષ વગરનું આ સાધ્ય છે, એવો બોધ કરાવનાર વાકય નિગમન છે. ''તેથી (પર્વત) અગ્નિવાળો છે.'' આ આકારવાળું નિગમન વાકય છે.

જો વ્યુત્કમથી અવયવ વાકયોનો પ્રયોગકરીએ તો અપ્રાપ્તકાલ નામનું નિગ્રહસ્થાન સમજવું. ''अवयव विपर्यासे वचनमप्राप्तकालम्'' અવયવો ઉલટ સુલટ કહેવા તે અપ્રાપ્તકાલ નામનું નિગ્રહસ્થાન.

આ પ્રતિજ્ઞા વિગેરે પાંચે અનુમાનના વાસ્તવિક અવયવ નથી. પરંતુ અવયવ જેવા દેખાતા હોવાથી ગૌણરૂપે અવયવ તરીકે વ્યપદેશ કરાય છે. કારણ કે જે સમવાયિકારણ બનતું હોય તેને જ અવયવ કહેવાય. જ્યારે પ્રતિજ્ઞા વિ. તો કાંઈ અનુમાન વાક્યનાં સમવાયિકારણ નથી, કારણ કે વાક્ય શબ્દાત્મક હોવાથી તેનું સમવાયિકારણ તો આકાશ જ બને છે.

(१२०) (तर्कः)

तर्कोऽनिष्टप्रसङ्गः । स च सिद्धव्याप्तिकयोर्धर्मयोर्व्याप्याङ्गीकारेण अनिष्टव्यापकप्रसञ्जनरूपः । यथा यद्यत्र घटोऽभविष्यत् तर्हि भूतलमिवाद्रक्ष्यतेति ।

स चायं तर्कः प्रमाणानामनुग्राहकः । तथाहि पर्वतोऽयं साग्निरुतानग्निरिति संदेहान्तरं यदि कश्चिन्मन्येतानग्निरयमिति तदा तं प्रति यद्ययमनग्निरभविष्यत् तदानग्नित्वादधूमोऽप्यभ्रविष्यदित्यधूमवत्त्वप्रसञ्जनं क्रियते । स एष प्रसङ्गस्तर्क इत्युच्यते ।

तर्केति प्रसञ्जनं प्रसङ्गः । अनिष्टस्यप्रसङ्गो ऽनिष्टप्रसङ्गः । स एव तर्क इति, अत्रेयं प्रक्रिया बोध्या ।

तर्कोऽनिष्टप्रसङ्गः स्यादनिष्टं द्विविधं मतम् ।
प्रामाणिकपरित्यागस्तथेतरपरिग्रहः ॥

व्याप्ति (१) स्तर्काप्रतिहति (२) स्वसानं विपर्यये (३)
अनिष्टा (४) ननुकूलत्व (५) मिति तर्काङ्गपञ्चकम् । (२) (इति तार्किकरक्षा)

વ્યાપ્તિથી સિદ્ધ બે ધર્મોમાંથી વ્યાપ્યને (થોડી વાર માટે) સ્વીકારી અનિષ્ટ એવા વ્યાપકનો પણ સ્વીકાર કરવો પડે, તેવા અનિષ્ટ પ્રસંગનું આરોપણ કરવું તે તર્ક. ત્યાં આ પ્રક્રિયા જાણવી. અનિષ્ટ બે પ્રકારે છે. પ્રામાણિકનો પરિત્યાગ. અપ્રામાણિકનો પરિગ્રહ/સ્વીકારની આપત્તિ. જેમકે - (૧) કોઈએ કહ્યું કે પાણી પીવાથી તરસ ન છીપે, અહીં બધાને સમ્મત છે કે પાણી પીવાથી તરસ છીપાય છે, આ પ્રમાણ સિદ્ધ વાતનો અપલાપ- ત્યાગ કરવો તે પહેલું અનિષ્ટ

છે. (૨) કોઈ કહે પાણી પીવાથી અન્તર્દાહ થાય છે, અહીં પાણી પીવું તે અન્તર્દાહનું કરણ છે, આ વાત પ્રમાણથી સિદ્ધ નથી તેનો સ્વીકાર બીજું અનિષ્ટ છે. વ્યાપ્તિ ૧. તર્કની અપ્રતિહતિ ૨. વિપર્યયમાં અવસાન ૩. અનિષ્ટ ૪. અનુકૂલ ન હોવું. ૫. આ પાંચ તર્કના અંગ છે.

भूतलं घटाभाववत् घटदर्शनाभावात् આ અનુમાનને નિમ્નોકત રીતના તર્કથી સિદ્ધ કરી શકાય છે.

(૧) આપાદકમાં આપાદ્ય વ્યાપ્તિનો નિશ્ચય. જેમકે ઘટનો સદ્‌ભાવ આપાદક છે, ત્યાં ઘટનું દર્શન આપાદ્ય છે. ''જ્યાં ઘટનો સદ્‌ભાવ હોય છે ત્યાં નિરુપહત નેત્રવાળાને અવશ્ય ઘટ દર્શન થાય છે'' એવી વ્યાપ્તિનો નિશ્ચય થવો. એથી ઘડો હોત તો દેખાત એવો તર્ક ઉભો કરી શકાય.

(૨) વિરોધી તર્કથી પ્રસ્તુત તર્કનો વિરોધ- પ્રતિઘાત ન થવો. જેમ કે આત્માને અનિત્ય/ક્ષણિક સિદ્ધ કરવા કોઈએ તર્ક આપ્યો કે જો આત્મા નિત્ય હોય તો એમાં કશો ફેરફાર ન થવો જોઈએ. જ્યારે જૈનો પર્યાયરૂપે અનિત્યમાની, ''આત્મા સર્વથા અનિત્ય હોત તો પ્રત્યભિજ્ઞા ન થાત'' આ તર્કથી પૂર્વનો તર્ક હણાઈ જાય છે. આવું ન બનવું જોઈએ. એટલે અકાટ્યયુક્તિનો પ્રયોગ કરવો.

(૩) ધર્મીમાં આપાદ્ય- ઘટદર્શનનાં અભાવનો (વાદીનો) પાકો નિશ્ચય હોવો જોઈએ. એટલે તેમાં ફેરફાર થાય તેવી હકીકત ન હોવી જોઈએ. કમ્બુગ્રીવાદિમાન્ કંઈક માટીની બનાવટ સામે પડેલી દેખાય છે, આવા દર્શનનો ભાસ ન થવો જોઈએ.

(૪) ભૂતલ ઉપર વિશેષ્યતા સન્નિકર્ષથી ઘટદર્શનાભાવ પ્રમાણસિદ્ધ છે, તેનો પરિત્યાગ થવાથી ઘટદર્શન ઈષ્ટ નથી.

(૫) ધર્મીમાં (ઘટ રહિત ભૂતલમાં) ઘટદર્શનની આપત્તિ પ્રતિવાદીને પણ અનુકૂલ આવે તેમ નથી. એમ આ **તાર્કિકરક્ષામાં વરદરાજે** જણાવ્યું છે. આમાંથી એકપણ અંગ ઓછું હોય તો તે તર્કાભાસ છે.

अयं चानुमानस्य विषयशोधकः प्रवर्तनमानस्य धूमवत्त्वलिङ्गकानुमानस्य विषयमग्निमनुजानाति । अनग्निमत्त्वस्य प्रतिक्षेपात् । अतोऽनुमानस्य भवत्यनुग्राहक इति ।

अत्र कश्चिदाह । तर्क संशय एवान्तर्भवतीति । तन्न । एककोटिविषयत्वात् तर्कस्य ।

स तर्को द्विविधः विषयपरिशोधको व्याप्तिग्राहकश्चेति । व्याप्तिग्राहकस्यैवमाकारः - ''धूमो यदि अग्न्यसमवहिताजन्यत्वे सति अग्निसमवहिताजन्यः स्यात्'' इत्यादि (२) विषयपरिशोधकस्यैवमाकारः ''अयं धूमो यदि धूमाभावव्याप्यवह्न्यभाववान् स्यादि''त्यादि (२) तर्कस्तु मानसमाहार्यं ज्ञानं धूमाभाववान् स्यादिति मात्रशरीरकमिति ज्ञेयम् । **अनुग्राहकेति** । तर्कानुगृहीतस्य प्रमाणस्य साधनत्वात् अनुग्राहकः प्रसादकर्त्तेत्यर्थः ।

તર્ક તો એક કોટિ-વિકલ્પરૂપ હોવાથી સંશયમાં તેનો સમાવેશ ન થાય. તે તર્ક બે પ્રકારે છે. વિષયનો પરિશોધક, અને વ્યાપ્તિનો ગ્રાહક.. વ્યાપ્તિગ્રાહક તર્કનો આવો આકાર છે... જો ધૂમ અગ્નિ વિનાના સાન્નિધ્યમાં ઉત્પન્ન ન થતો હોય અને અગ્નિના સાન્નિધ્યમાં પણ ઉત્પન્ન ન થતો હોય તો અજન્ય જ બની જશે. અર્થાત્ ધૂમ જો વહ્નિનો વ્યભિચારી હોત તો તે (ધૂમ) વહ્નિથી જન્યપણ નહીં બને. એટલે આ તર્ક ધૂમમાં વહ્નિના વ્યભિચારની શંકા દૂર કરીને વ્યાપ્તિનો નિશ્ચય કરાવે છે.

માટે આને વ્યાપ્તિગ્રાહકતર્ક કહેવાય. વિષય પ્રતિશોધકનો આવો આકાર છે- જો આ ધૂમાડો ધૂમાભાવ વ્યાપ્ય વહ્નિચભાવવાળો હોય, તો આ પર્વત ધૂમાભાવવાળો થશે. આ તર્ક ધૂમરૂપ હેતુથી થનાર અગ્નિ અનુમાનના વિષયભૂત (સાધ્યરૂપ) અગ્નિનું શોધન કરે છે.

તર્ક તો માનસિક-માનસ આહાર્ય- (આ ખોટું છે એમ જાણીને પણ તેવું જ્ઞાન કરવું) જ્ઞાન રૂપ છે.

(આ પર્વત) ''ધૂમાભાવવાન્ સ્યાત્'' તેટલું જ તર્કનું શરીર છે. તર્કથી અનુગૃહીત પ્રમાણ અનુમાન સાધન-હેતુ સાધ્યને સાધનાર બનતું હોવાથી તર્કને અનુગ્રાહક-પ્રસાદ કર્તા- સહાય કરનાર કહેવાય છે.

(१२१) (निर्णयः)

निर्णयोऽवधारणज्ञानम् । तच्च प्रमाणानां फलम् ।

નિશ્ચયાત્મક જ્ઞાનને નિર્ણય કહેવાય છે. તે પ્રમાણોનું ફળ છે.

(१२२) (वादः)

तत्त्वबुभुत्सोः कथा वादः । स चाष्टनिग्रहाणामधिकरणम् । ते च न्यूनाधिकापसिद्धान्ता हेत्वाभासपञ्चकं चेत्यष्टौ निग्रहाः ।

(१२३) (जल्पः)

उभयसाधनवती विजीगीषुकथा जल्पः । स च यथासंभवं सर्वनिग्रहाणामधिकरणम् । परपक्षे दूषिते स्वपक्षस्थापनप्रयोगावसानश्च ।

(१२४) (वितण्डा)

स एव स्वपक्षस्थापनाहीनो वितण्डा । सा च परपक्षदूषणमात्रपर्यवसाना । नास्य वैतण्डिकस्य स्थाप्यः पक्षोऽस्ति ।

कथा तु नानावक्तृकपूर्वोत्तरपक्षप्रतिपादकवाक्यसन्दर्भः ।

(८) **निर्णयेति** (९) **तत्त्वेति** तत्त्वं । ज्ञातुमिच्छोः पदार्थतत्त्वज्ञानाभिलाषुकस्येत्यर्थः (१०) **जल्पेति** वादिप्रतिवादिपक्षस्थापनपराजयाभिकाङ्क्षोपपन्ना कथा जल्प इत्यर्थः । स्वपक्षसाधनानुमानपर्यन्तश्चेत्यर्थः । स एव जल्पः (११) *वितण्डेति* (**कथेति**) *उभयपक्षवाचकवाक्यरचनेत्यर्थः, कथाभेदा वादजल्पवितण्डा इति* ।

પદાર્થના તત્ત્વને જાણવાની ઈચ્છાવાળા બે જાણોની કથા તે વાદ.

વાદી અને પ્રતિવાદી બંનેના (પોત પોતાના પક્ષની) સ્થાપના અને પરના પરાજયની કામનાથી ઉત્પન્ન થયેલી કથા જલ્પ. એટલે કે તે જલ્પ પરપક્ષનું ખંડન થયા પછી સ્વપક્ષનું સ્થાપન કરી સમાપ્ત થાય છે.

પૂર્વોક્ત જલ્પ જ પોતાનાં પક્ષની સ્થાપના વગરનો હોય, ત્યારે વિતણ્ડા કહેવાય. એટલે આનો ઉદ્દેશ પરપક્ષનું ખંડન કરવાનો જ હોય છે, તેમાં જ એનો અંત સમાયેલો છે.

બંને પક્ષને કહેનારી (વાચક) વાક્ય રચના કથા- અનેક વક્તા દ્વારા કહેવાતા પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષના પ્રતિપાદક વાક્ય સમૂહને કથા કહેવાય. વાદ,

જલ્પ, વિતણ્ડા આ કથાના ભેદો છે.

(१२५) (हेत्वाभासः)

उक्तानां पक्षधर्मत्वादिरूपाणां मध्ये येन केनापि रूपेण हीना अहेतवः । तेऽपि कतिपयहेतुरूपयोगाद्धेतुवदाभासमाना हेत्वाभासः । ते चासिद्धविरुद्धानैकान्तिकप्रकरणसमकालात्ययापदिष्टभेदात् पञ्चैव ।

अत्रोदयनेन व्याप्यस्य हेतोः पक्षधर्मतया प्रतीतिः सिद्धिस्तदभावोऽसिद्धिरित्यसिद्धिलक्षणमुक्तम् । तच्च यद्यपि विरुद्धादिष्वपि संभवतीति साङ्कर्यं प्रतीयते, तथापि यथा न साङ्कर्यं तथोच्यते ।

यो हि यत्र साधने पुरः परिस्फुरति समर्थश्च दुष्टज्ञप्तौ स एव दुष्टज्ञप्तिकारको दूषणमिति यावत् नान्य इति । तेनैव पुरावस्फुर्तिकेन दुष्टौ ज्ञापितायां कथापर्यवसाने जाते तदुपजीविनोऽन्यस्यानुप्रयोगात् । तथा च सति यत्र विरोधो साध्यविपर्ययव्याप्त्याख्यो दुष्टज्ञप्तिकारकः स एव विरुद्धो हेत्वाभासः ।

(१२) हेत्वाभासेति उक्तानामिति । यद्यपि पुरस्तादेतदुपन्यस्तं । तथापि तत्रानुकूलविशेषनिरूपणाय पुनरारम्भः । **उदयनाचार्यो**दीरितासिद्धलक्षणमादाय साङ्कर्यदोषशङ्कामङ्कुरयति । **तच्चेत्या**दिना पुरःस्फूर्तिकस्यैव विरोधादेर्दूषणत्वमवलम्ब्य समाधानं विदधाति । तथापीत्यादिना तत्र युक्तिमाह **तेनैवेति** एकेन कृतकत्वादितरानर्थक्यमिति न्यायेनेव दूषणेन दुष्टत्वे ज्ञापितेऽपि दूषणान्तराभिधाने सति ।

જો કે હેત્વાભાસનો ઉપન્યાસ પહેલા કરી લેવામાં આવ્યો છે. તો પણ તેમાં અનુકૂલ વિશેષણનું નિરૂપણ કરવા માટે ફરી આરંભ કરેલ છે. **ન્યાયવાર્તિક** તાત્પર્ય ટીકા પરિશુદ્ધિના લેખક **ઉદયનાચાર્યે** કહેલી અસિદ્ધિના લક્ષણને લઈ સાંકર્ય દોષની શંકા જગાડે છે.

तच्च :- यद्यपि - "व्याप्यहेतुनी पक्षधर्मतारूपे प्रतीति थवी ते सिद्धि કહેવાય. તેનો અભાવ અસિદ્ધિ છે." આ લક્ષણ જો કે વિરૂદ્ધ વગેરેમાં સંભવે

છે, તેથી સાંકર્ય લાગે છે. તો પણ સાંકર્ય ન આવે તેવી રીતે તે લક્ષણ કહેવામાં આવે છે.

સામે દેખાતા વિરોધ વિગેરેના દૂષણનું અવલંબન લઈ સમાધાન આપે છે. તેમાં યુક્તિ કહે છે. જ્યાં હેતુમાં જે દોષ સહુથી પહેલાં જ જણાઈ આવે અને દુષ્ટતાનું જ્ઞાન કરાવવામાં સમર્થ હોય તો એ દુષ્ટતાનું જ્ઞાન કરાવનાર તેજ દોષ ગણાય, બીજા કોઈ નહિં. કારણ કે સહુ પ્રથમ સ્ફુરવાથી જ્ઞાનની દુષ્ટતા તેજ દર્શાવી આપે છે. તેથી એકથી કૃતાર્થ થઈ જવાતું હોય તો ઈતરનો નિર્દેશ નિરર્થક જ છે.' આ ન્યાયથી (એક) દૂષણ વડે દુષ્ટતા જણાવા છતાં પણ અન્ય દૂષણ કહેવામાં આવે તો આનર્થક્ય થાય, એટલે કે સાધ્યથી વિપરીત વ્યાપ્તિ રજૂ કરનાર દુષ્ટતાસૂચકવિરોધ જ્યાં હોય ત્યાં આ વિરૂદ્ધ હેત્વાભાસ ગણવો જોઈએ.

एवं यत्र व्यभिचारादयस्तथाभूतास्तेऽनैकान्तिकादयस्त्रयः । ये पुनर्व्याप्तिपक्षधर्मताविशिष्टहेतुस्वरूपज्ञप्त्यभावेन पूर्वोक्ता असिद्ध्यादयो दुष्टज्ञप्तिकारका दूषणानीति यावत् तथाभूतः सोऽसिद्धः ।

स च त्रिविधः, आश्रयासिद्धस्वरूपासिद्धव्याप्यत्वासिद्धभेदात् । तत्र यस्य हेतोराश्रयो नावगम्यते सं आश्रयासिद्धः । यथा गगनारविन्दं सुरभि अरविन्दत्वात्, सरोजारविन्दवत् । अयमप्याश्रयासिद्धः । तथाहि घटोऽनित्यः कार्यत्वात् पटवदिति ।

अयमिति । ननु सिद्धसाधनो हेत्वाभासः कुत्रान्तर्भविष्यतीत्याशङ्क्याह आश्रयासिद्धे एवान्तर्भविष्यतीति वक्तुं प्रसङ्गं सम्पादयति । 'अयमित्यादिना' इति ।

शंकाकार :- સિદ્ધિસાધન હેત્વાભાસનો શેમાં સમાવેશ થશે ?

समाधान :- આશ્રયાસિદ્ધિમાં તેનો સમાવેશ થશે. શંકા સમાધાન રૂપ આ વાતને કહેવા માટે अयं ઈત્યાદિ વડે પ્રસંગનું સંપાદન કર્યું છે. પ્રસંગ - "स्मृतस्योपेक्षानर्हत्वात्" યાદ આવેલી વાત ઉપેક્ષાને યોગ્ય ન હોય તે પ્રસંગ કહેવાય. 'अयमपि आश्रयासिद्ध - तथाहि "घटोऽनित्यः कार्यत्वात् पटवत्" એમ મૂળમાં આ પણ આશ્રયાસિદ્ધ છે. એમ દર્શાવવામાં આવ્યું છે.

नन्वाश्रयस्य घटादेः सत्त्वात् कार्यत्वादिति हेतुर्नाश्रयासिद्धः सिद्धसाधकस्तु स्यात् सिद्धस्य घटानित्यत्वस्य साधनात् ।

मैवम् । न हि स्वरूपेण कश्चिदाश्रयो भवत्यनुमानस्य किं तु संदिग्धधर्मवत्त्वेन, तथा चोक्तं भाष्ये 'नानुपलब्धे न निर्णीतेऽर्थेऽपि तु संदिग्धेऽर्थे न्यायः प्रवर्तते' । न च घटेऽनित्यत्वसंदेहोऽस्ति, अनित्यत्वस्य निश्चितत्वात् । तेन यद्यपि स्वरूपेण घटो विद्यते तथाप्यनित्यत्वसंदेहाभावान्नासावाश्रय इत्याश्रयसिद्धत्वादहेतुः ।

शंकाકार :- અહીં કાર્યત્વહેતુનો આશ્રય (ઘટ) (તો) છે. તેથી "કાર્ય હોવાથી" એ હેતુ આશ્રયાસિદ્ધ નથી, તેને તો (પૂર્વે) સિદ્ધ થઈ ચૂકેલા ઘટના અનિત્યત્વનું સાધન હોવાથી સિદ્ધસાધક (સિદ્ધસાધ્યક) કેહવો જ યોગ્ય ગણાય. એથી આ હેતુને સિદ્ધસાધન દોષથી દુષ્ટ કહેવો ઉચિત છે.

समाधान :- એમ નથી કારણ કે કોઈપણ (પદાર્થ) સ્વરૂપથી અનુમાનનો આશ્રય નથી હોતો, પરંતુ સંદિગ્ધ ધર્મથી (આશ્રય) થાય છે. તેમજ ભાષ્યમાં પણ (વાત્સ્યાયને) કહ્યું છે. અજ્ઞાત અથવા તો નિશ્ચિત અર્થમાં ન્યાય પ્રવર્તતો નથી, પરંતુ સંદિગ્ધ અર્થમાં (પ્રવર્તે છે.) અને ઘડામાં અનિત્યત્વનો સંદેહ નથી. કારણ કે (તેનું) અનિત્યત્વ નિશ્ચિત જ છે. તેથી જે કે સ્વરૂપથી ઘડો વિદ્યમાન છે, છતાં પણ અનિત્યત્વના સંદેહનો (તેમાં) અભાવ હોવાથી તે (અનુમાનનો) આશ્રય થઈ શકે નહિ. અને તેથી જ આશ્રયાસિદ્ધ હોવાથી તે અહેતુ (= હેત્વાભાસ) છે.

स्वरूपासिद्धस्तु स उच्यते यो हेतुराश्रये नैवावगम्यते । यथा सामान्यमनित्यं कृतकत्वादिति । कृतकत्वे हि हेतुराश्रये सामान्ये नास्त्येव । भागासिद्धोऽपि स्वरूपासिद्ध एव । यथा पृथिव्यादयश्चत्वारः परमाणवो नित्या गन्धवत्त्वादिति । गन्धवत्त्वं हि पक्षीकृतेषु सर्वेषु नास्ति पृथिवीमात्रवृत्तित्वात् । अत एव भागे स्वरूपासिद्धः ।

तथा विशेषणासिद्धविशेष्यासिद्धासमर्थविशेषणासिद्धासमर्थविशेष्यासिद्धादयः स्वरूपासिद्धभेदाः । तत्र विशेषणासिद्ध यथाशब्दो नित्यो द्रव्यत्वे

सत्यस्पर्शत्वात्। अत्र हि द्रव्यत्वविशिष्टमस्पर्शत्वं हेतुर्नास्पर्शत्वमात्रम्। शब्दे च द्रव्यत्वं विशेषणं नास्ति गुणत्वादतो विशेषणासिद्धः। न चासति विशेषणे द्रव्यत्वे तद्विशिष्टमस्पर्शत्वमस्ति विशेषणाभावे विशिष्टस्याप्यभावात्।

विशेषणासिद्धस्योदाहरणं, **तत्रेति** सप्तम्यन्तं विशेषणं पञ्चम्यन्तं विशेष्यमिति। तत्रेति द्रव्यत्वमात्रं न नित्यत्वसाधकं द्व्यणुकादावनैकान्तिकत्वात्। नाप्यस्पर्शवत्त्वमात्रं द्व्यणुकगतगुणादौ अनैकान्तिकत्वात्, तस्माद्विशिष्टस्यैव हेतुत्वमेष्टव्यं। तथा च विशेषणं द्रव्यत्वमात्रमसिद्धं शब्दस्य गुणत्वात्।

विशेषणासिद्धनुं उदाहरण तत्र - विशेषणासिद्ध यथा "शब्दो नित्यो द्रव्यत्वे सति अस्पर्शत्वात्" अहिं 'सप्तम्यन्त विशेषण पञ्चम्यन्त विशेष्य तेमां मात्र द्रव्यत्व नित्यत्वनुं साधक नथी. कारण के द्वयणुकादिमां व्यभिचार आवे. द्वयणुक द्रव्य तो छे, पण नित्य नथी. अने मात्र अस्पर्शवत्त्व पण साधक नथी. कारण के द्वयणुकना गुण स्पर्शवाळा नथी पण ते तो अनित्य छे माटे व्यभिचार आवे. माटे विशेषण विशिष्ट ज हेतु मानवो जोईओ. तथा विशेषण = मात्र द्रव्यत्व शब्दमां असिद्ध छे. कारण शब्द तो गुण छे. एटले के आ हेतु विशेषणासिद्ध छे.

स्वरूपासिद्ध (हेत्वाभास) तेने ज कहेवाय के जे हेतु आश्रयमां ज न होय; जेम के सामान्य अनित्य छे, कारण के ते जन्य छे. अहीं जन्यता (कृतकत्वम्) ए हेतु आश्रय एवा सामान्यमां छे ज नहीं. 'भागासिद्ध' पण स्वरूपासिद्ध ज छे. जेमके पृथिवी वगेरे चार (द्रव्योना) परमाणुओ नित्य छे, कारण के तेओ गन्धवाळा छे. परंतु गन्धवत्त्व खरेखर तो पक्ष बनेला सर्व (चारेय द्रव्यो)मां नथी, कारण के ते तो मात्र पृथिवीमां ज होय छे. तेथी ते एकभागमां स्वरूपासिद्ध ज छे.

तथा दण्डमात्राभावे पुरुषाभावे वा दण्डविशिष्टस्य पुरुषस्याभावः। तेन सत्यप्यस्पर्शत्वे द्रव्यत्वविशिष्टस्य हेतोरभावाद् स्वरूपासिद्धत्वम्।

विशेष्यासिद्ध यथा-शब्दो नित्योऽस्पर्शत्वे सति द्रव्यत्वादिति। अत्रापि

विशिष्टो हेतुः । न च विशेष्याभावे विशिष्टं स्वरूपमस्ति । विशिष्टश्च हेतुर्नास्त्येव ।

असमर्थविशेषणासिद्धो यथा-शब्दो नित्यो गुणत्वे सत्यकारणकत्वात् । अत्र हि विशेषणस्य गुणत्वस्य न किञ्चित् सामर्थ्यमस्तीति । विशेष्याकारणत्वस्यैव नित्यत्वसाधने सामर्थ्यात् । अतोऽसमर्थविशेषणता । स्वरूपासिद्धत्वं तु विशेषणाभावे विशिष्टस्याप्यभावात् ।

तेमज (१) विशेषणासिद्ध, (२) विशेष्यासिद्ध, (३) असमर्थ विशेषणासिद्ध, अने (४) असमर्थ विशेष्यासिद्ध-એ (चार) स्वरूपासिद्धना भेदो छे. तेमां विशेषणासिद्ध जेमके - शब्द नित्य छे, कारण के ते द्रव्य होई, स्पर्शरहित छे. अहीं द्रव्यत्वविशिष्ट अस्पर्शत्व એ हेतु छे, नहीं के मात्र अस्पर्शत्व. अने शब्दमां द्रव्यत्व विशेषण न होय तो तेनाथी विशिष्ट એवुं अस्पर्शत्व पण न होय; कारण के विशेषणना अभावमां विशेष्यनो पण अभाव होय छे. जेमके मात्र दंडना अभावमां के पुरुषना अभावमां दंडविशिष्ट पुरुषनो पण अभाव ज होय छे. तेथी अस्पर्शत्व होवा छतां द्रव्यत्वविशिष्ट हेतुनो अभाव होवाथी (अहीं) स्वरूपासिद्धत्व ज छे.

असमर्थ विशेषणासिद्ध (नामनो बीजो स्वरूपासिद्ध) जेमके शब्द नित्य छे, कारण के (ते) गुण होई, (तेने कोई) कारण नथी. ते कोई कारणथी जन्य नथी पण स्वतः सिद्ध ज छे. अहीं गुणत्व એ विशेषणनुं कोई सामर्थ्य नथी. कारण के अकारणत्व એ विशेष्य ज नित्यत्वनुं साधन (हेतु) थवा समर्थ छे. तेथी अहीं विशेषणनी असमर्थता छे. माटे ते असत् ज कहेवाय. अहीं स्वरूपासिद्धत्व એटला माटे छे के विशेषणना अभावमां विशिष्टनो पण अभाव होय छे.

ननु विशेषणं गुणत्वम्, तच्च शब्देऽस्त्येव तत् कथं विशेषणाभावः?

सत्यमस्त्येव गुणत्वम् । किं तु न तद्विशेषणम् । प्रयोगः । तथाहि शब्दो नित्योऽकारणकत्वे सति गुणत्वादिति । अत्र तु विशेषणमात्रस्यैव नित्यत्वसाधने समर्थत्वाद् विशेष्यमसमर्थम् । स्वरूपासिद्धत्वं तु विशेष्या-

भावे विशिष्टाभावाद् विशिष्टस्य च हेतुत्वेनोपादानात् शेषं पूर्ववत् ।

व्याप्यत्वासिद्धस्तु स एव यत्र हेतोर्व्याप्तिर्नावगम्यते । स द्विविधः । एकः साध्येनासहचरितोऽपरस्तु सोपाधिकसाध्यसंबन्धी । तत्र प्रथमो यथा यत् सत् तत् क्षणिकं, यथा जलधरः संश्च विवादास्पदीभूतः शब्दादिरिति। अत्र हि शब्दादिः पक्षस्तस्य क्षणिकत्वं साध्यं, सत्त्वं हेतुः । न चास्य हेतोः क्षणिकत्वेन सह व्याप्तौ प्रमाणमस्ति ।

शंका :- અહીં 'गुणत्व' એ विशेषण छे, अने ते तो शब्दमां छे ज. तेथी विशेषणनो अभाव छे એમ કેમ (કહો છો) ?

समाधान :- બરાબર છે. गुणत्व तो छे ज, पण ते विशेषण नथी ते ज હેતુનું विशेषण. કહેવાય કે જે અન્યનું व्यावर्तक (દૂર કરનાર) હોઈ प्रयोजनवाणुं होय. त्यारे गुणत्व तो अहीं निष्प्रयोजन ज (आव्युं) छे. तेथी ज तेने असमर्थ એમ કહ્યું છે.

असमर्थ विशेष्य (नामनो चोथो स्वरूपासिद्ध), જેમકે તે ज अनुमानमां ઊલટો પ્રયોગ કરીને (મળી શકે છે). જેમકે, शब्द नित्य छे, कारण के ते कारणथी उत्पन्न थयेल नं होई गुण छे. अकारणकत्व - જે કોઈ કારણથી ઉત્પન્ન થતુ નથી તે नित्यज होय छे, જેમ આકાશ, એટલે અહીં તો માત્ર વિશેષણથી ज नित्यत्व सिद्ध थई शके तेम होई विशेष्य असमर्थ छे. परंतु ते स्वरूपासिद्ध એટલા માટે છે કે વિશેષ્યના અભાવમાં વિશિષ્ટનો પણ અભાવ હોય છે, અને અહીં વિશિષ્ટનો હેતુ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. शेष (चर्चा) पूर्ववत् (समजवी).

इदानीमुपाधिसहितो व्याप्यत्वासिद्धः प्रदर्श्यते । तद्यथा स श्यामो मैत्रीतनयत्वात्, परिदृश्यमानमैत्रीतनयस्तोमवदिति । अत्र हि मैत्रीतनयत्वेन श्यामत्वं साध्यते । न च मैत्रीतनयत्वं श्यामत्वे प्रयोजकं किं तु शाकाद्यन्नपरिणाम एवात्र प्रयोजकः । प्रयोजकश्चोपाधिरूच्यते । अतो मैत्रीतनयत्वेन श्यामत्वेन सम्बन्धे शाकाद्यन्नपरिणाम एवोपाधिः । यथा वा अग्नेर्धूमसंबन्ध आर्द्रेन्धनसंयोगः । अत एवोपाधिसंबन्धाद् व्याप्तिर्नास्तीति

व्याप्यत्वासिद्धोऽयं मैत्रीतनयत्वादिर्हेतुः ।

तथा परोऽपि व्याप्यत्वासिद्धः । यथा क्रत्वन्तर्वर्तिनी हिंसा अधर्मसाधनं हिंसात्वात् क्रतुबाह्यहिंसावदिति । न च हिंसात्वमधर्मे प्रयोजकं किन्तु निषिद्धत्वमुपाधिरिति । पूर्ववदुपाधिसद्भावाद् व्याप्यत्वासिद्धोऽयं हिंसात्वं हेतुः ।

હવે ઉપાધિ સાથેનો વ્યાપ્યત્વાસિદ્ધ દર્શાવવામાં આવે છે. જેમકે, "તે (છોકરો) શ્યામ છે; કારણ કે તે મૈત્રીનો પુત્ર છે. નજરે પડતા મૈત્રીના પુત્રોના સમૂહની જેમ." અહીં મૈત્રીતનયત્વથી (તેના પુત્રનું) શ્યામત્વ સિદ્ધ કરવામાં આવ્યું છે. પરંતુ મૈત્રીતનયત્વ શ્યામત્વપ્રયોજક નથી. પરંતુ શાક વગેરે અન્નનું પરિણામ એ જ અહીં પ્રયોજક છે અને પ્રયોજક એ જ ઉપાધિ એમ કહેવાય છે. તેથી મૈત્રીતનયત્વના શ્યામત્વ સાથેના સંબંધમાં શાક વગેરે અન્નનું પરિણામ એ જ ઉપાધિ છે. અથવા તો જેમકે અગ્નિ અને ધુમાડાના સંબંધમાં ભીનાં લાકડાનો સંયોગ (એ ઉપાધિ છે.) તેથી ઉપાધિનો સંબંધ હોવાથી અહીં વ્યાપ્તિ નથી. અને આ રીતે મૈત્રીતનયત્વાદિ હેતુ વ્યાપ્યત્વાસિદ્ધ થયો.

તેમજ બીજો પણ વ્યાપ્યત્વાસિદ્ધ (નો દાખલો) છે; જેમકે 'યજ્ઞમાં કરવામાં આવતી હિંસા અધર્મનું સાધન છે. કારણ કે તે હિંસા છે, યજ્ઞ બહાર થતી હિંસાની જેમ. અહીં પણ હિંસાત્વ અધર્મનું પ્રયોજક નથી. પરંતુ 'નિષિદ્ધત્વ' ઉપાધિ (એ પ્રયોજક) છે. આ પ્રમાણે પહેલાંની જેમ ઉપાધિ હોવાથી આ હિંસાત્વ હેતુ વ્યાપ્યત્વાસિદ્ધ થયો.

ननु साध्यव्यापकत्वे सति साधनाव्यापको यः स उपाधिरित्युपाधिलक्षणम् । तच्च निषिद्धत्वे नास्ति तत् कथं निषिद्धत्वमुपाधिरिति ? मैवम् । निषिद्धत्वेऽप्युपाधिलक्षणस्य विद्यमानत्वात् । तथाहि साध्यस्य अधर्मजनकत्वस्य व्यापकं निषिद्धत्वम् । यत्र यत्राधर्मसाधनत्वं तत्र तत्रावश्यं निषिद्धत्वमिति निषिद्धस्य विद्यमानत्वात् । न च यत्र यत्र हिंसात्वं तत्र तत्रावश्यं निषिद्धत्वं क्रत्वङ्गहिंसायां व्यभिचारात् । अस्ति हि क्रत्वङ्गहिंसाया हिंसात्वं न चात्र निषिद्धत्वमिति तदेवं त्रिविधोऽसिद्धो दर्शितः ।

संप्रति विरूद्धः कथ्यते। साध्यविपर्ययव्याप्तौ हेतुर्विरूद्धः, यथा शब्दो नित्यः कृतकत्वादिति। अत्र हि नित्यत्वं साध्यं कृतकत्वं हेतुः। तद्विपर्ययेण चानित्यत्वेन कृतकत्वं व्याप्तं, यतो यद्यत् कृतकं तत्तत् खल्वनित्यमेव। अतः साध्यविपर्ययव्याप्तत्वात् कृतकत्वं हेतुर्विरुद्धः।

शंका :- સાધ્યનો વ્યાપક હોઈ જે સાધન (હેતુ)નો અવ્યાપક હોય તે ઉપાધિ, એમ ઉપાધિનું લક્ષાણ છે. અને તે (લક્ષાણ) નિષિદ્ધત્વમાં નથી. તેથી નિષિદ્ધત્વ ઉપાધિ કેવી રીતે થઈ શકે ?

समाधान :- જ્યાં જ્યાં અધર્મ-સાધનત્વ છે, ત્યાં ત્યાં નિષિદ્ધત્વ હોય છે. આ રીતે નિષિદ્ધત્વ ત્યાં છે (જ), પરંતુ 'જ્યાં જ્યાં હિંસાત્વ હોય ત્યાં ત્યાં અવશ્યનિષિદ્ધત્વ હોય જ' એમ નથી; કારણ કે યજ્ઞમાં થતી હિંસામાં હિંસાત્વ છે પાણ નિષિદ્ધત્વ નથી. આ રીતે ત્રણ પ્રકારનો અસિદ્ધ (હેત્વાભાસ) દર્શાવ્યો. સાધ્યથી વિપરીત જે સાધ્યાભાવ તેની સાથે વ્યાપ્તિવાળો હેતુ વિરુદ્ધ કહેવાય છે. અહીં કૃતકત્વહેતુ સાધ્યાભાવ-અનિત્ય સાથે વ્યાપ્ત હોવાથી વિરુદ્ધ કહેવાય.

साध्यसंशयहेतुरनैकान्तिकः सव्यभिचार इति वोच्यते। स द्विविधः। साधारणानैकान्तिकोऽसाधारणानैकान्तिकश्चेति।

तत्र प्रथमः पक्षसपक्षविपक्षवृत्तिः। यथा शब्दो नित्यः प्रमेयत्वादिति। अत्र प्रमेयत्वं हेतुः पक्षे शब्दे, सपक्षे नित्ये व्योमादौ विपक्षे चानित्ये घटादौ विद्यते, सर्वस्यैव प्रमेयत्वात्। तस्मात् प्रमेयत्वं हेतुः साधारणानैकान्तिकः।

अनैकान्तिकं निरूपयति। **संशयेति** एकान्ते नियत एकान्तिकः तद्विपर्यादनैकान्तिकः। तथा च तस्य संशयहेतुत्वमुक्तं भवति साध्यवत्तदभावस्यापि गमकत्वादिति भावः। भाष्योक्तं लक्षणान्तरमाह सव्यभिचार इति विविधमभितश्चरणं व्यभिचारस्तेन सह वर्तत इति सव्यभिचार इत्यर्थः। तं विभजते स इति द्विविधमिति।

અનૈકાંતિકનું નિરૂપણ કરે છે.

સાધ્ય વિશે સંશય ઉપજાવનાર હેતુ અનૈકાંતિક છે. એકાંતમાં નિયત હોય

તે ઐકાન્તિક, તેનાથી ઉલ્ટુ અનૈકાંતિક.

સાધ્યની જેમ તેના અભાવને પણ જણાવનાર હોવાથી સંશયનું કારણ બને છે.

ભાષ્યમાં કહેલું અન્ય લક્ષણ બતાવે છે.

સવ્યભિચાર - વિવિધ આડા અવળા (રસ્તા) તરફ ચાલવું તે વ્યભિચાર, તેની સાથે રહેનાર તે સવ્યભિચાર. તેના ભેદ પાડે છે. - તે બે પ્રકારે છે.

असाधारणानैकान्तिकश्च स एव यः सपक्षविपक्षाभ्याम् व्यावृत्तः पक्ष एव वर्तते । यथा भूर्नित्या गन्धवत्त्वादिति । अत्र हि गन्धवत्त्वं हेतुः । स च सपक्षान्नित्यादाव्योमादेर्विपक्षाच्चानित्याज्जलादेर्व्यावृत्तः गन्धवत्त्वस्य पृथिवीमात्रवृत्तित्वादिति ।

व्यभिचारस्तु लक्ष्यते । संभवत्सपक्षविपक्षस्य हेतोः सपक्षवृत्तित्वे सति विपक्षाद्व्यावृत्तिरेव नियमो गमकत्वात् । तस्य च साध्यविपरीतव्याप्तस्य तन्नियमाभावो व्यभिचारः । स च द्वेधा संभवति सपक्षविपक्षयोर्वृत्तौ ताभ्यां व्यावृत्तौ च ।

ननु साधारणस्यानैकान्तिकत्वं युज्यते सपक्षाविपक्षवर्त्तमानत्वात् । असाधारणस्य तु सपक्षवृत्तित्वमेव नास्ति, तत्कथं **तस्येत्याह** तस्येति नियमाभावश्च द्वेधा घटते उभयवृत्तेरुभयतो व्यावृत्तेश्च द्विविधस्यापि व्यभिचारित्वं घटते ।

તેમાં પ્રથમ (પ્રકારનો અનૈકાન્તિક) પક્ષ, સપક્ષ અને વિપક્ષ (ત્રણેય)માં વિદ્યમાન હોય છે. જેમ કે 'શબ્દ નિત્ય છે, કારણ કે તે પ્રમેય છે' (જાણી શકાય તેવો છે.) અહીં પ્રમેયત્વ હેતુ પક્ષ એવા શબ્દમાં, સપક્ષ એવા નિત્ય આકાશ વગેરેમાં અને વિપક્ષ એવા અનિત્ય ઘટ વગેરેમાં વિદ્યમાન છે; કારણ કે સર્વ કાંઈ પ્રમેય જ છે, તેથી પ્રમેયત્વ હેતુ સાધારણ અનૈકાન્તિક થયો.

તે જ હેતુ જ્યારે સપક્ષ અને વિપક્ષમાં અવિદ્યમાન (વ્યાવૃત્ત) હોઈ માત્ર પક્ષમાં જ રહે છે, ત્યારે અસાધારણ અનૈકાન્તિક (હેત્વાભાસ) થાય છે; જેમ કે "પૃથિવી નિત્ય છે. ગન્ધવાળી છે માટે." અહીં ખરેખર ગન્ધવત્ત્વ હેતુ છે અને તે સપક્ષ એવા નિત્ય આકાશ વગેરેમાં તથા વિપક્ષ એવા અનિત્ય જળમાં

અવિદ્યમાન છે; કારણ કે ગન્ધવત્ત્વ માત્ર પૃથિવીમાં જ રહે છે.

જેના સપક્ષ અને વિપક્ષ સંભવતા હોય તેવા હેતુની સપક્ષમાં વૃત્તિ અને વિપક્ષમાં વ્યાવૃત્તિ જરૂરી છે. જ્યારે "પૃથ્વી ઈતર ભેદવતી" ગંધવત્ત્વાત્ અહીં તો ઈતર ભેદવાળું પૃથ્વી સિવાય કોઈ છે જ નહીં, એટલે સપક્ષનો સંભવ ન હોવાથી તેમાં વૃત્તિનો પ્રશ્ન રહેતો નથી, એથી ત્યાં તો ગંધવત્ત્વ હેતુ ગમક બની શકે છે.

શંકાકાર :- સાધારણને અનૈકાંતિક માનવું ઠીક છે. કેમકે તે તો સપક્ષ વિપક્ષમાં રહે છે. પરંતુ અસાધારણની તો સપક્ષમાં વૃત્તિ જ નથી, તો કેવી રીતે તેને અનૈકાન્તિક કહેવાય ?

સમાધાન :- તસ્યેતિ આહ - સાધ્યના વિપરીતમાં વ્યાપ્ત એવા તે હેતુમાં તે નિયમનો (= ૧. સપક્ષમાં વૃત્તિ ૨. વિપક્ષમાં વ્યાવૃત્તિ હોય તે હેતુ ગમક-સદ્હેતુ કહેવાય) અભાવ તેજ વ્યભિચાર છે. સપક્ષ - વિપક્ષ - ઉભયની વૃત્તિથી અને ઉભયની વ્યાવૃત્તિ બન્ને પ્રકારે વ્યભિચાર ઘટે છે. જેમ અવિવાહિત કન્યા પિતાના ઘેર જ રહે તે તો યોગ્ય છે. પણ પરિણીત નારી પિતાના ઘેર જ રહે તે યોગ્ય ન કહેવાય, કારણ તેનો સપક્ષ = સાસરું વિદ્યમાન છે, માટે ત્યાં પણ તેની વૃત્તિ હોવી જરૂરી છે.

यस्य प्रतिपक्षभूतं हेत्वन्तरं विद्यते स प्रकरणसमः । स एव सत्प्रतिपक्ष इति चोच्यते । तद्यथा शब्दोऽनित्यो नित्यधर्मानुपलब्धेः । शब्दो नित्योऽनित्यधर्मानुपलब्धेरिति । साध्यविपरीतसाधकं समानबलमनुमानान्तरं प्रतिपक्ष इत्यच्यते । यः पुनरतुल्यबलो न स प्रतिपक्षः ।

तथाहि विपरीतसाधकानुमानं त्रिविधं भवति । उपजीव्यमुपजीवकमनुभयं चेति । तत्राद्यं बाधकं बलवत्त्वात् । तथा अनित्यः परमाणुर्मूर्त्तत्वाद् घटवदित्यस्य परमाणुसाधकानुमानं नित्यत्वं साधयदपि न प्रतिपक्षः, किं तु बाधकमेवोपजीव्यत्वात् तच्च धर्मिग्राहकत्वात् ।

यस्येति उदाहरति **तद्यथेति** अपेक्षितं प्रतिपक्षस्वरूपं निरूपयति । अत्र हीति समानबलग्रहणस्योपयोगमाह **यत्पुनरिति** ।

ननु सर्वस्याप्यनुमानस्य व्याप्तिपक्षधर्मवत्तया समानत्वमाह - समानबलत्वेनेत्याशङ्क्याह - तथाहीति साध्याभावसाधकानुमानस्य त्रैविध्यं दर्शयति **विपरीतेति** उपजीव्यस्यानुमानस्याधिकबलत्वेन बाधकत्वं । तथाहीत्यादिना ''अनित्या परमाणवो मूर्त्तत्वात् घटवदिति' वक्त्रा (किं) परमाणून् प्रमितान् अप्रमितान् पक्षीकृत्य प्रयोगः क्रियते ? नाद्य आश्रयासिद्धेः ।

तद्यथा - प्रतिपक्षनां स्वरूपनुं निरूपण करे छे. साध्यनुं विपरीत सिद्ध करनार समान बळवाळुं बीजुं अनुमान ते प्रतिपक्ष. अहीं समानबळवाळुं ग्रहण करवानो उपयोग बतावे छे के - (परंतु) जे असमान बळवाळो छे ते प्रतिपक्ष नथी.

शंकाकार :- सर्व पण अनुमान व्याप्तिपक्षधर्मवाळा होवाथी समान ज छे ने ?

समाधान :- समान बळ रूपे होवाथी सत्प्रतिपक्ष थाय छे, एटले मात्र व्याप्तिधर्मता आवी जवाथी सघळा अनुमान सरखा नथी बनी जता.

ते आ प्रमाणे – साध्याभावने सिद्ध करनारा अनुमानना त्राण प्रकार छे ते दर्शवि छे.... ....

न हि प्रमाणेनागृह्यमाणे धर्मिणि परमाणावनित्यत्वानुमानमिदं संभवति आश्रयासिद्धेः । अतोऽनेनानुमानेन परमाणुग्राहकस्य प्रामाण्यमप्यनुज्ञातमन्यथा अस्योदयासंभवात् । तस्मादुपजीव्यं बाधकमेव । उपजीवकं तु दुर्बलत्वात् बाध्यम् । यथेदमेवानित्यत्वानुमानम् । तृतीयं तु सत्प्रतिपक्षं समबलत्वात् ।

द्वितीयस्तु अनुमानेन सिद्धचतः परमाणवो नित्यत्वेनैव सिद्धा इति कृत्वा तदुपजीवनेनानित्यत्वसाधनयुक्तमितिभावः, उपजीवके दृष्टान्तमाह- **यथेति** उपजीव्योपजीवकत्वाभावेन प्रबलदुर्बलत्वाभावेन सत्प्रतिपक्षत्वं तृतीयस्य घटते।

उपजीव्य - जेना आधारे बीजुं अनुमान होय, उपजीवक - अन्य अनुमानने आश्रये रहेनार. अने त्रीजु अनुभय, उभजीव्य अनुमान अधिक बळवाळुं होवाथी बाधक बने छे.

તે આ પ્રમાણે - પરમાણુઓ અનિત્ય છે. મૂર્ત્ત હોવાથી જેમ ઘટ, એમ કહેનારાએ શું જાણેલા પરમાણુને કે નહિ જાણેલા પરમાણુને પક્ષ કરીને પ્રયોગ કર્યો ? તેમાં પહેલો પક્ષ - અપ્રમિત પક્ષ યોગ્ય નથી, કારણ કે જે પરમાણુની બરાબર ઓળખાણ - જ્ઞાન થઈ નથી, એટલે તે પક્ષ તરીકે અપ્રસિદ્ધ બનવાથી આશ્રયાસિદ્ધિ થાય. બીજા-પ્રમિત પક્ષમાં તો द्व्यणुका सावयवा (त्रसरेणु) महदारम्भकत्वात् कपालवत् આવા અનુમાનથી સિદ્ધિ કરવી પડશે. - થશે, એથી કરીને પરમાણુઓ નિત્ય તરીકે જ સિદ્ધ થયા. દ્વયણુકના કારણ તરીકે સિદ્ધ કરતા પરમાણુને અનિત્ય માનતા અનંત અપ્રામાણિક કલ્પના કરવી પડે છે, માટે તેને નિત્ય તરીકે જ સિદ્ધ કરાય છે.

એથી કરીને તે ઉપજીવન(ક) (અનુમાન) થી અનિત્યને સાધવું અયુક્ત છે. એટલે કે 'પરમાણુ; મૂર્ત્ત હોવાથી ઘટની જેમ જ અનિત્ય છે' એવા આ અનુમાનનું પરમાણુ (ના અસ્તિત્વને) સિદ્ધ કરનારું બીજું અનુમાન (પરમાણુના) નિત્યત્વને સિદ્ધ કરતું હોવા છતાં પણ પ્રતિપક્ષ નથી. પરંતુ ઉપજીવ્ય હોવાથી તે બાધક જ છે. અને તે (ઉપજીવ્ય) ધર્મી-પરમાણુનું સાધક હોવાથી જ છે. अप्रमितान् - ધર્મી રૂપ પરમાણુ પ્રમાણથી ગ્રહણ જ ન થાય તો (પરમાણુના) અનિત્યનું સાધક આ અનુમાન પણ થઈ નથી શકતું, કારણ કે તે આશ્રયાસિદ્ધ થશે. પક્ષઅજ્ઞાત હોવાથી અપ્રસિદ્ધ છે. તેથી આ (પરમાણુના અનિત્યના સાધક) અનુમાનથી પરમાણુગ્રાહક અનુમાનનું પ્રામાણ્ય પણ સ્વીકૃત થઈ જાય છે: કારણ કે નહિ તો આ (અનિત્યસાધક અનુમાન) નો ઉદય જ સંભવે નહીં, તેથી પ્રમાણભૂત અનુમાનથી નિત્યધર્મ સિદ્ધ થતો હોવાથી ઉપજીવ્ય અનુમાન બાધક છે, ઉપજીવક દુર્બલ હોવાથી બાધ્ય છે, અનિત્યસાધક અનુમાનને પરમાણુ સાધક અનુમાનનો આધાર લેવો પડતો હોવાથી ઉપજીવક કહેવાય. અન્યને ઉપજીવ્ય. ઉપજીવકમાં દૃષ્ટાન્ત આપે છે. જેમકે - પરમાણુનું અનિત્યત્વ સાધક અનુમાન અહીં બાધ્ય બને છે.

ઉપજીવ્ય ઉપજીવકનો અભાવ હોવાથી પ્રબલ દુર્બલનો અભાવ થવાથી આ બંનેથી- ઉપજીવ્ય ઉપજીવકથી ભિન્ન- અનુભય ત્રીજું અનુમાન જ સત્પ્રતિપક્ષ હોય છે.

यस्य प्रत्यक्षादिप्रमाणेन पक्षे साध्याभावः परिच्छिन्नः स कालात्ययापदिष्टः, स एव बाधितविषय इत्यच्यते । तथाग्निरनुष्णः कृतकत्वाज्जलवत् । अत्र कृतकत्वं हेतुः । तस्य च यत् साध्यमनुष्णत्वं तस्याभावः प्रत्यक्षेणैव परिच्छन्नः, त्वगिन्द्रियेणाग्नेरुष्णत्वपरिच्छेदात् ।

तथापरोऽपि कालात्ययापदिष्टः । यथा घटस्य क्षणिकत्वे साध्ये प्रागुक्तं सत्त्वं हेतुः । तस्यापि च यत् साध्यं क्षणिकत्वं तस्याभावोऽक्षणिकत्वं प्रत्यभिज्ञातर्कादिलक्षणेन प्रत्यक्षेण परिच्छिन्नम् । स एवायं घटो यो मया पूर्वमुपलब्ध इति प्रत्यभिज्ञया पूर्वानुभवजनितसंस्कारसहकृतेन्द्रिय-प्रभवया पूर्वापरकालाकलनया घटस्य स्थायित्वपरिच्छेदादिति ।

જે (હેતુ)ના સાધનો અભાવ પ્રત્યક્ષાદિ પ્રમાણથી પક્ષમાં નિશ્ચિત થઈ ગયો હોય તો કાલાત્યયાપદિષ્ટ (હેત્વાભાસ) છે. તેને 'બાધિતવિષય' પણ કહેવામાં આવે છે. જેમકે 'અગ્નિ શીતળ છે, કારણ કે તે કૃતક છે, જળની જેમ.' અહીં 'કૃતકત્વ' હેતુ છે, તેનું 'અનુષ્ણત્વ' એવું જે સાધ્ય છે. તેનો અભાવ પ્રત્યક્ષથી જ નિશ્ચિત થઈ જાય છે; કારણ કે ત્વગિન્દ્રિયથી અગ્નિમાં ઉષ્ણતાનો નિશ્ચય થઈ જાય છે.

તે જ પ્રમાણે બીજું પણ કાલાત્યયાપદિષ્ટ છે. જેમકે, ઘટનું ક્ષણિકત્વ સિદ્ધ કરવામાં પૂર્વોક્ત 'સત્ત્વ' એ હેતુ છે. તેનું પણ ક્ષણિકત્વ એવું જે સાધ્ય છે, તેનો અભાવ-અક્ષણિકત્વ પ્રત્યભિજ્ઞા અને તર્ક વગેરેરૂપ પ્રત્યક્ષથી નિશ્ચિત થઈ જાય છે; કારણ કે 'આ તે જ ઘડો છે જે મેં પૂર્વે જોયો હતો' એમ પ્રત્યભિજ્ઞાનથી = પૂર્વના અનુભવથી જનિત સંસ્કારની સહાયથી ઈન્દ્રિય દ્વારા ઉત્પન્ન થયેલ પૂર્વાપરકાળના જ્ઞાનથી ઘટના સ્થાયિત્વનો નિશ્ચય થઈ જાય છે.

एते चासिद्धादयः पञ्च हेत्वाभासा यथाकथञ्चित् पक्षधर्मत्वाद्यन्यतमरूपहीनत्वादहेतवः स्वसाध्यं न साधयन्तीति ।

येऽपि लक्षणस्य केवलव्यतिरेकिहेतोस्त्रयो दोषा अव्याप्त्यतिव्याप्त्यसंभवास्तेऽप्यत्रैवान्तर्भवन्ति न तु ते पञ्चभ्योऽधिकाः । तथाहि अतिव्याप्तिर्व्याप्यत्वासिद्धिः, विपक्षमात्रादव्यावृत्तत्वात् सोपाधिकत्वाच्च । यथा

गोलक्षणस्य पशुत्वस्य । गोत्वे हि सास्नादिमत्त्वम् प्रयोजकं न तु पशुत्वम् । तथा अव्याप्तिर्भागासिद्धत्वम् । यथा गोलक्षणस्य शाबलेयत्वस्य । एवमसम्भवोऽपि स्वरूपासिद्धिः । यथा गोलक्षणस्यैकशफत्वस्येति ।

કેવળવ્યતિરેકી હેતુ (એવા) લક્ષણના જે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એવા દોષો છે, તે પણ અહીં (હેત્વાભાસોમાં જ) સમાવિષ્ટ થઈ જાય છે. પરંતુ તે આ પાંચ (હેત્વાભાસોથી) અધિક નથી. જેમકે 'અતિવ્યાપ્તિ' એ વ્યાપ્યત્વાસિદ્ધ છે; કારણ કે તે સર્વ વિપક્ષમાંથી વ્યાવૃત્ત નથી તેમજ સોપાધિક છે. દા.ત. ગાયનું લક્ષણ પશુત્વ (કરવામાં આવે તો). કારણ કે ગાયનું હોવામાં પ્રયોજક સાસ્નાદિપણું છે, પશુત્વ નહીં, પશુત્વ વિપક્ષ ભેંસ વિ. માં રહે છે. તેવી રીતે 'અવ્યાપ્તિ' એ ભાગાસિદ્ધ જ છે. જેમકે ગાયનું લક્ષણ કાબરચીતરાપણું કરવામાં આવે, અહીં કાબરચીતરાપણું પક્ષના એકદેશ ધોળી વગેરે ગાયમાં ન રહેવાથી ભાગાસિદ્ધ થાય. આ જ રીતે 'અસંભવ' પણ સ્વરૂપાસિદ્ધ છે; જેમકે ગાયનું લક્ષણ 'એક ખરીવાળા હોવું' તે એકશફત્વ પક્ષરૂપ ગાયમાં ન રહેવાથી સ્વરૂપાસિદ્ધ થાય.

प्रत्यभिज्ञेति पूर्वमनुभूय ततः कालान्तरेण पुनस्तस्यैवानुभवनं प्रत्यभिज्ञा। विशेषणासिद्धस्य विशेष्यासिद्धस्य च स्वरूपासिद्धचन्तर्भावः । इदं यदुक्तं ग्रन्थकृता तत्तथैव असमर्थविशेषणासिद्धस्यासमर्थविशेष्यासिद्धस्य न च स्वरूपासिद्धेऽन्तर्भावो विशिष्टस्य गुणासमानाधिकरणाकारणकत्वादेर्गौरवेण व्याप्यत्वानवच्छेदकत्वादिति । किञ्च षड्हेत्वाभासा इति मितभाषिण्यां ॥

પૂર્વે અનુભવી કાલાન્તરે ફરી તેનો જ અનુભવ કરવો તે પ્રત્યભિજ્ઞા. વિશેષણાસિદ્ધ અને વિશેષ્યાસિદ્ધનો સ્વરૂપાસિદ્ધિમાં સમાવેશ થાય છે. આ જે ગ્રંથકારે કહ્યું તે તે પ્રમાણે જ છે. અસમર્થ વિશેષણાસિદ્ધ. અસમર્થ વિશેષ્યાસિદ્ધનો સ્વરૂપાસિદ્ધમાં અંતર્ભાવ થાય. કેમકે વિશિષ્ટ હેતુનો- ગુણત્વ વિશિષ્ટ અકારણકત્વ અને અકારણકત્વવિશિષ્ટ ગુણત્વનો શબ્દરૂપી પક્ષમાં સદ્ભાવ છે.

પરંતુ આ બંનેનો વ્યાપ્યતાસિદ્ધિમાં અંતર્ભાવ થાય. કારણ કે વિશિષ્ટ એવા (ગંધસ્વરૂપી ગુણ તો ઘટમાં છે, ત્યાં અકારણકત્વ નથી એટલે) ગુણના અસમાનાધિકરણ અકારણકત્વાદિનું ગૌરવ હોવાથી વ્યાપ્યત્વ અનવચ્છેદક બને

છે. નિત્યત્વ નું વ્યાપ્ય અકારણકત્વ હોવાથી અકારણકત્વથી જ પક્ષમાં નિત્યત્વની સિદ્ધિ થઈ જાય છે. એટલે અકારણકત્વ વિશિષ્ટ ગુણત્વ ગુરૂ ભૂતધર્મ બનવાથી/હોવાથી વ્યાપ્યતાવચ્છેદક ન બને. વળી હેત્વાભાસ છ છે. એમ **સપ્તપદાર્થની મિતભાષિણી** ટીકામાં કહ્યું છે. એટલે કે ઉભા થતા નવા નવા હેત્વાભાસનો આ છ માં જ સમાવેશ કરવો.

(१२६) (छलम्)

अभिप्रायान्तरेण प्रयुक्तस्य शब्दस्यार्थान्तरं परिकल्प्य दूषणाभिधानं छलम्, यथा नवकम्बलोऽयं देवदत्त इति वाक्ये नूतनाभिप्रायेण प्रयुक्तस्य नवशब्दस्यार्थान्तरमाशङ्क्य कश्चिद्दूषयति, नास्य नव कम्बलाः सन्ति दरिद्रत्वात् । न ह्यस्य द्वयमपि सम्भाव्यते कुतो नवेति । स च वादी छलवादितया ज्ञायते ।

छलमिति त्रिविधं । **नवलम्बलोयमित्यादिना** अत्र अर्थान्तरमाशङ्क्य कश्चिद् दूषयति नास्य नव कम्बलाः सन्ति दरिद्रत्वात् । अविशेषाभिहितेऽर्थे वस्तुरभिप्रायादर्थान्तरकल्पना वाक्छलं (१) ।

છલ ત્રણ પ્રકારે છે. (૧) **વાક્છલ** :- વિશેષણ વગર સામાન્યથી કહેવાયેલાં અર્થમાં વક્તાના અભિપ્રાયથી અન્યઅર્થની કલ્પના કરવી તે વાક્છલ. આ નવ (નવી) કંબલવાળો છે. અહિં અર્થાન્તરની શંકા કરી કોઈક દૂષણ આપે કે આની પાસે નવ (૯) કાંબલ નથી, કારણ કે આ તો દરિદ્ર છે. ઈત્યાદિ વાક્છલ છે.

(१२७) (जातयः)

असदुत्तरं जातिः । सा चोत्कर्षसमापकर्षसमादिभेदेन बहुविधा । विस्तरभिया नेह कृत्स्नोच्यते । तत्राव्याप्तेन दृष्टान्तगतधर्मेण साध्ये पक्षे अव्यापकधर्मस्यापादनमुत्कर्षसमा जातिः । यथा शब्दोऽनित्यः कृतकत्त्वाद् घटवदित्युक्ते कश्चिदेवमाह यदि कृतकत्वेन हेतुना घटवच्छब्दोऽनित्यः स्यात्, तर्हि तेनैव हेतुना तद्वदेव शब्दः सावयवोऽपि स्यात् ।

अपकर्षसमा तु दृष्टान्तगतेन धर्मेणाव्याप्तेनाव्यापकस्य धर्माभावस्यापादनम् । यथा पूर्वस्मिन् प्रयोगे कश्चिदेवमाह यदि कृतकत्वेन हेतुना घटवच्छब्दोऽनित्यः स्यात् तेनैव हेतुना घटवदेव हि शब्दः श्रावणोऽपि न स्यात् । न हि घटः श्रावण इति ।

मञ्चा क्रोशन्तीत्यादौ मञ्चशब्दस्य वृत्त्यन्तरेणार्थान्तरपरतयोच्चरितस्य मुख्यार्थता सम्भवमात्रेण कश्चिदाह नह्यचेतनस्य क्रोशनं सम्भवतीति उपचारछलं (२)

चतुर्वेदाध्यायी 'ब्राह्मण' इति सम्भवमात्रेणोक्ते कश्चिदाह नैवमिति अनुपमाने तदभावादिति सामान्यछलं (३)

जातिरिति उत्तरस्यासत्त्वं प्रयुक्ते हेतौ दूषणासामर्थ्यं,

तदुक्तं.... प्रयुक्ते स्थापनाहेतौ दूषणाऽशक्तमुत्तरं

जातिमाहुरथाऽन्येतु स्वव्याघातकमुत्तरं ॥१॥

यथा कृतकत्वमनित्यत्वव्याप्तं तथा सावयवत्वं व्याप्तं न; किन्तु घटादौ क्वचित्सावयवत्वसहचरितं कृतकत्वम् । इति पक्षे तद्भशेनाविद्यमानस्य सावयवत्वस्यापादनमुत्कर्षसमः(मा) ।

२. **उपचार छल** :- मांचडो अवाज करे छे, अहीं मञ्च शब्दनी लक्षणा मांचडा उपर बेसेल अर्थमां छे. એવા અભિપ્રાયથી આ વાક્ય કહેવાયેલ છે. તેમાં મુખ્યાર્થની સંભાવના કરી કોઈક કહે કે અચેતનનો અવાજ સંભવી શકતો નથી. આ ઉપચાર છલ.

३. **सामान्य छल** :- કોઈ એક બાબત પર અપાયેલ અભિપ્રાય, તેને તદ્દન સામાન્ય અર્થમાં સમજી જૂદી રીતે રજૂ કરવો. જેમકે બ્રાહ્મણ ચાર વેદ ભણનારો છે, આમ સંભાવના માત્રથી કહેવાય; ત્યારે કોઈક કહે અનુપમાનમાં (શસ્ત્રજીવીબ્રાહ્મણ જાતિ) તેનો અભાવ છે. માટે તમારી વાત યોગ્ય નથી. આ સામાન્ય છલ છે.

અસત્ ઉત્તરનો પ્રયોગ કરવો તે જાતિ. પ્રયુક્ત હેતુમાં પ્રતિવાદીને દૂષણ આપવાનું સામર્થ્ય ન હોય તેવા અસત્ હેતુનો પ્રયોગ કરવો.

કહ્યું છે કે - પ્રયોગ કરાયેલ સ્થાપના હેતુમાં દોષ આપવાની અશક્તિવાળો ઉત્તર આપવો તેને જાતિ કહે છે.

પરંતુ બીજાઓ તો પોતાનો વ્યાઘાત કરનારો જવાબ આપવો તે જાતિ, એમ કહે છે, જેમ કૃતકત્વ અનિત્યથી વ્યાપ્ત છે, તેમ સાવયવથી વ્યાપ્ત નથી પરંતુ ઘટાદિમાં ક્યાંક સાવયવ સાથે કૃતકત્વ હોય છે. પક્ષમાં (શબ્દમાં) તેના વશથી અવિદ્યમાન સાવયવત્વનું આપાદાન કરવું તે ઉત્કર્ષસમા જાતિ.

જેમકે - કૃતકત્વ હેતુના કારણે જો શબ્દ ઘટની જેમ અનિત્ય હોઈ શકે છે/હોય છે, તો ઘટની જેમ અશ્રાવણ પણ હોવો જોઈએ.

निग्रहस्थानानीति गोवर्द्धन्यां **वादपदार्थोक्तान्यपिनिग्रहस्थानान्यत्रावसर-प्राप्तत्वाद्विस्तरेणाह**। अत्र केचिदिति तत्त्वनिर्णयमात्रोद्देशप्रवृत्त कथात्वमितिमात्रपदान्तर्भावेन वादलक्षणमाहुस्तन्न, मात्रपदव्यवच्छेदाभावात्, न हि क्वचिद्विजिगीषा बुभुत्सा चेति द्वयं सम्भवीति येन तद्व्यवच्छेदः स्यात्। वादकथायां सभ्यो नापि मध्यस्थस्तत्कर्त्तव्यं च वीतरागाभ्यां ताभ्यामेव कर्तव्यं। कथकगुणदोषविवेचनादिहितकृत्यं तच्च तत्त्वबुभुत्सायां ताभ्यामेव कर्तव्यं, अन्यथा तत्त्वबोधानिर्वाहात्। अनुविधेयोऽपि राजादि र्लाभादिसम्पादनव्यापारकः। सोऽपि वादकथकयोरनपेक्षित इति सोपि न वादे, मध्यस्थस्तु बुद्धिपूर्वको न कर्तव्यः। यदि दैवादायाति तदा न वारणीयोऽपि, तत्संवादेन स्थिरतत्त्वनिर्णयसम्भवात्।

गोवर्धनीમાં વાદપદાર્થમાં નિગ્રહસ્થાનો કહેલા છે, છતાં પણ અહીં અવસર પ્રાપ્ત હોવાથી વિસ્તારથી કહે છે. અહિં કેટલાક માત્ર તત્ત્વ નિર્ણયના ઉદ્દેશથી પ્રવૃત્ત થયેલી કથા તે વાદ, એમ કહે છે.

માત્ર પદના અન્તર્ભાવથી વાદ લક્ષણ કહ્યું તે બરાબર નથી. કારણ કે માત્ર પદથી અહીં કોઈનો વ્યવચ્છેદ સંભવતો નથી. કોઈ પણ ઠેકાણે જીતવાની ઈચ્છા અને જાણવાની ઈચ્છા બન્ને સાથે સંભવતી નથી કે જેનાં લીધે તેનો વ્યવચ્છેદ કરાય.

વાદ કથામાં સભ્ય નથી હોતા, મધ્યસ્થ પણ નથી હોતો. તેનું કર્તવ્ય તે બન્નેને જાતે જ રાગ દ્વેષ વગરના બનીને કરવાનું હોય છે.

તત્ત્વબુભુત્સામાં - પદાર્થના સ્વરૂપને બરાબર સમજવાની ઈચ્છા હોય ત્યારે કથકના ગુણ દોષનું વિવેચનાદિ હિતકૃત્ય તે બન્નેનેજ કરવાનું હોય છે. નહિંતર તત્ત્વબોધનો નિર્વાહ ન થઈ શકે.

અનુવિધેય વિનીત - આદેશાનુસાર કાર્ય કરનાર પણ રાજા વગેરે લાભાદિ સંપાદન કરવાવાળો હોય છે, તે પણ વાદમાં નથી હોતો. બુદ્ધિપૂર્વક મધ્યસ્થ બનાવવાનો હોતો નથી. ભાગ્ય યોગે આવી જાય તો વારણ પણ ન કરવું. કારણ કે તેના સંવાદથી તત્ત્વનિર્ણયનો સંભવ છે. "હા ભાઈ ! આ બરાબર કહે છે. મેં પણ એવું બુજર્ગો - વડવાઓ પાસે સાંભળેલું છે. એથી બીજાના મગજમાં તે વાત નક્કી થઈ જાય છે.

(૧૨૮) (निग्रहस्थानानि)

पराजयहेतुर्निग्रहस्थानम् । तच्च न्यूनाधिकापसिद्धान्तार्थान्तराप्रतिभामतानुज्ञाविरोधादिभेदाद्बहुविधमपि विस्तारभयान्नेह कृत्स्नमुच्यते ।

स चाऽष्टनिग्रहाणामधिकरणमिति, ननु केनाभिप्रायेणैतत् प्रतिज्ञाहानिः (१) प्रतिज्ञासन्न्यास (२) निरर्थकं (३) अविज्ञातार्थं (४) अर्थान्तरं (५) अपार्थकं (६) चेति षट्कं तावन्न पतत्येव वादे । स्वाशक्तिनिगूहनार्थानामेषां वादे प्रयोगे तत्त्वप्रतिपत्तिव्याघातप्रसङ्गात् । तत्र स्वीकृतोक्तिपरित्यागः प्रतिज्ञाहानिः । सा पञ्चधा पक्षसाध्यहेतुदृष्टान्ततद्विशेषणपरित्यागात्, (१) शब्दोऽनित्यः प्रत्यक्षगुणत्वाद् घटवदित्युक्ते परेण प्रत्यभिज्ञाबाधेन दूषिते, अस्तु तर्हि पटोऽनित्य इति पक्षपरित्यागः ।

પરાજયના કારણભૂત તે નિગ્રહ સ્થાન છે. ગ્રંથકારે ન્યૂન, અધિક, અપસિદ્ધાન્ત વિ. ૭ નું વિવરણ કર્યુ છે. બધા મળીને ૨૨ નિગ્રહ સ્થાનો છે.

અને તે વાદ આઠ નિગ્રહસ્થાનોનું અધિકરણ છે. ન્યૂન અધિક અપસિદ્ધાંત અને પાંચ હેત્વાભાસ આ આઠ નિગ્રહ સ્થાનોનું વાદમાં ઉદ્ભાવન કરાય છે. શેષનું નહિં.

શંકાકાર :- કયા અભિપ્રાયથી આ કહો છો ?

સમાધાન :- ૧. પ્રતિજ્ઞાહાનિ ૨. પ્રતિજ્ઞાસન્ન્યાસ ૩. નિરર્થક ૪.

અવિજ્ઞાતાર્થ ૫. અર્થાન્તર ૬. અપાર્થક. સ્વ અશક્તિ છુપાવવાના અર્થે એઓનો (આ ૬ સ્થાનોનો) વાદમાં પ્રયોગ થતાં તત્ત્વપ્રતિપત્તિના વ્યાઘાતનો પ્રસંગ આવે. (તત્ત્વની શુદ્ધ સમજણ પ્રાપ્ત ન થઈ શકે. એથી કરીને વાદમાં આ છનો પ્રયોગ થતો જ નથી, કારણ કે વાદ તો તત્ત્વના નિર્ણય માટે જ છે.

(૧) ત્યાં સ્વીકારેલી ઉક્તિનો ત્યાગ કરવો તે પ્રતિજ્ઞાહાનિ. (તે પાંચ પ્રકારે છે) પક્ષ, સાધ્ય, હેતુ, દૃષ્ટાન્ત અને તેનાં વિશેષણનો પરિત્યાગ કરવાથી તે પ્રતિજ્ઞાહાનિ પાંચ પ્રકારે છે.

શબ્દ અનિત્ય છે. પ્રત્યક્ષ ગુણરૂપે હોવાથી ઘટની જેમ. એમ વાદીએ પ્રયોગ કર્યો. ત્યારે બીજાએ 'તે જ આ શબ્દ છે', એવી પ્રત્યભિજ્ઞાથી તેનો બાધ થવાથી આ અનુમાન દૂષિત થતા વાદીએ કહ્યું તો પટ અનિત્ય છે, એમ **પક્ષ પલટો** થાય છે.

(૨) તેનૈવ દૂષણેન અસ્તુ નિત્યએવ શ્શબ્દઇતિ સ્વીકારે સાધ્યપરિત્યાગઃ (૩) શબ્દદ્રવ્યત્વાદિના સ્વરૂપાસિદ્ધ્યા હેતૌ દૂષિતે કૃતકત્વાદિહેતુપ્રયોગે હેતુપરિત્યાગઃ (૪) ઘટસ્ય દ્રવ્યતયા દૃષ્ટાન્તાસિદ્ધાવભિધીયમાનાયાં રૂપે દૃષ્ટાન્તીકૃતે દૃષ્ટાન્તહાનિરેવ । (૫) વિશેષણહાનિરપ્યુદાહાર્યા ।

ઉક્તાપલાપઃ પ્રતિજ્ઞાસન્ન્યાસઃ, સોઽયં ચતુઃપ્રકાર ક એવમાહેતિ વા પરપક્ષોઽયં મયોક્તં ઇતિ વા (૨) સ્વોક્તે ત્વયૈવોક્તમિતિ વા (૩) પરોક્તે મયૈવોક્તમિતિ વા (૪) ન ચાયં પ્રકારોઽસમ્ભાવિત એવ, વસ્તુત્યાગેન સ્વીયતયા વિશેષણેન વા અપલાપેન વાસ્તવેન તન્નિવૃત્તિકામાનાસમ્ભવાત્ (૨) ।

(૨) તેજ (પ્રત્યભિજ્ઞાજન્યબાધ) દૂષણ લાગવાથી શબ્દ નિત્ય જ છે. એમ સ્વીકારતા **સાધ્ય ત્યાગ** થાય છે. (૩) 'શબ્દ તો દ્રવ્ય છે' એવું બોલનારો સ્વરૂપાસિદ્ધિથી હેતુને દૂષિત કરતા કૃતકત્વ વગેરે હેતુનો પ્રયોગ કરતા **હેતુનો ત્યાગ** કરે છે. (૪) ઘટ તો દ્રવ્ય હોવાથી દૃષ્ટાન્તાસિદ્ધિ કહેતા રૂપને દૃષ્ટાન્ત કરતા **દૃષ્ટાન્તનો ત્યાગ** થાય છે. (૫) પર્વતો વહ્નિમાન્ નીલધૂમાત્ - અહીં નીલધૂમત્વ અવચ્છેદક ન બનતા વ્યાપ્યતાસિદ્ધિ દોષ આવે, ત્યારે ધૂમને હેતુ તરીકે કહેવો એટલે નીલવિશેષણને છોડી દેવું તે **વિશેષણ હાનિ.**

કહેલાનો અપલાપ કરવો તે **પ્રતિજ્ઞા સન્ન્યાસ.** તે ચાર પ્રકારે છે. (૨)

१. કોણ આમ કહે છે ? (૨) આ તો પરપક્ષ કહ્યો છે. ૩. પોતે બોલ્યો હોય તો પણ કહે કે તેજ કહ્યું છે. ૪. બીજાએ કહ્યું ત્યારે મેં કહ્યું છે, એમ કહે.

આ પ્રકાર અસંભવિત નથી જ. વસ્તુના ત્યાગથી, બીજાનું કહેલું પોતાનાં રૂપે સ્વીકારવાથી, નવાં વિશેષણથી અથવા અપલાપથી વાસ્તવમાં તેની નિવૃત્તિ કરવાની સંભાવના હોઈ શકે છે. (પોતે કાંઈ બોલ્યો હોય પછી સામેવાળો તેમાં દોષ કાઢે, ત્યારે સીધે સીધું તો કહી ન શકે પણ આડુ અવળું કહી તે વાતથી છટકી જવા ઈચ્છે છે. ત્યાં પ્રતિજ્ઞાસન્યાસનો પ્રસંગ આવે છે.)

अवाचकप्रयोगो निरर्थकं, स च लिङ्गव्यत्ययादौ, यथा शब्दं अनित्यमित्यादौ (३) वादिना त्रिरभिहितमपि परिषत्प्रतिवादिभ्यां दुर्बोधमज्ञातार्थं यथा स्वशास्त्रासाधारणपरिषदादौ (४) प्रकृतानुपयोग्यर्थान्तरं [1](५) अनन्वितमपार्थकं[2] च प्रसिद्धमेव (६) तदेतत् षट्कं वादे न पतत्येव । यद्यप्यनुक्तत्वभ्रमात् हानिन्यासौ वाचकत्वोपयुक्तत्वस्फुटार्थत्वान्वितत्वभ्रमाच्चान्ये सम्भवन्ति, तथापि स्वाशक्तिनिगूहनार्थं न सम्भवतीति कथासम्प्रदायतात्पर्यं किञ्चित्सम्भवदप्यनुद्भाव्यं; यथा प्रतिज्ञान्तर (१) हेत्वन्तरं (२) अज्ञानं (३) अप्रतिभा (४) विक्षेपो (५) मतानुज्ञा (६) पर्युनुयोज्योपेक्षण (७) मिति सप्तकं; परोक्तदुषणोद्धाराय पूर्वोक्तविशेषणवतः पूर्वोक्तस्य साधनीयांशस्य प्रतिपादनं प्रतिज्ञान्तरं । तद्द्वेधा पक्षविशेषणपूरणात् साध्यविशेषणपूरणाच्च ।

(૩) **અવાચક** - જે શબ્દ જે રૂપે વાચક બનતો હોય તેનાથી વિપરીત રીતે તેનો પ્રયોગ તે નિરર્થક. તે લિંગના ગોટાળા વગેરે થવાથી થાય છે. જેમકે શબ્દ-અનિત્યં છે. એમ નપુંસક લિંગનો પ્રયોગ કર્યો. શબ્દ તો પુલ્લિંગ હોવાથી આ પ્રયોગથી સત્ય અર્થ કહી શકાય નહિં.

(૪) વાદિ ત્રણ વાર બોલવા છતાં સભાજનો અને પ્રતિવાદી સમજી ન શકે તે **અજ્ઞાતાર્થ.** જેમ પોતાનાં શાસ્ત્ર પ્રમાણે (=સ્વશાસ્ત્રના રચયિતા

---

१. प्रकृतादर्थादप्रतिसम्बद्धार्थमर्थान्तरम् ।५।२।७। न्या. सू. । तुलना

२. पौर्वापर्यायोगादप्रतिसम्बद्धार्थमपार्थकम् ।५।२।१०। न्या. सू. । तुलना

પ્રમાણે) સ્વશાસ્ત્રને નહિ સમજનારી એવી અસાધારણ પર્ષદામાં વાત કરવી, જેમકે કંડક પ્રમાણ ચારિત્રઅધ્યવસાય સ્થાન છે. એ જૈન સિવાય અન્ય કોઈને ખબર નથી, તેથી વાદમાં કણ્ડકનો પ્રયોગ કરવો તે અ(વિ)જ્ઞાતાર્થ.

૫. પ્રકૃતમાં ઉપયોગી ન હોય તે અર્થાન્તર.

૬. બંધ બેસતુ ન હોય તે અપાર્થક.

આ છ વાદમાં આવતા જ નથી.

જો કે અનુકૃતત્વના ભ્રમથી (પ્રતિજ્ઞા) હાનિ અને (પ્રતિજ્ઞા)(સં)ન્યાસ (થાય છે). વાચકત્વ ઉપયુક્તત્વ, સ્ફુટાર્થત્વ અન્વિતના ભ્રમથી અન્ય પણ નિગ્રહ સ્થાન સંભવે છે. જે વાત પોતે કહી હોય છતાં મેં તો આ વાત નથી કરી એટલે પક્ષ, સાધ્ય વગેરેનો વિશેષણ યુક્ત પ્રયોગ કર્યો હોય છતાં ભ્રમથી એવું માને કે મેં વિશેષણ મૂક્યું નથી, એવો ભ્રમ થવાથી વિશેષણ યુક્તપક્ષ આદિનું પ્રતિપાદન કરતાં (૧) પ્રતિજ્ઞાહાનિ અને (૨) પ્રતિજ્ઞા સંન્યાસ થાય છે.

ઘટ પદાર્થ માટે પુલ્લિંગ ઘટ શબ્દવાચક તરીકે પ્રસિદ્ધ છે, છતાં પોતાને ભ્રમ થવાથી માન્યુ કે નપુંસક - ઘટ શબ્દ તેનો વાચક છે. આવી રીતે વાચક = શબ્દનો ભ્રમ થવાથી **નિરર્થક દોષ**(૩) આવે.

આત્માને નિત્ય તરીકે સિદ્ધ કરવા માટે ઉપયોગી કથન પ્રત્યભિજ્ઞા વગેરે છે. પરંતુ તેવા વાદના અધિકારમાં દેવો તો ઘણાં સુખી છે. નારકીઓ દુઃખી છે. ઈત્યાદિ પ્રસ્તુત અનુપયોગી વાતને પણ ભ્રમથી ઉપયોગી માનીને તેવી વાતનો પ્રયોગ કરવાથી **અર્થાન્તરદોષ**(૪) થાય છે.

કણ્ડક, ધ્રુવ વર્ગણા, અધ્રુવવર્ગણા ઈત્યાદિ શબ્દો જે તત્ત્વજ્ઞાનથી અજ્ઞ એવા પ્રતિવાદી કે સભા માટે ન સમજાય તેવા હોય છતાં પોતે એવું માને કે આ શબ્દો તો સ્ફુટ-સ્પષ્ટ અર્થ વાળા છે. એવા ભ્રમથી પોતે વાદમાં તેમનો પ્રયોગ કરે ત્યારે **અજ્ઞાતાર્થ દોષ** (૫) આવે છે.

જે વાતનો સંબંધ ન થતો હોય (સુમેલ ન થતો હોય) છતાં ભ્રમથી એવું માને કે વાત તો બંધ બેસતી છે. એ ભ્રમથી પરસ્પર સંબદ્ધ માની તેનો પ્રસ્તુતવાદમાં પ્રયોગ કરતાં **અપાર્થક** દોષ આવે છે. અથવા ગપ્પા મારવા એટલે કે ૧૦ હાથ લાંબુ કેળું હોય છે. ૧૫ હાથ લાંબા દાડમ હોય છે. ઈત્યાદિ ગપને

પ્રાણ ભ્રમથી સત્યરૂપે સંબદ્ધ - સુમેલવાળો માની પ્રયોગ કરે ત્યારે **અપાર્થક** (૬) દોષ લાગે છે.

છતાં પણ તે નિગ્રહ સ્થાન સ્વ (પોતાની) અશક્તિને છૂપાવવા માટે સમર્થ થઈ શકતા નથી, આવો કથા સમ્પ્રદાય છે.

કિંચિત્ તાત્પર્ય સંભવતુ હોવા છતા પણ તેનો ઉદ્‌ભાવ ન કરવો. જેમકે પ્રતિજ્ઞાંતર ૧. અન્યહેતુ- હેત્વંતર ૨.અજ્ઞાન ૩. અપ્રતિભા ૪. વિક્ષેપ ૫. મતાનુજ્ઞા ૬. પર્યુનુયોજ્યોપેક્ષણ- પ્રશ્નની ઉપેક્ષા ૭ એમ સાત છે. બીજાએ કહેલાં દૂષણનો ઉદ્ધાર કરવા માટે પૂર્વે સાધ્યના અંશનું સાથે વિશેષણ લગાડીને પ્રતિપાદન કરવું તે પ્રતિજ્ઞાન્તર, તે બે પ્રકારે છે.

યથા 'શબ્દોઽનિત્યઃ કાર્યત્વાદિત્યુક્તે ધ્વનિનાશતઃ સિદ્ધસાધને વર્ણાત્મક ઇતિ વિશેષણોપાદાને આદ્યઃ, વિવાદાધ્યાસિતં બુદ્ધિમત્પૂર્વકમિત્યુક્તેઽન્યવિષયકજ્ઞાનવત સિદ્ધસાધને ઉપાદાનવિષયત્વે બુદ્ધિવિશેષણત્વે ચરમઃ ॥૧॥ અવિશિષ્ટસાધનભાગમભિધાય પુનર્વિશેષણવત્તદ્વચનં હેત્વન્તરં, યથા 'શબ્દોઽનિત્યઃ પ્રત્યક્ષત્વાદિ'ત્યુક્તે સામાન્યે વ્યભિચારે, જાતિમત્ત્વે સતીતિ વિશેષણોપાદાનાદૌ (૨) કથાયાં પ્રકૃતવિષયે સ્વાજ્ઞાનાવિષ્કરણમજ્ઞાનં; સ ચ વાદિમધ્યસ્થાભ્યામનૂદિતેઽપિ કિમનેનોક્તમહં ન જાનામીત્યાદ્યાકારઃ (૩) ઉત્તરાપરિસ્ફૂર્તિરપ્રતિભા સા પ્રસિદ્ધૈવ । (૪) કાર્યવ્યાસઙ્ગાત્કથાવિચ્છેદો વિક્ષેપઃ યથા કથાયાં પ્રવૃત્તાયામદ્ય મયા ન વક્તવ્યં, કિઞ્ચિત્કૃત્યમસ્તીત્યાદિ (૫) ।

પક્ષમાં વિશેષણ ઉમેરવાથી, સાધ્યમાં વિશેષણ ઉમેરવાથી જેમકે શબ્દ અનિત્ય છે કાર્યરૂપે હોવાથી,ધ્વનિનો નાશ થતો હોવાથી આ વાત સિદ્ધ હોવાથી સિદ્ધસાધન દોષ આવે, તેના ઉદ્ધાર માટે વર્ણાત્મક શબ્દ એમ વિશેષણ મૂકતા **પ્રતિજ્ઞાન્તર**નો પહેલો ભેદ થયો.

વિવાદાસ્પદ બુદ્ધિમત્ પૂર્વક છે. (બુદ્ધિવાળાએ કરેલ છે.) એમ કહેતા અન્ય વિષયક જ્ઞાનવાળા વડે સિદ્ધ સાધન દોષ આવે. (એટલે કે કોઈ પણ કાર્ય હોય તેને કરનારાને કોઈ પણ જાતનું જ્ઞાન તો હોય જ, એ વાત તો સિદ્ધ જ છે.) તે દોષથી બચવા ઉપાદન વિષયત્વ એ બુદ્ધિમાં વિશેષણ મૂકીએ ત્યારે

ચરમ **प्रतिज्ञान्तर** દોષ થાય છે.

વિશેષણ વગર હેતુનો ભાગ કહી વિશેષણવાળું હેતુનું કહેવુ તે હેત્વન્તર. જેમકે "શબ્દ અનિત્ય છે - પ્રત્યક્ષ હોવાથી" એમ કહેતા સામાન્યમાં વ્યભિચાર આવે. સામાન્ય પણ પ્રત્યક્ષ છે, પણ અનિત્ય નથી માટે. તે માટે 'જાતિવાળું હોતે છતે' એમ વિશેષણ મૂકતા હેત્વન્તર થાય છે.

કથામાં (કથા કરતા) પ્રકૃત વિષયમાં પોતાનું અજ્ઞાન પ્રગટ કરવું તે **અજ્ઞાન** અને તે વાદિ મધ્યસ્થે ત્રણવાર અનુવાદ કર્યો હોય છતાં 'આને શું કહ્યું હું જાણતો નથી. એવો તેનો આકાર છે,

પ્રતિવાદીએ કરેલા નિષેધનો ઉત્તર ન સૂઝે તે **अप्रतिभा** તે પ્રસિદ્ધ જ છે. કાર્યના વ્યાસંગથી - બહાનાથી કથાનો વિચ્છેદ તે **विक्षेप.** જેમકે કથા ચાલતી હોય ત્યારે "આજે મારે કશું કહેવાનું નથી, મારે કામ છે." એમ કહી કથાનો છેદ કરવો.

स(स्व) पक्षे दोषाभ्युपगमात् परपक्षे दोषप्रसङ्गो. मतानुज्ञा, यथा त्वं चौर इत्युक्ते त्वमपि चौर इति कथनं (६) निग्रहस्थानप्राप्तस्यानिग्रहः पर्यनुयोज्योपेक्षणमित्यपि सुप्रसिद्धमेव एतत्सप्तकं सम्भवदप्यनुद्भाव्यम् ।

ननु प्रतिज्ञान्तरं हेत्वन्तरं वा अवश्योद्भाव्यं तदनुद्भावने साधनविशेषण-साध्यविशेषणसिद्धेरसम्भवात् इति चेन्न । यत्र विशेषसाधनं नाभिप्रेतं तत्स्थलाभिप्रायेणैतदभिधानात्, तथैव कथकसम्प्रदायात् । मतानुज्ञायाः प्रसङ्गाभासतया तदनुद्भावने तत्त्वव्याघात इति चेन्न तस्याः प्रसङ्गाभासत्वाभावात् पर्यनुयोज्योपेक्षणं तु मध्यस्थस्योद्भावयितुरभावादेव नोद्भावनार्हं । किञ्चिदुद्भाव्यमपि न कथावसानाय । एकवाक्यांशयोर्मिथो व्याघातः प्रतिज्ञाविरोधो; यथा 'मे माता वन्ध्ये'' त्यादावयोग्यतारूपः तत्त्वधीविरोधीत्युद्भाव्य एव ।

સ્વપક્ષમાં દોષને સ્વીકારવાથી (સ્વીકારીને) પરપક્ષમાં દોષ આપવો તે **मतानुज्ञा.** જેમ સામેવાળો કહે 'તું ચોર છે.' ત્યારે કહે તું પણ ચોર છે.

સામેવાળો નિગ્રહ સ્થાન પામતો હોય છતાં તેનો નિગ્રહ ન કરવો (એટલે કે તારે આ નિગ્રહ સ્થાન લાગે છે એમ ન કહેવું) તે **पर्यनुयोज्योपेक्षाण,** એટલે

પ્રશ્ન (દોષ) ઉભો થયો હોય છતાં ઉપેક્ષા કરવી. આ પણ સુપ્રસિદ્ધ જ છે. આ સાતનો સંભવ હોવા છતાં ઉદ્‌ભાવ ન કરવો.

શંકાકાર :- પ્રતિજ્ઞાન્તર કે હેત્વન્તર નો અવશ્ય ઉદ્‌ભાવ કરવો જોઈએ. કારણ કે તેનો ઉદ્‌ભાવ ન કરીએ તો સાધન વિશેષણવાળા સાધ્યવિશેષણની સિદ્ધિનો સંભવ ન થઈ શકે ?

સમાધાન :- એમ નથી, કારણ કે જ્યાં વિશેષ સાધન અભિપ્રેત નથી, તે સ્થળના અભિપ્રાયથી આ કહ્યું. કારણ કે તે જ પ્રમાણે **કથક સંપ્રદાય** છે.

શંકાકાર :- મતાનુજ્ઞા પ્રસંગાભાસરૂપે હોવાથી તેનો ઉદ્‌ભાવ ન કરતા તત્ત્વવ્યાઘાત થશે.

સમાધાન :- એમ નથી, કારણ કે તે પ્રસંગાભાસ રૂપે નથી. પર્યનુયોજ્યોપેક્ષણનો ઉદ્‌ભાવન કરનાર મધ્યસ્થનો અભાવ હોવાથી ઉદ્‌ભાવને યોગ્ય નથી. કંઈક ઉદ્‌ભાવન કરવુ તે પણ કથાની સમાપ્તિ માટે નથી. એક વાક્યના અંશોનો પરસ્પર વ્યાઘાત તે **પ્રતિજ્ઞા વિરોધ.** જેમકે મારી માતા વન્ધ્યા છે. અહીં વાક્યાંશ મારી માતા અને વન્ધ્યાનો પરસ્પર વ્યાઘાત થાય છે. ઈત્યાદિ અયોગ્યતારૂપ છે. તે તત્ત્વધીને વિરોધી છે. માટે ઉદ્‌ભાવ કરવો જ જોઈએ.

यद्विवक्षितार्थे कश्चिदूनं तन्न्यूनम् । विवक्षितात् किञ्चिदधिकमधिकम् । सिद्धान्तादपध्वंसोऽपसिद्धान्तः । प्रकृतेनानभिसम्बन्धार्थवचनमर्थान्तरम् । उत्तरापरिस्फूर्तिरप्रतिभा । पराभिमतस्यार्थस्य स्वप्रतिकूलस्य स्वयमेवाभ्यनुज्ञानं स्वीकारो मतानुज्ञा । इष्टार्थभङ्गो विरोधः ।

અવયવવિપર્યાસોઽપ્રાપ્તકાલત્વં, યથા ધૂમાત્પર્વતો વહ્નિમાનિત્યાદૌ અસૌ અનાકાङ्क्षितત્વાદેવ ન તત્ત્વધિયં જનયતિ । ન્યૂનમાકાङ्क्षितાનાસત્તિરૂપત્વાદેવ। અધિકં પુનરુક્તં ચાનાકાङ्क्षિતાસત્તિરૂપત્વાદેવ। લક્ષણં તુ ન્યૂનસ્ય **સ્વસિદ્ધાન્ત-સિદ્ધાવયવન્યૂનતા,** અધિકસ્ય હેતૂદાહરણાધિક્યં, પુનરૂક્તસ્યાનુવાદં વિના શબ્દાર્થયોઃ પુનર્વચનં। અનનુભાષણં પञ્चધા તદિત્યાદિ સર્વનામ્ના વિપરીતાનુવાદેન વા એકદેશાનુવાદેન વા કેવલદૂષણોત્તરાવષ્ટમ્ભેન તત્રાયથાનુભાષણં અર્થાપ્રતિસન્ધાનસમર્થકતયા તત્ત્વધીવિરોધ્યેવ, લક્ષણં ત્વનનુભાષણસ્ય અનુભૂયદૂષણાનભિધા-

१. तुलना- विज्ञातस्य परिषदा त्रिरभिहितस्याप्यप्रत्युच्चारणमननुभाषणम् ।५।२।१७। न्या. सू.

नम्[1]। परिगृहीतसिद्धान्तविरुद्धाभ्युपगमे अपसिद्धान्ते स्फुटं तत्त्वधीविरोधित्वम्।

અવયવ વિપર્યાસ એટલે પ્રતિજ્ઞા વગેરે પાંચ અવયવનો ક્રમરહિત ઉલટ સુલટ પ્રયોગ કરવો તે અપ્રાપ્તકાલત્વ છે. - જેમકે ધૂમ હોવાથી(હેતુ) પર્વત વહ્નિવાળો છે (પ્રતિજ્ઞા). ઈત્યાદિમાં ઉલટ સુલટ બોલ્યા તેને પણ તેવા ક્રમની અહીં આકાક્ષાં - અપેક્ષા ન હતી, માટે આ પ્રયોગ તત્ત્વબુદ્ધિને પેદા ન કરે. ન્યૂન આકાંક્ષિતની અનાસત્તિરૂપ હોવાથી જે અવયવની આકાંક્ષા - અપેક્ષા છે છતાં તેનો પ્રયોગ ન કરીએ, તે તેના ઉપરની અરૂચિ દશવિ છે. માટે તેવા પ્રયોગ તત્ત્વબુદ્ધિને પેદા ન કરે.

અધિક અને પુનરૂક્તિમાં આકાંક્ષિતની આસત્તિ હોવાથી વધારે પડતો પ્રયોગ તે પ્રયોગની આસક્તિને દશવિ છે. અને એક પદાર્થમાં અત્યધિક આસક્તિ ઉભી થઈ જાય તો જે તત્ત્વજ્ઞાન મેળવવું છે, તે ન મેળવી શકાય.

ન્યૂનનું લક્ષણ પોતાનાં સિદ્ધાન્તમાં સિદ્ધ અવયવોની ઉણપ. અધિક નું લક્ષણ-હેતુ ઉદાહરણનું આધિક્ય અર્થાત્ વધારે પડતા હેતુ અને ઉદાહરણ નો પ્રયોગ કરવો. પુનરૂક્તનું લક્ષણ હેતુ અનુવાદ (કોઈ પ્રયોજનના વશથી પૂર્વે કહેલ વાતનો ઉલ્લેખ) કરવાનો ન હોય તો પણ શબ્દ અર્થને ફરી કહેવા. અનનુભાષણ - तद् ઈત્યાદિ સર્વ નામથી, વિપરીત અનુવાદથી, એકદેશના અનુવાદથી, માત્ર દૂષણના ઉત્તરથી[1], અવષ્ટંભ = स्तम्भ થી અહંકાર - દૃઢ-નિશ્ચયના કારણે અયથાનુભાષણ યથાયોગ્ય અનુભાષણ ન કરવુ, અર્થના અપ્રતિસંધાનના સમર્થક પણાથી - અર્થનું અનુસંધાન કરવામાં સમર્થ ન હોવાથી તત્વધીનું વિરોધી જ હોય છે. કારણ કે ઉચ્ચાર કર્યા વગર શેના આશ્રયથી પ્રતિવાદીના પક્ષનું વાદી ખંડન કરે.

तथा प्रतिज्ञाविरोधोऽप्राप्तकालं न्यूनमधिकं पुनरूक्तमयथानुभाषणमपसिद्धान्त इत्येतत् सप्तकमुद्भाव्यमपि न कथापर्यवसानक्षमं। यद्यपि हेत्ववयवन्यूनतायां निर्णायकाभावात् तत्त्वधीविच्छेदे कथापर्यवसानमेव। तथाप्यवयवान्तरन्यूनतायां न तथेत्याशयः, हेत्वाभासनिरनुयोज्यानुयोगयोरेवकथावसानकत्वमिति निरनुयोज्यानुयोगस्त्वदूषणेदूषणाभिधानं। हेत्वाभासाश्च प्रागेव व्याख्याताः।

१. ગૌતમ સૂત્ર વૃત્તિમાં **'केवल दूषणोक्त्या स्तम्भेनवेति'** આ પ્રમાણે છે.

इहात्यन्तमुपयुक्तानां स्वरूपभेदेन भूयो भूयः प्रतिपादनम् तदनति-प्रयोजनं तदलक्षणमदोषाय । एतावतैव बालव्युत्पत्तिसिद्धेः ।

॥ इति श्रीकेशवमिश्रविरचिता तर्कभाषा समाप्ता ॥

एवं चेदं गणनं क्वोपयुक्तमिति चेन्न, अस्य प्रवादमाश्रित्योपन्यासात् । उपलक्षणत्वात् तथा तर्कभाषाकारस्यावधारणेन तात्पर्यमुन्नेयमितिदिक् ।

પ્રતિવાદીએ અને સભાજનોએ ત્રણ વાર અનુવાદ કરવા છતાં (દૂષણ) ઉચ્ચાર ન કરવો તે **અનનુભાષણનું** લક્ષણ છે. પરિગૃહિત સિદ્ધાન્તને વિરૂદ્ધ સ્વીકાર કરવો તે **અપસિદ્ધાન્ત** નામનું નિગ્રહ સ્થાન છે. તેમાં તત્ત્વધીવિરોધિતત્વ તો સ્ફુટ જ છે. તથા પ્રતિજ્ઞાવિરોધ, અપ્રાપ્તકાલ, ન્યૂન, અધિક, પુનરૂક્ત, અનનુભાષણ અપસિદ્ધાન્ત આ સાત ઉદ્‌ભાવન કરવા યોગ્ય છે. છતાં પણ કથાનો અંત લાવવા સમર્થ નથી. જો કે હેતુ સ્વરૂપ અવયવની ન્યૂનતા હોય તો નિર્ણય કરનારનો અભાવ હોવાથી તત્ત્વબુદ્ધિનો વિચ્છેદ થતા કથાનો અંત આવી જ જાય, છતાં-અન્ય અવયવની ન્યૂનતામાં આવું નથી થતું. હેત્વાભાસ અને નિરનુયોજ્યાનુયોગ એ બે નિગ્રહસ્થાન જ કથાનો અંત કરનાર છે. નિરનુયોગજ્યાનુયોગ એટલે અદૂષણમાં દૂષણનું કહેવું. એટલે અનિગ્રહસ્થાને = પરાજિત ન થનારા વાદી કે પ્રતિવાદીરૂપ સ્થાનમાં તમે હારી ગયા એવી આપત્તિ આપવી. તેમની અદુષ્ટ વાતને દોષિત કહેવી. હેત્વાભાસ તો પહેલાં જ કહી દીધા છે.

આ ગ્રંથમાં અત્યંત ઉપયોગી હેત્વાભાસ વગેરે પદાર્થોનું સ્વરૂપ ભેદથી વારંવાર પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેનો અત્યંત ઉપયોગ નથી એવાં અપાર્થક વિ. નિગ્રહ સ્થાન ઈત્યાદિ, તેમનું લક્ષણ કરવામાં નથી આવ્યું. તે કાંઈ દોષાવહ નથી, કારણ કે જેટલું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેટલા માત્રથી ન્યાયશાસ્ત્રમાં પ્રવેશના ઈચ્છુક બાળજીવોની ન્યાયશાસ્ત્ર માટે ઉપયોગી અપેક્ષિત વ્યુત્પતિ (જ્ઞાન) સિદ્ધ થઈ જાય છે. એ પ્રમાણે ગણના ક્યાં ઉપયોગી છે ? એવું નથી આવું બોલશોમા ! કારણ કે આનો પ્રવાદને આશ્રયી ઉપન્યાસ કરેલ છે. તથા ઉપલક્ષણ હોવાથી તર્કભાષાકારના અવધારણથી (મૂળમાં एतावतैव बाल व्युत्पत्तिसिद्धये કહ્યું છે) એટલે કે આટલા વિવરણથી જ બાળકની વ્યુત્પત્તિ

સિદ્ધ થાય છે, એમ જકારદ્વારા અમે કહેલું બાળકને સમજવા માટે ઉપયોગી છે, તેને વધારાની જરૂર નથી. આવું તાત્પર્ય સમજવું. ઈતિદિશાસૂચન.

प्रति गौतमतो जम्ब्वा प्रतिवज्रस्वामिनश्च विबुधगुरोः ।
विनयवैराग्यविद्यादिभिरभवन् हीरविजयाख्याः ॥१॥
कलिकालकुमतकश्मलप्रक्षालनवारिवाहसङ्काशाः ।
श्रीमदकबरभूपतिबोधविधानेन विख्याताः ॥२॥
तत्पादपद्ममधुपप्रतिमेन विनेयलेशेन ।
शुभविजयाभिधशिशुना विहितमिदं वार्तिकं सुकरं ॥३॥

ગોતમસ્વામીથી વિનય, જંબૂસ્વામીથી વૈરાગ્ય અને દેવોના ગુરૂ એવા વજ્રસ્વામીથી (વિદ્યાદિથી=) વિદ્યાવગેરે જેમને વરી હોય, કલિકાલના કુમત રૂપી કચરાને/પાપને ધોવા માટે વાદળ સમાન, શ્રીયુત અકબર બાદશાહને બોધ પમાડવાથી પ્રખ્યાત થયેલ હીરવિજય નામના સૂરીશ્વર થયા. તેઓશ્રીના ચરણકમલમાં ભ્રમર સમાન બાળક જેવા **શુભવિજય** નામના શિષ્યે સુખે બોધ પામી શકાય એવું આ **તર્કભાષા** ઉપર **વાર્તિક** રચ્યું છે.

विशिखरसरसेन्द्रमिति १६६५ वर्षे । हर्षेण विक्रमार्कनृपात् ।
समपूर्वसूरिकीर्तिप्रमदापाणिग्रहणसाधोः ॥४॥
सम्प्रति च विजयमानव्रतिजनचूडामणेस्सुगुरुकरणेः ।
श्रीविजयसेनसूरेः पट्टोदयशैलगगनमणेः ॥५॥
श्रीविजयसेनसूरेरादेशात् तत् प्रसादसम्पत्तेः ।
श्रीपद्मसागरगणिभिः पण्डितशिरोरत्नैः ॥६॥
संशोधितमखिलं तथापि मतिमान्द्यतः किमपि वितथम् ।
शोध्यं च मत्सरोज्झितमतिभिर्युपकारचेतोभिः ॥७॥
श्रीमदिलादुर्गाख्ये नगरे गुरुपुष्यसञ्ज्ञके योगे ।
आश्वयुजे सप्तम्यां जातं सम्पूर्णमिति भद्रम् ॥८॥ अष्टभिः कुलकम् ।
इति तर्कभाषावर्तिक समाप्तिमिति । (ग्रन्थाग्रं १३५१ सं. १७३३

चैत्रसुदि १५ रवौ (श्रीदयपुरस्थेन लिखितमिदम्)

(॥ ग्रन्थ सम्पूर्ण संवत् १९६५ वर्षे दर्भावत्याम् अलेखि ॥)

ઈન્દુ = ૧ રસ = ૬, વિશિખ =૫= વિક્રમાર્કનૃપ થી ૧૯૬૪ વર્ષે પ્રસન્નાતાથી (વાર્તિક રચ્યું છે)

પૂર્વ સૂરિની સમાન કીર્તિરૂપી પ્રમદા (સ્ત્રી) સાથે પાણિગ્રહણ કરવામાં પટુ, અત્યારે જયજયકાર પામતાં સાધુ સમુદાયમાં મુકુટ સમાન, જેના નિર્માતા (કેળવણી આપનાર) સારા ગુરૂ હતા એવાં.[૧]

વિજયસેન સૂરીનાં પટ્ટ રૂપી ઉદયાચલ ઉપર સૂર્યસમાન વિજયદેવસૂરીનાં આદેશથી તેમને કૃપાની પ્રપ્તિ થવાથી પંડિતોમાં શ્રેષ્ઠ શ્રી(ના)- લક્ષ્મી માટે પદ્મ જેવા **પદ્મસાગર** ગણિએ આ આખા ગ્રંથનું સંશોધન કર્યું છે.

છતાં પણ બુદ્ધિની મંદતાના કારણે કાંઈક ભૂલ રહી ગઈ હોય તો ઉપકાર કરવાના મનવાળા મત્સર રહિત મતિવાળાઓએ શુદ્ધ કરવું.

શ્રીમત્ ઈલા દુર્ગ નામના નગરમાં ગુરુપુષ્ય નામના યોગમાં આસો માસમાં સાતમના દિવસે આ ગ્રંથ પૂર્ણ થયો. ઈતિ ભદ્રમ્ - કલ્યાણ થાઓ. ગ્રંથા ગ્ર. ૧૩૫૧ શ્લોકપ્રમાણ છે. [ઉદયપુરમાં આ પ્રત ૧૭૩૩માં લખાઈ, પછી ૧૯૬૫ દર્ભાવતી (=ડભોઈ) માં આ પ્રત લખાઈ.]

---

૧. સુગુરુકરણેઃ નો અર્થ આ પ્રમાણે - 'અનિ' પ્રત્યય કર્તા અર્થમાં ('તૃ' ને 'અનિ' લાગવાથી તરણિ બને એવી રીતે કરણિ, તેથી - સુગુરુઃ કરણિઃ (= કર્તા) યસ્ય સ સગુરુકરણિસ્તસ્ય આમ વ્યુત્પતિ થશે. અથવા - કરણિઃ સાદૃશ્યમ્(સિદ્ધ ० હેમ. ઉણાદિ પ્ર.સૂ.૬૩૮) સુગુરોઃ કરણિ યસ્મિન્ = સુગુરુ (સ્વગુરુ જેવા એવુ તાત્પર્ય લાગે છે.)

[પરિશિષ્ટ]

સમવાય પદાર્થ વિચારણા

નૈયાયિકનો પાયો સમવાય છે. તેઓ ગુણ ગુણીને ભિન્ન પદાર્થ માને છે. જ્યારે લોકમાં બધાને તેમાં અભેદ-એકત્વનો બોધ થાય છે. આવી અભેદ પ્રતીતિ સંયોગ સંબંધથી બંધ બેસે તેમ નથી. તાદાત્મ્ય માને તો ગુણ ગુણી અભિન્ન થઈ જાય. આ બન્ને આપત્તિથી બચવા સમવાય સંબંધની કલ્પના કરવામાં આવી છે. તેમની ન્યાય નીતિ પ્રમાણે સિધ્યમાન ધર્મ એક નિત્ય હોય છે. એટલે સમવાયને એક અને નિત્ય માનવો પડ્યો. ત્યારે આપત્તિ એ આવીને ઉભી રહે છે કે વાયુમાં રૂપ પ્રતિયોગી નથી, એથી રૂપ સમવાય હોવા છતાં 'રૂપવાન્ વાયુ' એવી પ્રતીતિની બાધાથી બચી ગયા. પણ તેઓએ આત્માના અદૃષ્ટ ગુણ અને આત્માને સર્વ વ્યાપી માન્યા. અને બન્નેને જોડનાર સમવાય પણ વિભુ છે. આમ માનવા જતા એક મોટી આપતિ આવશે કે સર્વ વ્યાપી હોય તો અન્ય આત્મા સાથે તે અદૃષ્ટનું જોડાણ કેમ ન થાય ? તેથી એક બીજાના કર્મ સાથે ભેળસેળ થવાનો પ્રસંગ આવશે.

ટેબલ હોય તેનાં ઉપર ગુંદર લગાડ્યો હોય અને તેટલો જ મોટો કાગળ હોય તો તે કાગળ આખા ટેબલ સાથે ચોંટી જશે ને !'

જૈનો તો આત્મા અને કર્મને મધ્યમ પરિમાણી અને બંને વચ્ચે તાદાત્મ્ય માને છે. જૈનોનું કહેવું છે કે જે પદાર્થો ક્ષીર-નીરની જેમ એકમેક દેખાતા હોય ત્યાં તાદાત્મ્ય સં. હોય છે, એટલે તે સંબંધી તે રૂપે ગોઠવાઈ જાય છે, તેને જોડનાર કોઈ અલગ સંબંધ નામનો ભિન્ન પદાર્થ નથી. જે આત્મા સાથે કર્મ = પુદ્ગલદ્રવ્ય એકમેક થયું = તાદાત્મ્ય પામ્યું તે તાદાત્મ્ય સંબંધીમાં જ સીમિત હોવાથી અન્યત્ર જોડાવાની આપત્તિ નથી. કર્મનો જેની સાથે તાદાત્મ્ય હોય તેને જ તેની અસર થાય છે.

અહીં તો અવચ્છેદ રૂપે પણ સમવાયને ભિન્ન-ભિન્ન માની ન શકાય. કારણ આત્મા- અદૃષ્ટ સંપૂર્ણ કાલદેશમાં વિદ્યમાન જ છે. મોક્ષ સિવાય અદૃષ્ટ વગરનો આત્મા ક્યારેય હોતો નથી.

વળી ન્યાયમતે સમવાયમાં સમવાયત્વ રાખવા સ્વરૂપ સં. માનવો તો પડે

જ છે. તો પછી એકથી સર્વ કાર્ય સિદ્ધ થઈ શકતું હોય તો ભિન્ન સંબંધ માનવામાં ગૌરવ આવે. પરંતુ આમ માનવા જતા સમવાયના પાયાનું પતન થાય. અને તેથી "ગુણ, કર્મ, સામાન્ય વિશેષ પદાર્થો દ્રવ્યથી સર્વથા ભિન્ન છે," એ કલ્પનાનો કિલ્લો ક્કડભૂસ થઈ જાય છે. અવચ્છેદકના આધારે સમવાયને ભિન્ન માનવા જતા સ્વભાવ ભેદ માનવો પડશે. અને તેથી એક ઘટરૂપ સમવાયનો નાશ થતાં અન્ય ઘટરૂપમાં નવો સમવાય જાગે, એમ અનિત્ય થઈ જશે. એટલે કે આ બધી પ્રતીતિ દ્રવ્યનાં પર્યાયરૂપે જ થતી હોવાથી અભેદ માનવો જરૂરી છે. અને અભેદ પરિણતિ માટે સમવાય તો રહ્યો નથી. એટલે ગુણ વગેરે ને જ દ્રવ્યથી યત્કિંચિત્ અભિન્ન માનવા શ્રેયસ્કર છે.

જેમકે ઘટદ્રવ્ય છે. રૂપરંગ તેનાથી અલગ કરી શકાતા નથી. હાલક ડોલક ક્રિયા પણ ઘટથી જુદી રહી શકતી નથી. તેજ ઘટ ક્ષેત્ર, રૂપ, દ્રવ્ય, વગેરેની અપેક્ષાએ પોતાને અન્ય ઘટથી જુદો પાડે છે. માટે પોતે વિશેષ થયો અને સામાન્ય રીતે તે તે ઘટ પણ અન્ય ઘટની જેમ "ઘટ" વ્યપદેશને યોગ્ય છે. એટલે ઘડો લાવવાનું કોઈ કહે તો તે ઘટને પણ લાવી શકાય છે, એટલે ઘટ સામાન્યમાં તેનો સમાવેશ થયો. માત્ર સંખ્યા સંજ્ઞા વગેરેના આધારે કથંચિત્ ભિન્ન માનવામાં જૈનોને વિરોધ નથી. બે પરમાણુઓ ક્ષેત્ર અપેક્ષાએ-આકાશ પ્રદેશની ભિન્નતાથી તથા ગુણની અપેક્ષાએ ભિન્ન પડી શકે છે, માટે ત્યાં પણ વિશેષ પદાર્થ માનવો જરૂરી નથી. અને દિશા અને આકાશ તો એક જ છે. કારણ ઉપાધિ જન્ય ક્ષેત્ર જ દિશા છે. અને કાલના ગુણ પર્યાય આકાશથી ભિન્ન છે જ, માટે ત્યાં પણ વિશેષની જરૂર નથી.

જ્ઞાનાદિ વિશેષ ગુણો તો શરીરાવચ્છેદેન ઉત્પન્ન થાય છે - રહે છે. પણ વિશ્વનાં કોઈ પણ ખુણામાંથી ભોક્તા સાધનને ઉપયોગી બની શકે છે, માટે ત્યાં સુધી-તમારા મતે અદૃષ્ટનું રહેવું જરૂરી છે. માટે એક ખાણમાં બે આત્માનું અદૃષ્ટ પહોંચ્યું, ત્યાં એક ખોદવાનું કામ કરે છે. ત્યારે બીજો આરસના મહેલમાં રહેવા રૂપે ભોગવે છે. આ ભેદમાં કર્મ કારણ છે, એટલે બન્નેનું કર્મ ત્યાં સુધી પહોંચેલું માનવું જરૂરી છે. પણ તેમનો કંટ્રોલ કરનાર કોણ ? કારણ કે સમવાય સર્વત્રજ છે. તેથી આત્મા-અદૃષ્ટમાં તાદાત્મ્ય સંબંધ જ માનવો જરૂરી છે. આમ સમવાયની જરૂરીયાત નથી અને માનવા જતા અનેક આપત્તિ આવતી હોવાથી સમવાય સંબંધ એક સ્વતંત્ર પદાર્થ માનવો હિતાવહ નથી.

જગતનું સત્ય સ્વરૂપ

જગતની અંદર જડ અને જીવ બે પદાર્થ છે. એક બીજા ઉપર અનુગ્રહ ઉપઘાત કરવાથી જગતમાં વિચિત્રતા ઉભી થાય છે. બ્રાહ્મી ઔષધિ વિ. ના સેવનથી ચૈતન્ય ખીલે છે. તે મદિરા વિ. ના કારણે લુપ્ત પણ થાય છે. પરંતુ કેટલાક જડ પદાર્થ એવા છે જેમાં જીવનો કોઈ પ્રયત્ન લાગુ પડતો નથી. પોતાની મેળેજ તેવા તેવા પરિણામને પામે છે. જેમ સંધ્યા વખતે ગાંધર્વનગર ઈત્યાદિ. તેતે પુદ્ગલના મિશ્રણથી પુદ્ગલમાં-જડમાં અનેક જાતનાં સ્વભાવ જોવા મળે છે. આગ છે તો ઉપર જ જાય છે. વાયરો તીરછો વહ્યા કરે છે.

જ્યારે અજીવ એવા ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અરૂપી હોઈ બાહ્ય ઈંદ્રિયથી ગ્રાહ્ય નથી બનતા છતા ગતિ સ્થિતિનાં કાર્ય ઉપરથી તેમની સત્તા નિશ્ચિત કરાય છે. જો ખુલ્લી જગ્યા રૂપ આકાશને જ માત્ર ગતિનું સહાયક માનીએ તો અલોકમાં પણ ગતિ થવાની આપત્તિ આવે. અને અલોક તો અમાપ અનંત હોવાથી મુકત જીવ કયાંય પણ ઠરીને બેસી નહિ શકે. (કારણકે કોઈ અટકાવનાર તો છે નહિં) તેથી તત્વાર્થ કારિકામાં કહ્યું છે કે-

"ततोप्यूर्ध्वं गतिस्तेषां कस्मान्नास्तीति चेन्मतिः। (उ.-) धर्मास्तिकायस्याभावात् स हि हेतु र्गतेः परः ॥ का. २।२२॥

લોકના છેડે ધર્માસ્તિકાયની સત્તા પૂરી થવાથી અલોકમાં ગતિ થતી નથી. પરંતુ લોકનાં અગ્રભાગને અડીને મુકત જીવો રહેલાં છે.

વળી લોકમાં સતત ગતિ જ કર્યા કરીએ એવું નથી. માટે સ્થિર થવામાં અધર્માસ્તિકાય ઉપયોગી નીવડે છે.જ્યારે આકાશદ્રવ્ય બધાને અવકાશ આપે છે. કાળથી નાના-મોટાનો વ્યવહાર ચાલે છે. જ્યારે પાંચમું જડદ્રવ્ય પુદ્ગલ છે, જે રૂપી હોવાથી બાહ્ય ઈંદ્રિયથી જોઈ શકાય છે. અને રૂપથી રસ ગંધ સ્પર્શ પણ સાથે સમજી જ લેવાનાં. કારણકે કોઈપણ પુદ્ગલ એકલું રૂપવાન સંભવી શકતું નથી.જેમ ઘીમાં કોઈ વિશેષ સ્વાદ નથી, છતાં એક જાતનાં તુરાં રસને અનુભવીયે છીએ. જ્યારે કેરીમાં ચાર ગુણ સ્પષ્ટ છે. એમ અન્વય વ્યાપ્તિનાં બળે અને જ્યાં રૂપ નથી, ત્યાં અન્ય ત્રણ પણ નથી હોતા. જેમ આકાશ એમ વ્યતિરેક વ્યાપ્તિનાં બળે રૂપ ચતુષ્ટયની સર્વ પુદ્ગલમાં સિદ્ધિ થાય છે.॥

શંકાકાર :- વાયુમાં રૂપતો નથી પણ સ્પર્શ તો છે માટે તમારી વાત - વ્યાપ્તિમાં વ્યભિચાર છે.

સમાધાન :- H_2O હાઈડ્રોજનના બે અણુ અને ઓક્સીજન આણુનું મિશ્રણ કરવાથી પાણી જેવા મળે છે. હવે તે ગૈસમાં રૂપ ન હોય તો આ રૂપ કયાંથી આવ્યું ?

એટલે માનવું જોઈએ કે કારણસર વાયુમાં અનુદ્‌ભૂત રૂપ હોય છે. જેમ 'तप्ततैलस्थ अग्नि'.

વળી પૃથ્વી અને વનસ્પતિ ભિન્ન જાતિનાં પુદ્‌ગલ છે. બન્નેનો ભિન્ન સ્વભાવ હોવાથી તેમની ઉત્પતિ અને વિનાશ ક્રમમાં પણ ઘણો ફેર છે. જે સાક્ષાત્ જોવા મળે છે. માટે નૈયાયિક પૃથ્વી અને વનસ્પતિને સમાન જાતિ માને છે, તે યોગ્ય નથી. હા પુદ્‌ગલત્વેન એક માનતા હો તો પૃથ્વી, અપ, તેજો, વાયુ (વનસ્પતિ) બધાને એક રૂપ માનવાં જોઈએ.

ચાર્વાક :- જગતમાં પંચ ભૂત સિવાય કશું દેખાતું નથી. માટે અદૃષ્ટને માનવું યોગ્યનથી. એટલે ચૈતન્ય શક્તિ પણ ભૂતમાંથી ઉત્પન્ન થાય છે. પણ જીવ નામનો કોઈ અલગ પદાર્થ નથી.

જૈના :- મર્યા પછી પણ શરીરાકારવાળું પંચભૂત વિદ્યમાન હોવા છતાં ત્યાં ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી માટે તમારી વાતતો અહીં જ તૂટીને ટુકડા થઈ જાય છે. વળી આજકાલ તો **હિપ્નોટિઝમ** દ્વારાતો પૂર્વભવસિદ્ધ થઈ ગયો છે. અને પ્રયોગ પ્રમાણે તે હકીકત સત્ય પુરવાર થઈ જાય છે. માટે શરીરથી ભિન્ન આત્મા માનવો જરૂરી છે.

બૌદ્ધ :- જગત એટલે ક્ષણિકજ્ઞાનનાં પ્રવાહ સિવાય કશું જ નથી. જ્ઞાનમાં તેવો વિચિત્રતાનો માત્ર ભાસ થાય છે.

જૈના :- તમે જ્ઞાનનો નિરન્વય નાશ માનો છો. જ્યારે જ્ઞાન સ્વરૂપ સ્મૃતિ અને પ્રત્યભિજ્ઞા થાય છે. તેમાં ભૂતકાળનું 'જ્ઞાન હોવું જરૂરી છે. સમનન્તર જ્ઞાનોત્પત્તિ સંપ્રત્યયમાં આ વાત ઘટી શકે એમ નથી. કારણ એક જ્ઞાન પૂર્વક્ષણમાં છે. બીજું જ્ઞાન ઉત્તરક્ષણમાં છે અને પૂર્વજ્ઞાનનો સર્વથા નાશ થઈ જાય છે માટે પૂર્વજ્ઞાનનાં સંસ્કાર ઉત્તરજ્ઞાનમાં આવી શકતા નથી. નર્સિંગહોમમાં એક બાલકની ઉત્પતિ અને બીજી ક્ષણે અંન્ય બાળક જન્મે છે. તેટલાં માત્રથી પૂર્વ બાળકનાં સંસ્કાર તેમાં સંક્રમિત થતાં જોવા મળતાં નથી. વાસ્યવાસક ભાવ પણ બે પદાર્થ એક કાળે ભેગાં મળે તો જ સંભવે. એમ સંતાન ધારા અન્ય જ્ઞાનમાં સંભવી ન શકતી હોવાથી ધર્મ કે અધર્મની વ્યવસ્થા થઈ શકશે નહીં. કયો માણસ આગળનાં માણસની મુકિત માટે તપ વેઠે. અને પાપથી દુઃખી કોણ થશે ? એમ બૌદ્ધ મત યોગ્ય નથી.

સાંખ્ય મત આત્માને સર્વથા નિષ્ક્રિય માને છે તેથી બંધ મોક્ષ આત્માનાં સંભવતા જ નથી તો કયો જીવ જડ એવી પ્રકૃતિ માટે પ્રયત્ન કરે ?

નૈયાયિક આત્માને અને ભૂત - જડ પદાર્થને પણ માને છે. પછી પાછા સમવાયથી જોડે છે. તે યુકત નથી. આ વાત સમવાયની વિચારણામાં દર્શાવી જ છે. બીજું જગતની વૈચિત્ર્યમાં સર્વત્ર તેઓ ઈશ્વરને અગ્રેગુ કરે છે. તે અજુગતું

છે, કારણ અમે પૂછીએ છીએ કે જગત માં માત્ર પહેલા એકલો ઈશ્વર હતો તો વૈચિત્ર્ય શા માટે ઉભુ કર્યુ ? માત્ર રમવા માટે કર્યુ હોય તો તે રમકડા જેવું તુચ્છ જ કહેવાય તે કોઈ હકીકતમાં દુઃખ સુખ કરનાર ન બને. અને તે દયાળુ હોવાથી સર્વને સુખી જ કરેને ! હવે કર્મને અનુસાર ફળ આપે તો એનો મતલબ તો કર્મ રાજા જ મોટો ઈશ્વર થયો.। અમે (જૈનો) જે કર્મ પ્રકૃતિ કહીએ છીએ તે કાર્મણ વર્ગણા - પુદ્ગલ છે. ૧૦૦ વર્ષ પહેલાં ચિકાગો (અમેરિકા)માં સર્વ ધર્મ કોન્ફ્રેરન્સમાં કર્મ ફિલોસોફી જ સર્વને સત્યને સાચી-યોગ્ય ભાસી હતી. **આત્મારામજી** દ્વારા તૈયાર કરેલ શ્રાવક ત્યાં જઈને આ કાર્ય કરીને જૈન શાસનનીકીર્તિ વધારી હતી. કારણકે કર્મના આધારે બધી જ વૈચિત્ર્ય યુકિત યુકત લાગે છે. માથાનાં વાળ કાળા કેમ ? તો કૃષ્ણવર્ણનો ઉદય. દાંત સ્થિર તો સ્થિર નામ કર્મનો ઉદય. જીભ અસ્થિર તો અસ્થિર નામ કર્મનો ઉદય. યુગલરૂપે સરખી સાધન સામગ્રી છતાં એક ભાણવામાં નબળો કેમ? જ્ઞાનાવરણીય કર્મનો ઉદય. આ બધી વૈચિત્ર્યમાં માત્ર એક ઈશ્વરને કારણ માનવું યુકત નથી.

પહાડ વગેરે શરીર દ્વારા બનાવનારો ઈશ્વર માનીએ તો બિચારો મહેનત કરીને થાકી જાય. ઈશ્વર જો સર્વ સમર્થ છે તો પછી અત્યારે ચણ અનેક જાતની નવી વસ્તુઓ બને છે, ત્યાં કયાંય ઈશ્વરની ગંધ પણ કેમ નથી આવતી ? વળી ઈશ્વર સર્વનો કર્તા હોય અને સ્વઈચ્છાથી બધુ પેદા કરનાર છે. તો અમારા જેવા ઈશ્વરને ખોટા પાડનારા નાસ્તિકોને શું કામ સર્જયા ?

નૈયા :- તેઓને ખબર નથી કે તમે નાસ્તિક પાકશો.

જૈના :- તો તે અજ્ઞાની જ રહ્યો કહેવાય. જો કર્માધીન બધું થાય છે, તો પછી ઈશ્વરની સર્વશકિતસંપન્નતા કયાં રહી ? વળી ઈશ્વરનું ખંડન કરનારા અમારા ગ્રંથો તો રચાવા જ ન જોઈએ કારણ કોઈપણ વ્યક્તિ પોતાનું ખંડન થાય એવી ઈચ્છા તો ન રાખે.

એમ ઈશ્વરને અનાદિનો માની શેષની તેનાથી ઉત્પત્તિ માનો ત્યારે પેલા વચન યાદ આવે કે 'નહિ કદાચિત્ અનીદશંજગત્''ના આધારે ભિન્ન જાતિનો મૂળ પદાર્થતો અનાદિકાળનો માનવો જ યુકત છે.

બીજાંકુર ન્યાયથી એટલે અમે કહીએ છીએ કે જીવોનો નિગોદમાં કર્મ સાથે સંબધ અનાદિકાળ નો હતો. ધીરે ધીરે બહાર નિકળતાં ક્રમશઃ પંચેન્દ્રિય બની તપ વિ. દ્વારા ઉજ્જવલ બને અને મોક્ષે મેળવે છે. જેમ માટી સાથે અનાદિના સંયોગવાળું સોનું અગ્નિ તાપથી શુદ્ધ બને છે...

શિવં ભવતુ

સંસ્થા દ્વારા પ્રકાશિત થનારા ગ્રંથો

૧. **સોમ સૌભાગ્ય કાવ્યઃ** સુંદર છંદોમાં રચાયેલો આ ગ્રંથ ૧૦ સર્ગમાં વ્હેંચાયેલો છે. તેનાં ઉપર સરલ સંસ્કૃત વૃત્તિ અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં સોમ સુંદર સૂરીશ્વરજીના જીવન દરમ્યાન બનેલા વિશિષ્ટ પ્રસંગોને કાવ્યાત્મક ભાષામાં ગુંથવામાં આવ્યા છે.

૨. **પ્રમાણ મીમાંસા** - હેમચંદ્રાચાર્યની લેખનીથી અક્ષર દેહને પામેલો ન્યાયવિષયક આ ગ્રંથ સુંદર અર્થ ગર્ભિત સંક્ષિપ્ત સૂત્રાત્મક છે. તેની સ્વોપજ્ઞ ટીકા છે. તેની સૂત્ર અને વૃત્તિને ગુજરાતીમાં સ્ફુટ કરવાનો અને તેઓશ્રીના અંતિમ વચનો ઉપર વિચારણા કરી આ ગ્રંથને સંસ્કૃત અભિનવસૂત્રો દ્વારા પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. અપૂર્ણતાના કલંકને પામેલો આ ગ્રંથ હકીકતમાં પદાર્થ - તત્ત્વના અકલ્પનીય સ્પષ્ટીકરણથી સુંદર શોભાને પામેલો છે. જેનાથી અભ્યાસીપૂર્ણ સંતોષને પામી શકે એમ છે.

(૩) **શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્** (મધ્યમવૃત્તિઃ) - (અવ.) યુક્ત - આ ગ્રંથ ૧-૨-૩ = ત્રણ ભાગમાં વિભાજિત થયેલો છે. ત્રુટક પાઠોને હસ્તપ્રત વગેરેના આધારથી સાંધવાનો પ્રયત્ન કર્યો છે. સંસ્કૃત - વ્યાકરણ ના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી નીવડે એવા આ ગ્રંથ છે.